હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA
એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા
સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ
એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

ચૈત્ર સુદ– ૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૨–૪–૨૦૨૪ – સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૦૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

સાંઝાચુલા (ગુજરાતી થાળી)
ફુલ ડીશ ફકત રૂા.૬૦/-માં
૨ શાક, દાળ–ભાત, સંભારો, રોટલી, છાશ,
ઈન્દીરા સર્કલ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ
રામ ઔર શ્યામ ગોલાવાલાની બાજુમાં
નરેશભાઈ - ૯૯૭૯૯ ૧૬૩૫૬
મુન્નાભાઈ - ૯૯૨૪૫ ૭૮૧૪૪

### કોંગ્રેસના નિલેષ કુંભાણી અને ડમીની ઉમેદવારી રદ થયા બાદ ભાજપનું ઓપરેશન સુરત પાર્ટ ટુ પણ સફળ

# ઈતિહાસ રચાયોઃ સુરત લોકસભા બેઠક પર ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા

**ગુજરાતમાં લોકસભા ચૂંટણી માટે એકપણ મત હજુ પડયો નથી ત્યાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક બેઠક પર વિજયની ભેટ આપતો ગુજરાત ભાજપ**

**બસપા ઉપરાંત સાત અપક્ષોએ ઉમેદવારી પરત ખેંચી લેવા ‘સમજાવવા’માં ભાજપનું મીકિનીઝમ કામ કરી ગયુઃ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેરાયુઃ કોંગ્રેસનું ઈલેકશન મેનેજમેન્ટ નિષ્ફળ**

રાજકોટ તા.૨૨

લોકસભા ચૂંટણીમાં રચાયેલા એક ઈતિહાસમાં સુરત સંસદીય બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરાયા છે. છેલ્લા ત્રણ દિવસથી સુરત બેઠક પર સર્જાયેલા નાટયાત્મક રાજકીય દ્રશ્ય બાદ આજે કલાઈમેકસમાં ગુજરાત ભાજપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૨૪ની ચુંટણીમાં દેશની પ્રથમ લોકસભા બેઠકની જીત અર્પણ કરી હતી. સુરત બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેના ડમી બંનેનું ફોર્મ રદ થયા બાદ બહુજન સમાજ પક્ષના પ્યારેલાલ ભારતી સહિત કુલ આઠ ઉમેદવારો સ્પર્ધામાં હતા પરંતુ ભાજપે કુંભાણીનું ફોર્મ રદ થયા બાદ પ્લાન-બી અમલમાં મુકયો હતો અને આજે ઉમેદવારી પાછી ખેંચવાના અંતિમ દિવસે સવારે ૧૧ વાગ્યે અપક્ષ ચુંટણી લડી રહેલા છ ઉમેદવારોને તેમના ફોર્મ પાછા ખેંચવામાં ‘સમજાવા’માં



ભાજપે સફળતા મેળવી હતી અને બાદમાં વધુ એક અપક્ષે ફોર્મ પાછુ ખેંચી લેતા બહુજન સમાજ પક્ષના પ્યારેલાલ ભારતીએ પણ લાંબી હા-ના બાદ પોલીસ રક્ષણ હેઠળ કલેકટર કચેરી ખાતે પહોંચીને પોતાનું ઉમેદવારીપત્રક પાછુ ખેંચતા સુરતમાં હવે લોકસભા ચુંટણીમાં મતદાનની જરૂર જ પડશે નહી અને આ સાથે ભાજપે ખાતુ પણ ખોલાવી લીધુ છે અને ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં બિનહરીફ થઈ હોય તેવો પ્રથમ કિસ્સો નોંધાયો છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે ધારાસભા ચૂંટણીમાં ભાજપને ૧૫૬ બેઠકો પર વિજેતા બનાવવાનો યશ મેળવ્યા બાદ હવે તેમના માટે આ એક વધુ રાજકીય યશકલગી સાબીત થઈ છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે અગાઉ જ બે બેઠક આમ આદમી પાર્ટીને લડવા આપી હતી અને હવે સુરત બેઠક પર પણ તેના ઉમેદવાર ન રહેતા રાજયની ૨૬માંથી૨૩ બેઠકો પર કોંગ્રેસ ચુંટણી લડશે.

## દિલ્હી શરાબ કાંડઃ AAP પક્ષને જ આરોપી બનાવવા ઈ.ડી.ની તૈયારી!



નવી દિલ્હી તા.૨૨

ચૂંટણી પુર્વે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સહીતના આમ આદમી પાર્ટીનાં અનેક નેતાઓ જેલવાસ ભોગવી રહ્યા છે. હવે વધુ એક ઝટકો લાગવાની તૈયારી હોય તેમ નવા ચાર્જશીટમાં

**પુરક ચાર્જશીટમાં આખી પાર્ટી સામે પ્રોસીકયુશનની હિલચાલ હોવાના સંકેત**

એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી)આપને જ આરોપી તરીકે દર્શાવે તેવા સંકેત છે.

દિલ્હીનાં શરાબ કૌભાંડમાં સૌ પ્રથમ ૧૫ માર્ચે કે.કવિતાની ધરપકડ થઈ હતી. ૬૦ દિવસમાં એટલે કે ૧૫ મી મે પુર્વે પુરક ચાર્જશીટ જેવુ પ્રોસીકયુશન ફાઈલ કરવાની એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ ઈડી દ્વારા

(અનુસંધાન છઠ્ઠા પાને)

### મતદાન વધારવાના ભરચકક પ્રયત્નો છતાં વાસ્તવિકતા વિપરીત

## પ્રથમ તબકકામાં ૩ ટકા ઓછુ મતદાનઃ ચૂંટણી પંચ ચિંતીત

નવી દિલ્હી તા.૨૨

દેશમાં લોકસભાની પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકોની ચૂંટણીમાં મતદાન ૨૦૧૯ ની સરખામણીએ ત્રણ ટકા ઓછુ થતા ચૂંટણી પંચ ચોંકી ઉઠયુ છે. હવે બાકીનાં છ તબકકામાં મતદાન વધે તે માટે નવી રણનીતિ તૈયાર કરવામાં આવી છે.



**હવે બાકીના તબકકામાં મતદાન વધારવા માટે નવી રણનીતિઃ ૨૦૧૯ માં ૬૯.૨ ટકા મતદાન સામે આ વખતે ૬૬ ટકા નોંધાયુ**

લોકસભાની ચૂંટણીમાં ૨૧ રાજયોની ૧૦૨ બેઠકો પર ૧૯ એપ્રિલે મતદાન યોજાયુ હતું જે ૨૦૧૯ કરતા ત્રણ ટકા ઓછુ હતું. છેલ્લામાં છેલ્લા આંકડા મુજબ સરેરાશ ૬૬ ટકા મતદાન રહ્યું છે. અંતરીયાળ ભાગોનાં આંકડા મોડા આવતા હોવાના કારણોસર હજુ ૦.૧ થી ૦.૨ ટકાની વૃધ્ધિ શકય છે છતા ૨૦૧૯ માં આ ૧૦૨ બેઠકો પર સરેરાશ ૬૯.૨ ટકા મત પડયા હતા અને તેના કરતાં આ વખતે મતદાન ત્રણ ટકા જેટલુ ઓછુ રહ્યું છે.

ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું કે ૨૦૧૯ કરતા પણ વધુ મતદાન થાય તેવા ચૂંટણી પંચનાં પ્રયત્નો હતા. પરંતુ હકીકતમાં મતદાનમાં ઘટાડો થવાની ચિંતા છે. મતદારોમાં ઉત્સાહ જણાયો હતો પરંતુ મત આપવા મતદાન મથક સુધી જવાનું ટાળ્યુ હોવાની છાપ છે.મતદાન વધારવા ચૂંટણી પંચે ભરચકક પ્રયત્નો કર્યા જ હતા. સેલીબ્રીટીઓને એમ્બેસેડર બનાવીને મતદાનની અપીલ ક્રિકેટ બોર્ડ સાથે સહયોગ મેળવીને આઈપીએલ દરમ્યાન પ્રચાર, મતદાન બુથો પર અનેકવિધ સુવિધા, મતદાન જાગૃતિનાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો જેવા અનેક કદમ ઉઠાવાયા હતા. છતા તે ટુંકા પડયા છે.

ચૂંટણી પંચના સુત્રોના કહેવા પ્રમાણે ઓછા મતદાન પાછળ આકરા ઉનાળાની તીવ્ર ગરમી હોઈ શકે છે. ઉપરાંત લગ્નગાળો તથા કેટલાંક ક્ષેત્રોમાં તહેવારોનું પણ કારણ છે. પ્રથમ તબકકામાં મતદાન ઓછુ થતા હવે તેમાં વધારે કરાવવા માટે ચૂંટણી પંચ દ્વારા નવી રણનીતિ ઘડવામાં આવી છે. ચૂંટણીનો બીજો તબકકો ૨૬ એપ્રિલે છે અને તેમાં મતદાન ઓછુ ન રહે તે માટે વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે.

## ટીવી પર હીટવેવના સમાચાર વાંચતી વખતે જ એન્કર બેભાન : વીડીયો વાયરલ

નવી દિલ્હી : દેશમાં હાલ હીટવેવની અસર જોવા મળી રહી છે. દેશમાં અનેક જગ્યાએ તાપમાન ૪૦થી ૪૬ ડિગ્રી વચ્ચે પહોંચી ગયુ છે. એપ્રિલ મહિનામાં આટલી ગરમીના કારણે લોકો પરેશાન છે. એક ટીવી ચેનલ પર હીટવેવના સમાચાર જણાવતા જ એક એન્કર બેભાન થઈ ગઈ. જાણકારી મુજબ લાઈવ પ્રોગ્રામ દરમિયાન જ મહિલા એન્કરનું બ્લડ પ્રેશર લો થઈ ગયું અને તેની



આંખોની સામે અંધારૂં છવાઈ ગયું.

(અનુસંધાન છઠ્ઠા પાને)

## અયોધ્યા રામ મંદિરમાં પ્રવેશ માટેના પાસની તપાસ થશે : નવી વ્યવસ્થા

અયોધ્યા : અયોધ્યાના રામ મંદિરમાં પહોંચી રહેલા શ્રદ્ધાળુઓએ રામલલ્લાના દર્શન હવે સહેલાયથી નહીં થઈ શકે. આ માટે તેમણે પહેલા આકરી પરીક્ષામાંથી પસાર થવું પડશે, તે બાદ રામલલ્લાના દર્શન માટે એન્ટ્રી મળશે. રામનવમી મેળા પછી ફરી આરતી અને દર્શન માટેના પાસમાં ગેરરીતીને રોકવા માટે પાસ ધારક શ્રદ્ધાળુઓને ત્રિસ્તરીય તપાસની વ્યવસ્થા પહેલી વખત લાગુ કરી દેવાઈ છે. આ તપાસ માટે પાસ ધારકોએ ઈસ્યૂ પાસના આઈડીને પોતાની સાથે લઈ



જવાનું ફરજિયાત થઈ ગયું છે. પહેલા આ અનિવાર્ય ન હતું અને પાસ જોઈને

(અનુસંધાન છઠ્ઠા પાને)

## એપ્રિલમાં જ ૪૬ ડીગ્રી; અડધુ ભારત ‘હીટવેવ’માં સપડાયુ

**ઝારખંડમાં પારો ૪૬ ડીગ્રી અને બિહારમાં ૪૪ ડીગ્રીઃ ઉતરપ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા સહિત ૧૩ રાજયોમાં ૪૦ ડીગ્રીને પારઃ આવતા દિવસોમાં ‘સૂર્યકોપ’ હજુ વધવાની આગાહી**

નવી દિલ્હી તા.૨૨

ઉતરપ્રદેશ, બિહાર, ઝારખંડ સહિત અડધુ ભારત એપ્રિલ મહિનામાં જ તપવા લાગ્યુ છે. ૧૩ રાજયોમાં તાપમાન ૪૦ ડીગ્રી સેલ્સીયસને પાર કરી ગયું છે. આમાં સૌથી ખરાબ હાલત ઝારખંડની છે. દિલ્હીમાં પણ ત્રણ દિવસ લૂ ચાલવાની આશંકા દર્શાવાઈ છે.


હવામાન વિભાગના અનુસાર શનિવારે ઉતરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા, છતીસગઢ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત, કેરળ અને તમિલનાડુના અનેક ક્ષેત્રોમાં લૂનો પ્રકોપ જોવા મળ્યો છે. ઓરિસ્સામાં લૂના કારણે એક ૬૨ વર્ષના વ્યક્તિનું મૃત્યુ થયું છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસમાં હાલત વધુ બગડવાની ચેતવણી જાહેર કરી છે.

મહારાષ્ટ્રથી બંગાળ સુધી વધશે તાપમાનઃ હવામાન વિભાગે મહારાષ્ટ્રના આઠ અને બિહારના ૧૩ જિલ્લામાં લૂની ચેતવણી આપી છે. મહારાષ્ટ્ર, તેલંગાણા, છતીસગઢ, ઓરિસ્સા, તામિલનાડુ, પશ્ચિમ બંગાળમાં તાપમાન બે ડીગ્રી વધીને ૪૨-૪૪ ડીગ્રી થવાની સંભાવના છે.

તેલંગાણાના ૨૦ જિલ્લામાં લૂની ચેતવણીઃ ઝારખંડ, બિહાર, પુર્વી ઉતરપ્રદેશ, કેરળ, આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં તાપમાન ૪૦-૪૨ ડીગ્રી સેલ્સીયસની વચ્ચે રહેવાનું અનુમાન છે. વિભાગે તેલંગાણાના ૨૦ જિલ્લામાં લૂ ચાલવાની ભવિષ્યવાણી કરાઈ છે. અહી યેલો એલર્ટ પણ જાહેર કરાયુ છે. દિલ્હીમાં ગરમીનો પ્રકોપ વધશે. દિલ્હીમાં આવતીકાલે મંગળવારે અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રીની પાર પહોંચી શકે છે. વિભાગના અનુસાર શનિવારે અધિકતમ તાપમાન ૩૭.૨ ડીગ્રી નોંધાયું હતું. જયારે ન્યુનતમ તાપમાન ૨૩.૩ નોંધાયું હતું. જે સામાન્ય તાપમાનથી બે ડીગ્રી વધુ છે.

આવી રહેશે સ્થિતિઃ ઓરિસ્સામાં ૨૦થી૨૩ એપ્રિલ વચ્ચે લૂની સ્થિતિ પ્રબળ થવાની સંભાવના છે. બંગાળમાં તા.૨૧-૨૩ દરમિયાન વધુ ગરમી આંધ્રપ્રદેશ, બિહાર,

(અનુસંધાન છઠ્ઠા પાને)



## પેમેન્ટ સિસ્ટમ ઓપરેટર મારફત થતા હાઈવેલ્યુ ટ્રાન્ઝેકશનની માહિતી ફરજીયાત

**ચુંટણી સમયે આ પ્રકારના વ્યવહારો વધતા પંચ ચોંકયુંઃ RBI પાસે માહિતી માંગી**

નવી દિલ્હીઃ લોકસભા ચૂંટણીમાં કાળાનાણાનો ઉપયોગ રોકવા માટે ચુંટણી પંચ તમામ મોરચે સક્રીય છે અને બીજી તરફ નવા નવા માર્ગો આ પ્રમાણે નાણાની હેરાફેરી થાય છે. ઉમેદવારને નાણા આપવા કે પછી મતદારોને ‘લાંચ’ આપવા હવે નોન બેન્કીંગ પેમેન્ટ સીસ્ટમમાં પેમેન્ટ સીસ્ટમ ઓપરેટર મારફત થતા હાઈવેલ્યુ વ્યવહારોનું પણ રીપોટીંગ કરવા



ઈ-નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે છે જેમાં અનેક વખત રોકડ હેરાફેરીમાં ચુંટણી પંચની ફલાઈંગ સ્કવોડ ઝડપે છે અને મોટી હેરાફેરીમાં ‘જોખમ’ છે જેથી હવે નોન-બેન્કીંગ પેમેન્ટ ઓપરેટર મારફત તેઓને તગડા કમીશન ચુકવવામાં આવે છે. ચુંટણીપંચે આ અંગે રીઝર્વ બેન્ક સમક્ષ ચિંતા દર્શાવી આ પ્રકારના વ્યવહારો દર પણ અંકુશ જરૂરી હોવાનું જણાવતા

આરબીઆઈએ આદેશ આપ્યો છે. તા.૧૯ એપ્રિલથી છેક ચુંટણીની પ્રક્રિયાના અંત સુધીમાં આ પ્રકારના જે વ્યવહારો થયા હોય તેનો રિપોર્ટ આપવાના રહેશે. પેમેન્ટ માટે હવે અનેક પ્રકારના

આર.બી.આઈ.એ તુર્તજ આ પ્રકારના વ્યવહારોનું રીપેરીંગ હવે ફરજીયાત અપનાવ્યુ છે. બેન્કીંગ માટે જે હાઈવેલ્યુ ટ્રાન્જેકશનની વ્યાખ્યા છે તેમાં આ પ્રકારના તમામ વ્યવહારો આવી જશે.

### શતરંજના મહાન ખેલાડી ગેરી કાસ્પારોવેનો ૪૦ વર્ષ જુનો રેકોર્ડ તોડયો

## કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતી ભારતના ૧૭ વર્ષના ખેલાડી ડી.ગુકેશે ઈતિહાસ રચ્યો

ટોરંટો (કેનેડા), તા. ૨૨

ભારતના ૧૭ વર્ષીય ગ્રાન્ડ માસ્ટર ડી.મુકેશે ઈતિહાસ રચ્યો છે. તેણે કેન્ડીડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને વિશ્વ ચેમ્પિયનને પડકાર આપનાર સૌથી યુવાન ખેલાડી બની ગયો છે. ગુકેશે મહાન ચેસ ચેમ્પિયન ગેરી કાસ્પારોવેનો ૪૦ વર્ષ જુનો રેકોર્ડ પણ તોડી નાખ્યો હતો.

ગુકેશે છેલ્લા રાઉન્ડમાં અમેરિકી ખેલાડી હિકાર, નાકામુરા સાથે સરળ ડ્રો રમ્યો હતો. આ ટુર્નામેન્ટમાં તે કુલ ૧૪માંથી ૯ અંક મેળવવામાં સફળ રહ્યો હતો. આ ટુર્નામેન્ટ વિશ્વ ચેમ્પિયનને પડકાર આપતા ખેલાડીને પસંદ કરવા માટે આયોજિત કરવામાં આવે છે.



**ટુર્નામેન્ટ જીતનાર દુનિયાનો સૌથી નાની વયનો ખેલાડી બન્યો : ગુકેશે અમેરિકી ખેલાડી નાકામુરાને મ્હાત આપી**

આ જીતની સાથે મુકેશને આ વર્ષના અંતમાં ચીનના હાલના વિશ્વ ચેમ્પિયન ડિંગ લિરિન સામે રમવાનો મોકો મળશે.

આ જીતથી ડી.મુકેશને ૮૮,૫૦૦

(અનુસંધાન છઠ્ઠા પાને)

### કેદારનાથ ધામના હવાઈ દર્શન માટે શ્રદ્ધાળુઓમાં ક્રેઝ

## કેદારનાથ ધામમાં હેલિકોપ્ટર સેવા માટે જુન સુધીના બુકીંગ ફુલ

**બુકીંગ મામલે મહારાષ્ટ્ર પ્રથમ ક્રમે જયારે ઉતરપ્રદેશ બીજા અને ગુજરાત ત્રીજા ક્રમે**

દહેરાદૂન તા.૨૨

ઉતરાખંડમાં ૧૦ મેથી શરૂ થઈ રહેલી ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને કેદારનાથ હેલિકોપ્ટર સેવાના બુકીંગને લઈને જબરદસ્ત ઉત્સવ જોવા મળ્યો છે. કેદારનાથ હવાઈ સેવા માટે ૨૦ જૂન સુધીનું બુકીંગ ફુલ થઈ ગયું છે. શનિવારે અમુક કલાકોમાં જ ૧૦ મે થી ૨૦ જૂન સુધીની બધી જ ટિકીટો બુક થઈ ચૂકી છે. આ બુકીંગ આઈઆરસીટીસીની વેબસાઈટના માધ્યમથી શરૂ થયું છે. શનિવારે જ બુકીંગ સર્વિસ ખોલવામાં



(અનુસંધાન છઠ્ઠા પાને)

### ચુંટણી સમયે જ મમતા બેનરજી સરકારને મોટો ફટકો

## પ.બંગાળમાં ૨૪૦૦૦ શિક્ષકોની ભરતી રદઃ આઠ વર્ષનો પગાર વસુલાશે

**૨૦૧૬ની શિક્ષક ભરતીમાં ગેરરીતિ બાદ કોલકતા હાઈકોર્ટનો આદેશઃ કોરા ટેસ્ટ પેપર છતા નોકરી અપાઈ હતીઃ ચાર સપ્તાહમાં તમામ પાસેથી પુરો પગાર વસુલાશેઃ સીબીઆઈ તપાસ પણ યથાવતઃ રાજયના પુર્વ શિક્ષણમંત્રી લાંબા સમયથી જેલમાં જ છે**

કોલકતાઃ પ.બંગાળની મમતા બેનરજી સરકારને વધુ એક ફટકામાં કોલકતા હાઈકોર્ટ ૨૦૧૬માં ભરતી કરાયેલા ૨૪૦૦૦થી વધુ સ્કુલ શિક્ષકોની ભરતીને ગેરકાનુની ગણાવી તમામને છુટા કરવા આદેશ આપતા જબરો ખળભળાટ મચી ગયો છે. પ.બંગાળ સ્કુલ સર્વિસ કમીશન મારફત થતી શિક્ષક ભરતીમાં મોટાપાયે નાણાકીય લેવડદેવડ થયા હોવાનું બહાર આવ્યુ હતુ. આ વિવાદ છેક હાઈકોર્ટ પહોંચતા જસ્ટીસ દેબાંશુની બનેલી ખંડપીઠ જે શિક્ષકોની તથા બિનશૈક્ષણિક સ્ટાફની કોરા ઓએમઆર શીટ (ટેસ્ટ

(અનુસંધાન છઠ્ઠા પાને)

ટેનામેન્ટ વેચવાનું છે
3 BHK, 100 વાર, 16 નું મોઢું, રેસીડેન્સીમાં, ફર્નિચર સાથે.
મોકાજી સર્કલ પાસે, નાના મવા રોડ.
બ્રોકર મિત્રો આવકાર્ય છે.
Mo. 98248 03996

જોઈએ છે
મશીનરીમાં કલર કામ કરી આપે તેવા લેબરની જરૂર છે.
માઈસ્ટીક સ્ટોન પ્રા.લી.
MO. 95104 52420
MO. 94080 00060

જોઈએ છે
ફેબ્રીકેશન કામ માટે હેલ્પર તથા વેલ્ડર
માણસોની જરૂરીયાત છે.
શાપર વેરાવળ
MO. 97149 77712

ભાડે આપવુ છે
ચાલુ કંડીશનમાં મશીન ટુલ્સ નો શેડ મશીન સાથે ભાડે આપવાનો છે.
મશીન મેન્યુફેકચરર માટે ઉતમ લોકેશન
શાપર વેરાવળ
98795 28893

# 'ગેરકાયદેસર અંગ પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો સામે પગલાં લો', સરકારનો તમામ રાજ્યોને નિર્દેશ

## રાજસ્થાન-હરિયાણામાં કૌભાંડ ખુલતા તમામ રાજ્યોને આદેશ



ન્યુ દિલ્હી,તા.૨૨

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ગેરકાયદેસર અંગ પ્રત્યારોપણ કરતી હોસ્પિટલો સામે યોગ્ય પગલાં લેવા જણાવ્યું છે. આમાં હોસ્પિટલોની નોંધણી સસ્પેન્ડ કરવાનો પણ સમાવેશ થાય છે. ભારત સરકારના આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક ડો. અતુલ ગોયલે આ સંબંધમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે.

આ પત્રમાં ડો. ગોયલે કહ્યું છે કે અંગ ટ્રાન્સપ્લાન્ટનો તમામ ડેટા નેશનલ ઓર્ગન અને ટિશ્યુ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન સાથે માસિક ધોરણે શેર કરવામાં આવે. તેમાં દેશના નાગરિકો તેમજ વિદેશી નાગરિકોનો ડેટા સામેલ હોવો જોઈએ. હરિયાણા અને રાજસ્થાનમાં ગેરકાયદેસર અંગ ટ્રાન્સપ્લાન્ટ રેકેટની માહિતી જાહેર થયા બાદ આરોગ્ય મંત્રાલયે આ આદેશ જારી કર્યો છે. આ રેકેટમાં બાંગ્લાદેશના લોકો પણ સામેલ હતા.

૪ એપ્રિલે, સીએમ ફ્લાઇંગ સ્ક્વોડ, ગુરુગ્રામ આરોગ્ય વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે જયપુરની બે ખાનગી હોસ્પિટલમાં પૈસા માટે કિડની ટ્રાન્સપ્લાન્ટ કરતી ગેંગનો પર્દાફાશ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે ગુરુગ્રામની એક હોટલમાં દરોડા બાદ આ રેકેટનો પર્દાફાશ થયો હતો. હોટલમાં એક બાંગ્લાદેશી નાગરિક મળી આવ્યો હતો, જેણે જયપુરની એક હોસ્પિટલમાં 'શંકાસ્પદ' નાણાકીય વ્યવહારો હેઠળ કિડની કાઢી નાખવામાં આવી હતી. સ્વાસ્થ્ય મંત્રાલયે તેના પત્રમાં લખ્યું છે કે દેશમાં વિદેશી નાગરિકોના અંગ પ્રત્યારોપણમાં વધારો થયો છે. આવી સ્થિતિમાં, આ બાબતો પર રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન દ્વારા દેખરેખ રાખવી જોઈએ.

# વિદ્યાર્થીઓ હવે ગ્રેજ્યુએટ બાદ સીધા જ પીએચડી કરી શકશે

## માસ્ટર ડિગ્રીની જરૂર નહીં પડેઃ યુજીસી દ્વારા નવા નિયમને બહાલી





ન્યુદિલ્હી,તા.૨૨

વિદ્યાર્થીઓ હવે ગ્રેજ્યુએટ બાદ સીધા જ પીએચડી કરી શકશે યુનિવર્સિટી ગ્રાંટ કમિશન (યુજીસી) દ્વારા આ નવા નિયમને મંજૂરી આપી દેવામાં આવી છે.

ચાર વર્ષના સ્નાતક ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ સીધા જ રાષ્ટ્રીય યોગ્યતાની પરીક્ષામાં સામેલ થવા સાથે પીએચડી પણ કરી શકે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ જગદીશ કુમારે આ વાતની માહિતી આપી છે.

આ માટે ન્યૂનત્તમ ૭૫ ટકા અંક જરૂરી છે.આ સાથે જ જુનિયર રિસર્ચ ફેલોશિપ સાથે અથવા તે વગર પીએચડી કરવા માટે અરદારોએ પોતાની ચાર વર્ષના સ્નાતક સિલેબસમાં લઘુત્તમ ૭૫ ટકા અંક અથવા સમકક્ષ ગ્રેડની આવશ્યકતા રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી નેટમાં સામેલ થવા માટે ઈચ્છીતને ન્યૂનત્તમ ૫૫ ટકા અંક સાથે સ્નાતકોત્તર ડિગ્રીની આવશ્યકતા રહેતી હતી.

વધુ માહિતી આપતા યુજીસીના અધ્યક્ષ જગદીશ કુમારે જણાવ્યું હતું કે ચાર વર્ષના સ્નાતક ડિગ્રીવાળા અભ્યાર્થી હવે સીધા જ પીએચડી કરી શકે છે અને નેટ પરીક્ષામાં સામેલ થઈ શકે છે. આ સંજોગોમાં આ પ્રકારના ઉમેદવારો જે પણ વિષયમાં ડ્વમ.કરવા ઈચ્છે છે તેમાં અનુમતિ રહેશે. પછી ભલે તેમણે કોઈ પણ વિષયમાં ચાર વર્ષનો સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરી હોય. જણાવ્યું કે ના અધ્યક્ષે કહ્યું કે ચાર વર્ષ અથવા આઠ સેમેસ્ટરના સ્નાતક ડિગ્રી કાર્યક્રમમાં પાસ થનારા ઉમેદવારો પાસે કુલ લઘુત્તમ ૭૫ ટકા અંક અથવા તેની સમકક્ષ ગ્રેડ પ્રાપ્ત થવા જોઈએ. તેમણે કહ્યું કે યુજીસી દ્વારા સમયાંતરે નિર્ણય પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી, દિવ્યાંગ, આર્થિક રીતે નબળા વર્ગ તથા અન્ય શ્રેણીઓના ઉમેદવારો માટે પાંચ ટકા અંક અથવા તેને સમકક્ષ ગ્રેડની છૂટ આપી શકાય છે.

# દુબઈમાં ભારે વરસાદ બાદ સ્થિતિ નોર્મલ, ફ્લાઈટના રૂટિન શિડયૂલ શરૂ

## ત્રણેક દિવસ સુધી તમામ ફ્લાઇટ બંધ રહેતા હજારો મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો

અમદાવાદ,તા.૨૨

દુબઈમાં વરસાદને કારણે ભયાનક પૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી. સમગ્ર શહેર અને એરપોર્ટ પર પાણી ફરી વળતાં લગભગ ત્રણ દિવસ સુધી દુબઈ જતી અને દુબઈથી આવતી તમામ ફ્લાઈટ રદ કરવી પડી હતી. શનિવારથી દુબઈ એરપોર્ટ પરથી પાણી ઓસરી જતાં અને સફાઈકામ પૂર્ણ થઈ જતાં ફરીથી દુબઈ એરપોર્ટ ધમધમતું થઈ ગયું છે. લગભગ તમામ ફ્લાઈટ રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. વરસાદને કારણે દુબઈમાં અટવાયેલા તમામ મુસાફરો પોતપોતાના વતન પરત ફરી શક્યા હતા. ભારતથી પણ સંખ્યાબંધ મુસાફરો દુબઈ જઈ શક્યા છે.



દુબઈ સહિતના અખાતી દેશોમાં આખા વર્ષમાં જેટલો વરસાદ પડતો હોય છે તેના કરતાં વધારે વરસાદ દોઢ કલાકમાં જ ખાબકી ગયો. જેને પગલે દુબઈ સહિત અખાતી દેશો પાણી પાણી થઈ ગયા હતા. જ્યાં દુનિયાભરના પ્રવાસીઓ ફરવા અને વેપારીઓ બિઝનેસ માટે જતા હોય છે તે દુબઈ શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું અને એરપોર્ટ પર પાણી ફરી વળતાં તમામ ફ્લાઈટ ગ્રાઉન્ડ કરી દેવી પડી હતી. નવી કોઈ ફ્લાઈટ ઉતરી ન શકતાં પરત ફરી હતી. વાયા દુબઈ જતી ફ્લાઇટ સીધી ફાઈનલ ડેસ્ટિનેશન પર પહોંચાડવામાં આવી હતી. લગભગ ત્રણ દિવસ સુધી દુબઈ એક પણ ફ્લાઇટ જઈ શકી નહોતી કે ત્યાંથી એક પણ ફ્લાઈટ ટેક ઓફ કરી શકી નહોતી. દુબઈ એરપોર્ટ પર ફસાયેલા લોકો ઘરે-હોટલે પણ જઈ શકતા નહોતા કે પોતાના વતન પણ જઈ શકતા નહોતા. ત્યારે શુક્રવારથી સ્થાનિક એરલાઈન્સની ફ્લાઈટના ટ્રાયલ શરૂ કરવાના પ્રયાસ કરાયા હતા. જોકે શનિવારે એરપોર્ટનું સફાઈ કામ થઈ જતાં લગભગ તમામ ફ્લાઈટના આવાગમન શરૂ કરી દેવામાં આવ્યા હતા. દુબઈ એરપોર્ટ ફરીથી કાર્યરત થતાં દુનિયભરથી દુબઇ જતી આવતી ફ્લાઈટ ફરીથી નિયત સમયે ઓપરેટ થવા લાગી હતી. ફ્લાઈટ શરૂ થતાં દુબઈમાં ફસાયેલા મુસાફરો પોતાના વતન પહોંચી શક્યા હતા. બહારથી દુબઈ જવાવાળા મુસાફરો દુબઈ પહોંચી શક્યા હતા. દુબઈ એરપોર્ટ ઓથોરિટી દ્વારા હવે તમામ ફ્લાઈટ નિયત સમયે ઓપરેટ થઈ રહી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

# મુખ્યમંત્રી આજે કચ્છમાંઃ માતાના મઢે શિશ ઝુકાવશે

## માઁના દર્શન કરી સાડી, ફુલહાર તલવાર અને પ્રસાદનો ભોગ ધરાવશે

ગાંધીનગર,તા.૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છના પ્રવાસે જશે.જયા તેઓ માતાના મઢની મુલાકાત લઈ માઁ આશાપુરાના આર્શીવાદ લેશે. ભુપેન્દ્ર પટેલ પોતાના કાર્યકાળ દરમ્યાન પ્રથમવાર માતાજીના મઢની મુલાકાત લઈ રહ્યા છે માતાના મઢે શીશ ઝુકાવી લોકોની સલામતી માટે પ્રાર્થના કરશે.અને ભાજપ લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડાના પ્રચારમાં જોડાશે.લોકસભા ચૂંટણીનો પ્રચાર જોરશોટથી ચાલી રહ્યો છે. અનેક સ્થળોએ જાહેર સભા તેમજ રેલીનું આયોજન કરવામાં આવી રહ્યું છે આ દરમ્યાન આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ કચ્છની મુલાકાત લેશે..અને માતાના મઢે શીશ ઝુકાવશે મુખ્યમંત્રી માતાના આર્શીવાદ લઈ સાડી ફુલહાર, તલવાર અને પ્રસાદનો ભોગ ધરાવવામાં આવશે.સીએમ ભૂપેન્દ્ર પટેલ પોતાના કાર્યકાલ દરમ્યાન પ્રથમવાર માતાના મઢે જઈ રહ્યા છે. ગાંધીનગરથી કચ્છ જશે. અને માતાની સલામતી માટે પ્રાર્થના કરશે. ત્યારબાદ તેઓ ભાજપ લોકસભાના ઉમેદવાર વિનોદ ચાવડાના પ્રચારમાં જોડાશે અને તેઓની સભામાં હાજરી આપશે.



# હોંગકોંગમાં MDHના ત્રણ મસાલા પર પ્રતિબંધ

## ઈથિલિન ઓક્સાઈડ'ની વધુ માત્રા મળવાનો દાવો, જેના કારણે કેન્સરનો ભય

નવી દિલ્હી, તા ૨૨

હોંગકોંગમાં MDH ના ત્રણ મસાલા પર પ્રતિબંધની જાહેરાત કરવામાં આવી છે. હોંગકોંગના ફૂડ રેગ્યુલેટરે દાવો કર્યો હતો કે ખઉઇના આ ઉત્પાદનોમાં જોવા મળતા ઇથિલિન ઓક્સાઈડની માત્રા ખૂબ વધારે છે, જે કેન્સર જેવી જીવલેણ બીમારીઓનું કારણ બની શકે છે. ખાદ્ય નિયમનકારે વિક્રેતાઓને વેચાણ બંધ કરવા અને ઉત્પાદનોને દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે.


વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની કેન્સર પર સંશોધન માટેની ઈન્ટરનેશનલ એજન્સીએ ઈથિલિન ઓક્સાઈડને 'ગ્રુપ-૧ કાર્સિનોજેન' તરીકે વર્ગીકૃત કર્યું છે.આનો અર્થ એ છે કે તે માણસ માટે કેન્સરનું કારણ બની શકે છે. ૫ એપ્રિલે તેની વેબસાઈટ પર પોસ્ટ કરાયેલા નિવેદનમાં, હોંગકોંગના ફૂડ રેગ્યુલેટરી ઓથોરિટી સેન્ટર ફોર ફૂડ સેફ્ટી (CFS) એ જણાવ્યું હતું કે જંતુનાશક 'ઈથિલિન ઓક્સાઈડ' એમડીએચના ત્રણ મસાલા ઉત્પાદનો - મદ્રાસ કરી પાવડર, સંભાર મસાલા અને કરી મિશ્ર મસાલા પાવડરમાં મળી આવ્યો હતો.

## માત્ર ૧૭ જ દિવસમાં લગ્નજીવનનો અંત આવ્યો

# પતિ પોતાની પત્નીને શરીર સુખ આપી શકતો ન હોવાથી હાઈકોર્ટે છૂટાછેડા આપી દીધા

## પતિની નપુંસકતાના કારણે આ લગ્નજીવન આગળ ચાલી શકે તેમ નથી : ફેમિલી કોર્ટે અરજી ફગાવ્યા બાદ નવવિવાહિત દંપતી હાઈકોર્ટમાં પહોચ્યું





મુંબઇ તા.૨૨

બોમ્બે હાઇકોર્ટે રિલેટિવ ઈમ્પોટન્સી (સાપેક્ષ નપુંશકતા)નો સંદર્ભ આપીને એક નવવિવાહિત દંપતિના લગ્નને રદ કરવાની માંગણીને મંજૂરી આપી દીધી હતી. આ દંપતિ તરફથી હાઈકોર્ટમાં લગ્ન રદ્દ કરવાની દાદ માંગતી અરજી કરવામાં આવી હતી.

આ અરજીમાં પિડિત પત્ની તરફથી એવી રજૂઆત કરાઈ હતી કે તેનો ૨૭ વર્ષિય પતિ તેને શરીર સુખ આપી શકતો નથી. ફરિયાદી પક્ષની આ દલીલને માન્ય રાખતા હાઈકોર્ટે પણ સ્વિકાર કર્યો હતો કે પતિની નપુંસકતાના કારણે આ લગ્નજીવન આગળ ચાલી શકે તેમ નથી. હાઇકોર્ટે એવું પણ સ્વિકાર્યું હતું કે પતિ ને પત્નિ એકબીજા સાથે માનસિક, શારીરિક અને ભાવનાત્મક રીતે એકતા સાધી શકતા નથી. બંનેનું લગ્ન જીવન ફક્ત ૧૭ દિવસ ચાલ્યું હતું. બોમ્બે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સર્વશ્રી વિભા કાંકણવાડી અને એસ.જી ચપલગાંવકરની બેન્ચે આ કેસની સુનાવણી હાથ ધરી હતી.

**આ ચુકાદો લોકોની મદદ કરવા માટે ઉપયોગી થઈ શકે જેઓ માનસિક, શારીરિક કે ભાવનાત્મક રીતે એકબીજા સાથે જોડાઈ શકતા નથી.**

ગત ૧૫ એપ્રિલના દિવસે આપેલાં પોતાના ચુકાદામાં બેન્ચે પોતાનું અવલોકન વ્યક્ત કર્યું હતું કે ફક્ત ૧૭ દિવસના દાંપત્યજીવનમાં જ આ દંપતિની હતાશા અને નિરાશા જોઈ શકાય છે. ઉલ્લેખનીય છે કે આ દંપતિએ હાઈકોર્ટમાં અરજી કરતાં પહેલાં ફેમીલી કોર્ટમાં લગ્ન જીવન સમાપ્ત કરવાની દાદ માંગતી અરજી કરી હતી પરંતુ ફેમિલી કોર્ટે તેઓની અરજી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે આ કેસની સુનાવણી દરમ્યાન કહ્યું હતું કે આ ચુકાદો એવા યુવાન લોકોની મદદ કરવા માટે ઉપયોગી થઈ શકે તેમ છે જેઓ માનસિક, શારીરિક કે ભાવનાત્મક રીતે એકબીજા સાથે જોડાઈ શકતા નથી.

## સુવિચાર

**જીંદગીના હર એક સમયમાં ખુશ રહો**
**કારણ કે, આ જિંદગી છે કોઇ પિકચર નથી કે**
**ફરીથી આવે !!**

# આત્માના સાત ગુણો સાત રંગ સમાન

## (શાંત સ્વરૂપ આત્મા-૬)

**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

પ્રશ્ન એ છેકે- અશાંતિ આવી ક્યાંથી? વ્યક્તિની સ્વસ્થતાનો આધાર ન માત્ર શારીરિક સ્વસ્થ્યતા પર છે, પરંતુ માનસિક સ્વસ્થ્યતા પણ જરૂરી છે. શારીરિક બીમારીનો ઈલાજ દવા, વિટામીન- પ્રોટીનના ડોઝ કે અન્ય સર્જરીના પ્રયોગ જેવી સગવડોથી પ્રાપ્ત થાય છે. પરંતુ બીમારી માનસિક હોય, મન-ચિત અશાંત છે, તો તેનો ઈલાજ ઉપરોક્ત સાથનો દ્વારા થઈ શક્તો નથી. માનસિક બીમારીનો ઈલાજ માટે આંતરિક જગત તરફનું પ્રયાણ જરૂરી છેકારણ કે મનુષ્ય સ્વયંને જ ઓળખતા નથી કે- હું કોણ છું? અને મારું ર્કતવ્ય શું છે? જે પરિચયના અભાવથી જ મન અશાંત, બેચેન બન્યુ હોય છે. અર્થાત એ જાણવું બહુ જરૂરી છેકે- હું એક આત્મા(ઉર્જા) શકિત છું. હું આત્માનો ગુણધર્મ શાંતિ છે હું આત્મા શાંતિના સાગર પરમાત્માની સંતાન છું. શાંતિધામ, નિર્વાણધામના રહેવાસી પરમાત્માની સાથે હું પણ ત્યાની રહેવાસી છું. હું આત્માનું ર્કતવ્ય આ શરીરરૂપી વસ્ત્રમાં રહી સ્વયંના ક્રર્મો અનુસાર મળેલા પાર્ટને સુંદર રીતે ભજવી, સર્વ સાથે શાંતિથી રહેવાનો છે. આમ શાંતિની શક્તિને સ્વયંમાં જાગૃત રાખવા શાંતિના સ્ત્રોત સાથે સ્વયંને જોડી રાખવા જરૂરી છે. આત્મા શાંતિ માટે પરમાત્માને પોકારે છેકે બોલાવે છે. જ્યારે પાપોની માત્રા અતિ વધી જાય છેત્યારે મનુષ્ય બેચેની અનુભવે છે. સ્થિરતા ગુમાવે છે. સ્વયંના મન-બુધ્ધિ પરનો કાબૂ ગુમાવતા મનુષ્ય પછી શાંતિ માટે ચારે તરફ ભટકે છે. પરંતુ શાંતિ 'સ્વ'ની સ્થિતિ છે તે ભલી જાય છે.

એક્વાર એક દાદા પોતાની અંગૂઠી ખોવાઈ જતા, ઘર આંગણે બહાર શોધી રહ્યા હતા. એવામાં કેટલાક બાળકો ત્યા આવી પહોચ્યાં અને દાદાને શું શોધી રહ્યા છે પૂછ્યું; અને તેઓ પણ અંગુઠી શોધવા તેમને મદદ કરવા લાગ્યા. થોડીવારમાં એક બાળક પૂછે છે,' દાદાજી, અંગૂઠી ક્યાં ખોવાઈ હતી?'. દાદાએ બતાવ્યુ કે,' અંગૂઠી તો ઘરમાં ખોવાઈ છે, પરંતુ ત્યાં અંધારું હોવાથી અહી શોધી રહ્યો છું.' વાતનો સાર છે કે શાંતિ આત્માના અંદર(ઘર)ની આંતરિક સ્થિતિ છે. પરંતુ આત્મારૂપી દીપક જાગૃત નથી. આથી બહાર ભટકીએ છીએ. દ્વાપરથી અનેક કામનાઓને વશીભત આત્મા સ્વયંના અસ્તિત્વને ભલી ગઈ હોવાથી અંદર અંધકાર છે. આથી આત્માને રોશની માટે રાજયોગ જ્ઞાનરૂપી ધૃતની જરૂર છે. જે વર્તમાન સમયે સ્વયં પરમાત્મા આવીને આપી રહ્યા છે. જેનાથી આત્મા સદાને માટે જાગતી જ્યોત બની જાય છે. અને સ્વયંના દિવ્ય ગુણ શાંતિ, પ્રેમ, ખુશી, આનંદ, શક્તિઓનો અનુભવ કરવા લાગે છે.

### શાંતિ માટેના ચિંતન બિંદુઓ

★ શાંતિ મુજ આત્માનો સ્વધર્મ છે. અશાંતી રાવણનો, પરધર્મ છે.

★ એકાંતમાં બેસી પ્રભુ સ્મરણ કરવાથી શાંતિનો અનુભવ કરી શકાય છે. પરંતુ વાસ્તવિક શાંતિ તો

શાંતિધામ, પરમધામમાં પ્રાપ્ત થાય છેજેની વિધિ રાજયોગના જ્ઞાન અને અભ્યાસ દ્વારા થઈ શકે છે.

★ શાંતિ અને સુખની જનની છે પવિત્રતા. એક શુધ્ધ પવિત્ર મન, વૃતિ સદા શાંત બની રહે છે.

★ પરિસ્થિતિ બાહ્ય છે જ્યારે શાંતિ આંતરિક સ્વ-સ્થિતિ છે. સ્વ-સ્થિતિ જેટલી શક્તિશાળી હશે તેટલો બાહરી પરિસ્થિતિનો પ્રભાવ સ્વયં પર પડતો નથી.

★ ગુસ્સો કરવો તેમનો સ્વભાવ છે, પરંતુ સ્વયંની શાંત સ્થિતિ બનાવી રાખવી એ મહાન ગુણ છે.

# માલદીવની ચૂંટણીમાં ભારત વિરોધી, ચીન તરફી ઝુકાવ ધરાવતા મુઈઝુના ગઠબંધનનો વિજય : ભારત સાથે સંબંધો વણસી શકે

માલે (માલદિવ) તા.૨૨

માલદીવમાં રવિવારે સંસદીય ચૂંટણીમાં ભારત વિરોધી પ્રેસિડન્ટ મોહમ્મદ મુઇઝુના શાસક ગઠબંધનની નિર્ણાયક જીતથી બંને દેશો વચ્ચે સંબંધો વધુ ખરાબ થવાની ધારણા છે. ચીન તરફ ઝુકાવ ધરાવતા મુઇઝુની પીપલ્સ નેશનલ કોંગ્રેસ (PNC) ના રિઝલ્ટ જાહેર થયા હતા તેવી ૮૬માંથી ૬૬ બેઠકો વિજય થયો હતો, જે ૯૩-સભ્યોની મજલીસ (સંસદ) માં સુપર-બહુમતીથી પણ વધુ છે.


વિપક્ષી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી (MDP) માત્ર ૧૫ બેઠકો પર આગળ હતી. અગાઉ ઇન્ડિયા ફર્સ્ટની નીતિ અપનાર વિપક્ષ એમડીપીનો પ્રેસિડન્ટની ચૂંટણીમાં ભારત વિરોધી પ્રચાર કરનારા મુઈઝુ સામે પરાજય થયો હતો. આ ચૂંટણીમાં મુઇઝુએ 'ઇન્ડિયા આઉટ' અભિયાન હાથ ધરીને પોતાના પક્ષનો જોરશોરથી પ્રચાર કર્યો હતો. તેમણે પોતાના ચૂંટણી પ્રચારમાં અગાઉના પ્રમુખ અને રાજકીય નેતાઓ ઉપર ભારતને વધુ પડતું મહત્વ આપી દેશના સાર્વભૌમત્વ સાથે સમાધાન કર્યું હોવાનો ગંભીર આરોપ મૂક્યો હતો



ચૂંટણીપ્રચાર દરમિયાન મુઇઝુએ સંસદીય ચૂંટણીને તેમની સરકારની નીતિઓ માટેનો એક જનાદેશ ગણાવ્યો હતો. પીએનસીએ મતદારોને બહુમતીથી ચૂંટવા માટે કહ્યું હતું, જેથી મુઇઝુ સરકાર તેમના પ્રમુખપદની ઝુંબેશના વચનોને ઝડપથી પૂર્ણ કરી શકે.

ગયા વર્ષે સત્તામાં આવ્યા બાદ મુઇઝુ ચીન તરફ ઝુક્યા છે અને ભારત સાથેના લાંબા સમયના સારાં સંબંધોને ખરાબ કર્યા છે. તેમણે ખાદ્ય સુરક્ષા અને આરોગ્યસંભાળ માટે ભારત પરની દેશની નિર્ભરતા ઘટાડવા માટે ઘણા પગલાં લીધાં છે. તેમણે ખાદ્ય ચીજો અને ફાર્માસ્યુટિકલ સપ્લાય માટે ભારત વિરોધી તુર્કી અને અન્ય દેશો સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

મુઇઝુ પહેલેથી જ ચીનની સામ્યવાદી વિચારધારા તરફ ઢળેલા હોઇ આ ચૂંટણી ઉપર ભારત અને ચીન બંનેની નજીર હતી. ભારતની બિલકુલ પાડોશમાં હિંદ મહાસાગરમાં આવેલો આ ટાપુ દેશ ભારત માટે વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત મહત્વનો છે. મુઇઝુએ સત્તામાં આવતાની સાથે જ માલદીવમાં પોતાનું મથક બનાવીને રહેતા ભારતીય લશ્કરના સૈનિકોને માલદીવ છોડવાની તાકીદ કરી દીધી હતી. માલદિવના વલણને પગલે ભારતીય સૈનિકોના જથ્થાએ ભારત વાપસી કરી હતી.



## આજનું ચિંતન

### એક જ વાત વારંવાર કરવાથી સામાને અકળામણ ઉભી થાય છે

**દરવાજાને તાળુ લગાવી દીધા પછી એ તાળુ બરાબર લાગી ગયું છે કે નહીં એ પાકુ કરવા જે માણસ વારંવાર એ તાળુ જો ખેંચતો રહે છે તો માનવું જ પડે કે એ માણસને પોતાની કાર્યક્ષમતા પર વિશ્વાસ નથી.**

**વાતની રજૂઆત બરાબર કરી દીધા પછી પણ, સામી વ્યક્તિના ચહેરાના હાવભાવ પરથી એ વ્યક્તિ આપણે કરેલ વાતને બરાબર સમજી ગઇ છે એવો ખ્યાલ આવી ગયા પછી પણ, એ જ વાતને આપણે જો વારંવાર દોહરાવ્યા કરીએ છીએ તો સામી વ્યક્તિ આપણી વાતથી અકળાઇ ગયા વિના રહેતી નથી એ નિશ્ચિત વાત છે.**

**પ્રશ્ન એ થાય છે કે એક જ વાતને આપણે વારંવાર શા માટે દોહરાવતા રહીએ છીએ ?**

**બે વાત છે.**

**એક : સામાની સમજશક્તિ પર આપણને વિશ્વાસ નથી.**

**બે : આપણી વાત પર આપણને ખુદને જોઇએ તેવો વિશ્વાસ નથી.**

**આ સિવાયનાં પણ બીજા કારણો હોઇ શકે છે પણ હકીકત એ છે કે વાતની તર્કબધ્ધ વ્યવસ્થિત રજુઆત કરી દીધા પછી પણ એ જ વાતને કારણ વિના દોહરાવ્યા કરવાની ચેષ્ટાનો સમાવેશ 'બોલવા'માં નહીં પણ 'બક્વાસ'માં થતો હોય છે.**

**- પદ્મભૂષણ જૈનાચાર્ય શ્રી રત્નસુંદરસૂરીજી મ. ('સ્પર્શ' પુસ્તકમાંથી સાભાર)**

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦ : વીર સંવત- ૨૫૫૦, શાલિવાહન સંવત-૧૯૪૫
ચૈત્ર સુદ-૧૫, તા.૨૩/૪/૨૪, મંગળવાર

સૂર્યોદય : ૬-૨૨, સૂર્યાસ્ત : ૭-૦૮, જૈન નવકારશી : ૭.૧૦
રાશિ : કન્યા (પ.ઠ.ણ.), ૯.૧૮થી તુલા (ર.ત.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-મેષ, મંગળ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-મેષ, હર્ષલ-મેષ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-કન્યા

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** ગૃહજીવનમાં કોઈ સમસ્યાઓ ઉભી ન થાય તેનું ધ્યાન રાખજો, પ્રેકટીકલ બનવાની સલાહ છે.

**વૃષભ :** અનુકુળતા વધવાની, ભાઈ બહેનો સાથે પ્રવાસનું આયોજન થાય, મિલ્કતના પ્રશ્નોમાં લાભ રહેવાનો.

**મિથુન :** મેળવેલી તક ન ગુમાવો તેનું ધ્યાન રાખજો, સરકારી કાર્યોમાં સફળતાવાળો સમય રહેવાનો.

**કર્ક :** દાંમ્પત્ય જીવનમાં સુમેળ વધવાનો છે, કોઈ નવી યોજનામાં સફળતા મળવાની, ભાઈઓથી લાભ રહેવાનો.

**સિંહ :** વિરોધીઓથી જાળવજો, તમારા કાર્યમાં ચીવટ રાખજો, બપોર પછીનો સમય વધુ લાભદાયક રહે.

**કન્યા :** માનસિક ટેન્શન રહેવાનું, ખર્ચ ઉપર કાબુ રાખજો, યાત્રા પ્રવાસનું આયોજન સમજીને કરવું.

**તુલા :** સ્વાસ્થ્ય બાબત સુધારો રહે, વિદેશ વસતા સગા સ્નેહી તરફથી સહકાર મળે, નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું.

**વૃશ્ચિક :** આર્થિક પ્રશ્નો હલ થાય, માનસિક ટેન્શન રહે, સગાઈના કાર્યમાં ઉતાવળ ન કરવી, મિલ્કતના પ્રશ્નોમાં સફળતા ઉત્સાહ વધવાની.

**ધન :** નોકરીમાં પ્રગતિ રહે, આવકનું પ્રમાણ વધે, સ્થળાંતરની ઈચ્છા ફળે, સરકારી કાર્યોમાં ઉતાવળ ન કરવી.

**મકર :** કુટુંબીજનો સાથે મતભેદો રહે, ગુસ્સાને કાબુમાં રાખવો, ભાગીદારોને સાથ સહકાર દેવો, ધાર્મિક કાર્યથી લાભ, પ્રવાસમાં જાળવવું.


**કુંભ :** બીજાના કાર્યોમાં દખલગીરી કરવાથી જાળવવું, રાજકીય લાભ, વિચારોમાં એકાગ્રતા કેળવવી, લાભદાયક રહે, નકારાત્મક બાબતોથી દુર રહેવું.

**મીન :** નોકરીમાં કોઈ પરિવર્તન ન કરવું, યાત્રા પ્રવાસમાં અનુકુળતા સંતાનોની સગાઈના કાર્યમાં સફળતા મિલ્કતથી લાભ રહે.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત







### આડી ચાવી

૧. જુની ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર (૬)
૬. એક કઠોળ (૩)
૮. ... યે પ્યાર કા ... હૈ, મેરી બાત યારો માનો (૨)
૯. શાહરૂખ ખાનની સુપરહિટ ફિલ્મ(૩)
૧૦. હસબંડ, પતિ (૩)
૧૧. બાબરી ધ્વંશ વખતની સેવા (૪)
૧૩. ...પૂર્ણિમા (૩)
૧૬. ત્રણ વાકયની કવિતાનો પ્રકાર (૩)
૧૮. ઇશ્ક (૨)
૧૯. પિતા વખતની દુશ્મની - મહાવરો (૬)
૨૧. તિરાડ-હિન્દી (૩)
૨૩. ગાંધીજી રાષ્ટ્રપતિ તો તેમના ધર્મપત્ની (૪)
૨૫. દિવામાં પુરાતી રૂની ...(૨)
૨૬. પ્રહાર બચાવતું શસ્ત્ર (૨)
૨૭. ખાવિંદ, હસબન્ડ (૨)
૨૮. ગારો (૩)
૩૧. એક વતા એક (૧)
૩૨. રાજાશાહી વેળાનું હથિયાર (૪)

### ઉભી ચાવી

૧. ઘેટા પરથી મળે (૨)
૨. પાકિસ્તાનનું શહેર (૪)
૩. ત્રીજ ખોટી રીતે લખો (૨)
૪. પુત્ર-પુત્રીના સાસુ (૩)
૫. ગરીબ (૨)
૬. 'રામાયણ' ટીવી સીરીયલના રાવણ (૭)
૭. મેડિસીન (૨)
૧૦. મુંબઇનું એક પરૂ (૨)
૧૧. આંજણ (૩)
૧૨. ...મમરા (૨)
૧૪. બહેનની દીકરી (૨)
૧૫. નાગ રાખતા-નાગને નાથતો (૩)
૧૭. દુશ્મની (૨)
૧૯. સરવાળાનું વિરોધી (૪)
૨૦. રાજસ્થાનનો એક પ્રદેશ (૪)
૨૨. યુવતીનું એક વસ્ત્ર (૪)
૨૩. ષડયંત્ર, પેટમાં રમત (૩)
૨૪. આરતી જેવો શબ્દ (૨)
૨૯. એક ચોઘડીયું (૨)
૩૦. ઉકેલ (૨)

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સ | હા | દ | ત | હ | સ | ન | | મ | ન | હ | ર | ઉ | ધા | સ |
| ર | જ | | | મ | જા | ક | | ક | | જા | | | | દા |
| કા | ર | ત | ક | | ગ | લ | | બ | ના | ર | સી | બા | બુ | |
| ર | જ | ક | ણ | | | નો | ચ | રો | | | ના | | | બ્રો |
| | વા | | | | બે | ર | ર | | ફા | | જો | ક | ર | |
| ક | બી | બો | | જા | | | ણ | | ગુ | જ | રી | બ | જા | ર |
| ણ | | ક | ર | ણ | જો | હ | ર | | ન | વા | | હો | | વિ |
| કો | ર્ન | ર | | ભે | | જા | જ | મ | | બ | | ના | મ | |
| ટ | | | જા | દુ | ગ | ર | | | મ | | સ | હો | દ | ર |
| | સ | લા | મ | | | ચો | ર | બ | જા | ર | | | ન | |
| દુ | | | જો | | ગ | રા | સ | દા | ર | | તી | ખા | લા | લ |
| ક | સ | | ધ | ન | | સી | ક | | | બ્રા | | | લ | વ |
| સા | ળં | ગ | પુ | ર | | કી | સ | ર | | હ્મ | | ક | | લે |
| ર | ગ | | ર | | મા | મા | | વે | ચા | ણ | વે | રો | | ટ |
| | | છ | | સી | તા | | કા | શ | | | | ડ | ગ | ર |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )



### ગઈકાલે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી સમસ્ત જૈન સમાજમાં અનેરો ધર્મોલ્લાસ સાથે સંપન્ન થઈ

રાજકોટ સમસ્ત સમાજ તથા જૈનમના ઉપક્રમે મણિયાર દેરાસરેથી ધર્મયાત્રાનો પ્રારંભ થયો હતો જે વિવિધ માર્ગો પરથી પસાર થઈને વિરાણી પોષધશાળામાં ધર્મસભામાં પરિવર્તિત થઈ હતી. ત્યાં પૂ. ગુરૂ ભગવંતોએ પ્રવચન ફરમાવ્યું હતું. ત્યારબાદ સાધર્મિક ભકિતનો ૭ હજારથી વધુ જૈનોએ લાભ લીધો હતો. ઉપરોકત તસ્વીરો ધર્મયાત્રાની છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

# એક જન્મ્યો રાજદુલારો : શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણકની ભવ્યાતિત ઉજવણી

## રાજકોટમાં સમસ્ત જૈન સમાજ તથા જૈનમના ઉપક્રમે ધર્મયાત્રા, ધર્મસભા તથા સાધર્મિક ભકિત યોજાઇ : શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત : જૈન વિઝન દ્વારા ભકિત સંગીત, ડાયરો સહિતના કાર્યક્રમો યોજાયા : રાજકોટના જિનાલયોમાં પરમાત્માની ભવ્ય આંગી રચાઇ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ સમસ્ત સમાજ તથા જૈનમના ઉપક્રમે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક ઉજવણીને અંતર્ગત ગઇકાલે ભવ્યાતિભવ્ય ધર્મયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. મણિયાર દેરાસરેથી ધર્મયાત્રાનો પ્રારંભ થયો હતો. જે મુખ્ય માર્ગો પર ફરીને વિરાણી પૌષધશાળામાં સંપન્ન થયા બાદ ધર્મસભામાં પરિવર્તિત થઇ હતી. ધર્મયાત્રામાં મોટી સંખ્યામાં મહાવીર પ્રભુના જીવન પ્રસંગોને અનુલક્ષીને તથા માનવતાના કાર્યો અંગેના ફલોટસ સામેલ થયા હતા. ધર્મયાત્રાનું ઠેર ઠેર વિવિધ સંસ્થાઓ, જ્ઞાતિ સમાજ દ્વારા અભિવાદન કરવામાં આવેલ હતું.

**ધર્મયાત્રા**

ગઇકાલે સવારે મણીયાર દેરાસર ખાતેથી ભવ્ય ધર્મયાત્રા નો પ્રારંભ અનેક સાધુ-સાધ્વીજી ભગવંતો, સમાજ શ્રેષ્ઠીઓ, સંસ્થા, મંડળ, રાજકીય પક્ષનાં આગેવાનો, શ્રાવક-શ્રાવિકાઓની હાજરી વચ્ચે થયો હતો. આ ધર્મયાત્રામાં ૨૫ થી વધુ ફલોટ જોડાયા હતા. વિવિધ પ્રકારનાં સંદેશા આપતા ફલોટસ તૈયાર કરવામાં આવ્યા હતા.

આ ફલોટ શુશોભન માટે એક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુંદર ડેકોરેશન કરનાર ફલોટનાં વિજેતાઓને જૈનમ પરિવારનાં ડોકટર સભ્યોની બનેલી એક નિર્ણાયકોની ટીમ જેમાં ડો. રાજુભાઇ કોઠારી, ડો. પારસભાઇ બી. શાહ, ડો. અમીતભાઇ હપાણી, ડો. કરણભાઇ ભરવાડા, ડો.શ્રેણીકભાઇ શાહ વિગેરે દ્વારા નિરીક્ષણ કરી જાહેર કરવામાં આવેલ હતા. જેમને ધર્મસભામાં ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત અનેકવિધ ડેકોરેશન સાથે કાર ધારકો જોડાયા હતા દરેક કાર ઉપર માતા ત્રિશલાને આવેલા ૧૪ સ્વપનો,અષ્ટમંગલ વિગેરેથી કારને શુશોભીત કરવામાં આવી હતી. આ વિવિધતાસભર ડેકોરેશનથી ધર્મયાત્રાને જોવા લાયક બનાવવામાં આ કાર ખૂબ મહત્વની છે માટે આ ડેકોરેટીવ કાર ધર્મયાત્રમાં જોડાય તે માટે વૈભવભાઇ સંઘવી, ભાવિનભાઇ ઉદાણી, કિર્તીભાઇ દોશી, ભાવેશભાઇ અજમેરા, વગેરે જહેમત ઉઠાવી હતી.

આ ધર્મયાત્રામાં અધ્યક્ષા શ્રીમતી દામીનીબેન કામદાર, જૈન શ્રેષ્ઠિવર્ય ઉદારદીલ દાતા જીતુભાઇ બેનાણી, જૈન અગ્રણીઓ હરેશભાઇ વોરા, જીતુભાઇ દેસાઇ, દાતા ખારા પરીવાર વિગેરેએ વિન્ટેજ કારમાં સવાર થઇ આ ધર્મયાત્રામાં જોડાયા હતા. આ ઉપરાંત આજની આ ધર્મસભામાં મહિલાઓ સંચાલીત બેન્ડ સાથે સંગીતની સુરાવલીઓ વહેડાવતા બેન્ડ, રાસમંડળી, કળશધારી બહેનો આ યાત્રામાં જોડાયા હતા. સાથે પ્રભાવના કરતો અનુકંપા રથ અને ભગવાન મહાવીર જેમાં બિરાજમાન થયા હતા તેવો ચાંદીનો રથ આ ધર્મયાત્રાનું વિશેષ નજરાણું બન્યો હતો. આ રથમાં કેયા ભાવેશભાઈ મહેતા અને હસ્તી જીતુભાઈ કોઠારી બિરાજમાન મહાવીર સ્વામીની સેવામાં રત રહયા હતા. આ ચાંદીનાં રથનું વહન પુજાની જોડમાં સજ્જ યુવાનો દ્વારા સારથી બનીને કરવામાં આવ્યુ હતુ. જેમને આખા રૂટ ઉપર ખુલ્લા પગે રથ ખેચ્યો હતો. આ દરમ્યાન યુવાનો દ્વારા પુજાનાં કપડાની મર્યાદા મુજબ પાણી પણ પીવાની છુટ હોતી નથી. આ સારથીબ્નીને આવેલા યુવાનો દર્શનભાઇ શાહ, મૌલિકભાઇ મહેતા, રાકેશભાઇ શેઠ, વિશાલભાઇ મહેતા, મહેશભાઇ મણીયારની પ્રેરણાથી આ ધર્મયાત્રામાં જોડાયા હતા. જ્યારે યાત્રાનાં રૂટ ઉપર ફરી હતી તે દરમ્યાન નવકારનાં નવ પદ એવા નવ સ્ટેજમાં તમામ સ્ટેજ ઉપર ૧૨ બાળકો દ્વારા ભગવાન મહાવીરનાં અક્ષતથી વધામણા કરવામાં આવ્યા હતા.



### જાગનાથ જિનાલયમાં વીર પ્રભુની લાખેણી આંગી

રાજકોટમાં જાગનાથ જિનાલય તથા પ્રહલાદ પ્લોટ જિનાલયમાં મૂળ નાયક રૂપે શ્રી મહાવીર સ્વામી બિરાજમાન છે. ગઈકાલે વીર પ્રભુના જન્મ કલ્યાણક પ્રસંગે દર વર્ષની જેમ ભવ્યાતિભવ્ય આંગી રચવામાં આવી હતી. ઉપરોકત તસ્વીર જાગનાથ જિનાલયની છે. તસ્વીરમાં મહાવીર પ્રભુની ભવ્ય આંગી જોવા મળે છે. (તસ્વીરઃ દેવેન અમરેલીયા)

રૂટ ઉપર ઠેરઠેર ૧૮ આલમ, એન.જી.ઓ., ધાર્મિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ, રાજકીય પક્ષો દ્વારા ભગવાન મહાવીરનાં અક્ષતથી વધામણા કરવામાં આવ્યા હતા.

અનેક ગ્રુપ, સંઘ, દાતાશ્રી પરિવાર દ્વારા ઠેરઠેર ઠંડા પાણી, સરબત, છાસ, લીંબુ પાણી વિગેરેની ભકિત કરવામાં આવી હતી. સમગ્ર યાત્રાના રૂટને ઠેરઠેર ઝંડા, ઝંડી, બેનર, લાઇવ રંગોળી, કલરફુલ બલુન વિગેરેથી સુંદર સુશોભન કરવામાં આવ્યો હતો.

એસ્કોર્ટ કમીટી દ્વારા આખી યાત્રાને સુરક્ષા અને સંચાલન પુરુ પાડવામાં આવ્યુ હતુ. આ કમીટીએ યાત્રાનાં પ્રારંભતી પુર્ણાહુતી સુધી આખી યાત્રાને ખૂબ સુંદર રીતે સંચાલન કરી તેના નિયત રુટ ઉપર ચલાવી સમયસર યાત્રા સંપન્ન કરાવી હતી.

ધર્મયાત્રાનાં પ્રારંભે દાતાશ્રી દ્વારા તડકાનાં ધ્યાનમાં રાખીને રક્ષણ માટે જૈનમના લોગો વાળી ૫૦૦ ટોપીનું વિતરણ શ્રાવકો વચ્ચે કરવામાં આવ્યુ હતુ. આ ધર્મયાત્રા રાજકોટનાં રાજમાર્ગો ઉપર ફરી સ્થાનકવાસી જૈન મોટા સંઘ, વિરાણી પૌષધશાળા ખાતે પૂર્ણ થઇ હતી. જયા તે ધર્મસભામાં પરિવર્તીત થઇ હતી. સંઘનાં ગેઈટ ની સામે તમામ શ્રાવક-શ્રાવિકાઓનાં સ્વાગતરૂપે સ્તવનો મંડળની બહેનો દ્વારા રજુ કરવામાં આવ્યા હતા.

ધર્મસભામાં સાધુ-સાધ્વીજી ભગવંતો, નુતન દિક્ષિત દિક્ષાર્થી દ્વારા ઉપસ્થિત શ્રાવક, શ્રાવિકાઓને આર્શિવચન પાઠવમાં આવ્યા હતા. આ તકે બોલતા મહારાજ સાહેબએ જણાવ્યુ હતુ કે આપણાથી કોઇને પણ જાણયે અજાણયે જીવ હિંસા થાય કે આપણા બોલવા માત્રથી કોઇનું મન દુભાઇ તેવુ કાર્ય કદાપી કરવુ ન જોઇએ.

આ તકે સ્થાનકવાસી જૈન મોટા સંઘના પ્રમુખ હરેશભાઇ વોરા, જૈન તપગચ્છ સંઘ માંડવી ચોક દાદાવાડીનાં જીતુભાઇ દેસાઇ, ચંદકાંતભાઇ શેઠ, વિગેરેએ મહાનુભાવોએ પણ જૈનમનાં આ ભગીરથ કાર્યની ખૂબ જ સરાહના કરી હતી. સાથે ઉપસ્થિત વિશાળ શ્રાવક ગણને ભગવાન મહાવીરનાં જન્મ કલ્યાણક નીમીતે શુભેચ્છાઓ પાઠવી હતી. આ ધર્મસભામાં રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વેશભુષા સ્પર્ધા, ફલોટ ડેકોરેશના વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા આ ધર્મસભાની તમામ કામગીરી જૈનમ પરિવારની ધર્મસભા કમીટીનાં મેહુલભાઇ દામાણી, વિરભાઇ ખારા, રજતભાઇ સંઘવી, અમીષભાઇ દોશી, રાજેનભાઇ દોશી, નિતેશભાઇ કામદાર, સેજલભાઇ કોઠારી, કેતનભાઇ ગોસલીયા, પુનમબેન વસા, હિમાંશુભાઇ દેસાઇ, પીનાકીનભાઇ શાહ, અજયભાઇ વોરા વિગરે કાર્યરત રહયા હતા.

ધર્મસભામાં જોડાનાર તમામ શ્રાવકોને બુંદીનાં લાડુની પ્રભાવના કરવામાં આવી હતી. ધર્મસભા બાદ અનેક દાતાઓના સહયોગથી ૭૦૦૦ થી પણ વધુ જૈનોએ જયણા પૂર્વક વિધી થી બનાવેલ ગૌતમ પ્રસાદનો લ્હાવો લીધો હતો. ગૌતમ પ્રસાદનું આયોજન ભુપેન્દ્ર રોડ, સ્વામીનારાયણ મંદિરનાં પટાંગણમાં કરવામાં આવેલ હતુ. તમામ જૈનોને એક ભાણે ગૌતમ પ્રસાદ લેવાનું ભગીરથ કાર્ય પાર પાડયું હતું.

## પ્રહલાદ પ્લોટ જૈન સંઘના આંગણે જિનશાસન પ્રભાવક આ.ભ. શ્રી યશોવિજયસૂરિજી મ.આદિની નિશ્રામાં

# મુમુક્ષુ જીમિતકુમારનો દીક્ષા મહોત્સવ સંપન્નઃ નૂતન દીક્ષિતનું નામ મુનિજી નાગમયશ, વિ. મ. જાહેર

### દીક્ષા મહોત્સવમાં શાસન પ્રભાવક આ.ભ. શ્રી અજીતયશસૂરિજી મ. તથા આ. શ્રી સંસ્કારયશસૂરિજી મ. આદિ સાધુ-સાધ્વીજી મ.ની નિશ્રાઃ દીક્ષા મહોત્સવને લોકો વર્ષો સુધી યાદ રાખશે





રાજકોટ, તા.૨૨

શ્રી પ્લોટ શ્વ.મૂ.જૈન સંઘના આંગણે પૂ. આચાર્ય ભગવંત યશોવિજયસૂરિશ્વજી મ.ની પાવન નિશ્રામાં તથા પરમપૂ. શાસન પ્રભાવક આચાર્ય ભગવંત અજીતયશ સૂરિશ્વરીજ મ.ના શિષ્ય પ.પૂ.આ.ભ. સંસ્કાર યશસૂરિશ્વરજી મ.તથા અનેક સાધ્વીજી મહારાજની પાવન નિશ્રામાં મુમુક્ષુ રત્ન જીમીતકુમારની ભવ્ય દીક્ષાવિધિ ગઇકાલે સંપન્ન થઇ, ખૂબ જ નિકટથી હજારો ભાવિકોએ આ દીક્ષાને માણી ભાવિત થયા હતા. ભવ્ય સજાવટ એવમ શાસનભાઇ શાહ અને નૈતિકભાઇ શાહના સંગીતના સથવારે સહુ કોઇ ભક્તિથી ભીના-ભીના થઇ ગયા હતા.

મુમુક્ષુને વિજયતિલક કરવામાં આવ્યું અને નિષ્કટંક જીવનના આશિષ આપવામાં આવ્યા. ત્યારબાદ મુમુક્ષુએ આભૂષણો સમેત સર્વ શણગારનો ત્યાગ કર્યો. હજારો લોકોની આતુરતાએ પૂ.આચાર્ય ભગવંતે મુમુક્ષુરત્નને રજોહરણનું પ્રદાન કર્યું. દિવ્ય શંખનાદ-ઘંટનાદ સાથે સુમુધર સંગીતના તાલે આખુ વાતાવરણ ઝુમી ઉઠયું. દીક્ષાર્થી ઝુમી ઉઠયા, આનંદ મંગલ છવાઇ ગયા. મુમુક્ષુએ સઘળા કેશ ઉતારી દીધા અને નુતન ઉજજવલ ધવલ વસ્ત્રો ધારણ કર્યા. એ વસ્ત્રો કે જેમાં કોઇ ખીસ્સું નથી, કોઇ સીલાઇ નથી, કોઇ રંગ નથી કેવલ ઉજજવલ શ્વેત વસ્ત્રોમાં તેઓ શોભી રહ્યા હતાં.

મુમુક્ષુ નુતન વેશમાં સજજ થઇ જ્યારે માંડવે પધારી રહ્યા હતા ત્યારે યુવાનોએ દિક્ષાર્થી અમર રહોના નાદથી વાતાવરણ ગુંજવી દીધેલ. ભવ્ય એ પળ હતી. સૌના હૈયે આનંદ અને અહોભાવથી તરબોળ હતા. ઉલ્લાસ અને ઉમંગ ચરમ સીમાએ હતા. ગૌતમ ગણધરનો વેશ અને ગણવેશને સહુએ સહુએ માથુ ઝુકાવી વંદન કરતા હતા. નૂતન દિક્ષીતને નિહાળવા એમની એક ઝલક મેળવવા સહુ કોઇ આતુર હતા, ઉલ્લાસિત હતા.

આ પ્રસંગે પૂ.આ.ભ. યશોવિજય સૂરિશ્વરજી લિખિત પુસ્તક 'ફોરમ્યુલા'નું અંગેજી અને હિન્દી ભાષાનું વર્ઝનના પુસ્તકનું વિમોચન શ્રી કરણભાઇ શાહ (સાંજ સમાચાર)ના યુવા એકઝીકયુટીવ તંત્રી તથા પ્રમુખ, ટ્રસ્ટીના વરદે હસ્તે વિમોચન કરવામાં આવેલા.

અંતમાં નૂતન દીક્ષીતનું નામ મૂનિરાજ જીનાગમન યશ વિજયજી અને તેમના ગુરૂદેવ પ.પૂ. પન્યાંસ દિવ્યયશવિજયજી મ.નું નામ ઘોષિત થયું. સહુએ ઉલ્લાસથી નૂતન દિક્ષિતનો જયકારો બોલાવ્યો. છેલ્લે આજના આનંદનો એકરાર કરતાં યુવકો મન મુકીને નાચ્યા, ખુબ ઝુમ્યા!



દીક્ષા પહેલા



દીક્ષા પછી

આ દિક્ષા ઉત્સવને સફળ કરવા માટે પ્લોટ જૈન સંઘના ટ્રસ્ટી મંડળે, પ્લોટ યુવક મંડળે જહેમત ઉઠાવી અને આનંદ ઉલ્લાસપૂર્વક નિર્વિઘ્ને સંપન્ન થઇ હતી.

આ દિક્ષા મહોત્સવને લોકો વર્ષો સુધી યાદ કરતાં રહેશે એવું દરેકના મોઢે રમતું હતું.



### પ્લોટ જૈન યુવક મંડળની અનન્ય જિનભકિત

પ્રહલાદ પ્લોટ જૈન યુવક મંડળના સભ્યોએ દીક્ષા મહોત્સવમાં અનન્ય સેવા આપી હતી. દરેક કાર્યોમાં ખડેપગે સેવા આપનારા યુવા કાર્યકરો તસ્વીરમાં જોવા મળે છે.





### દીક્ષા મહોત્સવમાં પૂ. ગુરૂદેવ લિખિત પુસ્તકનું વિમોચન કરતા શ્રી કરણભાઈ શાહ

પ્રહલાદ પ્લોટ સંઘના ઉપક્રમે જિનશાસન પ્રભાવક આ.શ્રી યશોવિજયસૂરિજી મ. આદિની નિશ્રામાં રાજકોટના મુમુક્ષુ જીમિતકુમારનો દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે ગઈકાલે ઉજવાયો. મહોત્સવના સ્થળે જૈનં જયતિ શાસનનો નાદ ગુંજી ઉઠયો હતો.

દીક્ષા મહોત્સવમાં આ.ભ.શ્રી યશોવિજયસૂરિજી મહારાજ લિખિત પુસ્તક ફોર્મ્યુલાનું અંગ્રેજી તથા હિન્દી ભાષાનું વર્ઝનના પુસ્તકનું વિમોચન 'સાંજ સમાચાર'ના યુવા એકઝીકયુટીવ શ્રી કરણભાઈ શાહ તથા અન્યોના હસ્તે કરવામાં આવેલ હતું. ઉપરોકત તસ્વીરમાં શ્રી કરણભાઈ શાહ પુસ્તકનું વિમોચન કરતા જોવા મળે છે. બીજી તસ્વીર પુસ્તકની છે.

# અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી દશા મોઢ માંડલિયા સુશીલાબેન શાંતિલાલ રાણભાણ (ઉ.૯૩) તે સ્વ. શાંતિલાલ રાણભાણના પત્ની, પ્રવીણભાઈ, પંકજભાઈ, સુનિલભાઈના માતુશ્રી તથા વિક્રમભાઈ, નીરજભાઈ, પાર્થભાઈ તથા વિવેકભાઈના દાદીનું તા.૨૦ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૨ના સાંજે ૫થી ૬-૩૦ શ્રી જાગનાથ મહાદેવ મંદિર, યાજ્ઞિક રોડ, રાજકોટ મુકામે રાખેલ છે.

**ઉનાઃ** ઉનાના ઈન્દુલાલ કાનજીભાઈ પારેખ (ઉ.૮૩) તે અમેરીકા સ્થિત તા.૧૧ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ચીમનભાઈ, સ્વ. શશીભાઈ, સ્વ.ચંદુભાઈ, બીપીનભાઈના ભાઈ, સ્વ. હસુબેન, સ્વ. યશોબેન, સ્વ. ચંદ્રીકાબેન, સુમીત્રાબેનના ભાઈ તથા હેમાંગભાઈ, બીનાબેન, વૈશાલીબેનના પિતાશ્રી, હિતેષભાઈના કાકા કિર્તીભાઈ, ભાવેશભાઈના મામા થાય.

**વેરાવળઃ** છારીયા ઉનેવાળ બ્રાહ્મણ હેમલતાબેન જયંતિલાલ પંડયા (ઉ.૮૩) તે સ્વ. જયંતિલાલ નાનજીભાઈ પંડયાના પત્ની, ભરતભાઈ, મયુરભાઈ, કેતનભાઈના માતુશ્રી, વિરલ, વિનીતના દાદી, અલકાબેન બીપીનચંદ્ર જોશી (સુરત), રેખાબેન દિપકભાઈ ઉપાધ્યાય (ઉના)ના માતુશ્રીનું તા.૨૧ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૨ને સોમવારે સાંજે ૪થી ૬ બિલેશ્વર મંદિર, વેરાવળ રાખવામાં આવેલ છે.

**સાવરકુંડલાઃ** મમતાબેન જયસુખભાઈ પોપટ (ઉ.૭૦)નું તા.૧૮ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૨૨ને સોમવારના રોજ સાંજે ૪-૩૦થી ૬ કલાકે અમારા લોહાણા વિદ્યાર્થી ભવન મહુવા રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુર્જર ક્ષત્રિય કડિયા રાજકોટ નિવાસી દિનેશભાઈ માધુભાઈ માલવી (ઉ.૭૩) (રેલ્વે ગાર્ડ, જેતલસર જંકશન) તે જયાબેન માલવીના પતિ, ચિરાગ માલવી (વીવીપી કોલેજ), હર્ષા સાપરીયા, સ્વ. શીતલ પરમારના પિતાશ્રી, નૈતિક માલવીના દાદા, હરેશભાઈ, ભરતભાઈ, બીપીનભાઈ, અશોકભાઈના મોટા ભાઈનું તા.૨૦ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૨૨ને સોમવારે તેમના નિવાસસ્થાને, કડીયાનગર, બ્લોક નંબર ૮૦, ગોકુલધામની બાજુમાં, કૃષ્ણનગર મેઈન રોડ, રાજકોટ ખાતે સાંજે ૫થી ૭ રાખેલ છે.

**ગોંડલઃ** અંજનાબેન સુંદરદાસ વરધાણીનું તા.૨૧ને રવિવારે અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા.૨૨ને સોમવારે સાંજે ૬ કલાકે સિંધુ ભવન મહાદેવવાડી-૬ ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** મૂળ ગામ જોડિયા હાલ રાજકોટ સ્વ.દયાળજી હીરજી છનીયારાના સુપુત્ર હરિચંદ્ર દયાળજીભાઈ છનીયારાનું તા.૨૧ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું પંચશીલ સોસાયટી કોમ્પ્યુનીટી હોલ, એચજે દોશી હોસ્પિટલ પાસે, ગોંડલ રોડ રાજકોટ ખાતે સોમવાર તા.૨૨ના રોજ સાંજે ૫ થી ૬ સુધી રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી દરબારગઢ પરિમણ હોટલવાળા સોરઠીયા રજપૂત અનીરૂદ્ધભાઈ કરસનભાઈ રાઠોડના જયેષ્ઠ પુત્ર, ભુપતભાઈ અનીરૂદ્ધભાઈ રાઠોડ, તે હસમુખભાઈ તથા હરેન્દ્રભાઈના મોટાભાઈ, નંદલાલ (લાલો)ના પિતાશ્રી અશ્વિનભાઈ તથા ડોલરભાઈ રાઠોડના મોટાબાપુના દીકરાનું રવિવારે તા.૨૧ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવાર તા.૨૨ના રોજ સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન જયશ્રી ખોડિયાર આશિષ જીવાંતિકાપરા મેઈન રોડ, ચબૂતરા પાસે, ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખેલ છે.




શ્રદ્ધાંજલી

આપની હૈયાતી અમારી પ્રેરણા હતી, આપના આદર્શ અમારા માર્ગદર્શક હતા, આપનો લાગણીશીલ સ્વભાવ, કુટુંબ ભાવના, ઉચ્ચ વિચારો અમો જીવનભર ભુલીશું નહીં, પ્રભુ આપના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના

સ્વ. મયાબા ચંદુભા રાણા
સ્વ. તા. ૧૭-૦૪-૨૦૨૪, બુધવાર
મુ. ગામ પેઢડા, હાલ મોરબી (ઉ.વ.૯૦)

લી. ચંદુભા અનોપસિંહ રાણા
પ્રમોદસિંહ ચંદુભા રાણા
(પ્રગતિ કલાસીસ - સાર્થક વિદ્યામંદિર)
તથા રાણા પરિવારના જય માતાજી

જીજ્ઞેશ ભટ્ટ (મોરબી) મો. ૯૪૨૭૭ ૨૧૫૪૬



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જેણે જન્મ લીધો છે તેનું મરણ નિશ્ચિંત છે અને મરણ પછી તેનો પુનર્જન્મ પણ નિશ્ચિંત છે. માટે જે નિવારી ન શકાય એવાં તારા કર્તવ્યમય અંગે તું શોક કરે તે યોગ્ય નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. રમેશભાઈ
બાબુભાઈ શીશાંગીયા
ગામ : ખેંગારકા
સ્વ. તા. ૨૨/૦૪/૨૦૨૩, શનિવાર

લી.
નરેન્દ્રભાઈ રમેશભાઈ શીશાંગીયા
કલ્પેશભાઈ રમેશભાઈ શીશાંગીયા
સોનલબેન રમેશભાઈ શીશાંગીયા
અલ્પાબેન રમેશભાઈ શીશાંગીયા
તથા શીશાંગીયા પરીવારના જયશ્રી કૃષ્ણ
પ્રિન્સ હેર આર્ટ



પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી - ધોરાજી



કોઈ ક્ષણ એવી નથી જે તમારા સ્મરણથી અલિપ્ત હોય, કોઈ એવી જગ્યા નથી જયાં આપના પુનિત પગલા નથી, કોઈપણ શ્વાસ એવો નથી જયાં તમારૂં વાત્સલ્ય ન હોય, કોઈ સફળતા એવી નથી જયાં તમારા આશીર્વાદ ન હોય, આપના આશિષ થકી જ અમો સુખમય જીવન જીવીએ છીએ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

સ્વ. પૂનમબેન દેવશીભાઈ બગડા
સ્વ.તા. ૨૨/૦૪/૨૦૨૩, શનિવાર, ધોરાજી

લી.
સોમાભાઈ રામાભાઈ બગડા
સ્વ. દેવશીભાઈ રામાભાઈ બગડા
વિરજીભાઈ રામાભાઈ બગડા
તથા બગડા પરિવારના જય માતાજી

સાગર સોલંકી - ૯૦૩૩૪ ૫૩૩૦૪



ત્રીજી વાર્ષિક પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલી



સ્વ. શારદાબેન હિંમતલાલ દોશી
સ્વ. તા. ૨૨-૦૪-૨૦૨૧

વાત્સલ્યનું એ વટવૃક્ષ આજે નથી, પણ એ વટવૃક્ષના શીતલ છાંયડા સમા આપના સંસ્કારો, દીર્ઘદ્રષ્ટી, વ્યવહાર, કૌશલ્ય અને કર્મયોગ આજે પણ અમારા જીવનને શાતા આપી રહ્યા છે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
શિશિર હિંમતલાલ દોશી
મીનાબેન એસ. દોશી
અતુલ હિંમતલાલ દોશી
નયનાબેન એ. દોશી
વિશાલ શિશિરભાઈ દોશી
સ્વાતિબેન વી. દોશી
ચી. ખુશી વિશાલભાઈ દોશી
ચી. અનન્યા વિશાલભાઈ દોશી
ચી. યશ વિશાલભાઈ દોશી

કલાસીક ઈવેન્સ - રાજકોટ તથા કલાસીક સોલ્યુશન - રાજકોટ
જય જીનેન્દ્ર



— ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ —



સ્વ નવિનભાઈ કાનાભાઈ કાનગડ
જન્મ : ૦૧-૧૧-૧૯૬૧ સ્વર્ગવાસ : ૧૭-૦૪-૨૦૨૪ (રામનવમી)

જેમના મનમાં શ્રીરામ છે, ભાગ્યમાં તેમના અવધધામ છે.
એમના ચરણોમાં જે જીવન સમર્પિત કરે તેનું સદૈવ કલ્યાણ છે.

न जायते म्रियते वा कदाचि- नयं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो- न हन्यते हन्यमाने शरीरे ॥

આત્માને ના જન્મ, ના મૃત્યુ ના આદિ, ના અંત.
આત્મા અજન્મ, અમર અને સનાતન સદય.
દેહ પામે નાશ ત્યારે પણ, આત્મા તો અવિનાશી.
ભગવદ્ ગીતા (અધ્યાય ૨ -શ્લોક ૨૦)

॥ પ્રેમાળ સ્મૃતિમાં ॥
મોહનભાઈ ખીમભાઈ પરડવા
સહદેવભાઈ મોહનભાઈ પરડવા
હાર્દિકભાઈ મોહનભાઈ પરડવા
યુવ સહદેવભાઈ પરડવા
રમાબેન મોહનભાઈ પરડવા
શિલ્પાબેન સહદેવભાઈ પરડવા
જીગીશાબેન હાર્દિકભાઈ પરડવા
વ્રિતિ સહદેવભાઈ પરડવા
ધ્વેન હાર્દિકભાઈ પરડવા

KEYSTONE


# રાજકોટ ગ્રામ્ય પોલીસના જુગારના ચાર દરોડાઃ મહિલા સહિત ૧૭ ઝબ્બે

## શાપર, ધોરાજી, ગોંડલ તાલુકાના નવાગામ, ઉપલેટા તાલુકાના જામ ટીંબડી ગામે કાર્યવાહી કરાઈ હતીઃ રૂા.૪૭૦૦૦ની રોકડ કબ્જે કરાઈ

રાજકોટ તા.૨૨

રાજકોટ રૂરલ પોલીસ દ્વારા લોકસભાની ચૂંટણીના અનુસંધાને દારૂ-જુગારના વધુમાં વધુ કેસો કરવા પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે ગત રોજ ચાર દરોડામાં જુગાર રમતા એક મહિલા સહિત ૧૭ આરોપી પકડાયા હતા. જેની પાસેથી રૂા.૪૭૫૭૦ની રોકડ કબ્જે કરવામાં આવી હતી. ભાયાવદર પોલીસના એએસઆઈ પી.પી. જાડેજા, હેડ કોન્સ્ટેબલ પ્રેમજીભાઈ કોહલા, કોન્સ્ટેબલ અજયભાઈ સોરઠીયા, વિપુલભાઈ મેટાળીયા, વિજયભાઈ ભીંભા વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળતા જામટીંબડી ગામે, ચિત્રાવડના રસ્તે ડુંગળવાળી સીમમાં આવેલ કિશોર નાથા પરમારના મકાન પાછળ ખુલ્લા પટ્ટમાં જુગાર રમતા કિશોર નાથા પરમાર (ઉ.૪૨), પ્રવિણ ઉર્ફે પવલો છગનભાઈ ભાલોડી (ઉ.૫૫), પ્રવિણ બટુક ભુવા (ઉ.૫૨ રહે. રાયડી ગામ, તા.જામકંડોરણા), સંજય વેજા કનારા (ઉ.૩૯, રહે. જેતપુર), વિક્રમ નારણ નંદાણીયા (ઉ.૩૭, રહે. મોડપર તા. ભાણવડ), દીપક ઉર્ફે દીપસન ગોવિંદ ગોજીયા (ઉ.૩૭, રહે. મોડપર તા.ભાણવડ) ગફાર જુસબ કાઠ (ઉ.૪૨, રહે. ભાણવડ)ને ઝડપી રૂા.૧૮,૨૩૦ની રોકડ કબ્જે કરી હતી.

સુલતાનપુર પોલીસના હેડ કોન્સ્ટેબલ એમ.એમ. સોલંકી, કોન્સ્ટેબલ વિજયભાઈ ઝાપડીયા બાતમીના આધારે ગોંડલ તાલુકાના નવાગામ ગામે વીરપુર રોડ પર, વોકળાના કાંઠે જાહેરમાં જુગાર રમતા નવાગામના મનજી નાનજી ગુજરાતી (ઉ.૬૨), દેવકુ સામત સુરૂ (ઉ.૬૦), રામ સોમા ચાવડા (ઉ.૬૨) અને નાજા રવજી લાંબડીયા (ઉ.૫૦, રહે. ગોમટા)ને દબોચી રૂા.૧૪૪૦ની રોકડ કબ્જે કરી ગુનો દાખલ કર્યો હતો.

ધોરાજી સીટી પોલીસના પીએસઆઈ પી.કે. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ એ.એચ. ગોહેલ, કોન્સ્ટેબલ શકિતસિંહ જાડેજા, લખુભા રાઠોડ પેટ્રોલીંગમાં હતા ત્યારે જુના ઉપલેટા રોડ, વાલ્મીકીવાસ પેટ્રોલ પંપ સામેની ગલીમાં રોડ પર આવતા વૃક્ષ નીચે જુગાર રમતા દીલાવર મોહંમદભાઈ ગોરી (ઉ.૪૦, રહે. સ્પોર્ટસ કલબ પાછળ, ધોરાજી) ઈશાક ઓસમાણ સમા (ઉ.૬૦, રાધાનગર, ધોરાજી) ફારૂક મહંમદ ખુરેશી (ઉ.૬૦, રાધાનગર, ધોરાજીને ઝડપી રૂા.૨૬,૬૭૦ની રોકડ કબ્જે કરી હતી.

શાપર પીએસઆઈ આર.કે. ગોહિલની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ નરેશભાઈ રોજાસરા, ગીરીશભાઈ મકવાણા, કોન્સ્ટેબલ સોનલબેન હરખાણી, વગેરે પેટ્રોલીંગમાં હતા ત્યારે વેરાવળના બુધ્ધનગર અવેડાની બાજુમાં, સોમીબેન સોંદરવાના મકાન પાસે જાહેરમાં જુગાર રમતા સોમીબેન હમીર સોંદરવા (ઉ.૭૦) કારા મંગા માવદીયા (ઉ.૪૦, રહે. સર્વોદય સોસા. ભૂમિ ગેઈટ, શાપર-વેરાવળ), અરવિંદ ગગજી જાદવ (ઉ.૩૪, રહે. બુધ્ધનગર, શાપર વેરાવળ)ને ઝડપી રૂા.૧૨૩૦ની રોકડ કબ્જે કરી ગુનો નોંધ્યો હતો.

# બેટી ગામ પાસે ટેન્કરમાંથી સીંગતેલનું કટિંગ થાય તે પહેલાં પોલીસ ત્રાટકીઃ બિહારી ડ્રાઈવરની ધરપકડ

## ગોંડલ જીઆઈડીસીમાંથી તેલ ભરી પાલનપુર પહોંચે તે પહેલાં રસ્તામાં જ કટિંગ થતું 'તુંઃ એરપોર્ટ પોલીસે દરોડો પાડતાં બેટી ગામનો જીવરાજ મકવાણા નાસી છૂટ્યોઃ પોલીસે ૨૧૮૯૫ લીટર તેલ અને ટેન્કર મળી કુલ રૂા.૪૪.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો


જીગરજાન મિત્રને શ્રદ્ધાંજલી



સ્વ. ભરતભાઈ પરસોતમભાઈ સોજીત્રા
સ્વ. તા. ૧૯/૦૪/૨૦૨૪, શુક્રવાર

રહેવા સદાય દુનિયામાં કોઈ આવતું નથી, છતાં તમે ગયા તેમ કોઈ જતું નથી, વિદાય એવી લીધી કે મન માનતુ નથી, જીવન એવું જીવ્યા કે ભુલાતું નથી, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના

લી. નિતિનભાઈ હાપલીયા
જલગંગા વોટર સપ્લાય






રાજકોટ,તા.૨૨

દારૂની જેમ રાજકોટ-અમદાવાદ હાઈવે પર બેટી ગામ પાસે ટેન્કરમાંથી સીંગતેલનું કટિંગ થાય તે પેહલાં ત્રાટકેલ એરપોર્ટ પોલીસે ટેન્કર ચાલક બિહારી શખ્સની ધરપકડ કરી ૨૧૮૯૫ લીટર તેલ અને ટેન્કર મળી કુલ રૂ.૪૪.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે બેટી ગામનો જીવરાજ મકવાણા નાસી છૂટતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ જે.એસ.ગામીતની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ બી.બી.ડોડીયા, કોન્સ્ટેબલ નરેશભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર બેટી ગામ નજીક ભારત બેન્ઝના શોરુમ આગળ ખાદ્યતેલ ભરેલ ટેન્કર રોડ સાઈડમાં અવાવરુ જગ્યામા ઉભુ રાખી ટેન્કરના ટાંકામાથી ખાદ્ય તેલ કેરબામા કાઢે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ટેન્કર પાછળ બે શખ્સો જોવામાં આવેલ અને એક શખ્સના હાથમા મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ કરીને ઉભેલ હતો અને બીજો શખ્સ નીચે પડેલ કેરબામાં ટેન્કરના ટાંકામા ભરેલ પ્રવાહી વાલ ખોલી કેરબામા ભરતો હતો. દરોડા સમયે એક શખ્સ જાડી ઝાંખરામાં નાસી ગયેલ હતો.

જ્યારે એક શખ્સની ધરપકડ કરી તેનું નામ પૂછતાં ધર્મેન્દ્રકુમાર રામલક્ષ્મણ બાઈઠા (ઉ.વ.૨૯),(રહે.બધારીગામ, બીહાર) હોવાનું જણાવ્યું હતું અને પોતે ટેન્કર ચાલક હોવાની કબૂલાત આપી હતી. સ્થળ પર જોતાં ટેન્કરના ટાકાના વાલનુ શીલ તુટેલ હાલતમાં જોવામા આવેલ અને નીચે આશરે ૨૦ લીટરના બે કેરબા તેમજ ૧૫ લીટરના ૨ પતરાના ડબ્બા સીંગતેલ ભરેલ હાલતમા પડેલ જોવામા આવતાં ટેન્કર ચાલકને પુછપરછ કરતા નાસી છૂટનાર શખ્સ જીવરાજ સામત મકવાણા (રહે.બેટી રામપરા) હતો. તેમજ નાસી છૂટનારને એક સીંગતેલના કેરબો રૂ.૧૫૦૦ માં વેચાતા આપવાના હતા.

ઉપરાંત આરોપીએ કબુલાત આપતાં જણાવ્યું હતું કે, તે ટેન્કર ગોંડલની જામવાડી જી.આઈ.ડી.સી.માં આવેલ તુલસી ઈન્ડસ્ટ્રીટ કંપનીમાંથી ભરેલ હતું અને મધર ડેરી જી.આઈ.ડી.સી.ચંદીસર પાલનપુર લઈ જવાનુ હતુ. ટેન્કર સત્યમ બલ્ક કેરીયર ટ્રાન્સપોર્ટનો માલીક સુરેશ (રહે.માલીયાસણ) નું હોવાનું અને પોતે ૧૫ દિવસથી ડ્રાઈવર તરીકે લાગ્યો હોવાની કબૂલાત આપી હતી.

એરપોર્ટ પોલીસ મથકના સ્ટાફે ચોરી કરેલ રૂ.૧૦ હજારનું સીંગતેલ તેમજ ટેન્કરમાં ભરેલ સીંગતેલ ૨૧૮૯૫ કિલો રૂ.૩૪.૩૬ લાખ અને ટેન્કર ટ્રક મળી કુલ રૂ.૪૪.૪૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નાસી છૂટેલા શખ્સની શોધખોળ હાથ ધરી હતી.

### ડ્રાઈવર ૧૫૦૦ રૂપિયામાં સીંગતેલનો ડબ્બો વેંચતો 'તો

રાજકોટ. તા.૨૨

રાજકોટ-અમદાવાદ હાઈવે પર બેટી ગામ પાસેથી સીંગતેલનું કટીંગ થાય તે પહેલાં એરપોર્ટ પોલોસે દરોડો પાડી ટેન્કર ચાલકની ધરપકડ કરી હતી. જેમાં ટેન્કર ચાલકે જણાવ્યું હતું કે, તે બેટીના જીવરાજ મકવાણાને ૧૫૦૦ રૂપિયામાં એક તેલનો ડબ્બો વેંચતો હતો. ઉલ્લેખનીય છે કે, હાઈવે પર તેલ, ડિઝલ અને પેટ્રોલ ભરેલા ટેન્કરોમાંથી અનેકવાર ચોરીના બનાવો સામે આવેલ છે.


દુઃખદ અવસાન-બેસણું



સ્વ.પુરૂસોતમભાઈ રામકુમાર અગ્રવાલ
સ્વ.તા.૨૧-૪-૨૦૨૪

અમારા પરિવારનાં પુરૂસોતમભાઈ રામકુમાર અગ્રવાલ ઉ.વ.૭૮ નું તા.૨૧-૪-૨૦૨૪ ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.

:: સદ્ગતનું બેસણું ::
તા.૨૩-૪-૨૪ મંગળવારે બપોરે ૪.૩૦ થી ૬.૩૦
પારસ કોમ્યુનિટી હોલ, નિર્મલા રાજકોટ ખાતે રાખેલ છે.

સત્યાબેન પુરૂસોતમભાઈ અગ્રવાલ
○ રીષભ પુરૂસોતમભાઈ અગ્રવાલ ○ નયના સંજયભાઈ બંસલ
○ આરતી રીષભભાઈ અગ્રવાલ ○ મીનલ રાજીવભાઈ બસંલ
○ સજ્જનકુમાર અગ્રવાલ ○ પ્રિતી અમરદીપ ગુપ્તા
○ શંકરલાલ અગ્રવાલ
ખુશી, જીશન,પલાકસી, રાઘવ, પરિક્ષીત, ધ્રુવ, વરૂણ, યશ તથા અગ્રવાલ પરિવાર

Haryana Gujarat Roadlines - H.G.R. Logistics


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# જમના પાર્કમાં તીનપત્તીનો જુગાર રમતાં ચાર બાજીગરો ઝડપાયા

## બી-ડીવીઝન પોલીસે રૂા.૧૮૩૦૦ની રોકડ કબ્જે કરી



રાજકોટ, તા.૨૨

મોરબી રોડ પર જકાતનાકા પાસે જમના પાર્ક શેરીમાં તીનપત્તીનો જુગાર રમતા ચાર શખ્સોને બી-ડીવીઝન પોલીસે દબોચી રૂા.૧૮૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.

વિગત મુજબ બી ડીવીઝન પોલીસના એસ.એમ. જાડેજાની રાહબરીમાં કે.ડી. મારૂ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના કોન્સ. રાજેશભાઇ, ભાનુશંકર અને રાજદીપભાઇને મળેલ બાતમીના આધારે મોરબી રોડ પર જકાતનાકા પાસે જમના પાર્ક શેરી નં.૧૧ના ખુણે જાહેરમાં પત્તા ટીંચતા ભરત દાદુકીયા, અમીતભાઇ દાદુકીયા, કિશોર ઉર્ફે કપીલુ હરેશ વ્યાસ અને સુરેશ મગન રાઠોડને પકડી રૂા.૧૮૩૦૦ની રોકડ કબ્જે કરી હતી.

### સોલીડ વેસ્ટમેનેજમેન્ટ શાખા દ્વારા

# રાજકોટમાં બે દિવસમાં ૧૬ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું

## જાહેરમાં ગંદકી ફેલાવતા લોકોને રૂા.૩૬,૯૫૦નો દંડ ફટકારાયો

રાજકોટ,તા.૨૨

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તા.૨૦ થી ૨૧- ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૨૦ થી ૨૧ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૧૩૦ આસામીઓ પાસેથી ૧૬.૦૨ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૬૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૯.૦૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક





જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૯૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો તેમજ વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૦ આસામીઓ પાસેથી ૫.૭૩૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૫૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭ આસામીઓ પાસેથી ૧.૨૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રી આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઇન્પેના કટર/ સેનેટરી સબ ઇન્પે ૦૨૪કટર દ્વારા કરવામાં આવેલ હતી.

# પારડીના શખ્સને તમંચો આપનાર સપ્લાયરની શોધખોળ

## શનિવારે યોગેશ સીંગલને રાજકોટ રૂરલ એલસીબીએ રિબડા ખાતેથી ઝડપી લીધો હતો

રાજકોટ, તા.૨૨

રાજકોટ રૂરલ એલસીબીએ રિબડા ગામ પાસેથી દેશી તમંચા સાથે યોગેશ મુકેશ સીંગલ (ઉ.વ.૨૦, રહે. મુ.પારડી ગામ, શીતળામાંના મંદિર પાસે ૫૫૫ ચોક વાળી શેરી, તા.લોધીકા)ને ઝડપી લીધેલો. તેણે જેની પાસેથી હથિયાર લીધું હતું તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

એલસીબીના જણાવ્યા મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા ગેરકાયેદસર હથિયારો રાખતા શખ્સો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હતી. જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. શાખાના પીએસઆઇ એચ.સી.ગોહિલ અને એલ.સી.બી. શાખાનો સ્ટાફ કામગીરી સબબ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન એલ.સી.બી. શાખાના સ્ટાફને ખાનગી રાહે મળેલ હકિકત આધારે ગોંડલ તાલુકાના રીબડા ગામના નેશનલ હાઇવે રોડ ઉપર આવેલ બસ સ્ટોપ પાસેથી એક ઇસમને ગેરકાયદેસર તમંચા (અગ્નીશસ્ત્ર) હથિયાર સાથે પકડી પાડી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશને હથિયાર ધારા મુજબ ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. રૂ.૫૦૦૦ની કિંમતીનો તમંચો કબ્જે કરવામાં આવ્યો હતો. આરોપીની પૂછપરછમાં તે બે લોકોના નામ લઈ રહ્યો હોવાનું જાણવા મળે છે. પોલોસે આ સપ્લાયરોની શોધખોળ હાથ ધરી છે. આ કામગીરી એલ.સી.બી. પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઇ એચ.સી.ગોહિલ, ડી.જી.બડવા, એ.એસ.આઇ. બ્રિજરાજસિંહ જાડેજા, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અમિતસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ અનિલભાઇ ગુજરાતી, દિગ્વિજયસિંહ રાઠોડ, વાઘાભાઇ આલ, ઘનશ્યામસિંહ જાડેજા, પેરોલ ફર્લોના કોન્સ્ટેબલ અબ્બાસભાઇ ભારમલ, રસીકભાઇ જમોડ, મહિપાલસિંહ ચુડાસમા વિગેરે દ્વારા કરવામાં આવેલ હતી.

# જાહેરમાં પાન-ફાકી થુંકતા દસ 'ગોબરા'ઓને દંડ ફટકારાયો

## ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરવા સબબ ચાર લોકો દંડાયા

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરમાં સફાઇ અંગે જાગૃતિ આવે અને શહેરને પ્લાસ્ટીક મુકત કરવા, સફાઈ અંગેની ફરિયાદોનાં ઝડપી નિવારણ તેમજ લોકો માં સફાઇ અંગે જાગૃતિ આવે તે માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા ન્યુસન્સ પોઇન્ટ ખાતે કચરો ફેંકતા લોકોને તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા, જાહેરમાં ન્યુસન્સ કરતા આસામીઓને તેમજ જાહેરમાં પાન-ફાકી ખાઈ થુંકનારને સીસીટીવી કેમેરાના માધ્યમ દ્વારા ઝડપી લઇ દંડ વસુલાતની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.



જે અંતર્ગત તા.૨૦ અને તા.૨૧-૪ના રોજ ૧૦ વ્યક્તિઓને જાહેરમાં પાન-ફાકી ખાઈને થુંકતા તેમજ જાહેરમા કચરો ફેક્તા બે આસામીને રૂપિયા ૧૦૦૦ દંડ, પ્રતિબંધિત પ્લાસ્ટીક વાપરનારા બે આસામીઓને ૭૦૦ દંડ કરવામાં આવેલ હતો.

કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કુલ ૧૦૦૦ કેમેરા દ્વારા દિનભરમાં ૨૬૫૪ લોકેશન ચેક કરવામાં આવેલ, જે અંતર્ગત કુલ ૯૬૦ સફાઈ કામદારોની સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવેલ છે, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની સફાઈ બાબતની ૧૯ ફરિયાદો સીસીટીવી કન્ટ્રોલ રૂમ દ્વારા ફરિયાદી બની કરવામાં આવેલ હતી. આ ફરિયાદોનું ફોલોઅપ જે તે વિસ્તારના સેનીટરી ઇન્સ્પેકટર પાસેથી મેળવી ૨૪ કલાકમાં ફરિયાદનુ નિવારણ કરવામાં આવેલ.

## કાલે હનુમાન જયંતિ નિમિત્તે ગજાનન ધામ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન

રાજકોટ, તા.૨૨

બાલાજી હનુમાન પ્રેરિત ગજાનન ધામ ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીઓ તથા થેલેસેમીયા પીડિત બાળકો માટે આવતીકાલ તા.૨૩ ને મંગળવારના રોજ હનુમાનજી જન્મોત્સવ નિમિત્તે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સાંજે ૫:૩૦ વાગ્યાથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી બાલાજી હનુમાન મંદિર, કરણસિંહજી સ્કુલ ગ્રાઉન્ડ, ચબુતરા પાસે યોજાશે. જેમાં રકતદાતા માટે આકર્ષક ગિફ્ટ આપવામાં આવશે.

# વાપીથી આવેલો દારૂનો જથ્થો સપ્લાય થાય તે પહેલા જ ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

## ઘંટેશ્વર ચોકડી પાસે ટ્રાન્સપોર્ટની આડમાં આવેલો દારૂનું પાર્સલ સગેવગે કરે તે પહેલા કેયુર સંઘવીને ઝડપી લીધોઃ ૬૭૨ ચપલા સહિત રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ તા.૨૨

ઘંટેશ્વર ચોકડી પાસે ટ્રાન્સપોર્ટના ટ્રકમાં આવેલો દારૂનો જથ્થો સપ્લાય થાય તે પહેલા જ ત્રાટકેલી ક્રાઈમ બ્રાંચે ૬૭૨ દારૂના ચપલા સાથે કેયુર સંઘવી નામના શખ્સને પકડી રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એ.એસ. ગરચર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા અને મહેશ ચાવડાને મળેલ ચોકકસ બાતમીના આધારે જામનગર હાઈવે પર ઘંટેશ્વર ચોકડી પાસેથી દારૂના ૬૭૨ ચપલા સાથે કેયુર નીતિન સંઘવી (ઉ.૨૭) (રહે. એસઆરપી કેમ્પ સામે વર્ધમાન નગર વી-૮૮ બંગલો, જામનગર રોડ)ને પકડી કુલ રૂા.૬૭૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



આરોપીની પુછતાછમાં તે મુળ જામનગરના વતની છે અને છેલ્લા છ મહિનાથી રાજકોટમાં દારૂનો ધંધો ચાલુ કર્યો હતો. દારૂનો જથ્થો તેને વાપીથી ટ્રાન્સપોર્ટમાં દવાના બોકસમાં પેક કરી મંગાવ્યો હતો. અને અહીં છુટક વેચાણ કરતો હોવાની કબુલાત આપી હતી.

# કિટીપરાના યુવક પર ગોંડલમાં પ્રેમિકાના પતિનો છરી વડે હુમલો

## પતિ જેલમાંથી છૂટી પ્રેમી સાથે રહેતી પત્નીને લેવા ગયો જ્યાં માથાકૂટ થઈ હતી, ઇજાગ્રસ્ત સંદીપ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ

રાજકોટ, તા.૨૨

ગોંડલમાં યુવક પર પ્રેમિકાના પતિએ છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડી નાસી ગયો હતો. બાદ યુવકને ગોંડલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. બનાવની વિગત મુજબ સંદીપભાઈ રાજેશભાઈ કુવાંગિયા (ઉ.વ.૧૯ રહે- કિટીપરા, રાજકોટ)એ આક્ષેપ કરતા જણાવ્યું કે, આરોપી તેનો એક મિત્ર છે. તે ચોરીના ગુનામાં જેલમાં જતા તેની પત્ની સંદીપ સાથે રહેતી હતી. હવે આરોપી મિત્ર દોઢ વર્ષે છૂટયો. એટલે સંદીપના ઘરે રહેતી પોતાની પત્નીને લેવા ગયો. અહીં પ્રેમિકાને લઈ જવા બાબતે માથાકૂટ થતા પ્રેમીકાનો પતિ છરી વડે હુમલો કરી નાસી ગયો હતો. બાદ યુવકને તુરંત ગોંડલ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે યુવકે જણાવ્યું કે પ્રેમિકાનો પતિ ચોરીના ગુનામાં જેલમાં હતો. દરમિયાન ચોરીનાં આરોપીની પત્નિ સાથે યુવક પરિચયમાં આવ્યો હતો. બાદ યુવકને પ્રેમ સંબંધ થયો હતો અને પ્રેમિકા પણ યુવક સાથે રહેતી હતી. પ્રેમિકાનો પતિ જેલમાંથી ઘરે આવ્યો ત્યારે આ સમગ્ર બાબતની જાણ થઈ હતી. બાદ આરોપી પોતાની પત્નિને તેડવા સંદિપના ઘરે ગયો હતો. ત્યારે તેની પત્નિએ સાથે જવાની ના કહી હતી. જેનો ખાર રાખી ચોરીના ગુનાના આરોપીએ સંદિપ પર છરી વડે હુમલો કરી નાસી ગયો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગોંડલ સીટી પોલીસને જાણ કરી હતી.

# ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે 'ડાયમંડ એક્સચેન્જ' આઈડીમાં સટ્ટો રમતો નૈમીશ હિંડોચા ઝડપાયો

## આઈડી રૂપેશ કારીયા નામના બુકીએ આપ્યાનું ખુલ્યું,: આર્થિક ગુન્હા નિવારણ ટીમે બુકીની શોધખોળ હાથ ધરીઃ મોટા ગજાના બુકીના નામ ખુલવાની સંભાવના

રાજકોટ. તા.૨૨

ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે ક્રિકેટ સટ્ટાની કુખ્યાત આઈડી 'ડાયમંડ એક્સચેન્જ' માં જુગાર રમતાં નૈમીશ હિંડોચા નામના શખ્સને આર્થિક ગુના નિવારણ શાખાની ટીમે દબોચી તપાસમાં તેને રૂપેશ કારીયા નામના બુકીએ આઈડી આપ્યાનું ખુલ્યું હતું. પોલીસે આઈડી આપનાર બુકીની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, આર્થિક ગુન્હા નિવારણ શાખાના ઇન્ચાર્જ પીઆઈ જે.એમ.કૈલાની રાહબરીમાં પીએસઆઇ સી.બી.જાડેજા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ આર.કે.જાડેજા, હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ પાલરીયાને નૈમીશ હિંડોચા નામનો શખ્સ ગુજરાત હાઉસીગ બોર્ડ પાસે હેર લાઇન પાર્લર પાસે પોતાના મોબાઇલ ફોનમાં આઈ-ડી મારફતે આઇપીએલ ૨૦૨૪ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોલકતા નાઇટ રાઇડર્સ અને બેગ્લોર આરસીબી વચ્ચે ચાલતી ક્રીકેટ મેચ હાર-જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે ગુજરાત હાઉસીગ બોર્ડ નજીક હેર લાઇન પાર્લર પાસેથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં શખ્સને પકડી તેનું નામ પૂછતાં નૈમીશ વિનયકાંન્ત હીડોચા (ઉ.વ.૪૨),(રહે. ૧૫૦ ફુટ રીગ રોડ ફોર્ડના શો-રૂમ વાળી ગલીમા મોન્ટાબેલા એપાર્ટમેન્ટ સી/૪૦૨ રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે) નું જણાવ્યું હતું.

આરોપીની પાસે રહેલ મોબાઇલ ફોન જોતા ગુગલ ક્રોમમા ડાયમન્ડ એક્સચેન્જ ૭૮૯.કોમ નામની આઈ.ડી સ્ક્રીન જોવામાં આવેલ, જેમાં કોલકતા નાઇટ રાઇડર્સ અને બેગ્લોર આર.સી.બી વચ્ચે ચાલતી ક્રીકેટ મેચનો રન ફેરનો રૂા. ૨ હજારનો સોદો કરેલ હોવાનુ જોવા મળતાં આઈડી બાબતે તેની પૂછપરછ કરતાં ડાયમન્ડ એક્સચેન્જ નામની આઇડી રૂપેશ કારીયા નામના શખ્સ પાસેથી મેળવી હોવાની કબૂલાત આપી હતી. ક્રિકેટ સટ્ટો રમતાં નૈમિશ પાસેથી બે મોબાઈલ કબ્જે કરી આઈડી આપનાર રૂપેશ કારીયાની શોધખોળ હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, ડાયમંડ એકચેન્જ નામની આઈડી વિદેશમાંથી બેસી ક્રિકેટ સટ્ટો ચલાવતો હોવાની ચર્ચાઈ રહ્યું છે. જો આર્થિક ગુન્હા નિવારણ ટીમ મૂળિયા સુધી તપાસ કરશે તો મોટા ગજાના બુકીના નામ ખુલવાની પ્રબળ સંભાવના વર્તાઈ રહી છે.

## ૫.બંગાળ

(પહેલા પાનાનું ચાલું)

પેપર) પર ભરતી કરી હતી અને આ ભરતીને હાઈકોર્ટે ગેરકાનુની ઠેરવી છે તથા તેમને તાત્કાલીક નોકરીમાંથી કાઢી મુકવા અને તેઓને નિયુક્તિથી આજદિન સુધીનો જે પગાર આપવામાં આવ્યો છે તે પરત વસુલવા પણ આદેશ આપ્યો હતો. આ વસુલાત કરવા માટે જીલ્લા મેજીસ્ટ્રેટને સતા આપવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં ૨૦૧૬માં અંદાજે ૨૪૦૦૦ શિક્ષકોની ભરતી માટે ૨૩ લાખ લોકોએ પરીક્ષા આપી હતી અને તેમાંથી જે નિયુક્ત થયા તેમાં મોટાપાયે નાણાકીય ગેરરીતિ થઈ હોવાનું બહાર આવ્યું હતું. હાઈકોર્ટે આ અંગે તમામ ટેસ્ટ પેપર પણ ફરીથી તપાસવા આદેશ આપ્યો છે. આ ભરતી પ્રક્રિયામાં ધો.૯,૧૦,૧૧,૧૨ ના શિક્ષકોને નોકરી અપાઈ હતી જે કૌભાંડમાં પશ્ચિમ બંગાળના પુર્વ શિક્ષણમંત્રી પાર્થ બેનરજી સહિતના આરોપીઓ હાલ જેલમાં છે.

# ચૂંટણી સ્ટાફનું સેકન્ડ રેન્ડમાઈઝેશન

## કર્મચારીઓને વિધાનસભા વિસ્તારો ફાળવાયાઃ રવિવારે મતદાન બુથોની ચકાસણી

રાજકોટ,તા.૨૨

રાજકોટ લોકસભાની ચૂંટણી માટે ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવજોષી અને અધિક કલેકટર પુછપરછ દ્વારા ગઈકાલે ચૂંટણી સ્ટાફના સેકન્ડ ટેન્ડેમાઈઝેશનની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.જેમાં ૧૦૫૦૦થી વધુ કર્મચારીઓને વિધાનસભા વિસ્તારો ફાળવી દેવામાં આવેલ છે.અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ ચૂંટણી સ્ટાફના પ્રથમ ટેન્ડમાઈઝેશનમાં કર્મચારી ઓને હોદા ફાળવવામાં આવેલ હતાં. જે બાદ સેકન્ડ ટેન્ડ માઈઝેશનમાં વિધાન સભા વિસ્તારો કર્મચારીઓને ફાળવી દેવામાં આવેલ છે. તેની સાથોસાથ આગામી તા.૨૯ને રવિવારે રાજકોટ લોકસભા બેઠક વિસ્તારો તમામ ૨૨૩૬ મતદાન બુથોની ચકાસણી પણ કરવામાં આવનાર છે. આ તમામ બુથોને મતદાર યાદી સાથે બેસાડવા માટે તંત્ર દ્વારા આયોજન ઘડી કાઢવામાં આવેલ છે.

## ભાજપ-કોંગ્રેસ

(છેલ્લા પાનાનું ચાલું)

સ્પષ્ટ થતા જ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી દ્વારા આજે બપોરના અપક્ષ ઉમેદવારોને ચૂંટણી ચિન્હો ફાળવી દેવામાં આવેલ છે. તેની સાથે જ સાંજે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી તેમજ અધિક કલેકટર મુછાર દ્વારા સાંજે ઉમેદવારોના નામના નામના બેલેટ પર પ્રિન્ટીંગ માટે મોકલી દેવામાં આવનાર છે.રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા જ હવે ચૂંટણી ત્યાથી અને મુકિત વાતાવરણમાં યોજવા માટે ચૂંટણી તંત્ર દ્વારા કસરત શરૂ કરી દેવામાં આવી છે. તેની સાથોસાથ ગઈકાલે ચૂંટણી સ્ટાફને સેકન્ડ રેન્ડમાઈઝેશન પણ ગઈકાલે કરી દેવામાં આવેલ છે.રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં હવે વધુને વધુ મતદાન થાય તે માટે તંત્ર દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો સાથે ઝુબેશને વેગ આપવામાં આવી રહ્યો છે. તેની સાથો સાથ આચારસહિતાના ચૂસ્ત અમલીકરણ માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે.

## હાર્ટએટેક

(છેલ્લા પાનાનું ચાલું)

પરિવારોમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રથમ બનાવની વિગત મુજબ ભાજપ આગેવાન રત્નાભાઈ દેવશીભાઈ કાળોતરા (ઉ.વ.૪૯ રહે- મયુરનગર મેઈન રોડ સીતારામ સોસાયટી-૨ રાજમોતીમિલ પાછળ, રાજકોટ) ગઈકાલે રાત્રિના પોતાનાં ઘરે હતાં ત્યારે અચાનક છાતીમાં દુઃખાવો થતાં તુરંત સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. તેઓ આરટીઓ એજન્ટનું કામ કરતા હતા. ભાજપમાં વોર્ડ નં-૬ માં સક્રિય હતાં. અગાઉ રાજકોટ શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ બે ભાઈ અને ચાર બેનમાં વચેટ હતાં. તેમજ તેઓને સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

બીજા બનાવની વિગત અનુસાર શહેરમાં લાભદિપ સોસાયટી શેરી નં-૪ માં રહેતા અજયભાઈ શ્યામનારાયણ ગૌસ્વામી (ઉ.વ.૪૫) નામનો યુવક ગઈકાલ રાત્રિના સાડા દસેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે બેભાન થઈ જતા તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. તેઓ શાકભાજીનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મૃતક બે ભાઈમાં નાનાં હોવાનુ પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી. અજયભાઈના મોટા ભાઈનું પણ અગાઉ અવસાન થઈ ચૂક્યું હોય, પરિવાર નોંધારો થતા ભારે શોક છવાયો છે.

વધુ એક બનાવમાં સહકાર સોસાયટી ગુલાબનગરમાં રહેતાં નિતાબેન રવજીભાઈ ગોહેલ (ઉ.વ.૪૬) નામના મહિલા ગઈકાલ બપોરના દોઢેક વાગ્યે પોતાનાં ઘરે જમીને સુઈ ગયા હતા. બાદ વધુ સમય સૂતા રહ્યાં એટલે પરિવારજનોએ જગાડવાનો પ્રયાસ કર્યો હતો. પ્રયાસ કર્યો છતાં પણ ન ઉઠતાં મહિલાને બેભાન હાલતમાં તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. મૃતક નિતાબેનને સંધિવા અને શ્વાસની બીમારી હતી. જેની સારવાર ચાલુ હતી. મૃતક પાંચ બહેન અને બે ભાઈમાં નાના હતાં. એકના એક દિકરીએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

## હીટવેવ

(પહેલા પાનાનું ચાલું)

તેલંગાણા અને તમિલનાડુમાં તા.૨૦થી૨૩ એપ્રિલ દરમિયાન ભીષણ ગરમી રહેશે.

બિહારના ૨૦ શહેરોમાં ગરમી વધવાના એંધાણ: બિહારમાં ઉત્તર-પશ્ચિમની હવાના કારણે અધિકતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો થઈ રહ્યો છે.

રાજયમાં શનિવારે શેખપુરા ૪૪.૧ ડિગ્રી સાથે સૌથી ગરમ રહ્યું હતું. જયારે રાજયના ૨૦ શહેરોમાં શનિવારે અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રીને પાર રહ્યું હતું. એક-બે દિવસ સુધી અધિકતમ તાપમાનમાં એકથી બે ડીગ્રીની વૃદ્ધિ થવાની સંભાવના છે.

યુપીમાં કાશી સૌથી ગરમ રહ્યું: ઉત્તરપ્રદેશમાં વારાણસી, લખનૌ, પ્રયાગરાજમાં તાપમાન વધી ગયુ છે. વારાણસી રાજયનું સૌથી ગરમ શહેર બન્યુ હતું. અહી તાપમાન ૪૩.૭ ડીગ્રી નોંધાયું હતું. પ્રયાગરાજમાં ૪૧ ડીગ્રી સેલ્સીયસ સુધી પારો પહોંચ્યો હતો.

## ડી.ગુકેશે

(પહેલા પાનાનું ચાલું)

યુરો (લગભગ ૭૮.૫ લાખ રૂપિયા)નો રોકડ પુરસ્કાર પણ મળ્યો છે. મુકેશ મહાન ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદ બાદ આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટને જીતનાર માત્રી બીજો ભારતીય ખેલાડી બન્યો છે. મહાન ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદે મુકેશને અભિનંદન પાઠવ્યા છે.

## કેદારનાથ

(પહેલા પાનાનું ચાલું)

આવી હતી. હવે ચોમાસાની સીઝનને બાદ કરતા ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ ઓથોરિટીએ સપ્ટેમ્બર-ઓકટોબરની હેલી સેવાઓના બુકીંગ માટે પણ વિન્ડો ખોલી દીધી છે જેથી ચારધામ માટે આવનારા લોકોને સુવિધા મળી શકે.

જો રાજયવાર બુકીંગના આંકડા જોઈએ તો તેમાં મહારાષ્ટ્ર પહેલા નંબરે છે. અહીથી આવતા શ્રદ્ધાળુઓએ ૧૯૦૪ બુકીંગ કરાવ્યા છે. એ પછી ઉત્તરપ્રદેશના ૮૭૮, ગુજરાતના ૮૩૭, દિલ્હીના ૭૯૩, તેલંગાણાના ૬૭૯, મધ્યપ્રદેશના ૪૩૭, આંધ્રપ્રદેશના ૪૦૫, પશ્ચિમ બંગાળના ૩૯૧, રાજસ્થાનના ૩૨૮, હરિયાણાના ૨૫૧, અરુણાચલ પ્રદેશના ૨૩૮, ઉપરાંત દાદરાનગર હવેલી અને દીવ દમણના ચાર અને મણીપુરના એક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૮ બુકીંગ કેટલાક કલાકમાં થઈ ગયા હતા.

## પાર્સલ

(છેલ્લા પાનાનું ચાલું)

પાર્સલ અમદાવાદ મોકલવામાં આવ્યું હતું. ૧૯ ડિસે.ના રોજ તે પાર્સલ અમદાવાદથી પટણા ઈન્ડિગો એરલાઈન્સ કાર્ગો વિભાગ દ્વારા પટણા મોકલવામાં આવ્યું હતું. જેથી તે પાર્સલ રીસીવ કર્યા બાદ પટણા મોકલવાની પહોંચ પણ કંપનીને મળી ગઈ હતી.

જો કે, તે પાર્સલ પટણા પહોંચ્યું જ ન હોવાનો ફોન આવ્યો હતો. જેથી જગદીશે કાર્ગો મેનેજ અનુપ નાયરનો સંપર્ક કર્યો હતો. ત્યારે તેણે ચકાસી અપડેટ આપવા જણાવ્યું હતું. પરંતુ થોડા દિવસો સુધી અપડેટ ન મળતા ફરી જગદીશ તપાસ માટે ગયો હતો પરંતુ કંઈ જ પરિણામ મળ્યું ન હતું. જેથી આ મામલે ઈમેલ દ્વારા કંપનીને જાણ કરવામાં આવી હતી. પરંતુ આજદીન સુધી પાર્સલ ન મળતા જગદીશે અજાણ્યા શખ્સો સામે ચોરીની ફરિયાદ એરપોર્ટ પોલીસ મથકમાં કરી છે.

# વિજય પ્લોટમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શકુનિ ઝબ્બે

## એ-ડીવીઝન પોલીસે રૂા.૪૫૦૦ની રોકડ કબ્જે કરી

રાજકોટ, તા.૨૨

વિજય પ્લોટમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર શખ્સોને એ-ડીવી. પોલીસે પકડી રુા. ૪૫૦૦ની રોકડ કબ્જે કરી હતી. દરોડાની વિગત મુજબ એ-ડીવી. પોલીસ આર.જી. બારોટની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ધર્મેશભાઇ પરમાર, ગોપાલભાઇને મળેલ ચોક્કસ બાતમીના આધારે વિજય પ્લોટ શેરી નં.૧૫, માલવીયાવાડીમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા દિપક મનજી નકુમ, જયેશ રાજુ રાઠોડ, રીયાઝ મનસુર ગણોદ વાલા અને હનીફ ગની જુલાલીને પકડી રૂા.૪૫૦૦ની રોકડ કબ્જે કરી હતી.

## વીડીયો વાયરલ

(પહેલા પાનાનું ચાલું)

મહિલા એન્કરનું નામ લોપમુદ્રા સિન્હા જણાવવામાં આવ્યું છે.

દૂરદર્શન કોલકાતાના એક કાર્યક્રમ દરમિયાન હીટવેવની જાણકારી આપતા મહિલા એન્કરની તબીયત બગડી ગઈ હતી. બાદમાં એન્કરે પોતે જ જણાવ્યું, એવું લાગ્યું જાણે ટેલીપ્રોમ્પટર ફેડ થઈ ગયું. જે બાદ આંખોની સામે અંધારૂં છવાઈ ગયું. સિન્હાએ કહ્યું કે, વધુ પડતી ગરમી અને અચાનક જ બ્લડ પ્રેશર ઘટવાને કારણે તે બેભાન જ થઈ ગઈ હતી. તેમણે કહ્યું કે, કૂલિંગ સિસ્ટમમાં ખરાબીના કારણે સ્ટૂડિયોમાં ઘણી જ ગરમી પડી રહી હતી.

તેમણે કહ્યું કે, સવારે બ્રોડકાસ્ટ પહેલા પણ તેનું ગળું સુકાઈ ગયું હતું. સિન્હાએ કહ્યું, હું ક્યારેય સાથે બોટલ નથી રાખતી. તે પછી ૧૫ મિનિટનો શો હોય કે અડધા કલાકનો હોય. મને ક્યારે વચ્ચે વચ્ચે પાણી પીવાની જરૂરિયાત નથી પડી. તેમણે કહ્યું, જ્યારે બ્રોડકાસ્ટ ૧૫ મિનિટનું બાકી હતું ત્યારે મારું ગળું સુકાવવા લાગ્યું. જ્યારે ટીવી પર વિઝ્યુઅલ્સ દેખાડવામાં આવી રહ્યાં હતા ત્યારે મેં મેનેજર પાસે પાણી માગ્યું. તેમણે કહ્યું, જે બાદ સતત તેમનો ફેસ ટીવી પર આવવા લાગ્યો અને તેમણે પાણી પીવાની તક જ ન મળી. જે વચ્ચે કોઈ બાઈટ પણ ન હતી. ત્યારે વચ્ચે એક બાઈટ આવી અને મને પાણી પીવાની તક મળી.

તેમણે કહ્યું, પાણી પીધા બાદ કોઈ રીતે બે સ્ટોરી પુરી કરી અને જે બાદ બેભાન થઈ ગઈ. ત્યારે બે સ્ટોરી બાકી હતી. તેમણે કહ્યું, એટલું સારું હતું જ્યારે ટીવી પર ૩૦-૪૦ સેકન્ડનું એનિમેશન ચાલી રહ્યું હતું ત્યારે હું બેભાન થઈ ગઇ.

## શરાબ

(પહેલા પાનાનું ચાલું)

તૈયારી શરૂ કરવામાં આવી છે. માહીતગાર સુત્રોએ કહ્યું છે કે નવુ ચાર્જશીટ તૈયાર થવાના આરે અને આખરી તબકકે છે.આ કેસમાં અત્યાર સુધીમાં ૬ ચાર્જશીટ, ફાઈલ થયા છે.તેમાં દર્શાવાયા સિવાયના નવા ચારથી પાંચ લોકોને આરોપી બનાવવામાં આવે તેમ છે.

કેજરીવાલ અને કવિતા ઉપરાંત નવા પુરક ચાર્જશીટમાં ગોવાના રાજકીય નેતા ચંપ્રિત સિંઘનુ નામ દર્શાવાશે. ગોવા ચૂંટણીમાં નાણાકીય વહીવટ કરતા આ નેતાની ગત ૧૫ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. સિવાય હવાલા વ્યવહારોમાં વધુ એકથી બે લોકોની સંડોવણી ખુલી હોવાથી તેમના નામો પણ દર્શાવાશે.

ઈડીનાં સુત્રોએ કહ્યું કે આરોપી તરીકે પાર્ટીનું નામ મુકવાનું કદમ અસામાન્ય હશે છતાં આ માટે, અગાઉથી જ કાનુની સલાહ લઈ લેવામાં આવી છે. નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાની જામીન અરજીની સુનાવણી વખતે એડીશનલ સોલીસીટર જનરલ એસ.પી. રાજુએ પણ ઓવી શકયતાની સ્વીકૃતિ આપી હતી. ૧૬ ઓકટોબર ૨૦૨૩ માં સર્વોચ્ચ અદાલતની બેંચ સમક્ષની સુનાવણીમાં એડીશનલ સોલીસીટર જનરલે એમ કહ્યુ હતુંકે મની લોન્ડરીંગ કાયદાની કલમ ૭૦ હેઠળ આમ આદમી પાર્ટીને જ આરોપી બનાવવાની ફરજ પડશે.

કેજરીવાલ તથા સીસોદીયા વતી કેસ લડતા સુપ્રિમ કોર્ટનાં સીનીયર વકીલ અભિષેક સિંઘવીએ જોકે એમ કહ્યું કે રાજકીય પક્ષને કંપની ગણીને મની લોન્ડરીંગ કેસની કલમ ૭૦ લાગુ ન થઈ શકે. છેલ્લા ૨૦ વર્ષથી આ કાયદો છે અને કયારેય રાજકીય પક્ષ સામે કલમ ૭૦ નો ઉપયોગ થયો નથી. છતાં ઈડી આવુ કરે તો પાર્ટીની મીલ્કતો બેંક ખાતા ફ્રીઝ કરીને રાજકીય રીતે ભાંગી નાખવાનો ઈરાદો ગણાશે લોકશાહી માટે આ આત્મઘાતક હશે.

## રામ મંદિર

(પહેલા પાનાનું ચાલું)

શ્રદ્ધાળુઓને પ્રવેશ અપાતો હતો પરંતુ હવે પાસ ધારકની ખરાઈ કરવા તેમણે રોકીને પૂછપરછ કરવામાં આવે છે જે બાદ પ્રવેશ આપવામાં આવે છે.

પૂર્વ વ્યવસ્થાના કારણે સાઈબર ખેલાડી બીજાના આઈડી પ્રૂફ પર લોકોને મોકલીને વસૂલી કરી રહ્યાં હતા. ગત દિવસોમાં ધનરાશિને લઈને દર્શન કરાવવાના મામલે તપાસ થઈ તો આ પ્રકારના ચોંકાવનારા મામલાઓ પણ સામે આવ્યા. આ કારણે આઈડી પ્રૂફની ખરાઈની વ્યવસ્થાને લાગુ કરી દેવાઈ છે. આ નવી વ્યવસ્થામાં એન્ટ્રી ગેટ પર સુરક્ષા કર્મી પહેલા પાસની સામાન્ય તપાસ કરીને પોતાના હસ્તાક્ષર કરી નક્કી કરેલી સંખ્યામાં શ્રદ્ધાળુઓને પ્રવેશ સુનિશ્ચિત કરાવે છે.

પુનઃ ફ્રીસ્કિંગ એરિયામાં યુપી પોલીસના અધિકારી પાસ ધારકના આઈડી પ્રૂફ માગી શકે છે. તેમના આઈડી પ્રૂફ સાથે પાસ ધારકના ચહેરાને મેચ કરાવવા ઉપરાંત પાસમાં સ્લોટનો સમય તેમજ તિથિની પણ તપાસ કરવામાં આવે છે. આ તપાસથી સંતુષ્ટિ બાદ જ અધિકારી પોતાના હસ્તાક્ષર કરે છે. ફ્રીસ્કિંગ એરિયામાં તપાસ બાદ ત્રીજી વખત ફરી પાસની સામાન્ય તપાસ થાય છે અને નિર્ધારિત શ્રદ્ધાળુઓની ગણતરી કરીને તેમણે આગળ જવા દેવામાં આવે છે.

## ઝોમેટો

(છેલ્લા પાનાનું ચાલું)

વધુ છે. જોકે Zomato ગોલ્ડ સભ્યો કોઈ ડિલિવરી ચાર્જ નથી. પરંતુ તેઓએ પ્લેટફોર્મ ફી ચૂકવવી પડશે. નોંધનીય છે કે Zomatoનું ડાયરેક્ટ-કોમર્સ પ્લેટફોર્મ Blinkit પણ દરેક ઓર્ડર પર હેન્ડલિંગ ચાર્જ તરીકે ઓછામાં ઓછા ૨ રૂપિયા વસૂલે છે. ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ Zomato દરરોજ ૨૦ થી ૨૨ લાખ ઓર્ડર મેળવે છે. હવે, દરેક ઓર્ડર પર પ્લેટફોર્મ ફીમાં એક રૂપિયાનો વધારો કરવાથી કંપનીને ચોક્કસપણે દરરોજ ૨૦ લાખ રૂપિયા મળશે. જો આપણે આને એક ક્વાર્ટરમાં ઉમેરીએ, તો તે નોંધપાત્ર રકમ બની જશે. ગત જાન્યુઆરીમાં જ્યારે તેણે આ ફીમાં ઓર્ડર દીઠ એક રૂપિયાનો વધારો કર્યો હતો, ત્યારે તેની આવક પણ તેના કારણે વધી હતી. Zomatoની મુખ્ય હરીફ Swiggy પણ ગ્રાહકો પાસેથી પ્લેટફોર્મ ફી વસૂલે છે. ઓર્ડર દીઠ તેની પ્લેટફોર્મ ફી પણ ૫ રૂપિયા છે.નોંધનીય છે કે ઝોમેટોને ગયા અઠવાડિયે જ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) અને રૂ. ૧૧.૮૧ કરોડના દંડની માંગ કરતો ઓર્ડર મળ્યો હતો. તેમાં જુલાઈ ૨૦૧૭થી માર્ચ ૨૦૨૧ના સમયગાળા માટે રૂ. ૫.૯ કરોડની ત્રજ્ઞ્ળ માંગ અને રૂ. ૫.૯ કરોડની પેનલ્ટીનો સમાવેશ થાય છે.

### હનુમાન જયંતિ નિમિત્તે

# ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે ધ્યાન શિબિર-સંતવાણીનું આયોજન

આવતીકાલે પૂનમ-વિશ્વ પુસ્તક દિન તથા હનુમાન જયંતિ નિમિતે દર પુનમની માફક ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે સાંજના ૪ થી ૮ દરમ્યાન ઓશો ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમ્યાન એસો.ના વિવિધ ધ્યાન પ્રયોગો, ઓશો વિડીયો દર્શન, સ્વામિ દૈવ રાહુલ દ્વારા ધ્યાનમ સંધ્યા સત્સંગ ધ્યાન રાત્રે ૮ વાગ્યે મહાપ્રસાદ વિશ્વ પુસ્તક દિન નિમિતે ઓશો સાહિત્ય પ્રદર્શનનું આયોજન સવારે ૯ થી રાત્રીના ૮ દરમ્યાન કરવામાં આવ્યું છે. જેમાં ઓશોના હિન્દી, અંગ્રેજી તથા ગુજરાતી પુસ્તકો ૧૫ ટકા વળતર આપવામાં આવશે.

મહાપ્રસાદ બાદ રાત્રે ૮.૩૦ થી ૧૨ દરમ્યાન ઓશો સન્યાસી તથા ભજનીક બકુલભાઇ (સ્વામિ આનંદ તીર્થ) દ્વારા સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તેના સાથી કલાકારો કાળુભાઇ મકવાણા, બેન્જો માસ્ટર બલરાજભાઇ મકવાણા, બિરજુભાઇ ઠાકર, વિનોદભાઇ નિમાવત, સ્વામિ જગદીશ ભારતી, રસીકભાઇ મકવાણા, માંધાભાઇ પાંભર, સામજીભાઇ ડોડીયા, અરવિંદભાઇ જેઠવા, ગૌતમભાઇ મકવાણા, તબલાવાદક વિનોદભાઇ કલોલા, ખુશ પ્રજાપતિ, વાસુદેવ (સ્વામિ જીવન અભય) બળવંતસિંહ ગોહિલ તથા રાજુભાઇ ગોહિલ વગેરે કલાકારો દ્વારા સંતો-મહંતોની રચના રજુ કરી લોકોને ભકિતરસમાં તરબોળ કરશે.

# સંગમ કરાઓકે સ્ટુડિયો દ્વારા ઓપન કરાઓકે સિંગિંગ કોમ્પિટિશનનું આયોજન

## વિજેતા ને કેસ પ્રાઇઝ તેમજ મોમેન્ટો સર્ટિફિકેટ આપીને સન્માનિત કરાશે




તસ્વીરઃ પંકજ શીશાંગીયા


રાજકોટઃતા ૨૨

સંગમ કરાઓકે સ્ટુડિયો રાજકોટ જયપાલસિંહ જાડેજા દ્વારા ઓપન કરાઓકે સિંગિંગ કોમ્પિટિશન નું તારીખ ૨૬/૦૫/૨૦૨૪ રવિવારના રોજ રાત્રે ૮:૦૦ વાગે હેમુ ગઢવી હોલ ખાતે આયોજન કરેલ છે, જેમાં વિજેતા ને કેસ પ્રાઇઝ તેમજ મોમેન્ટો સર્ટિફિકેટ આપીને સન્માન કરવામાં આવશે. ફોર્મની છેલ્લી તારીખ ૦૫/૦૫/૨૦૨૪ રહેશે. જેમાં ઓડિશન રાઉન્ડ ક્વાર્ટર રાઉન્ડ ઓનલાઈન વીડિયો (ત્રણ મિનિટ) નો રહેશે. સેમી ફાઇનલ રાઉન્ડ સંગમ કરાઓકે સ્ટુડિયો ૨૦૧ બીજો માળ શિવાલિક ૮ અભય ભારદ્વાજ હોલ અક્ષર સ્કૂલ પાસે બાપાસીતારામ રૈયા રોડ રાજકોટ, ફાઈનલ રાઉન્ડ હેમુ ગઢવી હોલ માં છે.જેમાં સ્પર્ધકો ને ડિનર આયોજક તરફથી આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં અંતર્ગત જયતાલ સિંહ જાડેજા, એ.જે ત્રિવેદી, પ્રતિભા ચૌહાણ, ભરત શુક્લ એ સાંજસમાચારની મુલાકાત લીધી હતી.

### લોકસભાની આ બેઠક બિનહરીફ ના થાય તો પણ ભાજપને હવે પ્રચંડ વિજય નિશ્ચિત

# ઓપરેશન સુરતઃ કોંગ્રેસનો જૂસ્સો તૂટશે; સુરત હવે સૌરાષ્ટ્રમાં ઠલવાશે



રાજકોટ:

ગુજરાતમાં રસપ્રદ બનેલી લોકસભા બેઠકમાં સુરતની પ્રતિષ્ઠીત ગણાતી સંસદીય સીટ પર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી તથા તેના ડમી બન્નેના ફોર્મ રદ થતા હવે સ્પર્ધા ઔપચારીક બની રહી છે અને જો હરીફ ઉમેદવારો ફોર્મ પાછા ખેચી લે તો સુરતના નાગરિકોને તા.૭ મે ના રોજ મતદાનની પણ તક મળશે નહી અને ભાજપને એક બેઠક પણ મળી જશે. હવે સુરતમાં 'ઓપરેશન કુંભાણી' માં કોંગ્રેસ પક્ષ તેની કાયમની ટેવ મુજબ ઉંઘતી ઝડપાઈ છે તે નિશ્ચિત થયુ છે અને ચર્ચા મુજબ ભાજપે અગાઉથી જ વ્યુહરચના મુજબ આ કામગીરી પાર પાડી છે જેથી પણ કુંભાણીને થઈ ત્યારે બહું મોડું થઈ ગયુ હતું.

પોતાના જ નજીકના સગા અને સંબંધીઓને ટેકેદાર તરીકે દર્શાવવામાં નિલેષ કુંભાણીએ 'ભુલ' કરી છે કે ઈરાદાપૂર્વક તેણે બચી શકે તેવા 'ટેકેદાર' પસંદ કર્યા કે કરાવાયા તે ચર્ચા સુરત અને ગુજરાતના રાજકારણમાં આ વિવાદ સર્જાયા પછી ખુદ નિલેષ કુંભાણી પણ મિડીયાથી બચતા રહે છે અને તેથી તેઓ માટે હવે કોંગ્રેસ પક્ષમાં પણ પ્રશ્ન ઉઠવા લાગ્યા છે જે રીતે ગુજરાતમાં કોઈ ટફ ફાઈટ નહી હોવા છતાં અનેક બેઠકો પર સ્પર્ધાત્મક સ્થિતિ બની હતી તેમાં હવે ભાજપે પહેલો સ્કોર કરી લીધો છે અને ભાજપના આંતરિક અસંતોષ અને ક્ષત્રિય આંદોલનથી પક્ષ ઉપરાંત અનેક બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જ લડાયક બની રહ્યા હતા તેનાથી વાતાવરણ બન્યુ છે તેમાં સુરતની ઘટનાથી કોંગ્રેસ મોવડીમંડળની નિષ્ફળતા ફરી એક વખત ખુલ્લી પડી છે અને ચુંટણી સમયે 'સાયકોલોજી વોટ' છેડવામાં ભાજપે આ રીતે ગુજરાત અને સૌરાષ્ટ્ર બન્નેને જોડતી સુરત બેઠક લડાઈ વગર જ જીતીને કોંગ્રેસના નૈતિક જૂસ્સા પર મોટો પ્રહાર કર્યો છે તો બીજી તરફ હવે સુરત બેઠક પર પક્ષે કોઈ ગંભીર લડાઈ આપવાની રહેશે જ નહી તેથી સૌરાષ્ટ્રના જે લાખો પરિવારો સુરતમાં સ્થાયી થયા છે તેઓને હવે મતદાનના દિવસ પુર્વે સૌરાષ્ટ્ર લાવીને અમરેલી-ભાવનગર સહિતની બેઠકો પર તેમનો જબરો ઉપયોગ કરી શકાશે. સુરતના અનેક પ્રભાવશાળી અગ્રણીઓને માટે સૌરાષ્ટ્ર એ મૂળ ઘર છે અને તેઓને હવે તેમના વતન જીલ્લામાં ભાજપ સહિત કરશે. ભાજપે આ ચુંટણીમાં તે વ્યુહરચના રાજકોટ લોકસભા બેઠક પર અપનાવી છે.



જયારે પક્ષના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ અમરેલીના હોદાથી પક્ષે રાજકોટમાં સ્થાયી થયેલા અમરેલીના પરિવારોના સંમેલન બોલાવીને પ્રચાર શરૂ કર્યો હતો અને આ રીતે ક્ષત્રિય સમુદાયના વિરોધને કારણે અનેક બેઠકો પર જે વાતાવરણ બન્યું છે તે પણ વિખરી શકાશે.

**સર્વપ્રથમ પ્રશ્ન**

**નિલેષ કુંભાણી જ ભાજપનો હાથો બન્યા! : કોંગ્રેસ પણ હવે તેના ઉમેદવાર સામે શંકાથી જુએ છે**

**મોવડીમંડળ ઉંઘતુ ઝડપાયું**

**પક્ષના ઉમેદવારના ટેકેદારમાં સગાઓની પસંદગીની ચિંતા કોઈએ કરી નહી અને તે જ ભાજપ માટે મુખ્ય શસ્ત્ર બની ગયું: ચર્ચા**

**અમરેલી-ભાવનગર બેઠક પર સુરતથી આક્રમણ થશે**

**સુરતમાં હવે સ્પર્ધા રહી જ નથી આથી આ મેગા સીટીમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓ ભાવનગર-અમરેલી સહિતની બેઠકો પર ભાજપના પ્રચારમાં જોડાઈ જશે**

## સૌનું ધ્યાન રાજકોટ બેઠક પર હતું અને 'ઓપરેશન સુરત'ને સફળ બનાવી દેવાયું

### આ સ્થિતિથી પાટીદારોને પણ એક મેસેજ જશે

રાજકોટ: ગુજરાતમાં લોકસભા ચુંટણીના પ્રારંભ પુર્વે ભાજપે પહેલા કોંગ્રેસના ચાર અને આમ આદમી પાર્ટીના એક ધારાસભ્યોને 'તોડી'ને કોંગ્રેસ પક્ષ માટે 'બચાવ'ની સ્થિતિ પણ રહે નહી તે નિશ્ચિત કર્યુ હતું પણ ઓચિંતા જ બે બેઠકોના ઉમેદવાર બદલવા પડયા અને જે રીતે રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે વિધાનો કર્યા તે પછી સમગ્ર ગુજરાતમાં રાજકોટ બેઠક હોટ ટોપીક બની ગઈ અને સૌનું ધ્યાન રાજકોટ ભણી હતું તે સમયે જ ભાજપે ઓપરેશન સુરત પાર પાડી દીધુ હતું અને આ રીતે સુરતથી સૌરાષ્ટ્રમાં વસતા પાટીદાર સમાજને પણ એક સંદેશ આપી દીધા છે તો બે બેઠકો જે સુરત સાથે ગાઢ કનેકશન ધરાવે છે ત્યાં વસતા મતદારોને ભાજપ સાથે જોડી રાખવામાં પણ મહત્વની સફળતા મળશે. રાજકોટ બેઠકને વધુ વિવાદમાં હોવાની રોકવા માટે જે રીતે ભાજપે ડેમેજ કંટ્રોલ શરૂ કર્યુ છે તેને પણ સુરતની ઘટનાથી બળ મળશે.

## CUET-UG: એક એક કલાકના ૭ પેપર, ૫૬ પેપર ૪૫ મિનિટના હશે



### ઓફલાઈન પરીક્ષાઓ ચાર દિવસ ચાલશે

દિલ્હી, તા ૨૨

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) ના સમયપત્રક મુજબ, કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (CUET-UG)-૨૦૨૪ ની ઓફલાઇન પરીક્ષાઓ ચાર દિવસમાં સમાપ્ત થશે. કોમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) પરીક્ષા માટે ત્રણ દિવસ નક્કી કરવામાં આવ્યા છે. NTAના મહાનિર્દેશક સુબોધ કુમાર સિંહનું કહેવું છે કે ઓફલાઇન પરીક્ષા ચાર દિવસમાં પૂર્ણ થઈ રહી છે. આ સમયગાળા દરમિયાન, માત્ર ૯૦% વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહેશે. તેમનું કહેવું છે કે CUETમાં ૬૩ ટેસ્ટ પેપર હશે, જેમાંથી ૭ પેપર ૬૦-૬૦ મિનિટના હશે. ૪૫-૪૫ મિનિટના ૫૬ પેપર હશે. દરેક વિષયના તમામ વિદ્યાર્થીઓ માટે સમાન પ્રશ્નપત્ર હશે, જેના કારણે પેપરનું સ્તર પણ બધા માટે સમાન રહેશે. તેમનું કહેવું છે કે દરેક વિષય માટેની પરીક્ષા એક જ શિફ્ટમાં લેવામાં આવશે અને તેને નોર્મલાઇઝેશન પ્રક્રિયાની જરૂર રહેશે નહીં. અધિકારીનું કહેવું છે કે માત્ર ૭ દિવસમાં પરીક્ષા પૂર્ણ થશે, જેનો ફાયદો વિદ્યાર્થીઓને જ થશે. ઓફલાઇન પરીક્ષાઓમાં, વિદ્યાર્થીઓને તેમના ઘરની નજીક અને તેમની પ્રથમ પસંદગીના આધારે પરીક્ષા કેન્દ્રો ફાળવવાના પ્રયાસો કરવામાં આવે છે.

**પેપર ૬૦ મિનિટનું હશે અને ૭૫ મિનિટનો શિફ્ટ બ્રેક પણ મળશે**

NTAના શિડ્યુલમાં કહેવામાં આવ્યું છે કે એકાઉન્ટ્સ, ઈકોનોમિક્સ, ફિઝિક્સ, કોમ્પ્યુટર સાયન્સ ઈન્ફોર્મેટિક્સ પ્રેક્ટિસ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ, એપ્લાઈડ મેથેમેટિક્સ અને જનરલ ટેસ્ટની પરીક્ષા એક કલાકની રહેશે. બાકીના વિષયોની પરીક્ષા ૪૫ મિનિટની રહેશે. આ વખતે ઓફલાઇન પરીક્ષામાં દરેક પેપર પછી ૭૫ મિનિટનો શિફ્ટ બ્રેક પણ રાખવામાં આવ્યો છે જેથી એક દિવસમાં અલગ-અલગ શિફ્ટમાં પરીક્ષા આપનારાઓને વચ્ચે બ્રેક મળી શકે. ૧૫-૧૮ મે દરમિયાન ચાર દિવસમાં ઓફલાઈન પરીક્ષાઓ પૂર્ણ થશે. ૧૫ પેપર ઓફલાઈન રહેશે. કોમ્પ્યુટર આધારિત પરીક્ષાઓ ૨૧, ૨૨ અને ૨૪ મેના રોજ સમાપ્ત થશે.

### UGC-NET માટે નોંધણી શરૂ, પરીક્ષા ૧૬ જૂને યોજાશે

યુનિવર્સિટી-કોલેજ અને જુનિયર રિસર્ચ ફેલોશિપમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની નિમણૂક માટે યુજીસી-નેટ જૂન ૨૦૨૪ માટે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. હવે યુજીસી-નેટ સ્કોરના આધારે પીએચડી કોર્સમાં પ્રવેશ મેળવી શકાશે. યુજીસીના ચેરમેન પ્રો. એમ. જગદીશ કુમાર કહે છે કે ચાર વર્ષની સ્નાતકની ડિગ્રી લઈ રહેલો વિદ્યાર્થી અત્યારે આઠમા સેમેસ્ટરમાં છે. તેઓ આ માટે અરજી પણ કરી શકશે. પરીક્ષા ૧૬મી જૂને લેવામાં આવશે. ઓનલાઈન અરજી https://ugcnet.nta.ac.in/ વેબસાઈટ દ્વારા કરી શકાશે.

### ૧૬ એપ્રિલના ચૂંટણી થીમ સોંગ લોન્ચ કર્યુ હતું

## ઉદ્ધવ જૂથને કેમ્પેઈન સોંગમાંથી 'ભવાની' શબ્દ હટાવવા ચૂંટણી પંચની નોટિસ

### ઉદ્ધવે ઠાકરેએ ચૂંટણી પંચને કહ્યું: નહીં હટાવું, જે કાર્યવાહી કરવી હોય તે કરો' : ભાજપના નેતા અનેક વખત ધર્મનાં નામે વોટ માંગ્યા, છતાં ત્યાં કોઈ કાર્યવાહી નથી કરાઈ



મુંબઇ ,તા.૨૨

ચૂંટણીપંચે રવિવારે શિવસેના (ઉદ્ધવ જૂથ)ને નોટિસ આપીને કેમ્પેઈન સોંગમાંથી ભવાની' શબ્દ હટાવવા કહ્યું છે. ચૂંટણી પંચે કહ્યું કે, આ શબ્દ હિન્દુ દેવી સાથે જોડાયેલો છે. ચૂંટણીમાં આ પ્રકારના ધાર્મિક નારાનો ઉપયોગ કરી શકાય નહીં.

બીજી તરફ, ચૂંટણી પંચની નોટિસ પર ઉદ્ધવ ઠાકરે નારાજગી વ્યક્ત કરીને કહ્યું કે, એ પોતાના થીમ સોંગમાંથી 'ભવાની' શબ્દ હટાવશે નહીં. ચૂંટણી પંચે જે કાર્યવાહી કરવી હોય એ કરે.

ઉદ્ધવ ઠાકરેએ વધુમાં કહ્યું કે, ભાજપના નેતાઓ કેટલીયે વાર ધર્મના નામ પર વોટ માંગી ચુક્યા છે, પરંતુ તેમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી થઈ નથી. ચૂંટણી પંચ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ પર કાર્યવાહી કરે. ઉદ્ધવ ઠાકરેએ ઉમેર્યું કે, કર્ણાટક ચૂંટણીમાં વડાપ્રધાન મોદીએ 'જય બજરંગ બલી' બોલીને વોટ આપવાની વાત કહી છે.

અમિત શાહે મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં લોકોને મફતમાં રામ મંદિરના દર્શન કરાવવાની વાત કરી હતી. આને લઈને મેં ચૂંટણી પંચને પત્ર લખ્યો હતો. મેં પૂછ્યું હતું કે વડાપ્રધાન અને ગૃહમંત્રી ધર્મના નામ પર વોટ માંગે તો શું તેમની પર ચૂંટણી પંચ કાર્યવાહી કરશે, પરંતુ આજ સુધી મને એ પત્રનો જવાબ મળ્યો નથી. ઉલ્લેખનીય છે કે, ઉદ્ધવ ઠાકરે જૂથે ઈલેક્શન કેમ્પેઈન માટે ૧૬ એપ્રિલે પ્રમોશન સોંગ રિલીજ કર્યું હતું, જેમાં ભવાની' શબ્દનો ઉલ્લેખ છે.

## રિલીઝના પહેલા દિવસે જ ફ્રીની ઓફર છતાં લોકો નથી આવતા સિનેમાહોલમાં!

### ફિલ્મમાં દમ નહીં હોય તો દર્શક મફતમાં પણ ફિલ્મ નહીં જોવા આવે: ફિલ્મી જાણકારો



મુંબઈ: આ વીકમાં બોકસ ઓફિસ અનેક નવી ફિલ્મો રિલીઝ થઈ છે તેમ છતાં સિનેમાઘરો ખાલી પડયા છે. ફિલ્મ નિર્માતાઓ દ્વારા રિલીઝના પહેલા દિવસે જ એકની સાથે એક ટિકીટ ફ્રીની ઓફર છે તેમ છતાં કોઈ રિસ્પોન્સ નથી.

દર્શકોને આકર્ષવા પહેલા નિર્માતાએ પ્રથમ વીક એન્ડ બાદ એકની સાથે એક ટિકીટ ફ્રી વાળી ઓફર કરતા હતા. હવે તો ફિલ્મની રિલીઝ સાથે આવી ઓફરો કરવામાં આવી રહી છે તેમ છતાં સિનેમાહોલમાં દર્શકોનો દુકાળ છે, જેને લઈને સિનેમા જગતમાં નિરાશાનો માહોલ છે.

દર્શકોને આકર્ષવા માટે ૧૯ એપ્રિલે સિનેમા લવર્સ ડે અંતર્ગત માત્ર ૯૯ રૂપિયામાં કોઈપણ ફિલ્મ કોઈપણ શોમાં દેખાડવાની જાહેરાત થઈ હતી. પણ ૧૯ એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ ચરણના મતદાનને જોતા છેલ્લી ઘડીએ આ નિર્ણય રદ કરવામાં આવ્યો હતો.

સિનેમાવાળાઓનું કહેવું છે કે આ ઓફર છતા ખૂબ જ ઓછી સંખ્યામાં લોકોએ ટિકીટ બુક કરાવી હતી જે આશ્ચર્યની વાત છે.

દર્શકોના આવા નિરાશાજનક વલણને લઈને જાણકારો કહે છે કે દર્શકો નબળા કન્ટેટવાળી ફિલ્મ અડધા ભાવ તો શું મફતમાં પણ જોવા નથી માંગતો. આવી ફિલ્મો સિનેમા તો ઠીક ઓટીટી પર પણ દર્શક મફતમાં નથી જોતો.

જાણકારો કહે છે- આજનો દર્શક એટલો તો સ્માર્ટ થઈ ગયો છે કે ટ્રેલર જોઈને નકકી કરી લે છે કે ફિલ્મ થિયેટરમાં જોવાની છે કે આઠ વીક બાદ ઓટીટી પર જોવાની છે કે પછી જોવાની જ નથી.

## દિલ્હીમાં લેન્ડફિલમાં લાગેલી આગ હજુ બેકાબૂ: લોકોને શ્વાસ લેવામાં તકલીફ

### આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડના પ્રયાસો લેન્ડફિલમાં ગેસ પેદા થતાં આગ લાગ્યાનું જાહેર

નવી દિલ્હી,તા.૨૨

રવિવારના રોજ દિલ્હી સ્થિત ગાઝીપુર લેન્ડફિલ સાઈટ પર લાગેલી આગ હજુ સુધી ઓલવાઈ નથી. અહીં વરસાદ થયો હોવા છતાં આગ પર કાબૂ મેળવી શકાયો નથી. અહીં જીવલેણ ધુમાડાથી લોકોને શ્વાસ લેવાની સાથે આંખોમાં બળતરાની સમસ્યા થઈ રહી છે. હાલ પણ સાઈટ પર આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગાઝીપુર લેન્ડફિલ સાઈટ પર આગની ઘટના બાદ નજીકના ખોડા, મયૂર વિહારના લોકોને શ્વાસ લેવામાં તેમજ આંખોમાં બળતરાની સમસ્યા થઈ રહી છે. દિલ્હી ફાયર સર્વિસિઝનું કહેવું છે કે, આગ લેન્ડફિલમાં ઉત્પન્ન થયેલ ગેસના કારણે લાગી છે. અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

ગાઝીપુરમાં રહેતી એક મહિલાએ જણાવ્યું કે, 'હું અહીંયા રહું છું અને ધુમાડાથી આંખોમાં પરેશાની થઈ રહી છે. અમને શ્વાસ લેવામાં પણ પ્રોબ્લેમ થઈ રહી છે. સમગ્ર કોલોની પરેશાન છે.'

એક સીનિયર પોલીસ ઓફિસરે જણાવ્યું કે, 'અમે વિસ્તારને કોર્ડન કરી લીધો છે અને રોડ પર જગ્યા કરી દીધી છે, જેથી ફાયરની ગાડીઓ સરળતાથી આવી શકે. અમે સામાન્ય લોકોને અહીં ઉભા રહેવાની અને વીડિયો રેકોર્ડ કરવાની પરમિશન આપી રહ્યા નથી.'

## ભાજપ ઉમેદવારનાં નિયમ વિરૂધ્ધ લાગેલા હોર્ડિંગ્સ હટાવવા કોંગ્રેસ સમિતિનું આવેદનપત્ર

### વડાપ્રધાન અને ભાજપ ઉમેદવારના હોર્ડિંગ્સોમાં પ્રિન્ટર અને પ્રકાશકના સરનામા ઉલ્લેખ નહીં : બેનરો-પોસ્ટર્સ હટાવવા ચૂંટણી અધિકારીને રૂબરૂ રજુઆત



રાજકોટ, તા. ૨૨

રાજકોટ લોકસભા વિસ્તારમાં વડાપ્રધાન અને ઉમેદવારના હોર્ડિંગ્સો જે મારેલા છે તે નિયમ વિરૂધ્ધના હોય તાત્કાલીક હટાવવા અને માહિતી આપવા શહેર કોંગ્રેસ સમિતિએ કલેકટર-ચૂંટણી અધિકારીને આવેદનપત્ર આપ્યું છે.

જેમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વડાપ્રધાન અને લોકસભાના ઉમેદવારના જે હોર્ડિંગ બેનરો મારેલા છે તે નિયમ વિરૂધ્ધના હોવાનું જાણવા મળેલ છે. વડાપ્રધાનના નામ સાથે જોડેલા ફોટાઓ મુજબનું ઈરાદાપૂર્વકનો ભયંકર છેતરપીંડી ભર્યો દુરૂપયોગ મતદારોને મુકત, ન્યાય અને પારદર્શક ચૂંટણીથી વિમુકત કરનારો છે.

ચૂંટણી પંચની સંપૂર્ણ જાણકારી અને મદદ હેઠળ 'ઇલેકટ્રોલ બોન્ડ'ના કૌભાંડ દ્વારા મેળવાયેલ અમર્યાદ તથા અનૈતિક નાણાનો દુરૂપયોગ દ્વારા થઇ રહેલા આવા ભ્રામક પ્રચારથી મતદારોને પ્રભાવિત કરવામાં આવે છે અને ચૂંટણી પ્રક્રિયાને પવિત્રતાને અપવિત્ર કરનારા અને ગંદી રાજ રમતને પોષનારા આવા ભ્રામક પ્રચારને ઉગતો ડામી દેવા વિનંતી છે.

અમારી જાણ મુજબ રાજકોટ સામાજીક આગેવાનો દ્વારા પ્રિન્ટર અને પ્રકાશકની ઓળખ વગરના હોર્ડિંગ મત વિસ્તારમાં અનેક સ્થળોએ લગાવેલા હતા તેમ છતાં આ હોર્ડિંગો હટાવવામાં ઠાગાઠૈયા કરવામાં આવ્યા હતા અને ઉતારવામાં આવ્યા ન હતા. કલમ ૭ ૧૨૭એનું ઉલ્લંઘન પ્રિન્ટર અને પ્રકાશકના સરનામાઓ પોસ્ટર્સ/ બેનર્સમાં ઉલ્લેખિત નથી. શહેરમાં આઇવે પ્રોજેકટ હેઠળ લગાવાયેલા સીસીટીવી ફૂટેજ કમેરાના આધારે થૂકનારા અને ટ્રાફિકના સામાન્ય ગુનામાં લોકોને દંડનીય કાર્યવાહી થાય છે ત્યારે આ બેનર કોણે લગાવ્યા કેટલા દિવસ લગાવ્યા અને કોણે આંખ મિચામણા કર્યા તે એક પ્રશ્ન છે જવાબદાર અધિકારીઓ સામે નિયમ અનુસાર કાયદેસરની કડક કાર્યવાહી કરવી જોઇએ એવી અમારી માંગ છે. ઇલેકશન કમિશન ઓફ ઇન્ડિયાના નોટીસફેકશનથી ઉપર વટ જઇને રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીઓ મનસ્વી રીતે નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. વધુમાં આ સાથે જે બેનાર કે હોર્ડિંગો છે તેમાં પ્રકાશકમાં ૧૦ લોકસભા ચૂંટણી સમિતિ રાજકોટ લખેલ છે. તો તે અંગે સ્પષ્ટતા કરશો. શહેરના કાલાવડ રોડ પર એલઆઇસી ઓફિસના ગેટ પાસે અને અંડરબ્રીજમાં રેલ્વેની સાઇડ છે તે પર હોર્ડિંગ મારેલ છે જે અંગે સિનિયર કોંગ્રેસ આગેવાન ગજેન્દ્રસિંહ ઝાલા, સંજયભાઇ લાખાણી, કૃષ્ણદતભાઇ રાવલે કોલ સેન્ટરમાં અને સી-વિઝીલમાં ફરીયાદ કવરામાં આવી છે. જે ચૂંટણી પંચના રેકોર્ડ પર મોજુદ છે. ફરિયાદો બાદ અમુક કિસ્સામાં કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી.

વડાપ્રધાન અને ઉમેદવારના કુલ કેટલા હોર્ડિંગો રાજકોટમાં મારેલા છે તેની વિગતો આપવા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અતુલ રાજાણી અને સમિતિના હોદ્દેદારોએ માંગણી કરી છે.



### હવે વિરોધનો રેલો CM સુધી પહોંચી ગયો

## ચુંટણીસભા કે બાળસભા! બાળકોને ભાજપની ટોપી પહેરાવાઈ

### હવે રમણલાલ વોરા પણ ધકકે ચડયા

રાજકોટ: ક્ષત્રિય સમાજના આંદોલનના કારણે ગુજરાતમાં ભાજપના ચુંટણી પ્રચારમાં 'સંખ્યા' અંગે પણ પ્રશ્ન સર્જાય છે તેમાં પાટણ લોકસભા લડી રહેલા ભાજપના ઉમેદવાર ભરતસિંહ ડાભીની બાલેસણા ખાતાની જાહેરસભામાં અને તેમાં પુરતી સંખ્યા ન થતા અને ખુરશીઓ ખાલી રહે તે ખરાબ લાગે તે માટે સ્કુલના બાળકોને બેસાડી દેવાતા પણ ચુંટણી સભા કે 'બાલસભા' તેવી ચર્ચા જાગી છે. બાળકોને બેસાડીને તેમને ભાજપની ટોપી પહેરાવી દેવાઈ હતી છતાં પણ ખુરશીઓ ખાલી જ રહી હતી. ચુંટણીમાં બાળકોના ઉપયોગ પર પ્રતિબંધ હોય છે તે છતાં આ રીતે ખુદ સભામાં બાળકોને લવાતા હવે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાઈ શકે છે.

સાબરકાંઠા વડાલી ખાતે તાલુકા ભાજપ ચુંટણી પ્રચાર કાર્યાલય ઉદઘાટન વખતે ક્ષત્રિય રાજપૂત સમાજ વિરોધ કરવા જતાં પોલીસે તેને રોકયા હતા. આ દરમિયાન ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા સાથે પણ ક્ષત્રિયો સાથે ઘર્ષણ થયાના દ્રશ્યો પણ જોવા મળે છે. જો કે વડાલી પોલીસ દ્વારા વિરોધ કરવા આવતા પહેલાં એક વ્યક્તિને નજરકેદ કરી લીધો હતો જેથી વિરોધને આગળ વધતો અટકાવી શકાય. આ દરમિયાન નજરકેદ કેમ કર્યાના સવાલ સાથે રૂપાલાનો વિરોધ કરતા કાર્યાલય તરફ દોડી ગયા હતા. સાથે જ 'રૂપાલા હાય હાય' નો સૂત્રોચ્ચાર શરૂ કર્યો હતો. રૂપાલાનો વિરોધ કરી સૂત્રોચ્ચાર કરતા હતા ત્યારે પોલીસે અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન પર લઈ ગઈ હતી.

વડોદરા લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારના પ્રચાર માટે વડોદરા આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ સ્થાનિક ક્ષત્રિયોએ દેખાવો કરીને વિરોધ નોંધાવ્યો હતો. જાહેરસભા પૂર્ણ કરીને મુખ્યમંત્રીનો કાફલો સુભાનપુરા ઝાંસી કી રાણી ગ્રાઉન્ડથી પરત ફરી રહ્યો હતો ત્યારે કાફલા સમક્ષ ધસી આવીને સૂત્રોચ્ચાર પોકારીને વિરોધ પ્રદર્શન કરી રહેલા સાત જેટલા પ્રદર્શનકારીઓની અટકાયત કરવામાં આવી હતી.

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં આજે મુખ્યમંત્રીની ચુંટણી પ્રચાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે અગાઉ વડોદરા લક્ષ્મીપુરા અને ગોરવા વિસ્તારના ક્ષત્રિય આગેવાનો તથા યુવાનોની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.


### ૨૦૦૯માં ભાજપના કડવા પાટીદારની 'હાર' માટે લેઉવા ફેકટર પણ કામ કરી ગયું હતું

# હવે રાજકોટ બેઠકનું 'ટ્રમ્પ કાર્ડ' નરેશ પટેલના હાથમાં!! ચર્ચા ચગી

## જામનગરમાં લેઉવા પટેલને ટિકીટ આપવા બદલ કોંગ્રેસનો આભાર માનનાર નરેશ પટેલનું રાજકોટ બેઠક પર પણ એ જ વલણ હશે!

રાજકોટઃ ગુજરાતભરમાં સૌનું ધ્યાન ખેચનારી બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પર હવે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા એક તરફ કડવા પાટીદાર પરસોતમ રૂપાલા અને બીજી તરફ લેઉવા પાટીદાર પરેશ ધાનાણી વચ્ચેની ટકકર નિશ્ચિત બની છે અને બીજી તરફ ક્ષત્રિય સમાજના વિવાદમાં હવે આ વિશાળ સમુદાયના મતો ભાજપ વિરુદ્ધ અને ક્ષત્રિય સમાજે કોંગ્રેસનું નામ લીધા વગર જ ભાજપ બાદના સૌથી નજીકના ઉમેદવાર જેની જીતની શકયતા વધુ હોય તેને 'મત' આપવાનો સંકેત આપ્યો છે. મતલબ કે આ સમુદાય મોટાભાગની બેઠક પર કોંગ્રેસના અને બે બેઠકો જયાં આમ આદમી પાર્ટી ચુંટણી લડી રહ્યા છે ત્યાં 'આપ'ના ઉમેદવારને મત આપશે.





### રૂપાલા-વિવાદને કોણે ચગવા દીધોઃ ભાજપમાં હવે બ્લેમગેમ પણ શરૂ

આ સમયે હવે રાજકોટમાં ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલનું વલણ મહત્વનું બની જશે. હાલમાં તેઓએ જામનગરની મુલાકાત સમયે જે રીતે કોંગ્રેસના ઉમેદવાર જે.પી.મારવીયા જેઓ લેઉવા પટેલ સમાજના છે તેમને ટિકીટ આપી તે બદલ કોંગ્રેસનો 'આભાર' માન્યો હતો અને તેનાથી જામનગર ક્ષેત્રમાં લેઉવા પટેલ હવે કોંગ્રેસને 'મત' આપશે તેવું માનવામાં આવે છે પણ રાજકોટમાં જયાં બે પાટીદાર કડવા-લેઉવાનો જંગ છે ત્યાં નરેશ પટેલનું વલણ અપનાવશે તેના પર નજર છે. અગાઉ ૨૦૦૯માં જયારે ભાજપે કડવા પાટીદાર કિરણ ભાલોડીયા (પટેલ)ને ટિકીટ આપી તે સમયે આ લેઉવા પટેલ સમુદાયનું વજન કોંગ્રેસના કોળી સમુદાયના કુવરજીભાઈ બાવળીયાની તરફેણમાં મુકયું હતું અને કુંવરજીભાઈ વિજેતા પણ બન્યા હતા હવે તેઓ લેઉવા પાટીદાર ઉમેદવારની સાથે જવાનું પસંદ કરશે તે રસપ્રદ રીતે પુછાઈ રહ્યો છે અને ભાજપનું ધ્યાન પણ તેના પર જ છે.

પહેલા રૂપાલા પણ હવે પક્ષને ચિંતા કરવી પડે છે રાજકોટમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિધાનોનો વિવાદ સર્જાયો હતો તેમાં ભાજપે અંતર જાળવવાની કોશિશ કરી રૂપાલા આ વિવાદ ઉકેલી લેશે તેવું વલણ અપનાવ્યું હતું પણ લોકલ લેવલે તે હેન્ડલ થઈ શકયો નહી અને હવે રૂપાલા ઉપરાંત પુરા ગુજરાત ભાજપ સામે ક્ષત્રિય સમાજે મોરચો માંડયો છે અને ભાજપ તેમાં બહું કંઈ કરી શકે તેમ પણ નથી પણ હવે ભાજપમાં પ્રશ્ન પૂછાઈ રહ્યો છે કે પહેલાથી જ આ સ્થિતિને કેમ ગંભીરતાથી લેવાઈ નહી! કોણે તેમાં લોકલ-લોકલ કર્યુ. જો વહેલુ કંઈક મોવડીઓએ કર્યુ હોત તો સંભવ છે. ક્ષત્રિય સમાજનો હાથ ઠંડો પાડી શકાયો હોત તેવું માનનારા ભાજપમાં ઓછા નથી. હવે તેને પોપટ કોન્ફીડન્સ ગણવો કે પછી સમાજની નાડ પારખવામાં થાપ ખાઈ જવી તે ગમે તે હોય પણ નુકશાન તો ભાજપને જ થશે તેવો અફસોસ દર્શાવાઈ રહ્યો છે.

## પોલીસ ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝા એ સંવેદનશીલ મતદાન કેન્દ્ર અને વિવિધ ચેકપોસ્ટ અને મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી

### અતિ સંવેદનશીલ ગણાતા વામ્બે આવાસના મતદાન કેન્દ્ર ખાતે મુલાકાત લઈ જરૂરી સૂચનો આપ્યાઃ રાજકોટ તાલુકા પીઆઈ ડી.એમ. હરિપરાએ સાથે રહી પોલીસ ઓબ્ઝર્વરને તમામ તૈયારીથી માહિતગાર કર્યા

રાજકોટ, તા.૨૨

રાજકોટ લોકસભા બેઠકના પોલીસ ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝા એ સંવેદનશીલ મતદાન કેન્દ્ર

અને વિવિધ ચેકપોસ્ટ અને મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી. અતિ સંવેદનશીલ ગણાતા વામ્બે આવાસના મતદાન કેન્દ્ર ખાતે મુલાકાત લઈ જરૂરી સૂચનો આપ્યા હતા. રાજકોટ તાલુકા પોલીસના પીઆઈ ડી.એમ. હરિપરાએ સાથે રહી પોલીસ ઓબ્ઝર્વરને તમામ તૈયારીથી માહિતગાર કર્યા હતા.

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને અનુસંધાને રાજકોટ જિલ્લાના ૧૦ - સંસદીય મતવિસ્તારમાં નિયુકત પોલીસ ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝા એ રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના સંવેદનશીલ મતદાન કેન્દ્ર, વિવિધ ચેકપોસ્ટ અને કણકોટ એન્જિનિયરિંગ કોલેજ ખાતેના મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

આ તકે ચંદનકુમાર ઝા એ વામ્બે આવાસ યોજના સ્થિત ભીમ રાવ પ્રાથમિક શાળા નં. ૯૫, અંબિકા ટાઉનશીપની મોદી સ્કૂલ, લોધિકા તાલુકાના મેટોડામાં આવેલ સરદાર પટેલ પ્રાથમિક શાળા સહિતના સંવેદનશીલ મતદાન કેન્દ્રોની મુલાકાત લઈને જરૂરી માહિતી મેળવી હતી. વધુમાં ઓબ્ઝર્વર ઝાએ મોટામવા, માલવિયા નગર અને મેટોડા હાઇવે પરની ચેકપોસ્ટની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ સાથે સંવાદ સાધીને સુરક્ષા બંદોબસ્તને લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વેળાએ રાજકોટ તાલુકા પોલીસ મથકના પીઆઈ ડી.એમ. હરિપરા તેમજ અન્ય પોલીસ કર્મીઓએ સાથે રહી તેઓને રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલ સુરક્ષા વ્યવસ્થાપનની માહિતી પૂરી પાડી હતી.









## મુંબઈથી રૂા.૬૦૦માં ખરીદી રાજકોટમાં રૂા.૨ હજારમાં દારૂ વેંચતાઃ બે ઝડપાયા

### કારમાં ચોરખાનું બનાવી દારૂ સંતાડયો પણ એલસીબી ઝોન-૧ની ટીમ સામે કરી ન હાવીઃઅફઝલ અને અલ્તાફની ધરપકડ કરી દારૂની ૫૪ બોટલ અને કાર મળી રૂા.૧.૪૨ લાખનો મુદ્દામાલ

રાજકોટ,તા.૨૨

મુંબઈથી કારમાં બનાવેલા ચોરખાનામાં દારૂનો જથ્થો સંતાડી આવતાં બે શખ્સોને એલસીબી ઝોન-૧ની ટીમે ભાવનગર હાઈ-વે પર સીતારામ હોટલ સામેથી દારૂની ૫૪ બોટલ સાથે પકડી રૂા.૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.દરોડાની વિગત મુજબ, એલસીબી ઝોન-૧ના પીએસઆઈ બિ.વી.બોરીસાગર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં. ત્યારે સાથેના કોન્સ્ટેબલ હિતેષ પરમાર અને સત્યજીતસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે ભાવનગર હાઈ-વે રોડ સીતારામ હોટલ સામેથી એક શંકાસ્પદ કારને અટકાવી તેમાં તપાસ કરતાં પાછળની સીટ નીચે બનાવેલ ચોરખાનામાં છુપાવેલ દારૂની ૫૪ બોટલ મલી આવતાં કાર ચાલક અફઝલ હુસેન શેખ (ઉ.વ.૩૩) (રહે.સીયાણીજીગર, શેરીનં.૧, કોઠારીયા મેઈન રોડ) અને તેની સાથેના અલ્તાફ હબીબ નકાણી (ઉ.વ.૪૨) (રહે.રસુલપરા, કોઠારીયા સોલવન્ટ)ને પકડી દારૂ, કાર અને મોબાઈલ મળી રૂા.૧.૪૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પુછતાછમાં દારૂ સાથે પકડાયેલા બંન્ને શખ્સો હાલ લોકસભા ચૂંટણી અનુસંધાને ચેકીંગ વધુ હોવાથી બંન્ને મુંબઈમાં એક હોટલમાં રોકાયા હતાં.અને ત્યાં રૂા.૬૦૦માં દરરોજ પાંચ-સાંત બોટલ લઈ કારના ચોરખાના છુપાવી રાજકોટ પહોંચે તે પહેલાં જ પકડાય ગયા હતાં. રૂા.૬૦૦માં લઈ આવેલ દારૂ અહી રૂા.૨ હજારમાં વેંચતા હોવાની કબુલાત આપી હતી.





### ચુએસમાં નાગરિકરતા મેળવવા માટે ભારત હવે બીજા ક્રમનો સૌથી મોટો દેશ

## ૨૦૨૨ માં ૬૫૦૦૦ ભારતીયોએ US સિટીઝનશિપ લીધી

**યુએસ સેન્સસ બ્યુરોના અમેરિકન કોમ્યુનિટી સર્વે ડેટા અનુસાર, ૨૦૨૨ માં અંદાજિત ૪૬ મિલિયન વિદેશી-જન્મેલા વ્યક્તિઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં નોંધાયા, જે ૩૩૩ મિલિયનની કુલ યુએસ વસ્તીના આશરે ૧૪ ટકા છે**

વોશિંગટન,તા.૨૨

વર્ષ ૨૦૨૨ માં ૬૫,૯૬૦ જેટલા ભારતીયો સત્તાવાર રીતે યુએસ નાગરિક બન્યા છે, જે મેક્સિકો પછી અમેરિકામાં નવા નાગરિકો માટે ભારત બીજા ક્રમનો સૌથી મોટો સ્રોત દેશ બનાવે છે, અમેરિકી કોંગ્રેસના તાજેતરના અહેવાલ મુજબ.



યુએસ સેન્સસ બ્યુરોના અમેરિકન કોમ્યુનિટી સર્વે ડેટા અનુસાર, ૨૦૨૨ માં અંદાજિત ૪૬ મિલિયન વિદેશી-જન્મેલા વ્યક્તિઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં રહે છે, જે ૩૩૩ મિલિયનની કુલ યુએસ વસ્તીના આશરે ૧૪ ટકા છે.

૧૫ એપ્રિલના તેના નવીનતમ યુએસ નેચરલાઈઝેશન પોલિસી રિપોર્ટમાં, સ્વતંત્ર કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસે નાણાકીય વર્ષ ૨૦૨૨ માં, ૯૬૯,૩૮૦ વ્યક્તિઓ યુએસ નાગરિકો બન્યા.

''મેક્સિકોમાં જન્મેલી વ્યક્તિઓ સૌથી વધુ સંખ્યામાં વસવાટ કરે છે, ત્યારબાદ ભારત, ફિલિપાઇન્સ, ક્યુબા અને ડોમિનિકન રિપબ્લિકની વ્યક્તિઓ આવે છે,'' રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે.

નવીનતમ ઉપલબ્ધ ડેટાના આધારે, CRSએ જણાવ્યું હતું કે ૨૦૨૨ માં, ૧૨૮,૮૭૮ જેટલા મેક્સીકન નાગરિકો અમેરિકન નાગરિક બન્યા હતા. તેઓ પછી ભારતીયો (૬૫,૯૬૦), ફિલિપાઇન્સ (૫૩,૪૧૩), ક્યુબા (૪૬,૯૧૩), ડોમિનિકન રિપબ્લિક (૩૪,૫૨૫), વિયેતનામ (૩૩,૨૪૬) અને ચીન (૨૭.૦૩૮) હતા.

CRS મુજબ ૨૦૨૩ સુધીમાં, ૨,૮૩૧,૩૩૦ વિદેશી જન્મેલા અમેરિકન નાગરિકો ભારતના હતા, જે મેક્સિકોના ૧૦,૬૩૮,૪૨૯ પછી બીજા નંબરની સૌથી મોટી સંખ્યા છે. મેક્સિકો અને ભારત પછી ૨,૨૨૫,૪૪૭ વિદેશી અમેરિકન નાગરિકો સાથે ચીન આવે છે.

૨૦૨૩ સુધીમાં, ૨૯૦,૦૦૦ જેટલા ભારતમાં જન્મેલા વિદેશી નાગરિકો કે જેઓ ગ્રીન કાર્ડ અથવા લીગલ પરમેનન્ટ રેસીડન્સી (LPR) પર હતા તેઓ નેચરલાઈઝેશન માટે સંભવિત રીતે પાત્ર હતા. તાજેતરના વર્ષોમાં, કેટલાક નિરીક્ષકોએ નેચરલાઈઝેશન એપ્લિકેશન્સ માટે USCIS પ્રોસેસિંગ બેકલોગ પર ચિંતા વ્યક્ત કરી છે.

તેમ છતાં નેચરલાઈઝેશન એપ્લિકેશનોનો બેકલોગ ચાલુ છે, FY2020 થી એજન્સીએ પૂર્ણ થવા માટે પેન્ડિંગ અરજીઓની સંખ્યામાં અડધાથી વધુ ઘટાડો કર્યો છે.

## પોરબંદરમાં સાયકલ રેલીમાં ભાગ લેતા મનસુખ માંડવીયા : આવનારી પેઢી માટે પૃથ્વી સુરક્ષિત રાખવી જરૂરી

### પોરબંદર વિધાનસભા પેટા ચૂંટણીનાં ઉમેદવાર અર્જુન મોઢવાડીયા પણ જોડાયા







પોરબંદર : કેન્દ્રીય મંત્રી અને પોરબંદર લોકસભા બેઠકના ઉમેદવાર મનસુખ માંડવિયાએ પોરબંદર સાયકલિંગ કલબ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસે યોજાયેલી સાયકલ રેલીમાં ભાગ લીધો. લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન પણ તેમણે પોતાનો સમય કાઢી વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી અને તેના જાગૃતિના કાર્યક્રમને પ્રાથમિકતા આપી.

મનસુખ માંડવિયા જ્યારે સાંસદ તરીકે સંસદ ભવનમાં આવ્યા, ત્યારે તેમણે કલાઈમેટ કલબની પણ શરૂઆત કરી હતી અને તેમાં પણ શરત એવી હતી કે જે કોઈ સાંસદ આ કલબના સભ્ય બનશે તે સાઈકલ પર સંસદ ભવનમાં આવતા-જતા રહેશે, માંડવિયા પહેલેથી જ પૃથ્વીના સંરક્ષણ માટે સક્રિય છે. માંડવીયા સાયકલ લઈને અનેક વખત સંસદ ભવન પહોંચ્યા હતા

પોરબંદરમાં આયોજિત સાયકલ રેલીમાં મનસુખ માંડવિયએ જણાવ્યું કે, ચૂંટણી કરતાં આપણી પૃથ્વી વધુ મહત્વની છે, તેથી જ આજે હું આ સાયકલ રેલીમાં જોડાયો છું.

તે ઉપરાંત તેમણે કહ્યું કે, જો આપણે પૃથ્વીને બચાવવી હોય, આવનારી પેઢીઓ માટે પૃથ્વીને સુરક્ષિત રાખવી હોય, તો આપણે આજે જ પગલાં ભરવા પડશે, અને અત્યારે સમય આપણા હાથમાં નથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ મિશન લાઇફ શરૂ કર્યું છે, આપણે સૌએ મિશન લાઇફમાં જોડાઈ પૃથ્વીને બચાવવામાં યોગદાન આપવું જોઈએ.

આ સમય દરમિયાન મનસુખ માંડવિયાએ બાળકો સાથે ફોટા ક્લિક કર્યાં અને તે ફોટોઝ પર સોશિયલ મીડિયામાં લખ્યું કે ''My little army in action to save the planet''

## ભગવતીપરામાંથી કુખ્યાત હીસ્ટ્રીશીટર સાજલો પિસ્તોલ અને કાર્ટીઝ સાથે ઝડપાયો

### દારૂ અને મારામારી અનેક ગુનામાં સંડોવાયેલ શખ્સને બી ડીવીઝન પોલીસના મથકના હેડ કોન્સ્ટેબલ રાજેશ બાળા, કોન્સ્ટેબલ ભાનુશંકર ધાંધલા અને રાજદીપ પટગીરે દબોચી લીધો : રીમાન્ડ મેળવવા તજવીજ

રાજકોટ, તા. ૨૨

ભગવતીપરા મેઈન રોડ પર કબીર વાડી પાસે જાહેર રોડ પરથી કુખ્યાત હીસ્ટ્રીશીટર સાજીદ ઉર્ફે સાજલો દલને દેશી બનાવટની પિસ્તોલ અને જીવતા ૪ કાર્ટીસ સાથે બી ડીવીઝન પોલીસની ટીમે દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



પ્રાપ્ત વિગત મુજબ બી ડીવીઝન પોલીસ મથકના પી.આઇ. એસ.એન.જાડેજાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ રાજેશ બાળા, કોન્સ્ટેબલ ભાનુશંકર ધાંધલા અને રાજદીપ પટગીર સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે ભગવતીપરા મેઇન રોડ પર એક શખ્સ પિસ્તોલ સાથે ઉભો હોવાની ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી હીસ્ટ્રીશીટર સાજીદ ઉર્ફે સાજલો યુસુફ દલ (ઉ.વ.૩૬, રહે. ભગવતીપરા મેઇન રોડ, રિધ્ધિ સિધ્ધિ સોસાયટી, મુફદલ હોલવાળી શેરી) નામના શખ્સને દબોચી તેની પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ અને જીવતા કાર્ટીસ નંગ-૪ મળી રૂા. ૨૫૪૦૦નો મુદામાલ કબ્જે કરી પિસ્તોલ અને કાર્ટીઝ આરોપી કયાંથી લાવ્યો સહિતના મુદ્દાનો ભેદ ઉકેલવા રીમાન્ડ મેળવવા પોલીસે તજવીજ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી સાજીદ ઉર્ફે સાજલો દલ વિરૂધ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં મારામારી, એટ્રોસીટી, ધમકી, દારૂ સહિતના ગુના નોંધાયેલ છે. તેમજ એક વખત પાસામાં પણ જઇ આવ્યાનું ખુલ્યુ હતું.

## રૂા.૧૧ લાખનો ચેક રિટર્ન થતા મુંબઈની પેઢી સામે ફરિયાદ

રાજકોટ તા.૨૨

રાજકોટના મેટોડા જીઆઈડીસી મુકામે મનીષભાઈ જીવરાજભાઈ મેઘાણી 'બાલાજી ઈન્ડસ્ટ્રીસ' નામથી પ્રોપરાઈટર દરજજે ઓટો મોબાઈલ્સના માલનું મેન્યુફેકચર કરે છે. આરોપી દુર્ગેશ રમેશ મેહતા, દર્શીલ દુર્ગેશ મહેતા, અને નિલય દુર્ગેશ મેહતા કે જેઓ બોન ઈન્ટરનેશનલના નામથી પાર્ટનર દરજજે (અંધેરી વેસ્ટ, મુંબઈ-મહારાષ્ટ્ર) મુકામે ધંધો કરતા હોય તેઓએ બાલાજી ઈન્ડસ્ટ્રીસનો કોન્ટેક કરી ઓટો મોબાઈલ્સનો માલ મંગાવેલ હતો. માલની બાકી રહેતી રકમ પૈકી રૂા.૧૧,૭૬,૮૪૯ ચેક આપેલો હતો. જે ચેક બિનચુકતે પરત ફરેલ હતો. ફરીયાદીએ નોટીસ મોકલાવેલી છતા રકમ ન ચુકવતા આરોપીઓ સામે લોધીકાના પ્રિન્સીપાલ સીવીલ જજની કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરતા કોર્ટે તમામ આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરી હાજર થવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી પેઢી તરફે રાજકોટના વકીલ અતુલ સી. ફળદુ, તથા અજય કે. જાધવ તથા ચાર્મી કે. પંડયા રોકાયેલ છે.

## રાવણની લંકામાં ગુંજશે રામનો મહિમાઃ રામાયણ સંબંધિત સ્થળો વિકસાવાશે

### શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની ટીમ કોલંબો પહોંચી

નવીદિલ્હી,તા.૨૨

શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, હાઈ કમિશનર સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટ્રેઝરર સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજ અને તેમની ટીમને ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા.



શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ રવિવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ટોચના અધિકારીઓનું આયોજન કર્યું હતું. આ દરમિયાન દ્વિપક્ષીય રાષ્ટ્રમાં રામાયણ સાથે સંકળાયેલા સ્થળોના વિકાસમાં ભારત મદદ કરી શકે તેવી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમને અહીં ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા.

શ્રીલંકામાં ભારતીય હાઈ કમિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, હાઈ કમિશનર સંતોષ ઝા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજ અને તેમની ટીમને ઈન્ડિયા હાઉસ ખાતે મળ્યા હતા.

આ દરમિયાન ઝાએ સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ અને તેમની ટીમ સાથે ચર્ચા કરી કે જે રીતે ભારત રામાયણ સંબંધિત સ્થળોના વિકાસમાં મદદ કરી શકે છે, લોકો-લોકોને જોડે છે તેવી રીતે શ્રીલંકામાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકે છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે જવાબદાર સંસ્થા છે. સંતોષ ઝા શ્રીલંકામાં સ્વામી ગોવિંદ દેવ ગિરી મહારાજ દ્વારા સમર્થિત રામાયણ ટ્રેલ પ્રોજેક્ટના ઉદઘાટન સમારોહમાં પણ હાજર રહ્યા હતા.

તેમણે કહ્યું કે, જે રીતે આજે ભારત-શ્રીલંકા મિત્રતા ખીલી રહી છે તેવી જ રીતે રામાયણ ટ્રેલ પણ ખીલવી જોઈએ. રામાયણ એ પ્રાચીન ભારતના બે મુખ્ય સંસ્કૃત મહાકાવ્યોમાંનું એક છે અને હિંદુ ધર્મનો એક મહત્વપૂર્ણ ગ્રંથ છે. શ્રીલંકામાં રામાયણ ટ્રેલ પર ૫૨ સ્થળ છે.











(તસ્વીર : દેવેન અમરેલીયા)

## 'બધુ પુરૂ' થઇ ગયું, ભાજપને 'શબક' શીખડાવવાનો જ એક માત્ર વિકલ્પ

# હવે 'યુધ્ધ એ જ કલ્યાણ': ક્ષત્રિય સમાજે કાર્યાલય ખોલ્યું; બહેનોના ઉપવાસ

* બે દિવસમાં દરેક વોર્ડે કાર્યાલય ખુલશે; દરેક કાર્યાલયમાં પ્રમુખ સહિત ૧૧ની સમિતિ
* ૨૪મીથી 'ધર્મરથ' નીકળશે; દરેક વિસ્તારો તથા ગામડાઓમાં ફરશે; રૂટ તૈયારઃ સમગ્ર ગુજરાતમાં સાત રૂટ ફરશે
* આંદોલનમાં ક્યાંય હિંસા નહીં થાય; યુવાનોને 'માઁ ભવાની'ના શપથ લેવડાવ્યા છેઃ કોઇનો દોરીસંચાર નથી
* ઉપવાસ પર ૨૧ને બદલે સ્વયંભૂ રીતે ૧૦૦ બહેન-દીકરીઓ બેઠીઃ ક્ષત્રિય સમાજના પી.ટી. જાડેજા

રાજકોટ, તા.૨૨

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રીય રાજપૂત સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણી કરતા સમગ્ર રાજપૂત સમાજમાં રોષ ફેલાયો છે. પરસોતમ રૂપાલાએ માફી માંગી હોવા છતાં રાજપૂત ક્ષત્રિય સમાજે બહેન-દીકરીઓ વિશેની ટીપ્પણી માફીને યોગ્ય નથી તેમ જણાવી રૂપાલાની ટિકિટ રદ કરવા પાર્ટ-૧માં પરસોતમ રૂપાલા ઓપરેશનનું આંદોલન ચલાવ્યા બાદ ભાજપ સરકારે ક્ષત્રિય સમાજની માંગણીની અવગણના કરતાં એ પાર્ટ-૨ ભાજપ વિરૂધ્ધ પ્રચાર-પ્રસારનું આંદોલન છેડવામાં આવ્યું છે. જેના ભાગરૂપે રાજકોટ ખાતે એ.જી. ચોક ખાતે ક્ષત્રિય સમાજનાં કાર્યાલયનો પ્રારંભ થયો છે. સાથે અસ્મિતાની લડાઇમાં આજથી ક્ષત્રિય સમાજના ૧૦૦ બહેનોએ પ્રતિક ઉપવાસ આંદોલનનો પણ પ્રારંભ કર્યો છે.

રાજપૂત ક્ષત્રિય સમાજની સંકલન સમિતિની ભાજપ સરકાર સાથે વખતો-વખતની બેઠકમાં પરસોતમ રૂપાલાની ટીકીટ પરત ખેંચવામાં નહીં આવતા પાર્ટ-૧માં ઓપરેશન રૂપાલા હાથ ધરી સંમેલનો યોજાયા હતા તેમ છતાં પરસોતમ રૂપાલાએ વટભેર ઉમેદવારી ફોર્મ ભરતા ક્ષત્રિય સમાજની લડત વધુ ઉગ્ર બની છે.

સંકલન સમિતિ અને રાજપૂત સમાજનાં આગેવાન પી.ટી. જાડેજાએ પત્રકારોને જણાવ્યું હતું કે ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ પોતાનું ફોર્મ પરત નહીં ખેંચતા હવે ક્ષત્રિય સમાજનું પાર્ટ-૨ આંદોલન શરૂ થયું છે. જેમાં આજે એ.જી. ચોક ખાતે કાર્યાલય ખોલવામાં આવ્યું છે. સાથે ૨૧ બહેનોના બદલે ૧૦૦ જેટલા બહેનોએ પ્રતિક ઉપવાસ સાથે રામધૂન શરૂ કરી છે. હવે આગામી બે દિવસમાં તમામ ૧૮ વોર્ડમાં કાર્યાલય ખુલશે સાથે દરેક વોર્ડ વાઇઝ પ્રમુખ સહિતના હોદ્દેદારોની કમીટી બનશે. આઝાદી બાદ સૌ પ્રથમવાર બહેનો-મહિલાઓને રોડ-રસ્તા ઉપર ઉતરવું પડ્યું હોય તેવો આ બનાવની ભાજપ સરકારે ગંભીરતાથી નોંધ લીધી નથી જેથી હવે ક્ષત્રિય સમાજ રાજ્યમાં ૭ ધર્મ રથ થકી હવે ભાજપ સરકાર વિરુધ્ધ પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

રાજકોટમાં બે દિવસ બાદ એટલે કે તા.૨૪મીથી ધર્મરથનો પ્રારંભ થશે. આ ધર્મરથને કોઇ રોકી નહીં શકે તમામ તાલુકા અને ગામડે-ગામડે સમિતિ બનાવવામાં આવશે જેના માધ્યમથી ભાજપના ઉમેદવારોને કારમી હાર અપાવવા પ્રચાર-પ્રસાર કરશે. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના નેતા હેઠળ હવે 'ધર્મ યુધ્ધ એ જ કલ્યાણ' હેઠળ હવે આ વાત ચુલા સુધી પહોંચી એક ઘર બાકી નથી જ્યાં આક્રોશ નથી. હવે ગામડે-ગામડે ૧૮ વર્ષને સાથે રાખી કાયદાનું ઉલ્લંઘન કર્યા વિના ભાજપના ઉમેદવારોને હરાવવા ક્ષત્રિય સમાજના યુવાનો ભાઇઓ-બહેનો, માતાઓ કામે લાગી જશે તેમ અંતમાં પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું.પી.ટી. જાડેજાએ વધુમાં જણાવ્યું હતું કે અમારા આ આંદોલનમાં કોઇ ડેમેજ કંટ્રોલ થયું નથી. ક્ષત્રિય સંકલન સમિતિમાં ૯૨ના બદલે ૫૦૦ જેટલી સંસ્થાઓ જોડાઇ છે. ક્ષત્રિય સમાજમાં કોઇ ભાગલા પડ્યા નથી. બહેનો પણ પ્રતિક ઉપવાસ કરી આંદોલન કરી સંકલન સમિતિને પ્રેરકબળ પુરું પાડે છે. સમાજમાં કોઇ બે ભાગલા પડ્યા નથી.

## રાજકોટમાં હર્ષ સંઘવીની બેઠકમાં ભાજપના ક્ષત્રિય નેતાઓ સિવાય સમાજનું કોઈ ન હતું

### ભાજપના ક્ષત્રિય નેતાઓનું કામ નથી

રાજકોટ તા.૨૨

રાજકોટ બેઠકનાં ભાજપ ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલા હટાવવા સામે ક્ષત્રિય સમાજના આગેવાનોનું આંદોલન વધુ ઉગ્ર બન્યું છે છેલ્લા ૨૨ દિવસથી ચાલતા આ આંદોલનમાં હવે પાર્ટ-૨ શરૂ છે. ત્યારે સંકલન સમિતિ અને ક્ષત્રિય સમાજના આગેવાનો પી.ટી. જાડેજાએ જણાવ્યું છે કે ભાજપ સરકારે ક્ષત્રિય સમાજની વાત માની નથી અને રૂપાલાને યથાવત રાખ્યા છે. ત્યારે હવે ભાજપને હટાવવા ક્ષત્રિય સમાજ મેદાનમાં ઉતર્યો છે.

ગઈકાલે ગૃહ મંત્રી હર્ષ સંઘવીની બેઠકમાં ક્ષત્રિય સમાજના કોઈ આગેવાનો ન હતા ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો જ ઉપસ્થિત રહ્યા હશે જો ક્ષત્રિય સમાજ માની જશે સૌ પ્રથમ રાજીનામુ હું આપીશ તેમ અંતમાં પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું.

# જોખમી એલ.ઈ.ડી. લાઈટો ધરાવતા વાહન ધારકોને હવે પેનલ્ટી ફટકારાશે

### રાજયભરમાં ઝુંબેશ શરૂ કરવા વાહન વ્યવહાર કમિશ્નરનો આદેશ

રાજકોટ તા.૨૨

રાજકોટ સહિત રાજયભરમાં અનેક મોંઘી કારનાં ધારકો અને હેવી વ્હીકલ ધારકો સામેના વાહન ધારકની આંખો અંજાઈ જાય તેવી જોરદાર પ્રકાશ ફેંકતી એલઈડી લાઈટો ફીટ કરાવે છે. અને આવી લાઈટોનાં કારણે ઘણીવાર ગંભીર અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે. ત્યારે હવે રાજયના વાહન વ્યવહાર, વિભાગે આવા વાહનો સામે રાજયવ્યાપી દંડાત્મક પગલાની ઝુંબેશ રૂ કરવાનું નકકી કર્યુ છે. અને આવી ઝુંબેશ અમદાવાદ આરટીઓ અને ટ્રાફિક પોલીસે શરૂ પણ કરી દીધાનું જાણવા મળી રહ્યું છે.

અમદાવાદમાં આવી એલઈડી લાઈટો ધરાવતી અનેક એસયુવી કારો અને હેવી વ્હીકલ ધારકોને તંત્રએ પકડી દંડ પણ ફટકાર્યો છે. રાજયભરમાં જયાં જયાં આવી લાઈટો વાળા વાહનો ફરતા હોય તેને પકડી અને પેનલ્ટી ફટકારવા માટે વાહન વ્યવહાર કમિશ્નરે રાજયના તમામ આરટીઓ અધિકારીઓને ખાસ પરિપત્ર પાઠવ્યો છે.

ઉલ્લેખનિય બાબત એ છે કે એલઈડી ધરાવતા વાહન માલિકો ઉપરાંત આવી લાઈટો વેંચતા અને ફીટ કરી દેતા દુકાનદારો સામે પણ આરટીઓ અને ટ્રાફિક પોલીસ પગલા લેશે અને આવા દુકાનદારોને પણ દંડ ફટકારવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

રાજકોટ આરટીઓ તંત્ર પણ એલઈડી લાઈટો ધરાવતા વાહન ધારકો સામે ઝુંબેશ શરૂ કરનાર હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# શેરબજારમાં તેજીઃ વોડાફોનનો FPO છલકાયોઃ સોનામાં રૂા.૯૦૦ તથા ચાંદીમાં ૨૧૦૦નું ગાબડું




### સેન્સેક્સ ૪૦૦ પોઈન્ટ ઉંચકાયોઃ હેવીવેઈટ-રોકડા સહિત તમામ ઝળક્યા



રાજકોટ, તા.૨૨

ઈરાન-ઇઝરાયેલ વચ્ચેના યુધ્ધના ટેન્શન વચ્ચે શેર-સોના-ચાંદીમાં ઉથલ પાથલનો દોર છે. શેરબજારમાં જોરદાર ઉછાળો હતો ત્યારે સોના-ચાંદીમાં ગાબડા પડ્યા હતાં.

શેરબજારમાં આજે શરૂઆત ટોપ-અપ હતી. ઇરાન-ઇઝરાયેલ વચ્ચે કોઇ નવા છમકલા કે હુમલા થયા ન હોવાથી રાહત હતી. સારી અસર હેઠળ વિશ્વભરના માર્કેટ ઉંચકાયા હતા અને તેના પ્રભાવ હેઠળ ભારતીય બજારમાં પણ તેજી થઇ હતી. ભારતીય ફંડોની ધૂમ લેવાલી, અર્થતંત્ર વિશે આશાવાદ, કોર્પોરેટ પરિણામો સારા આવતા હોવાના સંકેત જેવા કારણોથી માર્કેટ તેજીનું બની રહ્યું હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે લોકસભાની ચૂંટણી, કોર્પોરેટ પરિણામો ટુંકાગાળામાં ભાગ ભજવી શકે છે. માનસ પ્રોત્સાહક જ છે.

શેરબજારમાં આજે હેવીવેઇટ શેરો લાઇટમાં હતા. રોકડાના શેરો પણ ઝળક્યા હતા. ઇન્ફોસીસ, આઇસીઆઇસીઆઇ બેંક, મારૂતી, નેસલે, પાવર ગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા મોટર્સ, ટીસીએસ, ટાઇટન, અલ્ટ્રાટેક, એશિયન પેઇન્ટસ, એકસીસ બેંક, બજાજ ફાઇનાન્સ, આઇશર મોટર્સ, ભારત પેટ્રોલીયમ, જીયો ફાઇનાન્સીયલ, હિન્દ કોપર જેવા શેરો ઉંચકાયા હતાં.

એચડીએફસી બેંક, ઇન્ડુસઇન્ડ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, એનટીપીસીમાં ઘટાડો હતો. વોડાફોન, આઇડીયાનો ૧૮૦૦૦ કરોડનો એફપીઓ સંપૂર્ણ ભરાઇ ગયો હતો. જો કે, શેરમાં ગાબડુ પડ્યું હતું.

મુંબઇ શેરબજારનો સેન્સીટીવ ઇન્ડેક્સ ૪૦૦ પોઇન્ટના ઉછાળાથી ૭૩૪૮૬ હતો તે ઉંચામાં ૭૩૭૨૮ તથા નીચામાં ૭૩૨૨૭ હતો. નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૧૪૬ પોઇન્ટના ઉછાળાથી ૨૨૨૯૩ હતો. તે ઉંચામાં ૨૨૩૩૭ તથા નીચામાં ૨૨૧૯૮ હતો.

બીજી તરફ સોના-ચાંદીમાં એકધારી રેકોર્ડબ્રેક બાદ આજે ગાબડુ પડ્યું હતું. વિશ્વબજારની નરમાઇનો પ્રત્યાઘાત હતો. રાજકોટ ખાતે હાજર સોનુ ૭૦૦ના ગાબડાથી ૭૫૩૦૦ હતું. જ્યારે ચાંદી ૨૧૦૦ના કડાકાથી ૮૪૩૦૦ હતી. વિશ્વબજારમાં સોનુ ૨૩૬૦ ડોલર તથા ચાંદી ૨૭.૮૩ ડોલર હતી. કોમોડીટી એક્સચેંજમાં સોનુ ૭૧૯૧૫ તથા ચાંદીનો ભાવ ૯૧૯૦૦ હતો.

# શહેરમાં શરદી-ઉધરસ-તાવ અને ઝાડા-ઉલ્ટીનો રોગચાળો વકર્યો

### સપ્તાહમાં જ શરદી-ઉધરસનાં ૬૬૦, તાવનાં ૩૦૭ અને ઝાડા-ઉલ્ટીનાં ૨૩૦ તથા ટાઈફોઈડનાં ૩ કેસો નોંધાયા







### મેલેરીયા-ડેંગ્યુ-ચીકનગુનીયાનાં પણ એક-એક દર્દી : મચ્છર ઉત્પતિ સબબ ૩૭૬ લોકોને નોટીસો ફટકારાઇ

રાજકોટ, તા. ૨૨

રાજકોટ શહેરમાં ડબલ ઋતુનાં પગલે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન ફરી શરદી-ઉધરસ, તાવ અને ઝાડા-ઉલ્ટીનાં કેસોમાં વધારો નોંધાયો છે. આ ઉપરાંત ડેંગ્યુ-મેલેરીયા અને ચીકનગુનીયાનાં પણ એક-એક કેસો નોંધાયા છે.

જયારે ટાઇફોઇડ તાવનાં પણ ત્રણ કેસો મ.ન.પા.ની આરોગ્ય શાખાનાં ચોપડે નોંધાયા છે.

દરમ્યાન આરોગ્ય શાખાનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગત તા. ૧૫ થી ૨૧ દરમ્યાન એટલે કે છેલ્લા એક સપ્તાહ દરમ્યાન શરદી-ઉધરસનાં ૬૬૦ કેસો નોંધાયા છે તેમજ સામાન્ય તાવનાં ૩૦૭ અને ઝાડા-ઉલ્ટીનાં ૨૩૦ કેસો નોંધવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાની અટકાયત માટે મહાપાલિકા દ્વારા અનેક પગલા પણ લેવાયા છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૫-૪ થી તા.૨૧-૪ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૫,૯૭૯ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે. તથા ૭૧૯ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ હતી.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૫૬ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂવલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ, વાડી, પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૨૬૬ અને કોર્મશીયલ ૧૧૦ આસામીને નોટીસ આપવામાં આવેલ હતી.

ડેંગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા રોકથામ માટે ૧૦ × ૧૦ × ૧૦નું સુત્ર અપનાવવું. જેમાં પ્રથમ ૧૦ : દર રવિવારે સવારે ૧૦ વાગે ૧૦ મિનિટ ફાળવવી. બીજા ૧૦ : ઘરમાં તથા ઘરની આસપાસના ૧૦ મીટરના એરીયામાં પાણી ભરેલા પાત્રો ઢાંકીને રાખવા તેમજ બિનઉપયોગી પાણી ભરેલા પાત્રો ખાલી કરવા. ત્રીજા ૧૦ : આ માહિતી અન્ય ૧૦ વ્યકિતઓ સુધી પહોંચાડવી. આમ, માત્ર ૧૦ મિનિટ આપને તેમજ આપના પરિવારને ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોથી બચાવી શકાશે.

## દરરોજ ઈન્સ્યુલીનની જરૂર; તિહાડ જેલ તંત્ર ખોટા રીપોર્ટ આપે છેઃ કેજરીવાલ



દિલ્હીના શરાબકાંડમાં કસ્ટડીમાં રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના આરોગ્ય વિશે પણ વિવાદ રહ્યો જ છે ત્યારે કેજરીવાલે એમ કહ્યું કે બ્લડસુગર લેવલમાં રાખવા દરરોજ ઈન્સ્યુલીનની માંગ કરી રહ્યું છે અને તિહાડ જેલતંત્ર દ્વારા બોગસ રીપોર્ટ આપવામાં આવી રહ્યો છે. જેલતંત્ર દ્વારા અગાઉ એવો દાવો કરાયો હતો કે એઇમ્સના તબીબ પાસે વીડીયો મારફત ચકાસણી કરાવવામાં આવી હતી. તબીબ દ્વારા કોઇ ગંભીર આરોગ્ય ચિંતાની વાત નકારવામાં આવી હતી.

કેજરીવાલે જેલ સુપ્રિટેન્ડેન્ટને પાઠવેલા પત્રમાં એમ કહ્યું છે કે બ્લડસુગર લેવલ ૨૫૦થી ૩૨૦ની ખતરનાક રેન્જમાં છે. રાજકીય ઇશારે જેલતંત્ર ખોટું બોલે છે.





તસ્વીર: પંકજ શિશાંગીયા

## ઉદ્યોગપતિ-પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મંત્રી યોગેશભાઈ પટેલ ભાજપમાં જોડાયા

ખુબ સરળ સ્વભાવના અને નેતૃત્વનો આગવો ગુણ ધરાવતા યોગેશભાઈ પટેલ પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મંત્રી રાજકોટ શહેર કોંગ્રેસ પૂર્વ ઉપપ્રમુખ રાજકોટ મ્યુ.કોર્પો વોર્ડ નં.૮માં ચૂંટણી લડેલ જનકલ્યાણ સમાજ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી અને ગોલ્ડનપાર્ક સોસાયટીના પ્રમુખ ભાજપમાં જોડાયા છે. સ્વામી નારાયણ ગુરુકુળ પરીવારના સક્રિય મેમ્બર વિમલ ટેકનોપ્રિન્ટ તથા વિમલ પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝ બંને બીઝનેસ,સંભાળે છે રાજકોટ શહેરના અગ્રણી ઉધ્યોગપતિમાં તેઓની ગણના થાય છે. એસ્ટ્રોન પેપર વોર્ડના પુર્વ ડાયરેકટરની ભૂમિકા પણ તેઓ નિભાવી ચુકયા છે. આ ઉપરાંત શ્રી જનકલ્યાણ સમાજ સેવા ટ્રસ્ટના દ્રષ્ટી તરીકે પણ તેઓ સેવા આપે છે. ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ, ગરીબ વિસ્તારમાં અનાજ વિતરણ મેડિકલ કેમ્પ, રોપા વિતરણ તેમજ બેટી બચાઓ બેટી પઢાવો સીવલ કલાસ વિગેરે ચલાવે છે. તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાતા આગેવાનોએ આવકાર્યા હતાં.

## દુષ્કર્મ પીડિત સગીરાના ૨૮ સપ્તાહના ગર્ભને પડાવવાની સુપ્રીમ કોર્ટે મંજુરી આપી

### મેડિકલ રિપોર્ટને ધ્યાનમાં રાખીને સુપ્રીમનો નિર્ણય



નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે આજે પોતાના એક નિર્ણયમાં ૧૪ વર્ષીય સગીરાના કથિત દુષ્કર્મ પીડિતાને તેની લગભગ ૨૮ સપ્તાહની ગર્ભાવસ્થાનો ચિકિત્સીય ગર્ભપાત કરાવવાની મંજુરી આપી છે. સુપ્રિમ કોર્ટે હોસ્પીટલ દ્વારા રજુ મેડીકલ રિપોર્ટને ધ્યાનમાં રાખીને આ આદેશ આપ્યો છે.

રિપોર્ટમાં સગીરાની ચિકિત્સીય સમાપ્તીનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો અને કહેવામાં આવ્યું હતું કે ગર્ભાવસ્થા ચાલુ રહેવાથી સગીરાના શારિરીક અને માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર પડશે.

બંધારણના અનુચ્છેદ ૧૪૨ અંતર્ગત પોતાની શક્તિઓનો પ્રયોગ કરતાં મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પીઠે લોકમાન્ય તિલક નગર મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પીટલના ડીનને નિર્દેશ આપ્યો છે. ગર્ભાવસ્થાને સમાપ્ત કરવા માટે મુંબઇ સાયનમાં તરત જ ડોકટરોની એક ટીમની રચના કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા સુપ્રિમ કોર્ટે ૧૯ એપ્રિલે સગીરાની મેડીકલ તપાસના આદેશ આપ્યા હતા. પીડીત સગીરાએ ૨૮ સપ્તાહના ગર્ભને પડાવવા માટે સુપ્રિમ કોર્ટમાં અરજી કરી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૦-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૫૩૫-૧૫૪૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૫૦-૧૫૭૦ |
| મકાઇ તેલ | ૧૫૬૦-૧૫૭૫ |
| વનસ્પતિ ઘી | ૧૬૮૦-૧૭૨૦ |
| કોપરેલ | ૨૨૮૦-૨૩૦૦ |
| દિવેલ | ૨૦૨૦-૨૦૪૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) | ચાંદી |
|---|---|
| ૭૫૩૦૦(-૭૦૦) | ૮૪૩૦૦(-૨૧૦૦) |

## મુસાફરોની માંગણીનો 'સાંજ સમાચાર'નાં માધ્યમથી પડઘો પડ્યો

# ૪.૮૯ કરોડનાં ખર્ચે પ્લેટફોર્મ નં.૪ જૂનનાં અંત સુધીમાં સંપૂર્ણ તૈયાર થવાની શકયતાઃ ૧૨ સેકશનનો કવર શેડ બનશે

### નવા એક મોડયુલર ટોયલેટ સાથે લીફટની પણ સુવિધાઃ હાલના દિવસોમાં ટ્રેનના આગમન પૂર્વે ઈન્ડીકેટરની ગાઈડલાઈન મુજબ તડાકામાં ઉભા રહેતા મુસાફરોની મુશ્કેલીઓનો અંત લાવવા રેલવે તંત્રનાં પ્રયાસો





મુસાફરોની માઠી દશાઃ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં હંગામી ટર્મીનલ, રેલ્વેમાં ખુલ્લું પ્લેટફોર્મ

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રેલ્વે સ્ટેશનમાં ૪ નંબર પ્લેટફોર્મમાં છાંયડો શોધવો મુશ્કેલ

પ્લેટફોર્મમાં શેડ, પંખા, લાઈટ, પાણી, ઈન્ડીકેટર, બેસવાના બાકડા, શૌચાલય, સ્ટોલ કોઈ પ્રકારની સુવિધા નહીં: ધોમધખતા તાપમાં મુસાફરો લાલચોળ; બપોરે તડકાથી બચવા બ્રિજ નીચે ઉભા રહેવા માટે ઘસારો

રાજકોટ,તા.૨૨

રાજકોટ રેલવે સ્ટેશન (જં)માં પ્લેટફોર્મ નં.૪માં અપુરતી સુવિધાઓને કારણે ભરઉનાળામાં તડકામાં તપતા મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.ત્યારે મુસાફરોને સારી સુવિધા આપવા રેલવે તંત્રએ આ પ્લેટફોર્મ નં.૪ને સુવિધાજનક બનાવવા રૂા.૪.૮૯ કરોડનાં કામો વધુ ગતિશિલ બંને તેવા પ્રયાસો હાથ ધરતા પ્લેટફોર્મ નં.૪ આગામી જૂન માસ સુધીમાં સંપૂર્ણ તૈયાર થનાર હોવાનું રેલવેના આધારભૂત સુત્રોએ જણાવ્યું છે.

રેલવે સ્ટેશન (જં)માં પ્લેટફોર્મ નં.૪માં શિયાળો, ઉનાળુ, ચોમાસુ ઋતુમાં ખુલ્લા આકાશ નીચે ઉભા રહેતા મુસાફરીની સુવિધા માટે આગામી જુન માસ સુધીમાં ૧૬.૧૦ મીટરના એવા ૧૨ સેકશનનો વિશાળ કવર શેડ તૈયાર થતાં મુસાફરોને મુશ્કેલીનો અંત આવશે. આ સાથે એક નવુ મોડયુસર ટોયલેટની સુવિધા ઉપલબ્ધ થશે ટ્રેનોમાં પાણી ભરવા માટેની પાણીની પાઈપ, ટયુબની સુવિધા, કવર શેડના તમામ સેકશનમાં લાઈટ, પાણી, પંખા, બેસવાના બાકડા, સ્ટોલ, ડીસ્પ્લે ઈન્ડીકેટર સહિતની સુવિધા ઉપલબ્ધ થનાર છે.

હાલમાં પ્લેટફોર્મ નં.૪ ઉપર ૯૬૦ સ્વેકટ મીટરના કવર શેડ સાથે ઈન્ડીકેટર કાર્યરત કરાયા છે. એક તરફ જ શૌચાલયની વ્યવસ્થા છે. આ પ્લેટફોર્મ પર હાલ અપ-ડાઉન ટ્રેનોનું આગમન પ્રસ્થાન શરૂ છે.પ્લેટફોર્મ નં.૪માં મુસાફરોને પડતી તમામ અગવડતાઓ દુર કરવા રેલવે તંત્રએ પ્રયાસ હાથ ધર્યા છે. જૂન સુધીમાં કવર શેડનું કામ પૂર્ણ થતા જ મુસાફરોની સુવિધામાં વધારો થશે.ઉનાળુ વેકેશનની રજાઓને ધ્યાને લઈ રેલ્વે તંત્રએ અન્ય રાજયોની જોડતી લાંબા અંતરની સ્પે.ટ્રેનોની ટ્રીપ દોડાવી મુસાફરોની રેલ યાત્રા સુદ્રઢ આરામ દાયક બનાવવા પ્રયાસો હાથ ધર્યા છે.

### મુસાફરોને સુવિધા આપવા રેલવે તંત્ર કામોને વધુ ગતિશીલ બનાવશે

# યુવા વકીલો માટે બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

### રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ તથા ભાજપ યુવા લીગલ સહાયક સેલ દ્વારા ત્રણ દિવસીય ટુર્નામેન્ટ રમાશે




રાજકોટ, તા.૨૨

રાજકોટના રાત્રી પ્રકાશ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ ખુબજ મોટા પ્રમાણમાં આયોજનો થઈ રહ્યા છે અને ત્યારે રાજકોટ શહેર ભાજપ લીગલ સેલ તથા ભાજપ યુવા લીગલ સહાયક સેલ ટીમ દ્વારા ફકત યુવા એડવોકેટો માટે બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરેલ છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટ ત્રણ દીવસ માટે રમાવવાની છે અને તારીખ :- ૨૬ એપ્રિલથી તા.૨૮ એપ્રિલ દરમ્યાન શહેરની મધ્યમાં આવેલ વીરાણી હાઈસ્કુલમાં આ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન રાખવામાં આવેલ છે અને નોકઆઉટ પધ્ધતીથી આ ટુર્નામેન્ટ રમાડવામાં આવશે. ટુર્નામેન્ટમાં કુલ ૨૨ ટીમોની એન્ટ્રી આવેલ છે આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ ૧૬ ટીમોનો સમાવેશ કરવાનો હોય વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટના આખરી દિવસે એટલે કે તા. ૨૮/૪ના રોજ રવિવારે આમંત્રીત ટીમોને રમાડવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજકોટ બાર એસોશીએશનની ટીમ, ભારતીય જનતા પાર્ટીની ટીમ, પત્રકારોની ટીમ, લીગલ સેલની ટીમ, મહિલાઓની ટીમને પણ બોકસ ક્રિકેટ રમવા માટેનું આમંત્રણ આપવામાં આવનાર છે.

આ બોકસ ક્રિકેટ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે શહેર ભાજપ અધ્યક્ષ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ લીગલ સેલના સંયોજક પીયુષભાઈ શાહ, સહકન્વીનર કમલેશભાઈ ડોડીયા, તથા કોર કમીટીના સભ્યો જયસુખભાઈ બારોટ, શૈલેષભાઈ વ્યાસ, રાકેશભાઈ ગોસ્વામી, વિરેનભાઈ વ્યાસ, વિમલભાઈ ડાંગર, ધર્મેશભાઈ સખીયા, નેહાબેન જોષી ના માર્ગદર્શન હેઠળ ભાજપ યુવા લીગલ સહાયક સેલ ના કન્વીનર અભીષેક શુકલ, સહકન્વીનર સાગર હપાણી, પાર્થરાજસીહ ઝાલા, નીશાંત જોષી, કીશન રાજાણી, રવી ધ્રુવ, હિમાલય મીઠાણી, હીત અવલાણી, મીત સોમૈયા, આનંદ રાધનપુરા, જીતેશ રાઠોડ, ભુમીકા પટેલ, હેમલ ગોહેલ, ચેતન ચોવટીયા, પ્રતીક વ્યાસ, રીતીન મેંદપરા, કેવલ પુરોહીત, રવી લાલ, કરણ ગઢવી, રાહુલ મકવાણા, ભાર્ગવ બોડા, મીલન મેનોરા, પ્રદીપ પરમાર, અજયસીહ ચુડાસમા, પ્રશાંત રૂપારેલીયા, હુશેન હેરંજા, અલય ખખ્ખર, મૌલીક જોષી, સ્મીત પારેખ, ભાર્ગવ જોષી, ચાંદની પુજારા વીગેરે જહેમત ઉઠાવી રહયા છે.

# જળ સંકટનાં નિવારણ માટે કલ્પસર યોજનાનું કામ શરૂ કરવાની ખાદ્યતેલ-તેલિબિયા સંગઠન પ્રમુખ સમીર શાહની માંગણી

### સંભવિત વિકરાળ જળ સમસ્યા નિવારવા મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત

રાજકોટ, તા.૨૨

તાજેતરમાં જ દેશના અખબારે નદીઓ, તળાવ, સરોવર, કુવા વગેરે સુકાઇ જવાને કારણે આવનારા દિવસોમાં પાણીનો પ્રશ્ન અતિ વિકટ થવા અંગેનો રીપોર્ટ પ્રકાશિત કર્યો હતો જેમાં રાજેન્દ્રસિંહજીના મંતવ્યો અને તારણો ચોંકાવનારો છે અને આવનારા દિવસો કેવા વિકટ જશે તે અંગે લાલબતી બતાવનાર છે.

રાજ્ય સરકાર મહત્વની કલ્પસર યોજના ત્વરિત ચાલુ કરે તેવી માંગ ખાદ્યતેલ અને તેલીબીયા સંગટનના પ્રમુખ સમીર શાહે માંગણી ઉઠાવી મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે.

જો સમયસર આયોજન ન કરાય તો સ્થિતિ બેકાબુ બની શકે તેમ છે. આપણા રાજ્યની વાત કરીએ તો આપણા મહતમ વિસ્તારો સંપૂર્ણપણે નર્મદાના નીર પર નિર્ભર છે. અમદાવાદ, ઉ.ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર સહિત નર્મદાના નીર પર નિર્ભર છે. સરદાર સરોવર ડેમ પુરો ન ભરાય કે મધ્ય પ્રદેશમાં ઓછો વરસાદ થાય અને ત્યાંની સરકાર દ્વારા નર્મદાનું પાણી પોતાના રાજ્યમાં સંગ્રહિત કરે તો હાલના સમયમાં પણ આપણે ત્યાં પાણીની પરિસ્થિતિ અતિ વિકટ થાય તેમ છે.

ખંભાતને ક્રમશઃ મીઠા પાણીમાં તબદીલ કરતી કલ્પસર યોજનાનો રોડ-મેપ વર્ષોથી તૈયાર છે પણ કોઇ અગમ્ય કારણોસર આ યોજના પરિપૂર્ણ કરવા કોઇ કાર્યવાહી થતી નથી આ યોજનાના અનેક લાભો છે જેવા કે સરકાર સરોવરથી પણ વધુ જળસંગ્રહ, સંપૂર્ણપણે ગુજરાત રાજ્યનો કબજો, સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સિંચાઇની પર્યાપ્ત ક્ષમતા, સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત અને મુંબઇનું રોડ ડીસ્ટન્સ ઘટવું, વિપુલ પ્રમાણમાં વીજળીની ઉપલબ્ધી, કોઇ અતિરિક્ત જમીનનું ડૂબમાં ન જવું, પર્યાવરણ પર કોઇ આડ અસરો નહીં વગેરે, આટલા બધા ફાયદાઓ હોવા છતાં આ યોજના અંગેની કામગીરી વર્ષોથી ઠપ્પ છે. પરંતુ આ યોજનાને આગળ ધપાવવાની કોઇ કાર્યવાહી થતી લાગતી નથી.

આપણા સદનસીબે કેન્દ્રમાં પણ આપણા પોતાના લોકલાડીલા નરેન્દ્રભાઇના નેતૃત્વવાળી સરકાર છે ગુજરાતને સંભવિત વિકરાળ જળ સમસ્યા તરફ લઇ જતી અટકાવે તેવી પણ યોજનાને તેઓ વિના વિલંબે સ્વીકૃતિ આપશે જ તે નિશ્ચિત છે. અંતમાં સમીર શાહએ જણાવ્યું છે.

# લીંબાણી પરિવાર દ્વારા શ્રી દાડમાદાદાની જગ્યા નવી હળીયાદ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

રાજકોટ તા. ૨૨

લીંબાણી પરિવારના ઈષ્ટદેવ શ્રી દાડમા દાદાની જગ્યા નવી હળીયાદ તા. બગસરા ખાતે આગામી તા. ૨૪ થી ૩૦ એપ્રિલ સુધી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયુ છે. જેના વ્યાસાસને શાસ્ત્રીશ્રી જોગીદાદા પી. વ્યાસ બીરાજી દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩થી ૬ કથામૃતનું રસપાન કરાવશે. કથા દરમિયાન આવતા વિવિધ પ્રસંગોની ભાવભેર ઉજવણી કરાશે.



જેમાં તા. ૨૭ ના શનિવારે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામ જન્મ અને સાંજે ૫.૩૦ વાગ્યે શ્રી કૃષ્ણ જન્મ ઉત્સવ ઉજવાશે. તા. ૨૯ ના સાંજે ૫ કલાકે રૂક્ષ્મણી વિવાહનો પ્રસંગ મનાવાશે. દરરોજ સવારે ૭.૩૦ કલાકે દેવ પૂજા થશે. કથા પૂર્ણાહુતિના દિવસે તા. ૩૦ ના મંગળવારે દશાંશ હવન રાખેલ છે. કથા દરમિયાન રાત્રે પણ વિવિધ કાર્યક્રમો આયોજીત કરાયા છે. જેમાં તા. ૨૫ ના ગુરૂવારે રાત્રે ૯.૩૦ વાગ્યે રાસ ગરબાની રમઝટ, તા. ૨૭ના શનિવારે રાત્રે ૧૦ વાગ્યે સુરશ્યામ કાનગોપી ગ્રુપ જગાભાઈ આહીરનો કાનગોપી કાર્યક્રમ, તા. ૨૯ ના સોમવારે રાત્રે ૧૦ વાગ્યે આઈશ્રી ખોડીયાર નાટક મંડળ દ્વારા 'બાબરો ભૂત' નાટક રજુ થશે. ધર્મપ્રેમીજનોએ કથા શ્રવણનો લાભ લેવા વિઠલભાઈ લીંબાણી, વિનુભાઈ લીંબાણી દ્વારા જણાવવામાં આવ્યું છે.

### જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશન-આશ્રય કમીટી દ્વારા

# ઉનાળાની કાળઝાળ ગરમીમાં પગ ઠારવાનું અભિયાનઃ પાદુકા વિતરણ

રાજકોટ તા.૨૨

જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ તથા આશ્રય કમીટી દ્વારા આ વર્ષે પણ અમીશભાઈ દોશી અને સેક્રેટરી જનરલ ચિરાગભાઈ ચોકસીના સીધા માર્ગદર્શન હેઠળ ફેડરેશનની આશ્રય કમિટીના માર્ગદર્શન એવા ઉપપ્રમુખ મનીષભાઈ દોશીનાં સંપૂર્ણ સહકાર સાથે આશ્રય કમિટીનાં ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા આ વખતે એક નવો 'સમર સેવા પ્રોજેકટ' પગ ઠારવાનું અભિયાન 'પાદુકા' સમગ્ર ભારતના જેએસજી પરિવારને આપેલ છે. તેથી જૈન સોશિયલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનની આશ્રય કમિટી દ્વારા તા.૧/૪થી તા.૧૫/૬ સુધી એટલે કે સતત અઢી માસ સુધી જેએસજીઆઈએફના ભારતભરના ૯ રીજીયન દ્વારા તેના ૪૪૫ ગ્રુપ અને ૯૦,૦૦૦ સભ્ય દંપતીના સથવારે એક પગ ઠારવાનું અભિયાન 'પાદુકા' શિર્ષક હેઠળ કાર્યક્રમમાં આવેલ છે.

જેનો વિધિવત લોન્ચિંગ રાજકોટ ઝોન પરિવારની હાજરીમાં ફેડરેશનના ઉપપ્રમુખ મનીષભાઈ દોશી, આઈડી નીલેશભાઈ કામદાર સૌ રિજ. ઈલેકટ ચેરમેન સેજલભાઈ કોઠારી, વાઈસ ચેરમેન જયેશભાઈ વસા, આશ્રય કમિટીના ચેરમેન ઉપેનભાઈ મોદી દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે સૌ રિજ.ના સંગિની કન્વીનર શ્રીમતી સેજલબેન દોશી, પી.આર.ઓ. એડમીન મીરાબેન દોશી તથા ઝોન કોર્ડીનેટર રાજેશભાઈ મોદી, સૌ રિજ.ના માર્ગદર્શક નિતેશભાઈ કામદાર પણ ઉપસ્થિત રહેલ. અને રાજકોટના જેએસજી પરિવારના નવો ગ્રુપોના મિડટાઉન, ડાઉન ટાઉન, એલિટ, પ્રાઈમ, પ્રમુખો, મંત્રીઓ, હોદ્દેદાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્દ્ઘાટન વખતે જ રાજકોટ ઝોન પરિવાર દ્વારા પાંચ હજાર (૫૦૦૦) ચંપલ-સ્લીપર વિતરણની જાહેરાત કરવામાં આવી.

સૌરાષ્ટ્ર રીજીયનના ૩૫થી વધુ ગ્રુપો તથા ૧૨ સંગિની ગ્રુપો દ્વારા સૌરાષ્ટ્રમાં આશરે ૨૫૦૦૦ ચંપલ સ્લીપર વિતરણ કરવામાં આવશે.



# સાળંગપુરમાં પૂ.મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ફુલડોલ ઉત્સવમાં ૭૫ હજાર હરિભકતો અધ્યાત્મક કેસુડાના રંગે રંગાયા

(વિપુલ હિરાણી દ્વારા)

ભાવનગર,તા.૨૨

ભગવાન સ્વામિનારાયણે વડતાલ ગઢપુર, સારંગપુર અમદાવાદ એવા વિવિધ સ્થળોએ ફુલદોલના સમૈયાઓ કરીને ભકતોને સ્મૃતિઓ આપીને ગુજરાતની ધરાને ભકિતભીની કરી હતી. તેની કાયમી સ્મૃતિ માટે આ સમૈયો દર વર્ષે સારંગપુર ખાતે ઉજવાતો આવ્યો છે. પ.પૂ.પ્રમુખ સ્વામી મહારાજ દર વર્ષે ફુલદોલનો ઉત્સવ સારંગપુર ધામધૂમપુર્વક ઉજવાતા જેની સ્મૃતિઓના આજે પણ સૌ કોઈ સાક્ષી છે તેઓ આશીર્વાદ આપતાં કહેતા કે દુનિયાના રંગે તો બધા રંગાઈ છે પણ આપણે ભગવાનના રંગે રગાંવવાનું છે.એજ પરંપરામાં પ.પૂ. મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં આ વર્ષે આજના દિવસે આ ફુલદોલ ઉત્સવ ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો જેમાં દેશ-પરદેશથી ૭૫૦૦૦ હરિભકતો આ પ્રસંગે લાભ લેવા પધાર્યા હતાં. આટલી મોટી સંખ્યામાં આવનાર હરિભકતોની વ્યવસ્થા પણ સુંદર રીતે કરવામાં આવી હતી. ૩૦ જેટલા સેવાવિભાગોમાં ૮૦૦૦ સ્વયંસેવક સેવિકાઓ ખડેપગે ઉભા રહીને સેવા કરી રહ્યા હતાં. હરિભકતોની સુવિધા માટે થોડા થોડા અંતરે પુછપરછ કેન્દ્રોની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિવિધ સેવા વિભાગોમાં સંતો-ભકતોએ ઉપવાસ વ્રત કરતાં કરતાં તનતોડ સેવા કરી હતી. હરિભકતો મંદિર પરિસરમાં દર્શન કરી બી.એ.પી.એસ. વિદ્યામંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરી રહ્યા હતાં. ત્યાં ૧૦ લાખ ચોરસફૂટ ભૂમિને સ્વચ્છ અને સમથળ કરીને સભામંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. સાંજે ૫.૪૫ વાગે જયારે ફુલદોલ ઉત્સવની મુખ્ય સભાની શરૂઆત થઈ ત્યારે સભાસ્થળ હરિભકતો ભાવિકોથી ઉભરાંતુ હતું. સભામાં પ્રવેશ પ્રાપ્ત કરતા જ તમામ હરિભકતોને આનંદની અનુભૂતિ થતી હતી. વિશાળ મંચ પર પ.પૂ.મહંતસ્વામી મહારાજે કરેલ યુગકાર્યો રોબીન્સ્વીલ અક્ષરધામ તથા અબુધાબીમાં નિમિતે ભવ્ય હિન્દુ મંદિરની પ્રતિકૃતિઓ મંચની પીછવાઈમાં શોભી રહી હતી. આ સાથે જ સંસ્થાની વિવિધ સામાજિક સેવાઓમાં અગ્રેસર રહી કાર્ય બજાવતાં કાર્યકરોના સમર્પણ અને બલિદાનને કાર્યકર સુવર્ણ મહોત્સવ વર્ષે બિરદાવ્યું હતું. બી.એ.પી.એસ. સંસ્થાના આંતરરાષ્ટ્રીય કન્વીનર પૂ.ઈશ્વરચરણ સ્વામીએ આવનારી ચૂંટણીઓને અનુલક્ષીને રાષ્ટ્રનો ઉત્કર્ષ અને વિકાસ માટે દરેક નાગરિકની ફરજ રૂપે મતદાન કરવા અનુરોધ કર્યો હતો.ત્યારબાદ ઉત્સવની ચરમસીમા આવી જેમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે અક્ષરપુરૂષોત્તમ મહારાજનું પૂજન કરી તેમને પિચકારીથી રંગે રગ્યા હતાં. ત્યારબાદ ઉપસ્થિત તમામ સંતો અને હરિભકતોએ આરતી અર્ધ્ય અર્પણ કર્યું હતું.



### સ્વામિનારાયણ ગુરૂકુળ-રાજકોટ દ્વારા મવડીરોડ પર ચાલતી

# ભાગવત કથામાં કૃષ્ણ પ્રાગટ્યમહોત્સવ ઉજવાયો

રાજકોટ,તા.૨૨

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટ સંસ્થા દ્વારા બાપા સીતારામ ચોક, મવડી રોડ, રાજકોટ ખાતે ભાગવત કથા પારાયણમાં પ્રથમ દિવસે શ્રી કૃષ્ણ પ્રાગટ્ય ઉત્સવ ની ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આ ભાગવત સમાહ મોરબી રોડ ઉપર કાગદડી પાસે આકાર લઈ રહેલ કન્યા ગુરૂકુલ ના લાભાર્થે આયોજિત થયેલી છે.

બીજા દિવસે વકતા શાસ્ત્રી શ્રી પૂ. ચૈતન્ય સ્વરૂપ દાસજી સ્વામીએ કનૈયા ના માખણ લીલાની ભાવવાહી શૈલીમાં રસપ્રદ રજૂઆત કરી શ્રોતાઓને રસ તરબોળ કર્યો.

સમપદી પ્રવચનમાળા અંતર્ગત દ્વિતીય પદમાં માનસિક વિકાસ વિષય પર જાણીતા આયુર્વેદાચાર્ય શ્રી ગૌરાંગભાઈ વ્યાસે ગર્ભ વિજ્ઞાન પરના રિસર્ચ અંગેની તેમજ દીકરીઓના વિકાસમાં માનસિક વિકાસનો ફાળો કેટલો છે તેની ઊંડાણપૂર્વક રજૂઆત કરી.પ. પૂ. ગુરુ મહારાજ શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી અને પ.પૂ. મહંત સ્વામી શ્રી દેવપ્રસાદજી સ્વામી એ મંગળ સુભાશીશ પાઠવ્યા હતા.

દાતાઓએ દાનની સરવાણી દ્વારા કન્યા ગુરૂકુલના નિર્માણને વધાવી લીધું હતું. તેમજ નાની નાની બાળાઓએ પણ પોતાની બચત બેંક- પિગી બેંક પૂજ્ય સાંખ્યયોગી બહેનોને કન્યા ગુરૂકુળ ના નિર્માણમાં પોતાની બચત ની રકમ અર્પણ કરી કન્યા ગુરૂકુલમાં પોતાના જેવી બાળાઓને ભણવાનો અવસર મળે તેવી ભાવના વ્યક્ત કરી.

તરવડા ગુરૂકુલથી પધારેલા પ.પૂ.શ્રી કૃષ્ણપ્રિયદાસજી સ્વામીએ આવનારા દિવસોમાં નવી પેઢીને શિવાજી જેવા શુરવીર અને નિર્વ્યસની પુત્રો માટે મહિલાઓ અને યુવતીઓમા સંસ્કાર તેમજ સશક્તિકરણ પર ભાર મૂક્યો હતો.

# રાજૂ એન્જિનિયર્સ લિમિટેડે વિસ્તારેલી રાજકોટ ફેસિલિટીનું ઉદઘાટન કર્યું, ઉત્પાદન ક્ષમતા વધારશે

### વિસ્તરણ થયેલા પ્લાન્ટમાં હાલના ચાર મશીનથી એક જ સમયે ૧૨ મશીનોનું ઉત્પાદન થવાની સંભાવના છે



રાજકોટ : પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરીના ક્ષેત્રે અગ્રણી કંપની રાજૂ એન્જિનિયર્સ લિમિટેડ રાજકોટમાં તેની વિસ્તારેલી ફેસિલિટીના ઉદઘાટનની ગર્વભેર જાહેરાત કરે છે. કંપનીએ વધતી માંગને સંતોષવા તથા ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવા માટે તેની ઉત્પાદન ક્ષમતા ત્રણ ગણી કરી હોવાથી આ વિસ્તરણ કંપનીની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન રજૂ કરે છે. આ વિસ્તરણ એક વિશાળ સ્ટ્રક્ચર છે જે ગત ઓગસ્ટમાં ખરીદવામાં આવેલી બાજુની ૨૮,૨૧૦ ચોરસ ફૂટ જમીનમાં ઊભું કરવામાં આવ્યું છે. આ વિસ્તરણ કરવામાં આવેલી ફેસિલિટી ઉત્પાદન ક્ષમતાને ૩૦ ટકા વધારશે. ક્વોલિટી કંટ્રોલ માટેની સમર્પિત જગ્યાથી કંપનીને ગ્રાહક અનુભવમાં વધારો કરવા માટે મદદ મળશે.

કંપનીએ ફેકટરી શેડમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે જે લગભગ ૧૮,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલો છે અને ૧૦૦ ફૂટ ઊંચો છે. આ રોકાણ નવીનતા, ગુણવત્તા, વિકાસ અને ગ્રાહક સંતોષ માટે કંપનીની પ્રતિબદ્ધતા દર્શાવે છે. એડવાન્સ્ડ ટેક્નોલોજીથી સજ્જ આ વિસ્તરણ થયેલી ફેસિલિટી પ્રોડક્શનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે અને અદ્વિતીય ચોકસાઇ અને વિશ્વસનીયતા સાથે વિશ્વભરની વિવિધ જરૂરિયાતો સંતોષશે.

આ વિશેષ પ્રસંગે રાજૂ એન્જિનિયર્સ લિમિટેડના ચેરમેન આર એન દોશીએ જણાવ્યું હતું કે અમારી રાજકોટ ફેસિલિટીના વિસ્તરણનું ઉદઘાટન એ અમારી સફરમાં વધુ એક મહત્વનું સીમાચિહ્ન છે. અમારા નેશનલ અને ઇન્ટરનેશનલ કલાયન્ટ્સને ઉચ્ચ ગુણવત્તાની પ્રોડક્ટ્સ પૂરી પાડવા માટે અમે દ્રઢપણે ધ્યાન આપી રહ્યા છીએ. આ ઉદઘાટન નવીનતા, ગુણવત્તા તથા ટકાઉ વિકાસ માટે અમારી દ્રઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે જે રાજૂ એન્જિનિયર્સ માટે એક નોંધપાત્ર હરણફાળ છે.

આ વિસ્તરણ પ્રોજેક્ટનું સફળતાપૂર્વક સમાપન એ તમામ હિસ્સેદારો માટે વિકાસ તરફનું આગળનું પગલું દર્શાવે છે. તે ઉચ્ચ ઉત્પાદકતા અને ઓપરેશનલ ઉત્કૃષ્ટતા માટેનો માર્ગ મોકળો કરે છે. રાજૂ એન્જિનિયર્સ નવા ઉત્સાહ તથા પ્રતિબદ્ધતા સાથે તેના સફળ પ્રવાસને ચાલુ રાખવા માટે આતુર છે.

આ વિસ્તારેલી ફેસિલિટી સ્થાનિક સ્તરે ડિઝાઇન કરેલી અને એસેમ્બલ કરેલી મશીનરીનું ઉત્પાદન કરશે જે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ હબ બનવાના ભારતના વિઝન સાથે જોડાયેલું છે. તે આયાતના અવેજીની ભાવના અને મેક ઈન ઈન્ડિયા પહેલને મૂર્ત બનાવે છે. આ પ્રગતિ સાથે રાજૂ એન્જિનિયર્સ નવીનતા તથા ઉત્કૃષ્ટતા પ્રત્યે તેનું સમર્પણ મજબૂત બનાવે છે અને ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભરતા માટે દેશને આગળ ધપાવે છે.

# મવડી ફાયર સ્ટેશનને 'બેસ્ટ ફાયર સ્ટેશન' પરફોર્મન્સનો એવોર્ડ એનાયત કરાયો



રાજકોટ, તા. ૨૨

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝને નેશનલ ફાયર ડે ૧૪ મી એપ્રિલ ફાયર ડેના નેશનલ ફાયર સર્વિસ વીક ૨૦૨૪ ઉજવણી અંતર્ગત ગુજરાત રાજય અગ્નિ નિવારણ સેવાઓ ગાંધીનગર દ્વારા 'બેસ્ટ ફાયર સ્ટેશન' પુરસ્કાર માટે નોમિનેશન માટે ગુજરાત રાજયના તમામ મહાનગરપાલિકાઓ પૈકી અમદાવાદ, સુરત અને રાજકોટને પુરસ્કાર મળેલ છે.

જેમાં રાજકોટ મહાનગરપાલકાના મવડી રોડ ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સનો પુરસ્કાર એવોર્ડ તા.૧૯-૪ના રોજ ગાંધીનગર ખાતે શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ, અગ્ર સચિવના વરદ હસ્તે મળેલ જેમા ચીફ ફાયર ઓફીસર આઈ. વી. ખેર, મવડી ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર એમ. કે. જુણેજા હાજર રહેલ હતા.

રાજકોટ મહાનગરપાલિકાના મવડી ફાયર સ્ટેશનને બેસ્ટ ફાયર સ્ટેશન પરફોર્મન્સ એવોર્ડ એનાયત થતા મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ દ્વારા ફાયર સ્ટેશન ટીમને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## કાલે બ્લડ કેમ્પનુ આયોજન

બાલ હનુમાન યુવક મંડળ દ્વારા હનુમાન જન્મોત્સવ નિમિતે આવતીકાલે મંગળવાર ના રોજ મેગા બ્લડ કેમ્પ નું આયોજન ૪/૧૪ લક્ષ્મીવાડી શ્રીમદ સાનિધ્ય એપાર્ટમેન્ટ, રાજકોટ ખાતે સમય સાંજે ૪-૩૦ થી ૮-૩૦ સુધી કરેલ છે.



શ્રી વાસુપુજ્ય સ્વામી જીવદયા ગ્રુપ તથા શ્રી પારસ પુનમ મંડળનાં સહયોગથી મોટા વડાલા પાંજળાપોળ માં એક ટ્રક ઘાસ , એક બોલેરો રાજદાણ અને સુખડી ખવડાવતાં વિરેન્દ્રભાઈ મેહતા, જેનીલ શાહ, દર્શન શાહ, હરકીશનભાઈ દોશી, નિલેશભાઈ સોમૈયા, ભામાશાભાઈ, તુશારભાઈ મેહતા, નયનભાઈ, પંકજભાઈ, શરદભાઈ દોશી, મધુકરભાઈ શાહ, વિમલેશભાઈ, નિશાંત વગેરે સૌ કાર્યકર્તાએ જહેમત ઉઠાવી હતી

## પેટકોમ ટેકનોલોજી દ્વારા રાજકોટમાં શરૂ કરાયું ડ્રોન એવીએટર ટ્રેનિંગ પ્રોગ્રામ

પેટકોમ ટેકનોલોજી દ્વારા હાલ રાજકોટ અને આખા સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે નેનો ડ્રોન ટ્રેનિંગ પ્રોગ્રામ ની શરૂઆત કરવામાં આવેલ છે. આ ટ્રેનિંગ માં વિદ્યાર્થીઓને નેનો ડ્રોન એસેમ્બલ, ડ્રોન ફ્લાઈંગ કરાવતા અને ડ્રોનનું કોડિંગ કરતાં પણ શીખવવામાં આવશે.વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ ડ્રોનના આ વર્ગો શરૂ કરવામાં આવેલ છે અને ત્યારબાદ સ્કૂલ અને કોલેજોમાં પણ આ કોર્સ ચલાવવામાં આવશે. આ કોર્સ ભારત સરકારનું રજિસ્ટર્ડ ડ્રોન પાઈલટ લાઇસન્સ ધરાવનાર આલોકભાઈ શર્મા દ્વારા કરાવવામાં આવશે. જોડાવા માંગતા વિદ્યાર્થીઓ એ પટેલ કોમ્પ્યુટર ની એસ્ટ્રોન ચોકની બ્રાન્ચ કે જે આશિષ કોમ્પલેક્ષના ત્રીજા માળ સરદાર નગર મેઈન રોડ ખાતે સંપર્ક કરવો.







આવતીકાલે મારૂતિનંદન હનુમાનજી મહારાજનો પ્રાગટયોત્સવ છે. રાજકોટમાં વિવિધ વિસ્તારોમાં વિવિધ વિસ્તારોમાં હનુમાનજીની દેરીઓ આવેલી છે તેમજ મંદિરો પણ છે. કાલે રામદુત હનુમાનજી મહારાજની જયંતી ઉજવણીનો ભકતોમાં અનન્ય થનગનાટ જોવા મળી રહ્યો છે. રાજકોટમાં હજારો ભકતોના શ્રધ્ધાના કેન્દ્ર સમાન બાલાજી હનુમાનજી મંદિરે આવતીકાલે મહામારૂતિ યજ્ઞ સાથે વિવિધ અનુષ્ઠાનો યોજવામાં આવેલા છે. ઉપરોકત તસ્વીરમાં સોરઠીયાવાડી નજીક કોઠારીયા મેઇન રોડ પર આવેલ બડેબાલાજી હનુમાન (કમલેશ્વર મહાદેવ મંદિર)ની શયનમુદ્રાની વિશાળ પ્રતિમાજી જોવા મળે છે. આ મૂર્તિની પ્રતિષ્ઠા સ્વ. કમલદાસબાપુએ કરી હતી, બીજી અને ત્રીજી તસ્વીર રણછોડનગરમાં આવેલ બાલક હનુમાનજી મંદિરમાં દર્શન કરતા ભાવિકો તથા માર્ગને સુશોભિત કરાયેલો જોવા મળે છે, ચોથી તસ્વીર કાલાવડ રોડ, સ્વામિનારાયણ મંદિર પાસે આવેલ શ્રી સંકલ્પ હનુમાન મંદિરને સુશોભન કરાયેલું જોવા મળે છે, છેલ્લી તસ્વીર કાલાવડ રોડ પર આવેલ સાત હનુમાનજી મંદિરની છે.
(તસ્વીર : દેવેન અમરેલીયા)

### 'જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપિશ તિહું લોક ઉજાગર, રામદુત અતુલિત બલધામા, અંજનિપુત્ર પવન સૂતનામા'

# કાલે હનુમાન જયંતી : અંજનીપુત્રના જન્મ વધામણાનો ભકતોમાં થનગનાટ : શોભાયાત્રા

## આવતીકાલે બાલાજી હનુમાનજી મંદિરે મહા મારૂતિ યજ્ઞ ભવ્યાતિભવ્ય શ્રૃંગાર : બડા બજરંગ દાદાની કાલે ૬૧ ફલોટસ સાથેની શોભાયાત્રા : સુતા હનુમાનજીના દર્શનાર્થે ભકતો ઉમટી પડશે : સદ્ગુરૂ આશ્રમ, બાલ બટુક હનુમાનજી મંદિર, રંગીલા હનુમાનજી મંદિરે હનુમાન પ્રાગટયોત્સવ ભવ્ય રીતે ઉજવાશે

રાજકોટ, તા. ૨૨

'જય હનુમાન જ્ઞાન ગુણ સાગર, જય કપિશ તિહું લોક ઉજાગર, રામદુત અતુલિત બલધામા, અંજનિપુત્ર પવન સૂતનામા'ના દિવ્ય સ્વરોથી આવતીકાલે મારૂતિનંદન શ્રી હનુમાનજી મહારાજનો પ્રાગટયોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવનાર છે.

રાજકોટમાં બાલાજી હનુમાનજી મંદિર, સોરઠીયાવાડી-કોઠારીયા રોડ પર સુતા હનુમાનજી, કમલેશ્વર મહાદેવ મંદિર, ત્રિમૂર્તિ મંદિર, કપિલા હનુમાનજી મંદિર, સંકલ્પ સિધ્ધ હનુમાનજી મંદિર સહિતના મંદિરો તથા દેરીઓમાં આવતીકાલે મહાઆરતી, મારૂતિ યજ્ઞ, પ્રસાદ, બટુક ભોજન સહિતના કાર્યક્રમો યોજાયા છે. કાલે સમગ્ર રાજકોટ હનુમાન ભકિતમાં લીન બનશે.

**શોભાયાત્રા**

આવતીકાલે બડા બજરંગ દાદાની શોભાયાત્રા સાંજે પાંચ વાગ્યે બડા બજરંગ હનુમાન મંદિરેથી નીકળશે અને વાજતે ગાજતે શહેરના માર્ગો પર ફરશે. વિવિધ ફલોટસ, અખાડાની કસરતો સહિતના અનેક આકર્ષણો સામેલ થયા છે.

**પ.પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ**

સદગુરૂ સદન ટ્રસ્ટ,(પ.પૂ. રણછોડદાસજીબાપુ આશ્રમ),રાજકોટ દ્વારા દર વર્ષની જેમ શ્રી હનુમાન જયંતિ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે.મનોકામના સિધ્ધ હનુમાનજી મંદિરમાં સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે હનુમાનજી મહારાજનું મહાપુજન,શ્રી હનુમાન બાહુકના પાઠ(શ્રી ફળ સાથે), સવારે ૧૧:૦૦ કલાકે શ્રી અન્નકુટ દર્શન, શ્રી મનોકામના સિધ્ધ હનુમાનજી મંદિર, શ્રી સદગુરૂ આશ્રમ પ્રાંગણમાં,અન્નકુટની આરતી બપોરે ૧૨:૦૦ કલાકે,અન્નકુટની ભેળરૂપી પ્રસાદી બપોરે:-૧૨:૩૦ કલાકે આપવામાં આવશે. નીજ મંદિર હોલમાં સાંજે ૪:૦૦ થી ૫:૦૦ પ.પૂ.શ્રી સદગુરૂદેવ ભગવાનશ્રીનું ષોડષોપચાર પુજન, સાંજે ૫:૦૦ થી ૭:૦૦ શ્રી સુંદરકાંડ પાઠ રાખલ છે.

**પુનિત સદગુરૂ ભજન મંડળ**

શ્રી પુનિત સદગુરૂ ભજન મંડળ દ્વારા આવતીકાલ તા. ૨૩ને મંગળવારના રોજ હનુમાન જયંતિ નિમિતે સાંજે ૪ થી ૪.૩૦ મંગલાચરણ શ્રી ગણેશ વંદના, સાંજે ૪.૩૦ થી ૫.૩૦ સંત પુનિત તથા મહાદેવના ભજનો, સાંજે ૫.૩૦ થી ૬ હનુમાન ચાલીસા પાઠ અને સાંજે ૬ કલાકે થાળ-આરતી-પ્રસાદ કાર્યક્રમનું રામેશ્વર મહાદેવ મંદિર, સિવિલ હોસ્પિટલ, ઈમરજન્સી વિભાગ પાસે આયોજન કરવામાં આવ્યું છે.

**પ્રણવાનંદ ભવન રેસકોર્ષમાં નિશીથભાઈ ઉપાધ્યાયનું પ્રવચન**

હનુમાન ભકિતનું મહાત્મ્ય અને તેની સમજૂતી આપતું વકતવ્ય શાસ્ત્રોકત પ્રમાણ સહિત વકતા નિશીથભાઈ ઉપાધ્યાયનું પ્રવચન કાલે મંગળવારે સાંજે ૬:૦૦ થી ૭:૦૦ કલાકે પ્રણવાનંદ સંસ્કૃત ભવન, ભારત સેવક સમાજ, રેસકોર્સ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

**શ્રી બાલબટુક હનુમાનજી મંદિર ૧/૬ વાણિયાવાડી**

શ્રી બાલબટુક હનુમાનજી મંદિર ૧/૬ વાણિયાવાડી દ્વારા શ્રી હનુમાનજી મહારાજની જન્મ જયંતિ મહોત્સવ છેલ્લા ૩૨ વર્ષથી ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ દાદાની જન્મ જયંતિ મહોત્સવ તા.૨૩/૦૪/૨૦૨૪ ને મંગળવાર ધામધુમથી ઉજવવામાં આવશે તેમજ મહા આરતી તથા મહાપ્રસાદનું પણ આયોજન કરેલ છે.સર્વે ભક્ત જનો માટે શ્રી બાલબટુક હનુમાનજી મંદિર, ૧/૬ વાણિયાવાડી ખાતે મહાઆરતી તા.૨૩ સાંજે ૭.૦૦ કલાકે મહા પ્રસાદ તા.૨૩ સાંજે ૭.૩૦ કલાકે રાખેલ છે.

**રંગીલા હનુમાન મંદિર**

હનુમાન જયંતિની કાલે ઉજવણી કરવામાં આવશે. ત્યારે શહેરના પ્રહલાદ પ્લોટ, કેનાલ રોડ કોર્નરે બિરાજતા શ્રી રંગીલા હનુમાનજી મંદિરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે મહાપ્રસાદમાં ૧૫૦ કિલો ગાંઠીયા, ૨૦૦ કિલો ગુંદી, ૧૫૦ કિલો ખમણ, ૩૦૦ કિલો બટેટાનું શાક, ૧૨૦ કિલો ભાત મહાપ્રસાદ ભકતોને આપવામાં આવશે.

મંડળના પ્રમુખ અને અમારા માર્ગદર્શક જયસુખભાઇ દુદકીયા જણાવે છે કે હનુમાનજીની કૃપાથી અને દાતાઓના સહયોગથી દર વર્ષે ભવ્યાતિભવ્ય ઉજવણી થાય છે.





# રાજકોટનું શ્રી બાલાજી હનુમાનજી મંદિર રોશનીથી ઝગમગ્યું

## આવતીકાલે ભક્તોનું ઘોડાપુર ઉમટશે : સમગ્ર તૈયારીઓને આખરી ઓપ

રાજકોટ, તા. ૨૨

મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજના સાનિધ્યમાં આવતીકાલે હનુમાનજી જયંતી અને મંગળવારના પવિત્ર દિવસે ભવ્યાથી ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે. ભક્તોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે સમગ્ર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે, મંદિરને રોશનીથી ઝગમગી રહ્યું છે, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, મંદિરના મહંત પૂ.વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજન કરવામાં આવ્યા છે આખો દિવસ મહાપ્રસાદનું પણ સુંદર આયોજન છે આવતીકાલે લાખો શ્રદ્ધાળુઓ દાદા દર્શને આવી માથું ટેકવશે અને દાદાના આશિર્વાદ મેળવશે. આવતીકાલે દાદાના દર્શન અને મહાઆરતી, મહાપ્રસાદનું આયોજન કરેલ છે.

# મંગળવારે ચૈત્ર શુદ પુનમને મંગળવાર ચિત્રા નક્ષત્ર અને અમૃત સિધ્ધિ યોગમાં હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ઉત્તમ ગણાશે



રાજકોટ: મંગળવાર તા.૨૩ એપ્રિલના રોજ ચૈત્ર સુદ પુનમ સાથે હનુમાનજી મહારાજનો જન્મોત્સવ છે. આ દિવસે રાત્રીના ૨૨.૩૯ ચિત્રા નક્ષત્ર છે. તથા આખો દિવસ રાત્રી અમૃતસિધ્ધિ યોગ છે. મંગળવાર હનુમાનજીનો વાર છે આથી મંગળવારે હનુમાનજી જન્મોત્સવ ગણવામાં આવે છે. ચિત્ર નક્ષત્રમાં હનુમાન જયંતિ ઉત્તમ ગણવામાં આવે છે. જયોતિષી રાજદીપ જોશીના જણાવ્યા પ્રમાણે એક માન્યતા પ્રમાણે હનુમાનજીનો જન્મ પણ ચિત્રા નક્ષત્રમાં થયેલ આથી આ વર્ષે ચિત્રા નક્ષત્ર છે. આથી હનુમાનજી જયંતિ વધારે ઉત્તમ ગણાશે. હનુમાનજી દાદા સપ્તચિરંજીવીમાં એક છે આથી પૃથ્વી ઉપર હંમેશા હાજર હોય છે.

ખાસ કરીને જયાં રામકથા ચાલતી હોય ત્યાં હનુમાનજી હાજરી આપે છે. કળિયુગમાં હનુમાનજી તેના ભકતોની પીડા તુરંત દુર કરે છે. હનુમાનજીની ઉપાસનાથી જીવનની બધી જ બીમારી દુર થાય છે તથા ખાસ કરીને આ ઘોર કળિયુગમાં હનુમાનજીની પુજા ઉપાસનાથી જીવનની બધી જ પીડાઓ દુર થાય છે. શનિ ગ્રહની નાની-મોટી પનોતીની પીડા પણ દુર થાય છે. રાહુ પીડા પણ દુર થાય છે.

આ દિવસે બટુક ભોજન કરાવવાનું પણ ખાસ મહત્વ છે

નાના બાળકોનું મન એકદમ ભોળું હોય છે અને ભોળા લોકોને ભગવાન તુરંત પ્રસન્ન થાય છે. આથી જ બાળકોને ભગવાનનું સ્વરૂપ ગણવામાં આવે છે આથી આ દિવસે બટુક ભોજન કરાવવાથી હનુમાનજી તુરંત પ્રસન્ન થાય છે.

*** જયોતિષ આચાર્ય રાજદીપ જોશી**
**(મો. ૯૯૨૫૬ ૧૧૯૭૭)**

### કાલે શ્રી હનુમાનજી જયંતી નિમિત્તે

# કાલાવડ રોડ સ્થિત સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિરે યોજાશે વિશિષ્ટ કાર્યક્રમો

## મહાનુભાવોની હાજરીમાં સાંજે મહાઆરતી અને હનુમાન પૂજન સહિતના આયોજનો



રાજકોટ:તા ૨૨

તારીખ ૨૩/૦૪/૨૦૨૪, મંગળવારે હનુમાન જયંતીના દિવસે કાલાવડ રોડ સ્થિત વિશ્વ વંદનીય સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત થયેલ સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિર દ્વારા હનુમાન જયંતી નિમિતે મહાઆરતી, ભજન-ભક્તિ અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

હનુમાન જયંતી નિમિતે હનુમાનજીની પ્રસન્નતા કરવા માટે સાંજે ૭:૦૦ વાગ્યે શ્રી હનુમાન પૂજન કરવામાં આવશે. સાંજે ૭:૧૫ વાગ્યે મહાઆરતી યોજાશે.સમગ્ર દિવસ દરમિયાન હનુમાનજીના પ્રસાદનો પણ લાભ પ્રાપ્ત થશે.



# નલીન એન્ટરપ્રાઇઝ, રાઈઝીંગ ઈન્ડીયા અને સ્વ. ગુણવંતરાય મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુકીંગ કોમ્પીટીશનનું આયોજન

રાજકોટ:તા ૨૨

નલીન એન્ટરપ્રાઇઝ, રાઈઝીંગ ઈન્ડીયા અને સ્વ. ગુણવંતરાઈ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા.૨૮-૦૪-૨૦૨૪ ને રવિવારે બપોરે ૨:00 ક્લાકેથી ગીતાંજલી હોલ, ભકિતનગર સર્કલ પાસે, ગીતા મંદિર સામે, રાજકોટ ખાતે કુકીંગ શો કુકીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

જેમાં ભાગ લેનાર દરેક વ્યકિતએ વાનગીઓ ઘરેથી બનાવીને લાવવાની રહેશે અને સ્થળ પર ફકત ગોઠવવાની રહેશે. આ સ્પર્ધા કુલ ચાર વિભાગમાં વહેંચાયેલી છે .જેમાં એ ગ્રુપમાં ગરમ વાનગીઓ એટલે કે કાઠીયાવાડી, પંજાબી, ચાઈનીઝ વગેરે ,બી ગ્રુપમાં ઠંડી વાનગીઓ જેમ કે કેક, મીઠાઈઓ, આઈસ્ક્રીમ, મીલ્ક શેઈક, થીક શેઈક, મોકટેલ વગેરે, સી ગ્રુપમાં સ્પોન્સર ચોઈસની વાનગીઓ રહેશ, ડી ગ્રુપમાં જૈન સ્પેશ્યલ, મિલેટ સ્પેશ્યલ, ફરાળી સ્પેશ્યલ, કે અન્ય કોઈપણ વાનગીઓ બનાવીને ભાગ લઈ શકાશે. ભાગ લેનાર વ્યકિત એક કરતા વધુ ગ્રુપમાં અને એક કરતા વધુ વાનગી બનાવીને ભાગ લઈ શકશે પરંતુ આ માટે અલગ અલગ ફોર્મ ભરવાના રહેશે.


આ સંપૂર્ણ આયોજન માટે ધૈરવભાઈ શાહ, હર્ષિલભાઈ શાહ, દમયંતિબેન મહેતાની સાથે ટીમ મેમ્બર્સ ભૂમિકાબેન શાહ, ભાવિબેન મોદી, સોનલબેન શાહ, અનીતાબેન બાલવાણી, ભૂમિબેન અધારા, રીયાબેન લોલીયાણી, સાક્ષીબેન મોદી, સોનીબેન વખારીયા, પરાગભાઈ લોલારીયા, રવીભાઈ સુરાણી,નિકુંજ ઉમેટીયા, પૂર્વિશભાઈ વડગામા વગેરે જહેમત ઉઠાવી રહયા છે.

### તુમ રક્ષક કાહું કો ડરના..

# કોઠારીયા કોલોનીના મોજીલા હનુમાનજી મંદિરે હનુમાન જયંતિ ભવ્ય રીતે ઉજવાશે

રાજકોટ તા.૨૨

કોઠારીયા કોલોનીના ગરબી ચોકમાં આવેલ આસ્થાના પ્રતીક સમા મોજીલા હનુમાનજી મંદિરે તા.૨૩/૪ને મંગળવારના શુભદિને રામ ભકત હનુમાનજી મહારાજના જન્મના વધામણા ધામધુમથી ઉજવાશે. સવારે મંગળા આરતી કરાશે. સવારે દિવ્ય ધ્વજારોહણ ૯ કલાકે કરવામાં આવશે. સવારથી સરબત, છાસ વિતરણ કરવામાં આવશે. મંદિરને પુષ્પ શ્રૃંગાર, ધજા પતાકા શણગાર, રોશની શણગાર કરાશે.



ભાવિકો દ્વારા સવારથી આંકડાની માળા, તેલ, સીંદુર, શ્રીફળ, કેળા ચડાવીને પૂજા અર્ચન કરાશે. સાંજે હનુમાન ચાલીસાના પાઠ યોજાશે સાંજે મોજીલા હનુમાનજી ની ઓમકાર મહાઆરતી યોજાશે. સાંજે દિવ્ય બટુક ભોજનનું આયોજન કરાશે. સમગ્ર મંદિર જય જય શ્રીરામ જય મોજીલા હનુમાનજીના ગગનચૂંબી નાદથી ગુંજી ઉઠશે. ધર્મપ્રેમી ભાવિકોને હનુમાન જયંતિના દર્શન તેમજ પૂજન અર્ચન મહાઆરતીનો લાભ લેવા કોઠારીયા કોલોની ગરબી ચોક ગ્રુપ દ્વારા અનુરોધ કરાયો છે.




# કાલે રૈયા લાઈટ હાઉસ ખાતે શ્રી હનુમાન જયંતિ અને સંતશ્રી વેલનાથ ઉત્સવનું ભવ્ય ઉજવણી

## શોભાયાત્રા, મહાઆરતી, ફલેટ ધારકોનું સ્નેહમિલન, સંતવાણી સહિતના કાર્યક્રમોની વણઝાર

રાજકોટ, તા.૨૨

રૈયા સ્માર્ટ સિટી ન્યુ રેસકોર્ષ પાસે આવેલ વડાપ્રધાનના ડ્રીમ પ્રોજેકટ સમાન લાઈટ હાઉસ ખાતે રૈયા લાઇટ હાઉસ ગ્રુપ અને જીજાબાઈ ટાઉનશીપ સોસાયટીના સંયુકત ઉપક્રમે શ્રી હનુમાન જયંતિ તેમજ સંતશ્રી વેલનાથ તિથિ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલ તા.૨૩ ને મંગળવારના રોજ સાંજે ૫ કલાકે દીપ પ્રાગટય, ૫:૩૦ કલાકે શોભાયાત્રા અને સામૈયુ, સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતી, સાંજે ૭ કલાકે ૧૧૪૪ ફલેટ ધારકોનું સ્નેહમિલન સમારોહ, ૭:૩૦ કલાકે સ્નેહ ભોજન, રાત્રે ૯ કલાકે સંતવાણી સાથે સાંજે ૬ કલાકે થી રાત્રે ૯ કલાક સુધી રકતદાન કેમ્પનું આ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન ફકત જીજાબાઈ ટાઉનશીપ લાઇટ હાઉસના ફલેટ ધારકો પૂરતુજ મર્યાદિત રાખેલ છે. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે રૈયા લાઈટ હાઉસ ગ્રુપની સાથે જીજાબાઇ ટાઉનશીપ સોસાયટીમાં ચાલતા તમામ ગ્રુપો, મંડળો સાથે હળીમળીને જહેમત ઉઠાવી રહ્યા છે.




# હનુમાન જયંતી નિમિતે ૧૦૦૮થી વધુ કાર સાથે કષ્ટભંજન દાદાની શોભાયાત્રા તથા ધર્મસભાનું ભવ્ય આયોજન

## ધર્મસભામાં ૩૦૦૦થી વધુ લોકો હનુમાનજીની આરતી કરશે

રાજકોટ:તા ૨૨

ભારતીય શાસ્ત્રો અનુસાર અષ્ટ ચિરંજીવી વિભૂતિઓ પૈકીના એક એવા શ્રી હનુમાનજી મહારાજનો જન્મદિવસ એટલે કે પહનુમાન જયંતિ ચૈત્ર માસની શુક્લ પૂર્ણિમાના રોજ ઉજવવામાં આવશે. તારીખ ૨૩ એપ્રિલ અને મંગળવારના રોજ હનુમાન જયંતિના શુભ દિવસે શ્રી ફાઉન્ડેશન તથા શેર વિથ સ્માઈલ એન.જી.ઓ દ્વારા શ્રી કષ્ટભંજનદેવ શોભાયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવનાર છે.

આ શોભાયાત્રાનું પ્રસ્થાન સ્થળ ચૌધરી હાઈસ્કુલ (રાજકોટ) રહેશે કે જયાંથી ૧૦૦૮ કાર તદુપરાંત બાઈકસ સાથે આ યાત્રાની શરૂઆત થશે. ત્યાંથી શરૂ કરીને આ શોભાયાત્રા સ્પીડવેલ ચોક પર પૂર્ણાહુતિ પામશે. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ સુવર્ણભૂમી ચોકમાં ધર્મસભાનું પણ આયોજન કરેલું છે. આ ધર્મસભામાં હિન્દુ ધર્મ આચાર્ય સભાના કન્વીનીયર - સેક્રેટરી પૂ. પરમાત્માનંદ સ્વામીજી તથા કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા મુખ્ય અતિથિ તરીકે સ્થાન હાજરી આપશે તથા રાજકોટ શહેરના ખ્યાતનામ વિભૂતિઓની પણ હાજરી રહેશે. આ ધર્મસભામાં ૩૦૦૦થી વધુ લોકો હનુમાનજીની આરતી કરશે તથા હનુમાન ચાલીસાનો પાઠ કરશે.આ કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા માટે અનિરૂદ્ધ વાળા, અભિરાજ સિંહ તલાટીયા ,જયભાઈ ચાવડા, ચિરાગ પોપટ,સુરજભાઈ ડેર, બ્રીજેશભાઈ પડીયાં, કપિલભાઈ પંડ્યા, કેયુરભાઈ રૂપારેલ, સર્વેશ્વરભાઈ ચૌહાણ, અભિષેકભાઈ તાળા, વિજયભાઈ મકવાણા, જયભાઈ ખારા, હિરેનભાઈ ખીમાણીયા તથા નીખીલભાઈ પોપટએ જહેમત ઉઠાવી છે.

# રાજકોટ કા રાજા બાલક હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિની ઉજવણી કરાશે

રાજકોટ, તા.૨૨

સામાકાંઠે પેડક રોડ ખાતે આવેલ બાલક હનુમાન મંદિરે આવતીકાલ તા.૨૩ ને મંગળવારના રોજ હનુમાન જયંતિની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં સવારે ૪ કલાકે મંગળા આરતી, સવારે ૮ કલાકે હોમ હવન, સવારે ૧૦ વાગ્યા થી બપોરે ૧ વાગ્યા સુધી મહાપ્રસાદ, સાંજે ૮:૩૦ કલાકે મહાઆરતી તદ્પરાંત સવારે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે તથા સાંજે ૫ થી ૧૨કલાક સુધી રક્ષા દોરી વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાધુ સંતો, ધાર્મિક સંસ્થાના વડાઓ, સામાજીક કાર્યકરો, રાજકીય આગેવાનો અને વિશાળ સંખ્યામાં ભાવિકજનો ઉપસ્થિત રહેશે.

**પરિચય**



- ★ કોર્પોરેટ પોલિટિકલ એસ્ટ્રોલોજિકલ કન્સલ્ટન્ટ.
- ★ વાસ્તુ : પાવર ઓફ ડાઈરેકશન એક્સપર્ટ.
- ★ વૈજ્ઞાનિક પદ્ધતિથી કરિયર કાઉન્સેલિંગ પ્રણેતા.
- ★ ઉચ્ચ વિદ્યાશાખામાં પ્રવેશનારા સેંકડો બાળકોના પથદર્શક.
- ★ પ્રસિદ્ધ ફિઝીક્સ એક્સપર્ટ.
- ★ માઇન્ડ પાવર, મોટિવેશનલ ટ્રેનર.
- ★ વર્તમાનપત્રો-સામયિકમાં કટાર લેખક.
- ★ ખ્યાતનામ વક્તા-કેળવણીકાર તરીકે અનેક સંસ્થાઓના માર્ગદર્શક.
- ★ સૌથી નાની વયે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં તજજ્ઞ તરીકે સેવા આપનાર.



સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...
સાંજ સમાચાર

# અઠવાડિક રાશિ ભવિષ્ય

**તારીખ :- ૨૨/૦૪/૨૦૨૪થી ૨૮/૦૪/૨૦૨૪**

(સાયન્ટિફિક કરિયર કાઉન્સેલર, મોટીવેશનલ ટ્રેનર) **સનતકુમાર વી. પોપટ** (Mo.) ૭૫૭૫૮૩૫૩૫૦/૯

ૐ સોમવાર થી રવિવાર ૐ

## મેષ રાશિ (અ, લ, ઈ)

મેષ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં તારીખ ૨૩ એપ્રિલથીરાશિપતિ મંગળ બારમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં વ્યવહારમાં ઉગ્રતા નિવારવી. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી બને. ગરમીજન્ય દર્દોથી સાવચેતી રાખવી. વ્યય સ્થાનમાં મંગળ તથા રાહુનું કોમ્બિનેશન વ્યર્થ વિવાદો ઝઘડાઓથી દૂર રહેવાનું સૂચવે છે.ધન સ્થાનનો અધિપતિ શુક્ર તારીખ ૨૪ એપ્રિલથીઆપની રાશિમાં પ્રવેશશે. નવી ભાગીદારીનો વિકાસ થઈ શકે. જાહેર જીવનમાં ઓળખાણનું પરિચિત વર્તુળ વિકસતું જણાય.સપ્તાહની શરૂઆતમાં ચંદ્ર તથા કેતુનો ગ્રહણ યોગ સર્જાય રહ્યો છે. મિલકતના કાર્યો સાવચેતીપૂર્વક કરવા.સપ્તાહના મધ્ય ભાગમાં સાતમાસ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર જાહેર જીવનમાં માન સન્માનમાં વધારો અપાવે. આઠમા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર વધુ પડતા ઉજાગરા તથા દોડધામ નિવારીને દિનચર્યાને વ્યવસ્થિત કરવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં નવમા સ્થાનનો ચંદ્ર ધાર્મિક સ્થળની મુલાકાત અપાવી શકે. ભાગ્ય ઉન્નતિ માટે નવી તક પ્રાપ્ત થતી જણાય.

## વૃષભ રાશિ (બ, વ, ઉ)

વૃષભ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં સપ્તમેશ મંગળ રાશિ પરિવર્તન પામીને લાભસ્થાનમાં પ્રવેશશે. સંગઠન દ્વારા ફાયદો મળતો જણાય. વ્યાપાર વિકાસ માટે નવી યોજનાઓ અમલમાં મૂકી શકો. તારીખ ૨૪ એપ્રિલથી આપનો રાશિ પતિ શુક્ર વ્યય સ્થાનમાં પ્રવેશશે. વધુ પડતી મોજ મજા તેમ જ શોખની પૂર્તિ માટે દોડવાથી શારીરિક માનસિક નુકસાન થઈ શકે છે. માટે વ્યવહારમાં સંયમ પર ધ્યાન કેન્દ્રિત કરવું.સપ્તાહની શરૂઆતમાં પાંચમાં સ્થાનમાં ગ્રહણયોગ રચતો ચંદ્ર વિદ્યાર્થીઓને અભ્યાસમાં આળસત્યજવાનું સૂચવે છે. છઠ્ઠા સ્થાન પરથી પસાર થતો ચંદ્ર મોસાળ પક્ષ સાથે મિલન મુલાકાત અપાવી શકે છે. સપ્તાહના મધ્ય ભાગ બાદ ત્રીજા સ્થાનનો અધિપતિ ચંદ્ર સાતમા સ્થાનમાં નીચસ્થ પરિભ્રમણ કરશે. દાંપત્ય જીવનમાં ગેરસમજ ન થાય તે રીતે વાણી-વર્તન અપનાવવા. જીવનસાથીની નાની સમસ્યાઓને સમજીને તેનો ઉકેલવા સહાયક બનવું. સપ્તાહના અંત ભાગમાં આઠમા સ્થાનનો ચંદ્ર ગુઢ આધ્યાત્મિક અનુભવ અપાવી શકે છે. આકસ્મિક બનાવથી સાવચેતી કેળવવી.

## મિથુન રાશિ (ક, છ, ઘ)

મિથુન રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં તારીખ ૨૩ એપ્રિલથી લાભસ્થાનનો સ્વામી કર્મસ્થાનમાં પ્રવેશી રહ્યો છે. કર્મ ક્ષેત્ર થકી આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરી શકાય. સર્વિસમાં પ્રમોશનની તક ઉજવળ બને. તારીખ ૨૪ એપ્રિલથીપાંચમા સ્થાનનો અધિપતિ શુક્ર લાભસ્થાનમાં પ્રવેશશે. શેર બજાર કે અન્ય કોઈ સ્ત્રોતમાં રોકાણ દ્વારા આર્થિક વળતરની યોજના સફળ બનાવી શકો. સપ્તાહની શરૂઆતમાં ચંદ્ર ચોથા સ્થાનમાં ગ્રહણ યોગની રચના કરશે. બિનજરૂરી માનસિક મનોભાર નિવારવો. એક જ કાર્ય પર એકાગ્રતા રાખીને તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો. સપ્તાહના મધ્ય ભાગમાં પાંચમાં સ્થાનનો ચંદ્ર પ્રિય પાત્ર સાથે આનંદદાયક સમય વિતાવવામાં નિમિત બને. છઠ્ઠા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર હરીફોથી સાવચેતી રાખવાનું સૂચવે છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકાર બનવું નહીં. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ સાતમા સ્થાન પરથી થશે. કોઈ કાર્યની પૂર્તિ માટે જીવનસાથીનો ઉત્તમ સહકાર પ્રાપ્ત કરી શકાય. ભાગીદારો સાથે હિસાબી કાર્યોમાં ચોખ્ખા રહીને કાર્યો કરવા ઈચ્છનીય ગણાય.

## કર્ક રાશિ (ડ, હ)

કર્ક રાશિ જાતકોને તારીખ ૨૩ એપ્રિલથીપંચમેશ કર્મેશ યોગકારક મંગળ રાશિ પરિવર્તન પામીને ભાગ્ય સ્થાનમાં પ્રવેશશે. અહીં ભાગ્યની ઉન્નતિ માટે ઘણી નવી તકો પ્રાપ્ત થઈ શકે. વ્યવસાય વિકાસ માટે નવા નેટવર્કની રચના કરી શકો.ટાર્ગેટ પૂર્ણ કરી પ્રમોશન તથા ઇન્સેન્ટીવની આશા પૂર્ણ થતી જણાય.ચતુર્થેશ-લાભેશ શુક્ર આ સપ્તાહ દરમિયાન તારીખ ૨૪ એપ્રિલથીકર્મ સ્થાનમાં પ્રવેશશે. પુરુષાર્થના પ્રમાણમાં આર્થિક વળતર પ્રાપ્ત કરી શકો. ધંધા વ્યવસાયમાં નેટવર્ક તથા પ્રતિષ્ઠામાં વધારો થાય. વડીલોના આશીર્વાદને પાત્ર બની શકો તેવું કોઈ કાર્ય પૂર્ણ કરી શકો.સપ્તાહની શરૂઆતમાં ત્રીજા સ્થાનમાં ગ્રહણયોગ રચતો ચંદ્ર કોઈપણ પ્રકારના ડોક્યુમેન્ટેશનના કાર્યોમાં સાવધાની રાખવાનું સૂચવે છે. ચોથા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર માતાની તબિયતમાં સુધારો અપાવી શકે. સપ્તાહના મધ્ય ભાગ બાદ પાંચમા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર શેર બજાર તેમજ જોખમી પરિબળોમાં વ્યવહારો કરવામાં સાવચેતી રાખવાનું સૂચવે છે.સપ્તાહના અંત ભાગમાં છઠ્ઠા સ્થાનનો ચંદ્ર સિઝનલ શારીરિક તકલીફથી સાવચેતી રાખવાનું દર્શાવે છે.

## સિંહ રાશિ (મ, ટ)

સિંહ રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં તારીખ ૨૩ એપ્રિલથી ચતુર્થેશ-ભાગ્યેશ યોગકારક મંગળ આઠમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં કર્મ ક્ષેત્ર ઉન્નતિ માટે થોડી વધુ મહેનત અપાવી શકે છે. તેમ છતાં આયોજન પૂર્વકના પરિશ્રમ દ્વારા આગળ વધવાથી દૈવી આશીર્વાદ પ્રાપ્ત થતો જણાશે. ધ્યેય પર જ એકાગ્ર બનીને પુરુષાર્થનો મંત્ર અપનાવો જરૂરી બનશે. કર્મેશ શુક્ર તારીખ ૨૪ એપ્રિલથીભાગ્ય સ્થાનમાં પ્રવેશશે. નવા સંપર્કો દ્વારા કાર્યક્ષેત્રમાં પ્રગતિ માટે મદદ પ્રાપ્ત કરી શકાય.સપ્તાહની શરૂઆતમાં વાણી સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર બોલવા ચાલવામાં સંયમ રાખવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગમાં ત્રીજા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર વ્યવસાય માટે મુસાફરી યાત્રાનું આયોજન કરાવી શકે. સપ્તાહના મધ્ય ભાગ બાદ ચોથા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર મિલકત વિષયક વ્યવહારો કાળજીપૂર્વક કરવાનું સૂચવે છે. માનસિક તણાવ ઉદભવી શકે છે. સપ્તાહના અંત ભાગમાં પાંચમાં સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર સંતાનો દ્વારા ઉત્તમ સહકાર અપાવી શકે.

## કન્યા રાશિ (પ, ઠ, ણ)

કન્યા રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં તૃતીયેશ મંગળ તારીખ ૨૪ એપ્રિલથી રાશિ પરિવર્તન પામીને સાતમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં દસ્તાવેજી કાર્યો, નવી ભાગીદારીનો વિકાસ, સરકારી કામકાજો, પેન્ડિંગ રહેલા હિસાબી કાર્યો વગેરે જેવા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ બનતા જણાય. ધનેશ ભાગ્યેશ શુક્ર તારીખ ૨૪ એપ્રિલથી રાશિ પરિવર્તન પામીને આઠમાસ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં મોટા જોખમો કરવાથી થોડો સમય દૂર રહેવું. આર્થિક રોકાણ કરતા પહેલા નિષ્ણાંતની સલાહ અવશ્ય લેવી.સપ્તાહની શરૂઆતમાં આપની રાશિમાં ગ્રહણયોગ રચાઇ રહ્યો હોવાથી બિનજરૂરી મનોભાર નિવારવાનું સૂચન કરી શકાય. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્ર બીજા સ્થાનમાં પરિભ્રમણ કરશે. પાર્ટી-મિજબાનીમાં ભાગ લેવાનું શકય બની શકે. સપ્તાહના મધ્ય ભાગ બાદ ત્રીજા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર અગત્યના દસ્તાવેજોમાં સહી કરતા પૂર્વે સાવચેતી રાખવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ચોથા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર વાહનોના સમારકામ-રીપેરીંગ, ઇન્સ્યોરન્સના પેન્ડિંગ કાર્યો તરફ ધ્યાન આપવાનું સૂચવે છે.

## તુલા રાશિ (ર, ત)

તુલા રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં ધનેશ મંગળ તારીખ ૨૩ એપ્રિલથી રાશિ પરિવર્તન પામીને છઠ્ઠા સ્થાનમાં પ્રવેશ.શે ભાગીદાર કે અન્ય વ્યક્તિ સાથે ફક્ત ભરોસા પર આર્થિક વ્યવહારો કરવાથી બચવું. પૂરતી ચોખવટ તથા લખાણનો આગ્રહ રાખવો. વધુ વળતરની લાલચમાં જોખમોને ઇગ્નોર કરવા નહીં. તારીખ ૨૪ એપ્રિલથીઆપનો રાશિપતિ શુક્ર સાતમા સ્થાનમાં પ્રવેશીને પોતાના સ્થાન પર દ્રષ્ટિ કરશે. વ્યક્તિત્વમાં આકર્ષકપણું લાવી શકો. આપના પ્રભાવ દ્વારા સંગઠન-એસોસિએશન સભા કે મંચમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરી શકાય. કર્મસ્થાનનો અધિપતિ ચંદ્ર સપ્તાહની શરૂઆતમાં વ્યય સ્થાનમાં ગ્રહણયોગ રચી રહ્યો છે. કોર્ટ કેસ, ઝઘડા, વિવાદોમાં થોડું સમાધાનકારી વલણ અપનાવું હિતાવહ રહે. આપની રાશિ પરથી પસાર થનારો ચંદ્ર માનસિક ચંચળતા આપી શકે છે. સપ્તાહના મધ્ય ભાગ બાદ બીજા સ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર ભોજનમાં ઠંડા પદાર્થોના અતિરેક થી બચવાનું સૂચન કરે છે. સપ્તાહના અંત ભાગમાં ત્રીજા સ્થાનમાં ચંદ્ર ભાઈ ભાંડુથી ઉત્તમ સહકાર અપાવી શકે.

## વૃશ્ચિક રાશિ (ન, ય)

વૃશ્ચિક રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં રાશિપતિ મંગળ તારીખ ૨૩ એપ્રિલથીરાશિ પરિવર્તન પામીને પાંચમા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અનુભવો દ્વારા બુદ્ધિ પ્રતિભાને નિખારી શકો. કોઈપણ કાર્ય કે આયોજનને સૂક્ષ્મતા પૂર્વક ઓબ્ઝર્વેશન કરીને સફળ બનવા માટેનું પ્લાનિંગ કરી શકો.સાતમા સ્થાનનનો અધિપતિ શુક્ર તારીખ ૨૪ એપ્રિલથીરાશિ પરિવર્તન પામીને છઠ્ઠા સ્થાનમાં પ્રવેશશે. અહીં દાંપત્યજીવનમાં તથા ભાગીદારો સાથે કોઈ ગેરસમજ સર્જાય નહીં, તેનું ધ્યાન રાખવું. જીવનસાથીને ટેકન ફોર ગ્રાન્ટેડ લેવા નહીં. યોગ્ય કાળજી તથા હૂફ તેમજ લાગણી દ્વારા સાયુજય સ્થાપી શકાય. સપ્તાહની શરૂઆતમાં લાભસ્થાનમાં ગ્રહણયોગ રચતો ચંદ્ર મિત્રો સાથેના વ્યવહારોમાં સાવધાની રાખવાનું સૂચવે છે. બારમા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર ધાર્મિક તથા પરોપકારની ભાવના મનમાં વિકસાવી શકે છે. સપ્તાહના મધ્ય ભાગ બાદ આપની રાશિમાં નીચનો ચંદ્ર પસાર થશે. સતત વિચારો કરવાની બદલે કર્મ કરવા તરફ ધ્યાન રાખવું હિતાવહ રહે.સપ્તાહના અંત ભાગમાં બીજા સ્થાનમાં ચંદ્ર ભોજનમાં ઠંડા પદાર્થોથી પરેજી રાખવાનું સૂચવે છે.

## ધન રાશિ (ભ, ધ, ફ, ઢ)

ધન રાશિ જાતકોને નવા સપ્તાહની શરૂઆતમાં તારીખ ૨૩ એપ્રિલ થી પાંચમા સ્થાનનો અધિપતિ મંગળ ચોથા સ્થાનમાં પ્રવેશશે. જુના આર્થિક રોકાણો ફળદાયી વળતર આપી શકે. સંતાનોનીસમસ્યાના ઉકેલ માટેનો પ્રયત્ન સફળ બનતો જણાય. લાભ સ્થાનનો અધિપતિ શુક્ર તારીખ ૨૪ એપ્રિલથી પાંચમા સ્થાનમાં ભ્રમણ કરશે. મિલકત વિષયક અટકેલા કાર્યો પૂર્ણ બનતા જણાય. અન્ય વ્યક્તિની સહાયતા દ્વારા વતનના કોઈ પેન્ડિંગ કાર્યો પૂર્ણ બનાવી શકો. સપ્તાહની શરૂઆતમાં કર્મસ્થાનમાં રચાતો ગ્રહણયોગ સ્વપ્રતિષ્ઠા તરફ ધ્યાન આપવાનું સૂચવે છે.કલાઇન્ટ્સ તેમજ વ્યવસાયિક સંકળાયેલા લોકોને આપેલા કમિટમેન્ટ પૂર્ણ કરવા જરૂરી બને. સપ્તાહના મધ્ય ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ લાભસ્થાન પરથી થશે. આકસ્મિક લાભની શક્યતા દર્શાવી શકાય.સપ્તાહના મધ્યભાગ બાદ વ્યય સ્થાનમાં નીચનો ચંદ્ર પરિભ્રમણ કરશે. અહીં ગણતરી બહારનો ખર્ચ ઉદભવી શકે છે. ઉછીના વ્યવહારોથી દૂર રહેવું.સપ્તાહના અંત ભાગમાં પ્રથમ સ્થાન પરથી પસાર થનારો ચંદ્ર માનસિક તણાવ હળવો બનાવવામાં નિમિત બને.

## મકર રાશિ (ખ, જ)

મકર રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં તારીખ ૨૩ એપ્રિલથીચતુર્થેશ મંગળ રાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે.સ્ટેમિના તેમજ કાર્યક્ષમતામાં વિકાસ થતો જણાય. મનમાં ઉત્સાહ-ઉમંગ ઉદભવી શકે. સતત મુસાફરી દ્વારા વ્યવસાય વિકાસના પ્રયત્નો સફળ બનાવી શકો. પંચમેશ કર્મેશ યોગકારક શુક્ર તારીખ ૨૪ એપ્રિલથીચોથા સ્થાનમાં પ્રવેશશે. અહીં શુક્ર બળવાન બનતા વ્યવસાય તેમજ સર્વિસમાં પ્રગતિ ઉદ્ભવી શકે. ફાઇનાન્સિયલ પરિસ્થિતિમાં સુધારો અનુભવી શકો.સપ્તાહની શરૂઆતમાં નવમા સ્થાનમાં ચંદ્ર કેતુનું કોમ્બિનેશન ધાર્મિક સ્થળની મુલાકાત અપાવી શકે છે. સપ્તાહના મધ્ય ભાગમાં પરિભ્રમણ કરતો કર્મસ્થાનનો ચંદ્ર ગુરૂના પ્રતિયોગમાં હોવાથી વ્યવસાયિક પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે. સપ્તાહના મધ્યભાગ બાદ લાભસ્થાનમાં પરિભ્રમણ કરતો નીચ મિત્રો ઉપર વધુ પડતો વિશ્વાસ કરવાથી બચવાનું સૂચન કરે છે. સપ્તાહના અંત ભાગમાં સાતમા સ્થાનના અધિપતિ ચંદ્રનું પરિભ્રમણ વ્યય સ્થાન પરથી થશે. ભાગીદારો સાથે થયેલા મતભેદના નિવારણ માટે થોડો સમય થંભી જવું.

## કુંભ રાશિ (ગ, શ, સ)

કુંભ રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં કર્મસ્થાનનો અધિપતિ મંગળતારીખ ૨૩ એપ્રિલથી રાશિ પરિવર્તન પામીને બીજા સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં કર્મક્ષેત્ર દ્વારા આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરી શકાય. અટકાયેલા નાણા, ઉઘરાણી છૂટા પડતા લિક્વિડિટીનું પ્રમાણ જાળવી શકો. ચતુર્થેશ ભાગ્યેશયોગકારક શુક્ર આ સપ્તાહ દરમિયાન તારીખ ૨૪ એપ્રિલથીરાશિ પરિવર્તન પામીને ત્રીજા સ્થાનમાં પ્રવેશશે. વ્યવસાયના વિકાસ માટે નવા વ્યક્તિઓનો સાથ મળતો જણાય. દૂરના સ્થળે ફ્રેન્ચાઇઝી કે ઓથોરાઈઝ સેન્ટરનું નિર્માણ કરી શકો.સપ્તાહની શરૂઆતમાં આઠમા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર ગ્રહણ યોગની રચના કરશે. વાહનના ડ્રાઇવિંગ તેમજ ખાન-પાનમાં ધ્યાન રાખીને શારીરિક સ્વાસ્થ્ય જાળવી શકાય. નવમા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્ર આધ્યાત્મિક અનુભવ અપાવી શકે. સપ્તાહના મધ્યભાગ બાદ કર્મસ્થાનમાં પરિભ્રમણ કરતો નીચનો ચંદ્ર કોઈપણ નવા વ્યક્તિ, ભાગીદાર સાથે જોડાતા પહેલા તમામ મુદ્દાઓનો વિચાર કરી જવાનું સૂચવે છે. સપ્તાહના અંત ભાગમાં ચંદ્રનું પરિભ્રમણ આગિયારમા સ્થાન પરથી થશે. મિત્રો દ્વારા સહકાર પ્રાપ્ત કરી શકો.

## મીન રાશિ (દ, ચ)

મીન રાશિ જાતકો માટે નવા સપ્તાહની શરૂઆતમાં ધનેશ ભાગ્યશ મંગળ તારીખ ૨૩ એપ્રિલથીરાશિ પરિવર્તન પામીને પ્રથમ સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. અહીં સ્વપુરુષાર્થ દ્વારા આર્થિક પ્રગતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નો સફળ બનાવી શકો. વ્યવસાયના વિકાસ તેમજ સર્વિસમાં પ્રમોશન માટે સંપૂર્ણપણે પુરુષાર્થ પર આધાર રાખવો જરૂરી બને. જે આગળ જતાં શુભ ફળદાયી નીવડી શકે. તારીખ ૨૪ એપ્રિલથી શુક્ર આપના ધન સ્થાનમાં પ્રવેશી રહ્યો છે. નિષ્ણાંતની સલાહ દ્વારા નવું આર્થિક રોકાણ કરવા માટે શુભ સમય રહે. પરંતુ મોટા નિર્ણયો કે મોટા રોકાણો કરતા પહેલાં જન્મના ગ્રહો પરથી યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત કરી જવું ઇચ્છનીય ગણાય.સપ્તાહની શરૂઆતમાં સાતમા સ્થાનમાં રચાતો ગ્રહણ યોગ જાહેર જીવનમાં ઝઘડા તેમજ વિવાદથી દૂર રહેવાનું સૂચવે છે. આઠમા સ્થાનમાં પરિભ્રમણ કરતો ચંદ્રઆહાર-વિહારમાં ધ્યાન રાખવાનું સૂચવે છે. સપ્તાહના મધ્યભાગ બાદ નવમા સ્થાન પરથી પસાર થતો નીચનો ચંદ્ર વ્યવસાય વિકાસમાં વધુ પડતા ઉતાવળિયા નિર્ણયો ન લેવાનું દર્શાવી રહ્યા છે.

***





### સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. દ્વારા આજથી...

# ત્રણ દિવસનો સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર-વર્કશોપનું આયોજન : ૭ મહિલાઓ સહિત ૬૦ સ્પર્ધકો

રાજકોટ : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આજથી એટલે કે ૨૨મી એપ્રિલ ૨૦૨૪થી નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસીય સ્ટેટ પેનલ અમ્પાયર્સ સેમિનાર-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાત મહિલાઓ સહિત ૬૦થી વધુ સ્પર્ધકો છે. સેમિનાર કમ વર્કશોપ ફ્રેશર્સ તેમજ સ્ટેટ પેનલ અમ્પાયરો માટે છે.

અમ્પાયરિંગ પર સેમિનાર-વર્કશોપના પ્રથમ બે દિવસ પછી ત્રીજા દિવસે પરીક્ષા લેવામાં આવશે. આ સેમિનારનું સંચાલન BCCIના વરિષ્ઠ અમ્પાયર પિયુષ ખખ્ખર કરી રહ્યા છે.

નિરંજન શાહ, ભૂતપૂર્વ પૂ. BCCIના સેક્રેટરી હિમાંશુ શાહની ઉપસ્થિતિમાં સેમિનારને ખુલ્લો જાહેર કર્યો.

નિરંજન શાહે તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સેમિનારમાં આટલા બધા સહભાગીઓ હોવા એ ખરેખર ખૂબ જ આનંદની વાત છે. વધુ આનંદદાયક છે કે મહિલાઓ પણ ભાગ લઈ રહી છે અને મેચ અધિકારીઓ તરીકે સેવાઓમાં સક્રિય રસ લઈ રહી છે. અમારી પાસે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન તેમજ બીસીસીઆઈની ઘણી ડોમેસ્ટિક ટુર્નામેન્ટ છે અને હંમેશા સારા અમ્પાયરોની જરૂર રહે છે. જો એસોસિએશનમાંથી વધુને વધુ અમ્પાયરો BCCI માટે પસંદ કરવામાં આવે તો મને ખૂબ જ આનંદ થશે. તેથી વધુ, હું નિષ્ઠાપૂર્વક ઈચ્છું છું કે પ્રતિભાશાળી મહિલાઓને ફિલ્ડ અમ્પાયર તરીકે પસંદ કરવામાં આવે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મેચો માટે BCCI દ્વારા પસંદ કરાયેલ પ્રથમ મહિલા સ્કોરર અને ઉક મેનેજર આપણા એસોસિએશનમાંથી છે. ક્રિકેટના કાયદાના સારા જ્ઞાનની સાથે સાથે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર માટે પસંદ થવા માટે સારું અંગ્રેજી પણ એટલું જ મહત્વનું છે. અમ્પાયરિંગ માટે સારી શારીરિક અને માનસિક શક્તિની જરૂર હોય છે કારણ કે રમતની દરેક ક્ષણે અમ્પાયરોને ખૂબ જ સતર્ક અને સજાગ રહેવાની જરૂર હોય છે. ઉપરાંત, ક્રિકેટના નિયમોનો નિયમિતપણે અભ્યાસ કરતા રહેવું પણ એટલું જ મહત્વનું છે. જયારે હું સેમિનાર ખોલવાની ઘોષણા કરૂ છું, ત્યારે દરેક સહભાગીને સફળ અમ્પાયર તરીકે કારકિર્દી બનાવવા માટે મારી શુભેચ્છાઓ છે.

## કાલથી છાશ વિતરણ શરૂ કરાશે

જલારામ સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ અને દાતા ઓના સહયોગથી સતત ૨૬ વર્ષથી ચાલતી પ્રવૃત્તિ છાશ વિતરણ તા. ૨૩-૪-૨૪ હનુમાન જયંતિ ના રોજ થી આશરે ત્રણ મહિના સુધી ચાલુ રહેશે. ઉનાળાની કાળજાળ ગરમીમાં રાહત થાય તે માટે તાજી અને પૌષ્ટિક ઠંડી મસાલા છાશ આશરે ૫૦૦ પરિવારને વિતરણ તથા રસ્તે આવતા જતા ૧૦૦૦ વટેમાર્ગુ ઓને ઠંડી છાશ પીવડાવવામાં આવશે. છાશ વિતરણ સમય સવારે ૧૦ થી ૧૧ તથા વટેમાર્ગુ ને છાશ પીવડાવવા નો સમય ૧૧ થી ૧ નો રહેશે.

## કાલે વિશ્વ પુસ્તક દિવસ અને શેક્સપિયરના જન્મદિવસ નિમિત્તે એલટાઈ દ્વારા બુક ટોક

રાજકોટ,તા.૨૨

વિશ્વ પુસ્તક દિવસ અને વિખ્યાત અંગ્રેજી કવિ નાટ્યકાર વિલિયમ શેક્સપિયરના જન્મદિવસ નિમિત્તે ઇંગલિશ લેંગ્વેજ ટીચર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા- એલટાઇ રાજકોટ સેન્ટ્રલ ચેપ્ટરના ઉપક્રમે તા.૨૩ને મંગળવારના રોજબુક ટોકનું આયોજન કરવામાં આવ્યું છે.રેસકોર્સના સાયન્સ સેન્ટરમાં સાંજે ૭:૦૦ થી ૮ દરમિયાન આ કાર્યક્રમ યોજાશે. જેમાં સલોની વખારીયા, જીયા જોશી, સુહાના રૌમા , હર્ષ પતીરા અને ફઝલ શેખ વિવિધ પુસ્તકોની સમીક્ષા કરશે.કાર્યક્રમને સફળ બનાવવા માટે મીનુ જસદણવાળા,ડો. વિશાલ વરિયા, તૈયબ કપાસી, મનીષ પારેખ, કેતન પીઠડીયા, શ્રીકાંત તન્ના, ધર્મેશ દવે,હાર્દિક મજીઠીયા, જહેમત ઉઠાવી રહ્યાં છે.





# ટુંકીવાર્તાના વિજેતાઓ ત્થા વિવિધ બક્ષીપ્રેમીઓનો સન્માન સમારોહ સંપન્ન

ગુજરાતી સાહિત્યમાં લેખકના ચાહકોનો સૌ પ્રથમવાર સન્માન સમારોહ યોજાયો ગુજરાતના સ્વપ્રશિલ્પી સાહિત્કાર ચંદ્રકાન્ત બક્ષીની ૯૧મી જન્મજયંતિ નિમિત્તે અરસપરસ મેગેઝીન અને ચંદ્રકાન્ત બક્ષી સાહિત્યવર્તુળ,રાજકોટના સંયુક્ત ઉપક્રમે ટુંકીવાર્તા સ્પર્ધાનું આયોજન કરાયેલ તેના વિજેતાઓ ત્થા વિવિધ શહેરોમાં વસતા બક્ષીપ્રેમીઓ કે જેઓએ બક્ષીસાહેબને પોતાના જીવનમાં આત્મસાત કરેલ છે. તેવા ૨૨ બક્ષીપ્રેમીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

## રાજકોટ મહાનગરના સી.એ. સેલ કમિટીના સંયોજક, સહસંયોજક અને કારોબારી ટીમ જાહેર

રાજકોટ,તા.૨૨

પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ, પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડા, રાજકોટ સંગઠન પ્રભારી પ્રકાશભાઈ સોની તેમજ સાથે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે અને વિરેન્દ્રસિંહ ઝાલા સાથે સી.એ. સેલના સંયોજક સી.એ. અંકિત ચોટલીયા, સહસંયોજક સી.એ.જયેશ ધાનેજાએ વિચાર વિમર્શ કરી રાજકોટ મહાનગર શહેરના ભાજપ સી.એ.સેલ કમિટીના સભ્યોના નામની જાહેરાત કરી હતી. જેમાં કારોબારી સભ્ય તરીકે સી.એ. હર્ષદ કોટેચા, સી.એ. અભિષેક ગોસ્વામી, સી.એ.ગૌરવ આડેસરા, સી.એ.સંદિપ કતબા, સી.એ. કર્દમ જોષી, સી.એ. પારસ જોગી, સી.એ. મૌલિક ટોળીયાની નિમણૂક કરવામાં આવી હતી.

## આજે શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ દક્ષાબેન વાઘેલાનો જન્મદિવસ

રાજકોટ,તા.૨૨

શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ દક્ષાબેન વાઘેલાનો આજે જન્મદિવસ છે. તેઓએ મંગલમય જીવનના ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાઈ પાર્ટી દ્વારા સોંપવામાં આવેલ જવાબદારીઓને નિષ્ઠાપૂર્વક બજાવી હંમેશા તેઓ પાર્ટીને વફાદાર રહ્યા છે. ત્યારે તેમના જન્મદિવસે તેમના પરિવારજનો, ભાજપ આગેવાનો, મિત્રવર્તુળ, શુભેચ્છકો તેઓના મો.નં.૭૯૯૦૪૯૧૭૨૩ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.



## સિંધુ દર્શન યાત્રા લેહ લદાખ અંતર્ગત માર્ગદર્શન મિટિંગ યોજાઈ

સિંધુ દર્શન યાત્રા દિલ્હી દ્વારા હિમાલય ક્ષેત્ર લેહ લડાખમાં સિંધુ સંસ્કૃતિના વિકાસ માટે છેલ્લા ૨૮ વર્ષથી યાત્રાનું આયોજન કરવામાં આવે છે. જે ચાલુ વર્ષે જુન મહિનાની તા.૧૮ જુનથી શરૂ થાય છે. તે બાબતની માર્ગદર્શન, માહિતી બાબતે સિંધુ દર્શન સેન્ટ્રલ ઓગેનાઇઝર કમિટી દિલ્હીના સભ્ય ડો.સિમીબેન જગવાણી દ્વારા રાજકોટના ભારત સેવક સમાજ રેષકોર્સ ખાતે મિટિંગ યોજાઈ હતી. આ યાત્રામાં રાજકોટથી આશરે ૧૭૦ સભ્ય જોડાયેલ છે. સ્થાનિક રાજકોટ શહેર કક્ષાની કમિટીના સભ્યો જયંતીભાઇ કાલરીયા, ભીખાભાઇ સિદપરા, જી.સી.પટેલ, હસુભાઇ ધમસાણીયા, મીનાબેન પટેલ મિટિંગમાં હાજર રહ્યા હતા.





### પતંજલી યોગપીઠ હરિદ્વારના મુખ્ય કેન્દ્રિય પ્રભારી સ્વામી

# ડો.પરમાર્થ દેવજીના સાંનિધ્યમાં ગુરૂવારથી ત્રણ દિવસ યોગ શિબિરનું અનન્ય આયોજન

રાજકોટ,તા.૨૨

આગામી ગુરૂવારથી રાજકોટમાં તારીખ ૨૫ /૨૬/ ૨૭ એપ્રિલ ત્રણ દિવસયોગની ગંગાનુ અવતરણ થઈ રહ્યું છે. પતંજલિયોગ પીઠ હરિદ્વારના મુખ્ય કેન્દ્રીય પ્રભારી તેમજ સ્વામીરામદેવજી મહારાજના અતિકૃપા પાત્રશિષ્યસ્વામીડો,પરમાર્થદેવજી રાજકોટમાં ન્યુ ગાંધીનગર સોસાયટીના મેદાનમાં ત્રણદિવસની યોગશિબિરનું સંચાલન કરશે .આ અંગેભારત સ્વાભિમાન ટ્રસ્ટ ગુજરાત પ્રાંતના પ્રભારી શ્રીલક્ષ્મણભાઈ પટેલ માહિતી આપતા જણાવે છે કે સ્વામીડો,પરમાર્થદેવજીજેવાયોગ અને આયુર્વેદતથા ભારતીય શિક્ષણના નિષ્ણાત રાજકોટ પધારી રહેલ છે ત્યારે રાજકોટની આરોગ્ય અનેયોગપ્રિયપ્રજાજનો ને ત્રણદિવસની યોગશિબિરમાં સ્વામીજીયોગ જીવનનો સાર છેપ્રાકુતિક આહારજીવનનું અમૃત છેએ યુક્તિ નું જ્ઞાનપીરસશે. આશિબિર દરરોજ સવારે૬ થી ૭:૩૦ નાનામવા મેઇનરોડ પર આવેલા શાસ્ત્રીનગર પાછળની ન્યુગાંધીનગર સોસાયટી શેરીનંબર ૧૦ના હજારોની સંખ્યામાં સાધકો યોગ કરી સકે તેવા વિશાળ સાર્વજનિક પ્લોટમાંયોજાશે, જેમાં સૌને સહપરિવાર મિત્રવૃંદ સાથે આ અમૂલ્ય અવસરનો લાભ લેવા નિમંત્રણ છે વિશેષ આદિવ્ય અનેભવ્યયોગ શિબિરમાં ગુજરાતયોગ બોડનાં તરવરિયા ચેરમેન આદરણીય શિશપાલજી ઉપસ્થિત રહે છે

લક્ષ્મણભાઈ પટેલ વધુમાં જણાવે છે કે સ્વામીજીના જ્ઞાનનો લાભલેવા ચારદિવસના ભરચક કાર્યક્રમોનું આયોજન થયું છે.તારીખ ૨૫મીએ યોગશિબિર ઉપરાંત સદભાવના વૃદ્ધાશ્રમમાં યોગસભા અને બપોર પછી યોગ શિક્ષકોસાથે સંવાદને,રાત્રે ગોંડલખાતે મહારાજા ભગવતસિંહજી ટાઉનહોલમાં તરાનાકલબ,પતંજલિ સંસ્થાન સાથે૨૦ થી વધુ સંસ્થાઓના સયુંકતઉપક્રમે યોગસંવાદનું ભવ્ય આયોજન થયેલ છે,બીજે દિવસે તારીખ ૨૬ના રોજ શિબિરબાદમધ્યસ્થ જેલના કેદીઓને માટે યોગશિબિર,ત્યાર બાદ જામનગરના પ્રવાસે જશે ત્યાંયોગ સભાનું આયોજન થયું છે.જ્યારે તારીખ ૨૭નારોજ સવારની શિબિરબાદ મહાત્મા મ્યુઝિયમની મુલાકાતબાદ મોરબી જવારવાના થશે. ત્યાંપણયોગ સભાસાથ ભારતીય શિક્ષાબોડ અંતરગત સંવાદ ગોષ્ઠિ આયોજન થયેલ છે.

આ ઉપરાંત તારીખ ૨૮ એપ્રિલનાં રોજ રાજકોટમાં ભારતીય શિક્ષાબોર્ડ રાષ્ટ્રનિર્માણની નવી દિશા અંતરગત યોગ, આયુર્વેદ ઉપરાંત પતંજલિ સંસ્થાન દ્વારા વ્યક્તિ નિર્માણની દિશામાં ભારતીય શિક્ષાબોર્ડના માધ્યમ દ્વારા આભગીરથ કાર્યહાથ કરવામાં આવ્યું છે ત્યારે ભારતીય શિક્ષાબોર્ડના કાર્યકારી અધ્યક્ષ ડો. એમ.પી. સિંઘ( નિવૃત આઈએએસ)દ્વારા સવારે૧૦:૩૦વાગે રાજકોટના શિક્ષણવિદો સાથેએકસંવાદ ગોષ્ઠીનું આયોજન થયું છે. જેમાં રાજકોટ શિક્ષણજગત સાથે જોડાયેલા મહાનુભાવો, આચાર્યો, ટ્રસ્ટીઓને પણ પધારવા જાહેર આમંત્રણ છે.

ઉપરોકત સ્વાસ્થ્ય અને શિક્ષણસેવા યજ્ઞ આયોજનને સફળતા માટે ભારત સ્વાભિમાન, પતંજલિ મહિલા સમિતિ, યુવા ભારત,પતંજલિયોગ સમિતિ, કિસાનસેવા સમિતિ, ગુજરાત યોગબોડનાં હોદેદારો કર્મઠકાર્ય કરતાયોગ,સહયોગ શિક્ષકઓ, યોગકોચ ઓયોગટ્રેન ઓમાંનાં દિપકભાઈ તળાવિયા, ભાવિકભાઈ ખૂંટ, યોગ ગુરૂકિશોરભાઈ પઢિયાર, નટવરસિંહ ચોહાણ, રજનિભાઈ ધમસાનીયા, હિતેશભાઈ કાચા, હરસદ યાજ્ઞિક,નવનીત કેસરિયા, નિશાબહેનઠુંમર, ગીતાબહેન સોજીત્રા, અલ્પાબહેન પારેખ, વંદનાબહેન, પદ્માબેન રાજ, નિતાબેન મહેતા, પ્રફુલાબેન દાવડા, પૂનમબેન કટારીયા, શોભનાબેન, અમીબેન, ભાવનાબેન ગામી, શિલ્પાબેન ગમઢા, રસિલાબેન ઢોલરિયા, ખભેખભા મિલાવી જહેમત ઉઠાવી રહેલ છે.

## ગુરૂવારથી ધ્યાન શિબિરનું આયોજન

સહજ ધ્યાન યોગ દ્વારા બી.પી., ડાયાબીટીશ, સાંધાનો દુઃખાવો, અનિદ્રા, થાક, એસીડીટી, અલ્સર, શ્વાસના રોગો, પેટના રોગો,ડીપ્રેશન, કેન્સર, જેવા હઠીલા રોગોથી છુટકારો મેળવવા માટે તા.૨૫ ને ગુરૂવાર સાંજે ૫ થી તા.૨૮ ને રવિવારના સાંજે ૬ સુધી ''વામકુક્ષી'' કુવાડવા ચોકડીથી ૨ કિમી., કુવાડવા-વાંકાનેર રોડ, રાજકોટ ખાતે ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

## બેન્કર્સ ક્લબ દ્વારા ફિલ્મી ગીત સ્પર્ધા યોજાશે

બેન્કર્સ રિક્રિએશન કલબનાં સભ્યો માટે કરાઓકે ટ્રેક આધારિત હિન્દી ફિલ્મ ગીત સ્પર્ધાનું આયોજન તા. ૨૬/૪ નાં રોજ કરવામાં આવ્યું છે.

### જામનગર-રાજકોટની સંસદીય બેઠકમાં ભાજપની ચિંતાનો પડઘો

# હેન્ડલ વિથ કેરઃ ક્ષત્રિય સમાજના આંદોલન અંગે ભાજપના નેતાઓને સંદેશ

**રાજકોટ પહોંચેલા ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર તથા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ સાથે બંધ બારણે બેઠક લીધીઃ નિખાલસ મંતવ્યો જાણ્યા**

**આંદોલન પકડાઈ ચૂકયુ છેઃ મોવડીઓના પ્રતિનિધિ સમક્ષ અનેક અગ્રણીઓની ખુલ્લે દિલે વાતચીતઃ જો કે આંદોલન અંગે સોશ્યલ મીડીયામાં પોષ્ટ મુકવા કે પ્રતિભાવ આપવાથી દુર રહેવાની તાકીદ**

રાજકોટ:

ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોથી આ સમુદાયમાં આક્રોશનું જે વાવાઝોડું ફુંકાયું અને તે બાદ રાજકોટ પાસે બોયકોટ રૂપાલાના નારા હેઠળ ક્ષત્રિય સમાજનું જે વિશાળ સંમેલન યોજાયું તેમાં હવે છ થી આઠ બેઠકો પર જેની અસર થશે તેવી માહિતી ભાજપ મોવડીમંડળનો આંતરિક સર્વે મારફત મળી પછી ડેમેજ કંટ્રોલ માટે હવે ભાજપે પ્રયાસો શરૂ કર્યા છે. પરસોતમ રૂપાલાને રાજકોટ લોકસભા બેઠક પરથી ખસેડીને પાટીદાર સમુદાયના કોઈને પણ ટિકીટ આપો અમો ભાજપની સાથે છીએ તેના ક્ષત્રિય સમાજના 'વચન' છતા ભાજપે રૂપાલાને યથાવત રાખીને 'જોખમ' કરતા તેની ક્ષમતા પર વધુ ભરોસો રાખ્યો છે અને તેમાં હવે પક્ષે એક વ્યુહરચના મુજબ ક્ષત્રિય સમાજના રોષને કાળજીપૂર્વક હેન્ડલ કરવા પણ પ્રયાસો શરૂ કર્યા છે તેના ભાગરૂપે અને એકંદર સૌરાષ્ટ્રની રાજકીય પરીસ્થિતિનો તાગ મેળવવા પક્ષના મહામંત્રી રત્નાકર તથા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ગઈકાલે પહેલા જામનગર ગયા હતા જયાં પણ ક્ષત્રિય સમુદાયની મોટી સંખ્યા છે અને અહી કોંગ્રેસ પક્ષે પાટીદારને ટિકીટ આપી છે તેથી બેઠકમાં રસપ્રદ સમીકરણો બની રહ્યા છે. જામનગર બાદ શ્રી રત્નાકર અને હર્ષ સંઘવી રાજકોટ આવ્યા હતા અને કાલાવાડ રોડ પરની હોટેલ સિઝન્યર્સ રાજકોટ લોકસભા ક્ષેત્રના ભાજપના ધારાસભ્યો ઉપરાંત જીલ્લા-મહાનગરના સંગઠન પદાધિકારીઓને બેઠક બોલાવી 'ફીડબેક' થયા હતા.





**મોવડીઓની શીખઃ** રાજકોટની સિઝન્સ હોટલમાં ભાજપના ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ બેઠક લીધી હતી. આ પુર્વે તેઓએ મહાનગર અને જિલ્લાના સંગઠન હોદ્દેદારોને તથા ચુંટાયેલા ધારાસભ્યોને પણ મળ્યા હતા.

આ બેઠકમાં નિખાલસ રીતે મંતવ્ય વ્યકત કરતા એક સંગઠન પદાધિકારીએ ક્ષત્રિય સમાજનું આંદોલન 'પકડાઈ' ગયુ છે અને તેથી હવે પક્ષે તેમાં વધુ કોઈ 'ઉગ્રતા' ન આવે તે જ પ્રયાસો કરવા માટે જણાવ્યું હતું અને પક્ષે હવે ફકત આંતરિક પ્રયાસોથી જ આ આંદોલનનો મુકાબલો કરવો પડશે તથા પક્ષના નેતાઓને કોઈ ઉશ્કેરણીજનક વિધાનોથી પુર્ણ દુર રહેવા ખાસ તાકીદ થઈ હતી.

ખાસ કરીને સોશ્યલ મીડીયામાં કોમેન્ટમાં પણ હવે સતાવાર સિવાય કોઈ હેન્ડલ પર આ વિવાદ અંગે કોઈ અભિપ્રાય કે પ્રતિભાવ નહી આપવા પણ તાકીદ કરાયા હતા. આ બેઠકમાં વાંકાનેરના રાજવી અને સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, ગોંડલના પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, રાજકોટ ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મોરલના ક્ષત્રિય અગ્રણી નરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી તથા જીલ્લા ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ઢોલરીયા પણ હાજર હતા.

## સમાજથી વિમુખ થતા નહીઃ સંવાદ જાળવી રાખજોઃ ક્ષત્રિય નેતાઓને મહામંત્રી રત્નાકરની ખાસ સલાહઃ તેઓ આપણા જ છે

રાજકોટ તા.૨૨

ગઈકાલે રાજકોટ આવેલા ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરે પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ સાથેની બેઠકમાં પહેલા તેમના અભિપ્રાયો જાણ્યા બાદ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમુદાય સાથે આપણે સૌએ સતત સંપર્ક જાળવી રાખવાનો છે. સમાજથી વિમુખ થતા નહી તેઓ આપણા જ છે. શ્રી રત્નાકરે જણાવ્યું કે જે વિવાદ હતો તેમાં ત્રણ વખત માફી મંગાઈ ચૂકી છે પણ આપણે તેમને આપણી સાથે જ રાખવાના છે અને તેથી જ તમો બધા તમારા સમાજ સાથે હળતા મળતા રહેજો.

### ૧૨મીથી ૧૯મી સુધી લોકસભા માટે ૪૩૩, વિધાનસભા માટે ૩૭ ફોર્મ ભરાયા હતાં

# ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ૩૨૮, ૫ વિધાનસભા પેટા ચૂંટણી માટે ૨૭ ઉમેદવારના ફોર્મ માન્ય

**હાલની સ્થિતિએ સૌથી વધુ ૩૦ ઉમેદવારો ગાંધીનગર લોકસભા બેઠક, તો સૌથી ઓછા ૩ બારડોલી પર છે : જો કે હજુ આખરી ચિત્ર ૨૨ મી સુધીમાં ખબર પડશે**

ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ખાલી પડેલી ૫ બેઠકો માટે ૭મીના મેના રોજ પેટા ચૂંટણીઓ યોજવાની છે. જે માટે ૧૨મી, એપ્રિલે જાહેરનામુ પ્રસિધ્ધ થયા બાદથી ઉમેદવારી પત્રો ભરાવાની શરુઆત થઈ હતી. જે ૧૯મી એપ્રિલના ઉમેદવારી પત્રો ભરવાના છેલ્લા દિવસ સુધી ચાલુ રહી હતી. આમ, ૧૨મી એપ્રિલથી ૧૯મી એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં લોકસભાની ચૂંટણી માટે કુલ ૪૩૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. એવી જ રીતે વિધાનસભાની પેટાચૂંટણી માટે કુલ ૩૭ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા.

હવે ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા ચૂંટણી કાર્યક્રમ મુજબ, ૨૦મી અને ૨૧મી ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ લોકસભા માટે ૧૦૫ અને વિધાનસભાની પેટા ચૂંટણી માટે ૧૦ ઉમેદવારીપત્રો ૨૬ એપ્રિલે આ ભરાયેલા ઉમેદવારી પત્રોની તમામ ચૂંટણી અધિકારીઓ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ ચકાસણીના અંતે લોકસભાની ચૂંટણી માટે કુલ ૩૨૮ ઉમેદવારો અને વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા હતા અર્થાત લોકસભાની ચૂંટણી માટેના કુલ ૧૦૫ ઉમેદવારી પત્રો રદ કરાયા હતા અને એવી જે જ રીતે વિધાનસભાની પેટા-ચૂંટણી માટેના ૧૦ ઉમેદવારી પત્રો અમાન્ય ઠર્યા હતા. હાલની સ્થિતિએ સૌથી વધુ ૩૦ ઉમેદવારો ગાંધીનગર લોકસભાની બેઠક માટે તથા અનુસૂચિત જનજાતિ માટેની અનામત એવી બારડોલી બેઠક પરથી સૌથી ઓછા ૩ ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે. એવી જ રીતે વિધાનસભાની ૫ બેઠકોની પેટા-ચૂંટણી માટે સૌથી વધુ ૮ ઉમેદવારી પત્રો વિજાપુર બેઠક ઉપર સૌથી વધુ અને માણાવદર અને ખંભાત બેઠક માટે સૌથી ઓછા ૪-૪ ઉમેદવારો માન્ય ઠર્યા છે. હવે, પંચના નિયત કાર્યક્રમ પ્રમાણે ૨૨મી, એપ્રિલના સોમવારે બપોરના ૩ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો પરત ખેંચી શકાશે. કોઈ ઉમેદવારને હવે પોતાનું ઉમેદવારી પાછું ખેંચવું હોય તો, તે આ સમયગાળા દરમ્યાન પરત ખેંચી શકશે અને ત્યારબાદ તે બેઠકો માટે જે ઉમેદવારી બાકી રહેશે, તેમની વચ્ચે જ ૭મી-મેના રોજ ખરાખરીનો ચૂંટણી જંગ જામશે. આમ, કઈ બેઠક ઉપર કેટલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે, તેનું આખરી ચિત્ર ૨૨મીની બપોર પછી જ જાણી શકાશે.

# રૂપાલા વિરોધ યથાવત : સુરેન્દ્રનગરમાં શકિત મંદિરે ક્ષત્રિય બહેનોનાં ઉપવાસ આંદોલનનો પ્રારંભ

**દૈનિક ૨૧ બહેનો મંદિરે અનશન ઉપર બેસશે**

**(ફારૂક ચૌહાણ)**

વઢવાણ, તા. ૨૨

રાજકોટની લોકસભાના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલાના વિવાદી નિવેદન બાદ સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલન પાર્ટ-૨ના ભાગરૂપે સુરેન્દ્રનગરના દાળમીલ રોડ પર આવેલા શ્રી શકિત માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજના બહેનો પ્રતિક ઉપવાસ પર બેઠા હતા.



ગુજરાતમાંથી જે પાંચ બહેનોએ જોહરની ચીમકી ઉચ્ચારી હતી. એમાંથી એક એવા જાગૃતિબા રાઠોડે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, ભાજપને ક્ષત્રિય સમાજ કરતા એમના ઉમેદવાર પરસોતમભાઇ રૂપાલા વધારે વહાલા છે, એમ લોકશાહી ઢબે ખુબ વિરોધ કર્યો છતાં અમને ક્ષત્રિય સમાજને ન્યાય ન મળતા નાછૂટકે અમારે આ અનશન કરવાની ફરજ પડી છે. આજથી રોજ ક્ષત્રિય સમાજની ૨૧ બહેનો પ્રતિક ઉપવાસ પર બેસશે અને અમે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ વિરૂધ્ધ મતદાન કરી યોગ્ય જવાબ આપીશું. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ રાજયભરમાં રૂપાલાનો વિરોધ કરવાનો એજન્ડા તૈયાર કર્યો છે. જેના ભાગરૂપે દરરોજ ક્ષત્રિય સમાજની મહિલાઓએ ઉપવાસ કરવાનું શરૂ કરી દીધું છે.

### ગુજરાતમાં લડયા વગર જ એક સંસદીય બેઠક ગુમાવનાર કોંગ્રેસ પાસે અદાલતી વિકલ્પ મર્યાદિત

# સુરત ફિયાસ્કોઃ કોંગ્રેસ સુપ્રીમ પાસે પહોંચે તો પણ રાહત મળવાની શકયતા નહિવત

**બંધારણની કલમ ૩૨૯ મુજબ ચુંટણી પ્રક્રિયા શરૂ થયા પછી અદાલતી સતા અત્યંત મર્યાદિત અથવા નહીવત થઈ જાય છેઃ ૧૯૫૦થી અપાયેલા અનેક ચૂકાદાઓમાં સર્વોચ્ચ અદાલતની એક જ ભૂમિકા**

રાજકોટ તા.૨૨

લોકસભા ચુંટણીમાં સુરત સંસદીય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેના ડમી બંનેનું ફોર્મ રદ થતા જ હવે આ બેઠક પર કોંગ્રેસ સ્પર્ધામાં રહી નથી અને જે રીતે ટેકેદારોએ કોંગ્રેસના ઉમેદવાર કે ડમીના ફોર્મમાં તેમની સહી નથી તેવું જણાવીને આ ઉમેદવારી રદ થાય તે નિશ્ચિત કર્યુ તે પછી કોંગ્રેસ હવે હાઈકોર્ટથી લઈ સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરે છે પરંતુ તેમાં તેને સફળતા મળવાની આશા નહીવત છે અને સુપ્રીમકોર્ટ પણ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ આદેશ આપે તેવી શકયતા નથી. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને દિપાંકર દતાએ ગત વર્ષે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં જણાવ્યું હતું કે અમો ચુંટણી રોકી શકીએ નહી. બંધારણની કલમ ૩૨૯ હેઠળ જો કેસ દાખલ કરવામાં આવે તો અમો પાવરલેસ બની જાઈએ છીએ. એક વખત ચુંટણી પ્રક્રિયા શરુ થાય પછી બંધારણીય જોગવાઈ મુજબ તેમાં અદાલતી દરમ્યાનગીરી અત્યંત ઓછી થઈ જાય છે અથવા નહીવત હોય છે. આ ચૂકાદો મતવિસ્તારના નવા સિમાંકન અંગેનો હતો અને હાલમાં જ બિહારમાં પણ એક ઉમેદવારનું ફોર્મ રદ થતા તેને સર્વોચ્ચ અદાલત સુધી ધા નાંખી હતી પરંતુ સુપ્રીમકોર્ટે જણાવ્યું કે અમે દરમ્યાનગીરી કરી શકીએ નહી જે ઉમેદવારના ફોર્મ રદ થયા છે અથવા તો ચુંટણી પ્રક્રિયા પ્રત્યે જેને નારાજગી હોય તો તે ઈલેકશન પીટીશન મારફત અદાલત સમક્ષ આવી શકે છે અને તે પણ પહેલા હાઈકોર્ટમાં જવાનું હોઈ છે પરંતુ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે અમે ચુંટણી પ્રક્રિયા સામે સ્ટે આપી શકીએ નહી. આ માટે સર્વોચ્ચ અદાલતે ૧૯૫૦ અને ૧૯૭૮માં અપાયેલા બે ચુકાદા આગળ ધર્યા હતા. સુપ્રીમકોર્ટે એ પણ જણાવ્યું કે અમારી સતાનો કોઈ ગેરઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયાને સંભાળી શકે છે જે અમે સ્વીકાર્ય થવા દેવા માંગતા નથી.



## કોંગ્રેસ પાસે ઈલેકશન પીટીશનનો વિકલ્પ પણ તે પરિણામ જાહેર થયા પછી અદાલત વિચારી શકે

**જો કે ઉમેદવારના ટેકેદારોએ જે રીતે પલ્ટી મારી તે મુદે ભૂતકાળમાં હજુ કેસ આવ્યો નહી હોવાની શકયતા**

રાજકોટ તા.૨૨

કોંગ્રેસ પક્ષ હવે સુરત મુદે ઈલેકશન પીટીશન કરી શકે છે પરંતુ ચુંટણી પરિણામો જાહેર થયા બાદ તેના પર વિચારણા કરાશે તેવો સંકેત છે. એક વખત ચુંટણી પરિણામો ગેઝેટમાં જાહેર થઈ જાય પછી ચુંટણીપંચની ભૂમિકા પુરી થાય છે અને કોઈ ઉમેદવાર તેવુ માનતો હોય તો તેને પ્રક્રિયામાં અન્યાય થયો છે અથવા ચુંટણી દરમ્યાન કોઈ ગેરરીતિ, ભ્રષ્ટાચાર કે અન્ય રીતે ચુંટણી ખરડાઈ છે અને તેથી તે પરાજીત થયો છે અથવા રેશમાંથી બહાર નીકળી ગયો છે તો તે ઈલેકશન પીટીશન કરી શકે છે અને પરિણામના ૪૫ દિવસની અંદર તેણે આ અરજી કરવાની રહે છે અને લોકપ્રતિનિધિત્વ કાનૂન ૧૯૫૧ મુજબ હાઈકોર્ટે તેનો છ માસમાં નિકાલ કરવાનો હોય છે. આ માટે અલગ અલગ કારણો પણ હોય છે.

હવે જે રીતે સુરતમાં કોંગ્રેસના ઉમેદવારના ટેકેદારોએ ઉમેદવારીપત્રકમાં સહી કર્યા બાદ આ અમારી સહી નથી અને અમે કોંગ્રેસના નિલેષ કુંભાણીને ટેકો આપતા નથી તેવું સોગંદનામુ કર્યુ તથા ટેકો પાછો ખેંચી લીધો તે મુદો હજુ સુધી કોઈ અદાલતમાં આવ્યો નથી અને તેથી ટેસ્ટ કેશ બને તો પણ આશ્ચર્ય થશે નહી.

# ચીનનો ગુપ્ત અવકાશી કાર્યક્રમઃ ચંદ્ર પર કબ્જાની પેરવી!

**અમેરિકી સંસ્થા 'નાસા'ના વડાનો ખુલાસોઃ બેઝ બનાવવા ખુબ ઝડપથી આગળ વધી રહ્યાનો દાવો**

અમેરિકા ,તા.૨૨

નાસાના વડા બિલ નેલ્સને ચીન વિશે ચોંકાવનારો દાવો કરતા કહ્યું કે તેઓ (ચીન) અવકાશમાં ગુપ્ત સૈન્ય કાર્યક્રમ ચલાવી રહ્યા છે જેથી તેઓ ચંદ્ર પર કબ્જો કરી શકે. નેલ્સન અનુસાર, ચીન આ માહિતી છુપાવી રહ્યા છે.

નેલ્સને કહ્યું કે ચીને હંમેશા એ વાત જાળવી છે કે અવકાશમાં તેની પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે. તેનો હેતુ કોઈપણ રીતે અતિક્રમણ કરવાનો નથી. પરંતુ ચીનના ઈરાદા અલગ છે. અમને લાગે છે કે ચીને અવકાશના ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે, પરંતુ તેના મોટાભાગના કાર્યક્રમો ગુપ્ત રહ્યા છે. અમેરિકા અને ચીન બંને ચંદ્ર પર કાયમી બેઝ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વર્ષે માર્ચમાં, ચીની વૈજ્ઞાનિકોએ ડિઝનીલેન્ડના કદના ચંદ્ર આધાર બનાવવાની જાહેરાત કરી હતી.




નેલ્સને કહ્યું કે, ચીનના ઈરાદા એવું લાગે છે કે તે ચંદ્રના કેટલાક ભાગો પર કબજો કરવા માંગે છે. જોકે અમે રેસમાં છીએ. ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર ઉતરવાની તૈયારી. અમે ત્યાં જલ્દી પહોંચવા માંગીએ છીએ. આર્ટેમિસ III સપ્ટેમ્બર, ૨૦૨૬ માં લોન્ચ કરવામાં આવશે. ખરેખર, અમેરિકા હંમેશા ચંદ્રને લઈને ચિંતિત રહે છે. તે ચીનને પોતાનો સૌથી મહત્વપૂર્ણ હરીફ માને છે. પરંતુ નેલ્સનનો દાવો છે કે અમેરિકા ચીન કરતાં ઘણું આગળ છે. તેમણે કહ્યું કે જો ચીન પહેલા ત્યાં પોતાનું બેઝ બનાવવાનું શરૂ કરે તો તે ચંદ્રના કેટલાક હિસ્સા પર દાવો કરી શકે છે. નાસા આને લઈને ચિંતિત છે કારણ કે ચીને ૨૦૨૨માં પોતાનું સ્પેસ સ્ટેશન બનાવી લીધું છે. આ સાથે તેણે તેના ઉપગ્રહોની સંખ્યા બમણી કરી દીધી છે. ચીને છેલ્લા ચાર વર્ષમાં સ્પેસ મિશનમાં અબજો ડોલરનું રોકાણ કર્યું છે.યુએસ સ્પેસ ફોર્સના કમાન્ડરે ચીનના ટ્રેકિંગ સેટેલાઇટ વિશે ચેતવણી આપી છે, જેનો ઉપયોગ સૈન્ય કામગીરી પર નજર રાખવા માટે થઈ શકે છે. ચીન વિશાળ જાસૂસી બલૂન અને હાઇપરસોનિક મિસાઇલ પણ વિકસાવી રહ્યું છે.

# રાજસ્થાનમાં બીજા ચરણની ચૂંટણીમાં ૨૫ ઉમેદવારો સામે આપરાધિક કેસઃ ૧૬ સામે ગંભીર ગુના દાખલ

**ભાજપ, કોંગ્રેસ, અપક્ષ અને અન્ય નાના-નાના પક્ષોના ઉમેદવારો સામે લૂંટ, હત્યા, દુષ્કર્મ સહિતના આરોપો**

જયપુર, તા.૨૨

દેશમાં લોકસભા ચૂંટણી ચાલે છે ત્યારે અનેક એવા ઉમેદવારો છે, જેમની સામે ગંભીર આપરાધિક કેસો નોંધાયેલા છે. આ પરિસ્થિતિમાં રાજસ્થાનના બીજા ચરણની ચૂંટણીમાં ૧૫૨ ઉમેદવારોમાં ૨૫ જેટલા એવા ઉમેદવારો છે જેમની સામે આપરાધિક કેસો થયા છે. આ ઉમેદવારોમાં ભાજપ, કોંગ્રેસ, અપક્ષ સહિત અન્ય પક્ષોના ઉમેદવારોનો સમાવેશ થાય છે. આ ઉમેદવારોમાં રવિન્દ્ર ભાટ્ટી, રાજકુમાર રોત અને કરણસિંહ ઉચિયારડા જેવા અનેક ઉમેદવારો છે જે જીતતા આવ્યા છે.

રાજસ્થાનમાં બીજા ચરણમાં અજમેર, બાંસવાડા, ચિતોડગઢ, જાલૌટ, બાડમેર, ભીલવાડા, રાજસમંદ, કોટા, ઉદયપુર વગેરે ખાતે તા.૨૬ એપ્રિલ મતદાન થનાર છે જેમાં ૧૬ ઉમેદવારો સામે તો ગંભીર ધારાસભા હેઠળ કેસ દાખલ છે. અહીં ગંભીર કલમોનો મતલબ બિન જામીન લાયક અપરાધ અને એ કેસોમાં પાંચ વર્ષ કે



તેથી વધુ વયની સજાની જોગવાઇ છે.

આપણી લોકશાહીની વ્યવસ્થા દરેક વ્યકિતને ચૂંટણી લડવાનો હક ઓપ છે તે ભારતનો નાગરિક હોવો જોઇએ. ચૂંટણી લડનાર પાસે એવી આશા રખાય છે કે તે સ્વચ્છ છબીનો હોવો જોઇએ. પણ એવા ઘણા ઉમેદવારો જોવા મળે છે જે આપરાધિક બેક ગ્રાઉન્ડ ધરાવતો હોય અને ચૂંટણી જીતીને સરકારનો ભાગ બની જાય છે. આવા નેતાઓના કેસની સુનાવણી વર્ષો સુધી ચાલતી હોય છે અને નેતાજી શાસનનો સ્વાદ લેતા રહેતા હોય છે.

રાજસ્થાનમાં બીજા ચરણની ચૂંટણી યોજનાર છે ત્યારે સોગંદનામામાં ૧૫૨ ઉમેદવારોમાંથી ૨૫ ઉમેદવારો સામે ગંભીર આપરાધિક કેસ નોંધાયા હોવાને બહાર આવ્યું છે. આવા કેટલાક ઉમેદવારોમાં વિજેન્દ્ર (આઝાદ પાર્ટી), ટોંક સવાઇ માધોપુર લોકસભા ક્ષેત્ર (કુલ કેસ ૧૬) જેમાં હત્યાનો પ્રયાસ, મારપીટ સામેલ, ભાજપના ઉમેદવાર સુખબીરાસિંહ જોનપુરિયા, ટોક સવાઇ માધોપુર લોકસભા ક્ષેત્ર, સરકારી આદેશના ઉલ્લંઘનનો કેસ, રામચંદ્ર ચૌધરી (કોંગ્રેસ), અજમેર લોકસભા ક્ષેત્ર સામે દુષ્કર્મના આરોપનો કેસ દાખલ છે.

# ઓખા-પુરી સાપ્તાહિક એકસપ્રેસ ટ્રેનો ડાયવર્ટ થયેલા રૂટ પર દોડશે

રાજકોટ,તા.૨૨

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ ડિવિઝન પર કાઝીપેટ-વિજયવાડા સેક્શનમાં નોન ઇન્ટરલોકિંગ કામ ને કારણે ઓખા-પુરી-ઓખા એક્સપ્રેસ ટ્રેનો ડાયવર્ટ કરાયેલા રુટ પર દોડશે. (૧) ૧, ૮ અને ૧૫ મે ના રોજ ઓખા થી ચાલતી ટ્રેન નં ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ વર્ધા - બલ્હારશાહ - વિજયવાડા - વિશાખાપટ્ટનમ - ખુર્દા રોડ ના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલ માર્ગ વાયા વર્ધા - નાગપુર - રાયપુર - ટિટિલાગઢ - રાયગઢ - વિજયનગરમ - ખુર્દા રોડ ના માર્ગ પર દોડશે. આ ટ્રેન ચંદ્રપુર - બલ્હારશાહ - સિરપુર કાગઝનગર - મંચિર્યાલ - રામગુંડમ - વારંગલ - વિજયવાડા - એલુરુ - રાજામુંદ્રી - સામલકોટ - અનકાપલ્લી -વિશાખાપટ્ટનમ સ્ટેશનો પર જશે નહીં.

(૨) ૨૮ એપ્રીલ , ૫ અને ૧૯ મે ના રોજ પુરી થી ચાલતી ટ્રેન નં ૨૦૮૧૯ પુરી - ઓખા એક્સપ્રેસ ટ્રેન તેના નિર્ધારિત માર્ગ ખુર્દા રોડ - વિશાખાપટ્ટનમ - વિજયવાડા - બલ્હારશાહ - વર્ધા ના સ્થાને તેના ડાયવર્ટ કરાયેલ માર્ગ વાયા ખુર્દા રોડ - વિજયનગરમ - રાયગઢ - ટિટિલાગઢ - રાયપુર - નાગપુર - વર્ધા ના માર્ગ પર દોડશે. આ ટ્રેન વિશાખાપટ્ટનમ - અનકાપલ્લી - સામલકોટ - રાજમંડ્રી - એલુરુ - વિજયવાડા - વારંગલ - રામગુંડમ - મંચિર્યાલ - સિરપુરકાગઝનગર - બલ્હારશાહ - ચંદ્રપુર સ્ટેશનો પર નહીં જાય.

ટ્રેનોના સ્ટોપેજ, રચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક નિમિતે સતત ૧૧માં વર્ષે જૈન વિઝન દ્વારા અદ્ભુત આયોજન

# ‘આવો રે આવો મહાવીર નામ લઈએ..’ : ભરચક્ક હોલ, ભકિતસભર માહોલમાં જૈનો મહાવીરમય બન્યા

**મિલન કોઠારી, રાજીવ ઘેલાણી, જય ખારા સહિત ટીમ જૈન વિઝન દ્વારા પ્રશંસનીય કાર્યક્રમ**

**‘સાંજ સમાચાર’ ના યુવા એક્ઝિક્યુટિવ કરણભાઈ શાહ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ, મેહુલભાઈ રૂપાણી સહિતના આગેવાનોના હસ્તે દીપ પ્રાગટ્ય : વિવિધ સંઘના ટ્રસ્ટીઓની હાજરી**











રાજકોટ : ગઈકાલે રવિવારના દિવસે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મકલ્યાણક નિમિતે જૈન વિઝન સંસ્થા દ્વારા સતત ૧૧ માં વર્ષે ‘‘આવો રે આવો મહાવીર નામ લઈએ’’ કાર્યક્રમ યોજાયો હતો. આ વર્ષે રૈયા રોડ પર આવેલ પ્રમુખ સ્વામી હોલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હોલ એટલે ભરચક્ક થઈ ગયો કે લોકો માટે તાત્કાલિક ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે જૈન વિઝનના કમિટી સભ્યો અને તેમના પરિવારજનોએ અન્યને પ્રાથમિકતા આપી, ખુદ પગથિયાં પર બેસી ગયા હતા. દર વર્ષે અનેક ધાર્મિક અને સંસ્કૃતિ કાર્યક્રમો કરનાર જૈન વિઝનએ વધુ એક હિટ કાર્યક્રમ આપ્યો હતો. જૈન વીઝનના ગઈકાલના કાર્યક્રમમાં સાંજ સમાચાર ના યુવા એક્ઝિક્યુટિવ કરનભાઈ શાહ હસ્તે દીપ પ્રાગટ્ય કરવાંમાં આવ્યું હતું. આ ઉપરાંત ધારાસભ્ય ડો. દર્ષિતાબેન શાહ, સહકારી અગ્રણી જ્યોતીન્દ્રભાઈ મહેતા, ચંદ્રકાંતભાઈ શેઠ, દોલરભાઈ કોઠારી, શહેર ભાજપ ખજાનચી મયુરભાઈ શાહ, જયેશભાઈ શાહ (સોનમ કલોક્સ), ડો.મેહુલભાઈ રૂપાણી, જાણીતા ધારાશાસ્ત્રી પિયુષભાઈ શાહ, જય ખારા, મિતુલભાઈ વસા, બિલ્ડર હેમલભાઈ મહેતા, જૈન સાહિત્યકાર મનોજભાઈ દેલીવાળા, રાકેશભાઈ દેલીવાલા, પ્રતાપભાઈ વોરા, ગીરીશભાઈ મહેતા, સુશિલભાઈ ગોડા, યોગેશભાઈ ગોડા, કેતનભાઈ દોશી, અખિલભાઈ શાહ, મનાલીબેન દોશી શાહ, શિરીષભાઈ બાટવિયા, નીતિનભાઈ મહેતા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાંજ સમાચાર ના યુવા એક્ઝિક્યુટિવ કરનભાઈ શાહે પ્રાસંગિક સંબોધન કર્યું હતું અને ગઈકાલે રાજકોટમાં આયોજિત દીક્ષા મહોત્સવ અને આગામી રવિવારે ૧૦૦૮ આયંબિલ તપના પારણાં મહોત્સવ વિશે ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત જૈન વિઝનના કાર્યક્રમો બિરદાવ્યા હતા. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે સંબોધન કર્યું હતું. ચંદ્રકાંતભાઈ શાહે મહાવીર કે સંતાન હૈ.. ભક્તિગીતની ગાયું હતું. આ કાર્યક્રમમાં જાણીતા ભક્તિકાર ભૂપેન્દ્રભાઈ મહેતા કે જેઓ સાતમા આયંબિલ તપના આરાધક રહી સુંદર ભક્તિ કરાવી રહ્યા હતા. તેમની સાથે પ્રતાપભાઈ શાહ, ઉર્વશીબેન પંડ્યા જોડાયા હતા. મ્યુઝિક અરેંજમાં આશિષ શાહ અને સંચાલન આશિષ કોટક દ્વારા કરવામાં આવ્યું હતું. સેટ ડિઝાઇન તુષાર પોટા, સાઉન્ડ સિસ્ટમ જનક દવે અને ફોટોગ્રાફી જતીન કોઠારી દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમના સહયોગી માતુશ્રી ઇન્દિરાબેન અંનતરાય કામદાર હસ્તે રાજેશભાઈ તથા નીતિનભાઈ, માતુશ્રી રમીલાબેન હરકિશનભાઈ બેલાણી હસ્તે ધારાબેન જીતુભાઇ બેલાણી, ઋષભ ચંદ્રકાન્તભાઈ શેઠ, શ્રી સુગંધાબેન ઓમકારલમજી જૈન હસ્તે અજીત જૈન, શ્રી વિનોદભાઇ હરિલાલ દોશી એચ જે ઇન્ડસ્ટ્રીઝ સીએસઆર ફાઉન્ડેશન હસ્તે મયુરભાઇ શાહ, ગીરીશભાઈ પ્રાણલાલ ખારા, જયેશભાઇ શાહ સોનમ કવોટર્ઝ, સ્વ.માતુશ્રી ભારતીબેન ભુપતલાલ લાઠીયા પરિવાર, ડો.મેહુલભાઈ રૂપાણી, મુકેશભાઈ દોશી મોર્ડન, હેમલભાઈ મહેતા, સુરેશભાઈ અજમેરા દ્વારા સહયોગ મળ્યો હતો. લક્કી ડ્રોના દાતા જૈન અગ્રણી પ્રફુલભાઈ ધામી,

ડો.હાર્દિક શાહ, સચિન વોરા, હિમાંશુ પારેખએ આપ્યો હતો. આ ઉપરાંત દરેક દાતાશ્રીઓનું સાંજ સમાચાર ના યુવા એક્ઝિક્યુટિવ શ્રી કરનભાઈ શાહના હસ્તે અભિવાદન કરાયું હતું. કાર્યક્રમમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબના સાનિધ્યમાં અખંડ ૧૦૦૮ આયંબિલની કઠોર તપસ્યા કરનાર પૂજ્ય મહાસતીજી માટે કળશમાં સાકર અર્પણ કરવામાં આવી હતી. અને સૌ દીદીઓ દ્વારા મંચ પર થી આ અંગે માહિતી અપાઈ હતી.

અમદાવાદમાં દીક્ષા દાનેશ્વરી પૂ. આ. ભ. શ્રીયોગતિલકસૂરીજી મ. આદિ ૪૦૦થી વધુ શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં

# ૩૫ મુમુક્ષુઓનો ઐતિહાસિક જૈન દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન : વીરના વારસ વીરની વાટે

**વહેલી સવારથી દીક્ષા મહોત્સવની વિધિ આરંભાઇ : હજારો ભાવિકો દીક્ષા મહોત્સવના સાક્ષી બન્યા : ભવ્ય વર્ષીદાન યાત્રામાં ૬૮ લાખનું કરાયું વર્ષીદાન : ઉપકરણોની ઉછામણી ૫.૨૯ કરોડની થઇ : રીવરફ્રન્ટ અધ્યાત્મ નગરી ખાતે જૈનં જયતિ શાસનમ્નો નાદ ગુંજી ઉઠયો**




રાજકોટ, તા. ૨૨

અમદાવાદમાં દીક્ષા દાનેશ્વરી પૂ. આ. ભ. શ્રી યોગતિલકસૂરીજી મ. આદિ ૪૦૦થી વધુ શ્રમણ-શ્રમણી વૃંદની પાવન નિશ્રામાં આજે શહેરના ઇતિહાસમાં પ્રથમવાર ૩૫ મુમુક્ષુઓએ પ્રવ્રજયા ગ્રહણ કરીને પ્રભુ વીરના પંથેચરણ મૂકયા છે. આજે રીવરફ્રન્ટ પર સવારે ૫.૩૧ કલાકે પૂજયો અને મુમુક્ષુઓનો મંડપ પ્રવેશ ત્યારબાદ વિજય તિલક, સવારે ૭.૦૨ કલાકે વીરના વારસ વીરની વાટે રજોહરણ પ્રદાન કરવામાં આવેલ. સવારે ૯.૨૭ કલાકે કેશલુંચન કરવામાં આવેલ ત્યારબાદ શુભ ચોઘડીયે પૂજય ગુરૂ ભગવંતે ૩૫ મુમુક્ષુઓને પ્રવ્રજયા અંગીકાર કરી હતી.

અમદાવાદના આંગણે ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો હતો. દીક્ષા મહોત્સવના સાક્ષી બનવા હજારો જૈન-જૈનેતરો ઉમટી પડયા હતા.

**ભવ્ય વર્ષીદાન યાત્રા**

ઐતિહાસિક જૈન દીક્ષા મહોત્સવમાં ગઇકાલે રવિવારે અમદાવાદમાં ૩૫ મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળીહતી. જેમાં હાથી, ઘોડા, ઉંટગાડીઓ, બળદગાડા, શણગારેલા રથો ઉપરાંત વિન્ટેજ કારોમાં બેસીને દીક્ષા લેતા પહેલા છૂટા હાથે ચલણી નોટો, વસ્ત્રો, વાસણો, મોતી વગેરેનું દાન કરવામાં આવ્યું હતું. ૩૫ મુમુક્ષુઓ દ્વારા ૬૮ લાખ રૂપિયાનું વર્ષીદાન કરવામાં આવ્યું હતું અને



ઉપકરણોની ઉછામણી ૫,૨૯,૮૭,૦૦૩ રૂપિયા થઇ હતી. તેમાં સૌથી વધુ ઉછામણી રૂચિકુમારી મહેન્દ્રભાઇ અંગારાને ઉપકરણો વહોરાવવા માટે રૂા. ૬૯,૯૧,૨૨૨ની બોલવામાં આવી હતી.

સવારે ૬.૩૦ કલાકે મુમુક્ષુ ભાવેશભાઇ ભંડારી અને તેમના ધર્મપત્ની જિનલબ્હેનના નિવાસસ્થાન ઋજુવાલિકા, શાંતિનગરથી શરૂ થયેલી શોભાયાત્રા ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, પાલડી ચાર રસ્તા થઇને સાત કિલોમીટરની યાત્રા કરીને રિવરફ્રન્ટ પર તૈયાર કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં આવી પહોંચી હતી. આ વર્ષીદાનના વરઘોડામાં આશરે ૪૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપરાંત આશરે દસ હજાર ભાવિકો જોડાયા હતા. જયારે રાજનગર અમદાવાદના આશરે પાંચ લાખ લોકોએ વિવિધ સ્થળેથી વરઘોડાના દર્શન કર્યા હતા.

વર્ષીદાનની યાત્રા અધ્યાત્મ નગરીમાં આવી પહોંચી તે પછી સોમવારે સવારે ૬ વાગ્યે યોજાનારા દીક્ષા મહોત્સવમાં મુમુક્ષુઓ સાધુ બન્યા પછી જે ૧૮ વસ્ત્રો, પાત્રો, ઉપકરણો વગેરેનો ઉપયોગ કરવાના છે, તેની ઉછામણી બોલાવવાની શરૂઆત થઇ હતી. આ ૧૮ ઉપકરણો પૈકી સાધુ જીવનના પ્રતિક સમાન ઓઘાની અને મુહપત્તિની ઉછામણી બોલાવવામાં આવતી નથી. પણ તે લાભ મુમુક્ષુના પરિવારને આપવામાં આવે છે. ઓઘા અને મુહપત્તિ સિવાય કામળી, કાપડો, સાડો અથવા ચોલપટ્ટો, પાત્રા, તરપણી, ચેતનો, પુસ્તકની પોથી, નવકારવાળી, દાંડો, દંડાસન, સુપડી, પૂંજણી, ચરવળી, આસન, સંથારો અને ઉત્તરપટ્ટો મળીને કુલ ૧૬ ઉપકરણોની ઉછામણી બોલવામાં આવી હતી. આ ઉપકરણોને કુલ પાંચ જુથોમાં વહેંચીને તેની ઉછામણી બોલવામાં આવી હતી. આ રીતે કુલ ૩૫ મુમુક્ષુઓ માટે ૧૭૫ ઉછામણી બોલવામાં આવી હતી. તેમાં સૌથી વધુ ઉછામણી રૂચિકુમારી મહેન્દ્રભાઇ અંગારાને ઉપકરણો વહોરાવવા માટે રૂા.૬૯,૯૧,૨૨૨ની બોલવામાં આવી હતી.રવિવારે અમદાવાદમાં ૩૫ મુમુક્ષુઓની ભવ્ય વર્ષીદાન યાત્રા નીકળી હતી, જેમાં હાથી, ઘોડા, ઉંટગાડીઓ, બળદ ગાડા, શણગારેલા રથો ઉપરાંત વિન્ટેજ કારોમાં બેસીને દીક્ષા લેતા પહેલા છૂટા હાથે ચલણી નોટો, વસ્ત્રો, વાસણો, મોતી વગેરેનું દાન કરવામાં આવ્યું હતું. આ યાત્રા શાંતિનગરથી શરૂ થઇને રિવરફ્રન્ટ અધ્યાત્મ નગરી ખાતે પૂર્ણ થઇ હતી. અમદાવાદ શહેરના પાંચસો વર્ષના ઇતિહાસમાં પહેલી વખત એક જ મંડપ હેઠળ ૩૫ જૈન દીક્ષાનો મહોત્સવ દીક્ષાના મહાનાયક પરમ પૂજય આચાર્યશ્રી વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના પવિત્ર હાથે સંપન્ન થયો હતો. સાબરમતી રિવરફ્રન્ટ ઉપર આશરે ત્રણ લાખ ચોરસ ફુટ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલી ભવ્ય અધ્યાત્મ નગરીમાં વહેલી સવારે ૫.૩૦ કલાકે દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે ૩૦,૦૦૦ની ક્ષમતા ધરાવતો હકડેઠઠ ભરાઇ ગયો હતો.

૧૫ આચાર્ય ભગવંતો તેમજ આશરે ૪૦૦ જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોની છત્રછાયામાં સવારે ૭.૩૫ કલાકે ૩૫ મુમુક્ષુઓને સાધુજીવનના પ્રતિક સમાન ઓઘો અર્પણ કરવાની વિધિ શરૂ કરવામાં આવી હતી. ૨૫ મિનિટમાં પૂજય આચાર્ય ભગવંતોના હસ્તે ૩૫ મુમુક્ષુઓને ઓઘો અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૫ ભાઇઓ હતા અને ૨૦ બહેનો હતા. દીક્ષાર્થીઓના હાથમાં ઓઘો આવ્યા પછી તેમણે પરમાત્માને વંદન કર્યા હતા અને ત્રણ પ્રદક્ષિણા દઇને મન મુકીને આનંદ વ્યકત કર્યો હતો.

ઓઘો અર્પણ થયા પછી મુમુક્ષુઓ તેમના જીવનનું અંતિમ સ્નાન કરવા અને સાધુ-સાધ્વીજી વેશ અંગીકાર કરવા ગયા હતા. ટુંક સમયમાં તેઓ સંસારી વાઘા ઉતારીને સાધુજીવનમાં શુભ-શ્વેત વસ્ત્રોમાં સજજ થઇને સ્ટેજ પર આવ્યા તે પછી શુભ મુહૂર્તે લોચની વિધિ કરવામાં આવી હતી અને ૩૫ મુમુક્ષુઓના સંસારી નામો રદ કરીને સાધુજીવનનાં નૂતન નામો આપવામાં આવ્યા હતા.

દીક્ષાની વિધિના અંતિમ ચરણમાં ૩૫ મુમુક્ષુઓનાં સંસારી નામો કાયમ માટે રદ કરીને તેમને સાધુજીવનની નવા નામો જાહેર કરવામાં આવ્યા હતા. પાંચ દિવસના દીક્ષા મહોત્સવનો લાભ અમદાવાદના પાંચ લાખથી વધુ જૈનો દ્વારા લેવામાં આવ્યો હતો.

શું માનવજાત પણ ડાયનાસોરની જેમ વિલુપ્ત થઇ જશે !

# આપણી પૃથ્વી બની રહી છે ગર્મ ગ્રહ અને તે માટે આપણે જ જવાબદાર





## આજે વર્લ્ડ પૃથ્વી ડે...

**ફરી એક વખત ભાષણો અને પરિસંવાદો અને પૃથ્વી સામેના ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનનો સામનો કેમ કરવો તે અંગે મોટા મોટા ભાષણો અપાશે અને તેનાઓથી લઇ નિષ્ણાંતો આપણી પાસે સલાહનો ઢગલો કરી દેશે પરંતુ પરિસંવાદો કે ચર્ચા સભાઓ અથવા તો રેલીઓથી આપણે ગ્લોબલ વોર્મિંગમાં વધુ ફાળો આપી રહ્યા છીએ, ૧૯૭૦થી પૃથ્વી ડે મનાવાય છે અને તેની સાથોસાથ ગ્લોબલ વોર્મિંગની પરિસ્થિતિ પણ ગંભીર બની જાય છે**

છેક ૧૯૭૦થી આપણે ૨૨ એપ્રિલને પૃથ્વી દિવસ તરીકે મનાવી રહ્યા છીએ અને તેનો મુખ્ય ઉદ્દેશ પ્રથમ વખત તે સમયે જે ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનનું જે સંકટ આપણી સામે આવ્યું તે પછી વિશ્વભરમાં અનેક કરારો થયા અને તેમ છતાં આજે વિશ્વના અનેક ક્ષેત્રોમાં એકીસાથે જે કલ્પના પણ ન હોય તેવી ગરમીનો અનુભવ થઇ રહ્યો છે તેનાથી પ્રથમ વખત હવે એ પણ વૈજ્ઞાનિકો સ્વીકારવા લાગ્યા છે કે ભવિષ્યમાં પૃથ્વી એ ગર્મ ગ્રહ તરીકે પલ્ટાઇ જાય તો પણ કોઇ વિકલ્પ રહેશે નહીં. ૨૦૨૩ના વર્ષમાં જયારે પૃથ્વી ડે ઉજવતા હતા તે સમયે કહેવામાં આવ્યું કે અનેક વર્ષોથી દુનિયા ગર્મ થઇ રહી છે અને તે અનુમાન આપવામાં આવે છે તે મુજબ જ છે. વાતાવરણ વિજ્ઞાન અંગેના સામાયિકમાં જણાવાયું હતું કે આપણે જે પરિસ્થિતિ જે જોઇ રહ્યા છીએ તે સામાન્ય રીતે ઓછી જોવા મળે છે. દક્ષિણ-પશ્ચિમ યુરોપ, બ્રાઝીલ, મોરકકો અને દક્ષિણ આફ્રિકામાં ૨૦૨૩માં પણ વસંત ઋતુમાં પણ ગરમ હવાનો અનુભવ થયું એટલું જ નહીં ગત વર્ષે કેનેડા અને હવાઇના જંગલોમાં જે આગ લાગી તેનું કારણ પણ જલવાયુ પરિવર્તનના દુષ્પરિણામો છે અને તેની સાથે પૃથ્વીની ચિંતા વધુ કરવી પડશે તે પણ નિશ્ચિત બની રહ્યું છે. ઉતર અમેરિકા, દક્ષિણ યુરોપ, ઉતર આફ્રિકા અને એશીયા અનેક દેશોમાં ગત વર્ષ જુલાઇમાં એક જ સમયે ગરમીના તમામ રેકોર્ડ તુટી ગયા અને તેની સાથે ઉતરીય ચીનમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ અભુતપૂર્વ બની રહી હતી. આમ પૃથ્વીને ગર્મ ગ્રહ તરીકે બનાવવામાં વાતાવરણ સૌથી મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

૪.૬ અબજ વર્ષ પહેલા એક થીયરી મુજબ સૂર્યનો જન્મ થયો અને તેમાંથી જે એક બાદ એક ખગોળીય ઘટના બની તેના કારણે પૃથ્વી બુધ સહિતના ગ્રહોની પ્રક્રિયા ચાલુ થઇ હતી. શરૂઆતમાં પૃથ્વી જવાલામુખી જેવો જ હતો જેમાં હાઇડ્રોજન, મીથેન અને કાર્બનડાયોકસાઇ નીકળી રહ્યા હતા તેની પૃથ્વીનું વાયુમંડળ બની રહ્યું હતું આ દરમ્યાન જ નાનો ગ્રહ પૃથ્વી સાથે ટકરાયો તેના ઉપગ્રહ બન્યા જેને આપણે ચંદ્ર તરીકે ઓળખીયે છીએ. પાણી ગેસ સ્વરૂપમાં મોજુદ હતું. ૩.૮ અબજ વર્ષ પહેલા પૃથ્વી એટલી ઠંડી થઇ ગઇ કે વરાળ છે એ પાણીમાં બદલી ગયું અને મહાસાગરનું સર્જન થયું ત્યારબાદ જીવોની ઉત્પતિ થઇ. આમ એક ખગોળીય પ્રક્રિયા મુજબ જ પૃથ્વીનું સર્જન થયું છે અને ત્યારબાદની કહાની જાણીતી છે. આપણે જુરાસીક પાર્ક ફિલ્મથી જે પૃથ્વી પરના એક સમયના ડાયનાસોરનો અનુભવ કરીએ છીએ તેનો પણ એક સમયે વિનાશ થયો અને ત્યારબાદ અનેક એવી જીવીત પ્રજાતિયા હતી કે વાતાવરણના થયેલા ફેરફારને અનુરૂપ ન થઇ શકયા અને તેનો વિનાશ થતો ગયો.

પરંતુ આખરે હવે માનવીય ઉપર આ ગ્લોબલ વોર્મિંગ કે જલવાયુ પરિવર્તનની અસર દેખાવા માંડી છે અને તે ચેતવણી જનક છે. વાસ્તવમાં પૃથ્વીનું ભવિષ્ય નિશ્ચિત કરવા માટે બે મહત્વના જે પહેલુઓ છે તેની લગભગ અવગણના કરવામાં આવી રહી છે. પૃથ્વી પર સુર્યનો પ્રકાશ પડે છે તે જીવનને ઉર્જાના રૂપમાં પરિવર્તન કરે છે અને આ એક નૈસર્ગિક ઘટના છે અને સૌથી મોટુ એ છે કે આ પ્રકાશ જ પૃથ્વી પર જીવનનો આધાર છે જેના માધ્યમથી વનસ્પતિ અને જીવો તમામ પોતાનું આયુષ્ય બનાવે છે. જેમાં વનસ્પતિએ આ પ્રકાશના કાર્બન ડાયોકસાઇડને પોતાના માટે ખોરાક તરીકે પરિવર્તન કરે છે અને ઓકસીજન બહાર કાઢે છે અને નૈર્સગિક પ્રક્રિયા આપણને ઓકસીજન પુરૂ પાડે છે. પરંતુ આપણે ભુલ આપણે અહીંથી જ કરીએ છીએ.




**ગત વર્ષે 'બીટ' પ્લાસ્ટીક પોલ્યુશન થીમ પર ૨૨ એપ્રિલનો દિવસ મનાવાયો હતો અને આ વર્ષે પ્લેનેટ વિરૂધ્ધ પ્લાસ્ટીક થીમ છે, વાસ્તવમાં દર વર્ષે ૪૦૦ મીલીયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે જેમાં ૫૦ ટકાનો ફરીથી ઉપયોગ થાય છે પરંતુ ફકત ૧૦ ટકાનું રીસાયકલીંગ થાય છે અને તેના કારણે દર વર્ષે ૧૯ થી ૨૩ મિલીયન ટન પ્લાસ્ટિક તળાવ અને સમુદ્રમાં પહોંચે છે. જે પ્લાસ્ટિક સળગાવવામાં આવે છે તે વ્યાપકપણે કાર્બન ડાયોકસાઇડ છોડે છે જે સ્થળે ડમ્પીંગ સાઇટ ઉપર કચરો એકત્ર કરવામાં આવે છે ત્યાંથી મીથેન ગેસનું ઉત્સર્જન થાય છે. આંતરરાષ્ટ્રીય અભ્યાસ મુજબ સમુદ્રના નજીકના તળમાં ૮૦ ટકા પ્લાસ્ટિક છે અને તેનાથી સી-ફૂડમાં પણ પ્લાસ્ટિકનું કણો જોવા મળે છે. આપણા વનસ્પતિ કે શાકભાજીની જમીનોથી આપણા શરીર સુધી પણ પ્લાસ્ટિક પહોંચી ગયું છે અને તેના કારણે પ્લાસ્ટીકએ પોલ્યુશન માટે સૌથી મોટુ માધ્યમ બની ગયું છે અને કદાચ હવે કદી નાશ કહી શકાય તેવા રાક્ષસને આપણે જન્મ આપી રહ્યા છીએ**

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

પૃથ્વીના વાતાવરણમાં કાર્બનડાયોકસાઇડની ખતરનાક વૃધ્ધિ થઇ છે. ગ્લોબલ વોર્મિંગનું સંકટ ઉભુ થયું છે તેને ટાળવા માટે ગ્રીન એનર્જીમાં પલ્ટાવાની જરૂર છે. અન્ય એક અભ્યાસ મુજબ ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં ઉદ્યોગનું મહત્વ છે. જે માનવ સર્જીન ઉત્સર્જનના ૧૪.૫ ટકા અને ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં માંસ ઉદ્યોગનો મોટો ફાળો છે. તેનાથી વિપરીત વનસ્પતિ આધારીત આહારથી કાર્બનનું ઉત્સર્જન ઓછુ થાય છે. શાકાહાર એ ફકત ખાનપાનની શૈલી જ નહીં પરંતુ તે ગ્લોબલ વોર્મિંગમ સામે લડવાની મહત્વની ભૂમિકા ભજવી રહી છે. જીવનનો ક્રમ વિકસવામાં જે પ્રક્રિયા છે તેમાં મનુષ્ય એ શાકાહારી પ્રાણી છે અને જે રીતે સૂર્યનો પ્રકાશનો પૃથ્વી પર ઉપયોગ અને શાકાહાર બંનેનું તાલમેલ તો જ બની શકે જો પૂરતી વનસ્પતિ પૃથ્વી પર હોય જે તે માનવને પોતાના ભોજન સહિતની આવશ્યકતા માટે પૂરતી રહે. શાકાહારી ભોજન પેદા કરવામાં માંસ આધારીત આહારની તુલનામાં બહુ ઓછી ભૂમિ અને પાણીની જરૂર પડે છે. જે ભૂમિ પર ૧૦૦ કન્વીન્ટલ શાકાહારી ભોજન તે ક્ષેત્રમાં ૧૦ કવીન્ટલ માંસ આપે તેવા પ્રાણીઓનું સર્જન થાય છે અને શાકાહારી ખાદ્ય માટે જે વનસ્પતિ છે તે કાર્બનને શોષીને ઓકસીજન આપે છે જયારે માંસ ઉત્પાદનમાં વધુ કાર્બન ઉત્સર્જન થાય છે એટલું જ નહીં શાકાહાર પર નિર્ભર રહેવાથી માટી, પાણી અને જૈવિક વૈવિધ્યતા પણ વધે છે અને આપણે જે એક બાદ એક પ્રાણીઓ અને પક્ષીઓ લુપ્ત થઇ રહ્યા છીએ તેને પણ બચાવી શકાય છે. વાસ્તવમાં વિશ્વમાં આ એક ખ્યાલ જો પ્રસરાવવામાં આવે તો ગ્લોબલ વોર્મિંગની સામે લડવામાં સૌથી મોટી સરળતા રહે છે.

૨૦૨૪ની પૃથ્વી દિવસની થીમ પ્લેનેટ વિરૂધ્ધ પ્લાસ્ટિક છે અને તેમાં લોકોને પ્લાસ્ટિકના પોલ્યુશન સામે સજાક કરવાનું છે. વાસ્તવમાં પ્લાસ્ટિકનો વિકલ્પ ઉપલબ્ધ છે પરંતુ તેમાં ભાગ્યે જ ગંભીરતાથી લેવામાં આવે છે અને હવે આ પ્લાસ્ટીકનું પ્રદુષણ માનવીના શરીરમાં અને છેક લોહી સુધી પહોંચી ગયું છે અને તેના પર ભાગ્યે જ હજુ સુધી ગંભીરતાથી લઇ શકે છે. ૨૦૨૩માં પણ આ જ થીમ ઉપર પ્લાસ્ટીક પોલ્યુશનની જંગની જાહેરાત કરવામાં આવી હતી અને 'બીટ' પ્લાસ્ટીક પોલ્યુશન થીમ જાહેર કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે દર વર્ષે ૪૦૦ મીલીયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે જેમાં ૫૦ ટકાનો ફરીથી ઉપયોગ થાય છે પરંતુ ફકત ૧૦ ટકાનું રીસાયકલીંગ થાય છે અને તેના કારણે દર વર્ષે ૧૯ થી ૨૩ મિલીયન ટન પ્લાસ્ટિક તળાવ અને સમુદ્રમાં પહોંચે છે. જે પ્લાસ્ટીક સળગાવવામાં આવે છે તે વ્યાપકપણે કાર્બન ઓકસાઇડ છોડે છે જે સ્થળે ડમ્પીંગ સાઇટ ઉપર કચરો એકત્ર કરવામાં આવે છે ત્યાંથી મીથેન ગેસનું ઉત્સર્જન થાય છે. આંતરરાષ્ટ્રીય અભ્યાસ મુજબ સમુદ્રના નજીકના તળમાં ૮૦ ટકા પ્લાસ્ટિક છે અને તેનાથી સી-ફૂડમાં પણ પ્લાસ્ટીકનું કણો જોવા મળે છે. આપણા વનસ્પતિ કે શાકભાજીની જમીનોમાં પણ પ્લાસ્ટિક પહોંચી ગયું છે અને તેના કારણે પ્લાસ્ટીકએ પોલ્યુશન માટે સૌથી મોટુ માધ્યમ બની ગયું છે અને કદાચ હવે કદી નાશ કહી શકાય તેવા રાક્ષસને આપણે જન્મ આપી રહ્યા છીએ. કદાચ પ્લાસ્ટીક વિરૂધ્ધ પ્લેનેટ થીમ જ રહી જાય તો પૃથ્વી એ આપણા બ્રહ્માંડમાં ધગધગતો ગ્રહ બની જશે તેમાં કોઇ પ્રશ્ન નથી.



**શાકાહાર એ ફકત ખાનપાનની શૈલી જ નહીં પરંતુ તે ગ્લોબલ વોર્મિંગમ સામે લડવાની મહત્વની ભૂમિકા ભજવી રહી છે, શાકાહારી ભોજન પેદા કરવામાં માંસ આધારીત આહારની તુલનામાં બહુ ઓછી ભૂમિ અને પાણીની જરૂર પડે છે. જે ભૂમિ પર ૧૦૦ કન્વીન્ટલ શાકાહારી ભોજન તે ક્ષેત્રમાં ૧૦ કવીન્ટલ માંસ આપે તેવા પ્રાણીઓનું સર્જન થાય છે અને શાકાહારી ખાદ્ય માટે જે વનસ્પતિ છે તે કાર્બનને શોષીને ઓકસીજન આપે છે જયારે માંસ ઉત્પાદનમાં વધુ કાર્બન ઉત્સર્જન થાય છે એટલું જ નહીં શાકાહાર પર નિર્ભર રહેવાથી માટી, પાણી અને જૈવિક વૈવિધ્યતા પણ વધે છે અને આપણે જે એક બાદ એક પ્રાણીઓ અને પક્ષીઓ લુપ્ત થઇ રહ્યા છીએ તેને પણ બચાવી શકાય છે.**

## IPL-2024માં ગુજરાતની ચોથી જીત તો પંજાબ કિંગ્સ સતત ચોથી મેચ હારી; સાઈ કિશોરે ૪ વિકેટ લીધી



ચંદીગઢ : IPL-૨૦૨૪માં ગુજરાત ટાઇટન્સે ચોથી જીત નોંધાવી છે. ટીમે વર્તમાન સિઝનની ૩૬મી મેચમાં પંજાબ કિંગ્સને ૩ વિકેટે હરાવ્યું હતું. પંજાબની ટીમ સિઝનમાં સતત ચોથી મેચ હારી છે.

PBKS એ હોમ ગ્રાઉન્ડ મુલ્લાનપુર ખાતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ટીમ ૨૦ ઓવરમાં ૧૪૨ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. જીટીએ ૧૪૩ રનનો ટાર્ગેટ ૧૯.૧ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. સાઈ કિશોર પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૪ ઓવરમાં ૩૩ રન આપીને ૪ વિકેટ લીધી હતી.

### ખેલાડીઓનું પ્રદર્શનઃ

પંજાબ માટે સાઈ કિશોરે ૪ વિકેટ, હર્ષલે ૩ સફળતા મેળવી, પ્રભસિમરન સિંહે સૌથી વધુ ૩૫ રન બનાવ્યા. હરપ્રીત બ્રારે ૨૯ રન અને સેમ કુરાને ૨૦ રનનું યોગદાન આપ્યું હતું. મોહિત શર્મા અને નૂર અહેમદે પણ ૨-૨ વિકેટ લીધી હતી.

રન ચેઝમાં જીટીના કેપ્ટન શુભમન ગીલે ૩૫ રન અને સાઈ સુદર્શને ૩૧ રન બનાવ્યા હતા, જ્યારે રાહુલ તેવટિયા ૩૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. તેણે ચોગ્ગા વડે ટીમને જીત તરફ દોરી હતી. પંજાબના હર્ષલ પટેલે ત્રણ અને લિયામ લિવિંગ્સ્ટનને બે વિકેટ મળી હતી

## કોલકાતાએ રોમાંચક મેચ એક રનથી જીતી, બીજા ક્રમે પહોંચીઃ RCBના બેડ લક, આન્દ્રે રસેલે લીધી ૩ વિકેટ

IPL ૨૦૨૪ ની ૩૬મી મેચમાં, કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ રોમાંચક મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર (RCB) ને ૧ રનથી હરાવ્યું. આ જીત સાથે કોલકાતા પોઈન્ટ ટેબલમાં બીજા ક્રમે આવી ગયું છે.

બેંગલુરુને છેલ્લી ઓવરમાં ૨૧ રનની જરૂર હતી. મિચેલ સ્ટાર્કની આ ઓવરમાં કર્ણ શર્માએ ચાર બોલમાં ત્રણ છગ્ગા ફટકારીને મેચને રોમાંચક બનાવી દીધી હતી. પરંતુ, તે ઓવરના પાંચમા બોલ પર આઉટ થયો હતો. આ સમયે RCBને જીતવા માટે ૨ બોલમાં ૩ રનની જરૂર હતી.

કર્ણ શર્માની વિકેટ બાદ ટીમને છેલ્લા બોલ પર ૩ રનની જરૂર હતી. અહીં લોકી ફર્ગ્યુસને કવર્સ તરફ શોટ રમ્યો અને ૨ રન બનાવીને દોડ્યો. તેણે એક રન પૂરો કર્યો હતો પરંતુ બીજો રન લેતા પહેલા તે રનઆઉટ થયો હતો. આ રીતે RCB રોમાંચક મેચ એક રનથી હારી ગયું.





પ્રથમ બેટિંગ કરતા કોલકાતાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૨૨ રન બનાવ્યા હતા અને બેંગલુરુને ૨૨૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો. જવાબમાં બેંગલુરુ ૨૦ ઓવરમાં ૨૨૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

બેંગલુરુ તરફથી વિલ જેકસ (૫૫) અને રજત પાટીદાર (૫૨)એ અડધી સદી ફટકારી હતી. તેમના સિવાય દિનેશ કાર્તિકે ૨૫ રન અને સુયશ પ્રભુદેસાઈએ ૨૪ રન બનાવ્યા હતા. કરણ શર્માએ ૭ બોલમાં ૨૦ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી આન્દ્રે રસેલે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. સુનિલ નારાયણ અને હર્ષિત રાણાએ બે-બે વિકેટ લીધી હતી. ૨ન ચક્રવર્તી અને મિશેલ સ્ટાર્કને એક-એક વિકેટ મળી હતી.

## ફુલ ટોસ પર આઉટ થતા કોહલી અકળાયો, મેચમાં બેટ પછાડ્યું, ડસ્ટબિન ફેંકી...

**અમ્પાયરના નિર્ણયથી નારાજ જોવા મળ્યો અને બેંગલુરુના પૂર્વ કેપ્ટનએ પેવેલિયનમાં પરત ફરતી વખતે દલીલ કરી**






કોલકતા : કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ઈડન ગાર્ડન્સમાં રમાઈ રહેલી મેચમાં વિરાટ કોહલી ફુલ ટોસ પર પેવેલિયન પરત ફર્યો છે. જો કે, તેણે અમ્પાયરના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી અને લાંબા સમય સુધી દલીલ કરતો જોવા મળ્યો.

વિરાટ કોહલીએ કોલકાતા સામે વિસ્ફોટક શરૂઆત કરી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પ્રથમ બે ઓવરમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના ૨૭ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીને ત્રીજી ઓવરના પહેલા જ બોલ પર પેવેલિયન પરત ફરવું પડ્યું હતું. તેમની બરતરફીના નિર્ણયને લઈને ઘણો વિવાદ થયો છે.

પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૨૨૨ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી કેપ્ટન શ્રેયસ અય્યરે સૌથી વધુ ૫૦ રન બનાવ્યા હતા.

વિરાટ કોહલી ક્રિઝની બહાર ઊભો હતો અને ફૂલટોસ બોલમાં તે આઉટ થયો હતો. જોકે અમ્પાયર અને થર્ડ અમ્પાયરે ફેર બોલ આપ્યો હતો. મહત્વનું છે કે IPL ૨૦૨૪માં હવે ખેલાડીઓની કમરની ઊંચાઈના આધારે આવ્યા બોલ નો બોલ આપવામાં આવતા હોય છે. જેથી અમ્પાયર સ્માર્ટ રિવ્યુ સિસ્ટમ દ્વારા ઓછા સમયમાં ખેલાડીઓને આઉટ કરવાનો નિર્ણય લઈ શકે.વિરાટ કોહલી જ્યારે આઉટ થયો ત્યારે તેણે અમ્પાયર સાથે પણ દલીલ કરી હોવાનું સામે આવ્યું હતું. આ બાદ કોહલી પેવેલિયન પરત ફરતી વખતે બેટ પછાડતો હતો અને ડસ્ટબિનને પણ ફેંક્યું હતું. આઉટ થવાને કારણે કોહલી ગુસ્સામાં દેખાતો હતો

## કાર્તિકના નામે નોંધાઈ મોટી સિદ્ધિ, IPLમાં ૨૫૦મી મેચ રમી, રોહિત-ધોનીની કલબમાં જોડાયો

**દિનેશ કાર્તિક આ સિઝનમાં મજબૂત ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેણે સાત ઈનિંગ્સમાં ૧૯૬.૦૯ની સ્ટ્રાઈક રેટથી ૨૫૧ રન બનાવ્યા છે. આ સિઝનમાં તેણે પોતાના બેટથી બે અડધી સદી પણ ફટકારી**

બેંગલોર,તા.૨૨

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના વિકેટકીપર બેટ્સમેન દિનેશ કાર્તિકના નામે એક મોટી ઉપલબ્ધિ નોંધાઈ છે. તેણે રવિવારે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે તેની કારકિર્દીની ૨૫૦મી આઈપીએલ મેચ રમી હતી. ઈડન ગાર્ડનમાં રમાયેલી મેચમાં કાર્તિકના નામે એક મોટો રેકોર્ડ નોંધાયો હતો. તે રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની પછી તેની ૨૫૦મી આઈપીએલ મેચ રમનાર ત્રીજો બેટ્સમેન બન્યો.



દિનેશ કાર્તિક આ સિઝનમાં જોરદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. તેણે સાત ઈનિંગ્સમાં ૧૯૬.૦૯ની સ્ટ્રાઇક રેટથી ૨૫૧ રન બનાવ્યા છે. આ સિઝનમાં તેણે પોતાના બેટથી બે અડધી સદી પણ ફટકારી છે. રવિવારે કોલકાતા સામે રમાયેલી મેચમાં કાર્તિકે ૨૫ રન બનાવ્યા હતા. અનુભવી બેટ્સમેન પહેલા રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની ૨૫૦ આઈપીએલ મેચ રમી ચૂક્યા છે. રોહિતે હાલમાં જ આ સિઝનમાં તેની ૨૫૦મી મેચ રમી હતી. તેણે ૧૮ એપ્રિલે પંજાબ કિંગ્સ સામે આ સિદ્ધિ મેળવી હતી.

રોહિત, ધોની અને કાર્તિક બાદ વિરાટ કોહલી ૨૪૫ મેચ સાથે આ યાદીમાં ચોથા સ્થાને છે. આઈપીએલમાં અત્યાર સુધી માત્ર ૧૦ ખેલાડી એવા છે જેઓ ૨૦૦થી વધુ મેચ રમ્યા છે. રસપ્રદ વાત એ છે કે તમામ ભારતીય ખેલાડીઓ છે.

# બુધવારથી તાપમાન ઉંચકાશે: શુક્રથી રવિમાં ફરી ૪૦-૪૨ ડીગ્રી વટાવશે



રાજકોટ તા.૨૨

સૌરાષ્ટ્ર-ગુજરાતને છેલ્લા ત્રણ-ચાર દિવસથી આકરી ગરમીમાંથી આંશીક રાહત મળ્યા બાદ બુધવારથી તાપમાન ફરી વધવા લાગશે અને શુક્રવારથી ૪૦ થી ૪૨ ડીગ્રીની રેન્જમાં પહોંચી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે.


તેઓએ આજે વાતચીતમાં કહ્યું કે છેલ્લા ૩-૪ દિવસથી ગરમીમાં આંશીક રાહત છે. તાપમાન નોર્મલ કરતા પણ

## જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલની આગાહી: તા.૨૪ થી ૨૫ એપ્રિલે તાપમાન ૨૯ થી ૪૧ ડીગ્રીની રેન્જમાં રહેશે

બે-ત્રણ ડીગ્રી નીચુ રહ્યું છે.રવિવારે મોટાભાગનાં સેન્ટરોમાં પારો ૪૦ ડીગ્રીથી નીચે જ રહ્યો હતો. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હાલ નોર્મલ તાપમાન ૪૦ ડીગ્રી ગણાય છે તેની સામે ગઈકાલે અમદાવાદનું મહતમ તાપમાન ૩૭.૭ ડીગ્રી હતું જે નોર્મલ કરતાં ૩ ડીગ્રી નીચુ હતું.

ભુજનું ૩૬.૧ ડીગ્રી તાપમાન પણ નોર્મલ કરતાં ૩ ડીગ્રી ગાંધીનગરનું ૩૭ ડીગ્રીનું તાપમાન નોર્મલ કરતા ૩ ડીગ્રી નીચુ હતું. રાજકોટનું મહતમ તાપમાન ૩૭.૭ ડીગ્રી તથા સુરેન્દ્રનગરનું ૩૭.૫ ડીગ્રી હતું જે નોર્મલ કરતાં બે ડીગ્રી નીચા હતા.

તા.૨૨ થી ૨૮ એપ્રિલની આખરમાં તેઓએ જણાવ્યું હતું કે આવતીકાલ મંગળવાર સુધી સૌરાષ્ટ્ર-કચ્છ સહીત સમગ્ર ગુજરાતમાં મહતમ તાપમાન નોર્મલ કે તેનાથી નીચુ જ રહેવાની સંભાવના છે.



પરંતુ તા.૨૪ એપ્રિલને બુધવારથી તેમાં વધારો થવાની સંભાવના છે.તા.૨૪ અને ૨૫ એપ્રિલ (બુધવાર-ગુરૂવાર)ના બે દિવસ તાપનમાન ૩૯ થી ૪૧ ડીગ્રીની નોર્મલ કે તેની આસપાસની રેન્જમાં આવી જશે.ત્યારબાદ તા.૨૬ ને શુક્રવારથી મહતમ તાપમાન વધુ ઉંચકાઈને નોર્મલ કરતા વધી જશે.

તા.૨૬ થી ૨૮ એપ્રિલ અર્થાત શુક્રથી રવિવાર દરમ્યાન તાપમાન ૪૦ થી ૪૨ ડીગ્રીની રેન્જમાં પહોંચી જવાની સંભાવના છે. આગાહીના આ સમયગાળા દરમ્યાન પવનની દિશા તથા ગતિ નોર્મલ જ રહે છે.

દેશનાં અનેક ભાગોમાં હાલ હીટવેવ જેવી સ્થિતિ બની રહી છે અને તાપમાન ૪૬ ડીગ્રી સુધી આંબી ગયુ છે.છતા ગુજરાતમાં ગત સપ્તાહમાં ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયેલુ તાપમાન છેલ્લા ત્રણ-ચાર દિવસ દરમ્યાન નીચુ આવ્યુ હતું અને હીટવેવ જેવી સ્થિતિમાંથી રાહત મળી છે. પરંતુ બે દિવસ બાદ ફરી ગરમી વચ્ચે દેખાડવા માંડે તેમ છે.

## ભાજપના ઉમેદવાર રૂપાલાના ફોર્મ સામે વાંધા રજૂ કરનાર અપક્ષ ઉમેદવાર અમરદાસ દેશાણીએ ઉમેદવારી પરત ખેંચી

# રાજકોટ બેઠક પર હવે ભાજપ-કોંગ્રેસ સહિત નવ ઉમેદવારો ચૂંટણી જંગમાં

રાજકોટ,તા.૨૨

રાજકોટ લોકસભા બેઠકનું ચૂંટણી ચિત્ર આજે ઉમેદવારી ફોર્મ પરત ખેચવાના અંતીમ દિવસે સ્પષ્ટ બની જવા પામેલ છે. આ બેઠક પર હવે ભાજપ કોંગ્રેસ સહિત નવ ઉમેદવારો વચ્ચે રસાકસી ભર્યો જંગ ખેલાશે.લોકસભાની આ બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના ઉમેદવારી ફોર્મ સામે ૩૦ જેટલા વાંધા ઉઠાવનાર અપક્ષ ઉમેદવાર અમરદાસ દેસાણીએ આજે ઉઘડતી કચેરીએજ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લેતા હવે નવ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ બેઠક માટે ભાજપ કોંગ્રેસ સહિત ૧૬ ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ ગત શનિવારનાં જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી



## ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતા જ છ અપક્ષ ઉમેદવારોને ચૂંટણી પ્રતિક ફાળવાયા: મૂરતીયાઓના નામના બેલેટ સાંજે ચૂંટણી તંત્ર દ્વારા પ્રિન્ટીંગમાં મોકલાશે

દ્વારા જનરલ ઓબ્ઝર્વરની વિશેષ ઉપસ્થિતિમાં ઉમેદવારોના ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ભાજપ કોંગ્રેસ સહિત ૧૦ ઉમેદવારોના ઉમેદવારી ફોર્મ માન્ય રાખવામાં આવેલ હતાં.જયારે ૬ ઉમેદવારી ફોર્મ અમાન્ય ઠેરવવામાં આવેલ હતાં. જે બાદ આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતીમ દિવસે ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના ઉમેદવારી ફોર્મ સામે ૩૦ વાંધા ઉઠાવનાર અપક્ષ ઉમેદવાર અમરદાસ દેસાણીએ એકાએક તેમનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચી લીધું હતું.

જેના પગલે હવે આ બેઠક પર ભાજપના પરસોત્તમ રૂપાલા કોંગ્રેસના પરેશ ધાનાણી બહુજન સમાજ પાર્ટીના ચમનભાઈ સરસાણી તેમજ અપક્ષ ઉમેદવારો સર્વશ્રી સિંધવ પ્રકાશભાઈ ગોવિંદભાઈ આચાર્ય ભાવેશભાઈ ઉપેન્દ્રભાઈ ઝાલા નયનકુમાર અજાગીયા નિરલભાઈ અમૃતલાલ લુહાર જીજ્ઞેશ રાજેન્દ્રભાઈ અને ભાવેશભાઈ પીપળીયા એમ કુલ નવ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.રાજકોટ બેઠકનું ચૂંટણી ચિત્ર

(અનુસંધાન છઠ્ઠા પાને)

## વધુ ત્રણના હૃદય થંભી ગયા

# રાજકોટમાં ભાજપ આગેવાન, શાકભાજીના ધંધાર્થી અને મહિલાનું હાર્ટએટેકથી મોત

### શહેર ભાજપ બક્ષીપંચ મોરચાના મહામંત્રી રહી ચૂકેલા રત્નાભાઈ કાળોતરા(રબારી)ને મોડી રાત્રે છાતીમાં દુ:ખાવો થયા બાદ સારવારમા દમ તોડ્યો

રાજકોટ, તા.૨૨

રાજકોટમાં વધુ બે વ્યકિતના હૃદય થંભી ગયા છે. ભાજપ આગેવાન તેમજ શાકભાજીના ધંધાર્થીનું હાર્ટ એટેકથી મોત



મૃતક રત્નાભાઈ રબારી અને નિતાબેન ગોહેલનો ફાઈલ ફોટો અને મૃતક અજય ગૌસ્વામીનો નિષ્પ્રાણ દેહ.

### ગાંધીગ્રામમાં લાભદિપ સોસાયટીમાં રહેતાં શાકભાજીના ધંધાર્થી અજયભાઈ ગૌસ્વામીનું હૃદય બેસી ગયું : નિતાબેન ગોહેલ બપોરે સુતા પછી ઉઠ્યા જ નહીં

નિપજ્યું હતું. બનાવથી મૃતકોના

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ઓનલાઈન ફડ ઓર્ડર કરવું મોંઘુ બન્યું: ઝોમેટોએ પ્લેટફોર્મ ફીમાં ૨૫ ટકાનો વધારો કર્યો




## હવે ગ્રાહકોએ દરેક ઓર્ડર પર ૪ રૂપિયાના બદલે ૫ રૂપિયા પ્લેટફોર્મ ફી ચૂકવવી પડશે

નવી દિલ્હી: તા.૨૨

હવે ઓનલાઈન ફૂડ ડિલિવરી પ્લેટફોર્મ Zomato પરથી ફૂડ ઓર્ડર કરવું મોંઘું થશે. Zomatoએ તેની પ્લેટફોર્મ ફીમાં ૨૫ ટકાનો વધારો કર્યો છે. હવે તમારે દર વખતે આ પ્લેટફોર્મ પરથી ઓર્ડર કરવા પર વધારાના પાંચ રૂપિયા ચૂકવવા પડશે. અગાઉ તે ઓર્ડર દીઠ રૂ. ૪ હતો.

Zomatoએ ગયા વર્ષે ઓગસ્ટમાં જ પ્લેટફોર્મ ફી વસૂલવાનું શરૂ કર્યું હતું. તે સમયે પ્લેટફોર્મ ફી તરીકે ઓર્ડર દીઠ રૂ. ૨ લેવાતા હતા. આ પછી તેને વધારીને ત્રણ રૂપિયા કરી દેવામાં આવ્યો. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ રેકોર્ડ ફૂડ ઓર્ડરથી ઉત્સાહિત, તેણે જાન્યુઆરીમાં મુખ્ય બજારોમાં તેની ફરજિયાત પ્લેટફોર્મ ફી રૂ. ૩ થી વધારીને રૂ. ૪ કરી હતી.

Zomato દ્વારા જે ફી લાદવામાં આવેલી છે. તે ડિલીવરી ચાર્જીસ થી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટના વેપારીએ એરકાર્ગો મારફત મોકલાવેલું ૩૩.૧૪ લાખના સોનાનું પાર્સલ ગાયબ

### લોટસ જ્વેલરી ક્રીએશન નામની પેઢીએ ઈન્ડિગો એરલાઈન્સના કાર્ગો મારફત પાર્સલ પટણા મોકલ્યું હતું: હવે ૪ મહિને પોલીસ ફરિયાદ

રાજકોટ, તા.૨૨

સોના-ચાંદીના વેપારમાં માત્ર ભારત જ નહીં વિશ્વભરમાં ટોચનું સ્થાન ધરાવતા રાજકોટમાં રોજ કરોડો રૂપિયાના દાગીનાના વ્યવહારો થાય છે ત્યારે રાજકોટના જાણીતા વેપારીએ ઈન્ડિગો એરલાઈન્સના એરકાર્ગો મારફત પટણા મોકલેલા ૫૩૬.૫૨૪ ગ્રામના સોનાના દાગીના રહસ્યમય રીતે ગાયબ થઈ જતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.


રાજકોટના લોટસ જવેલરી ક્રિએશન નામે સોનાના દાગીનાના વેપાર કરતાં વેપારીનું આ સોનુ હતું. આ સોનાની કિંમત ૩૩.૧૪ લાખની દર્શાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ઈન્ડિગો એરલાઈન્સના કાર્ગો વિભાગ મારફત ૩૩.૧૪ લાખના સોનાનુ પાર્સલ ગત ડીસેમ્બરમાં પટણા મોકલવામાં આવ્યું હતું. પરંતુ આજ દિવસ સુધી નહીં પહોંચતાં બ્રાંચ મેનેજર દ્વારા અમદાવાદ એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવેલી છે.શહેરના ગોતા વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષિય જગદીશ હરગોવનદાસ દરજી એલિસબ્રિજ ખાતે આવેલ બીવીસી લોજેસ્ટીક પ્રા.લી.માં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે. જગદીશની કંપની ગોલ્ડ જવેલરી, સિલ્વર જવેલરી તથા વેલ્યુએબલ ચીજ વસ્તુનું ટ્રાન્સપોર્ટેશન કરવાનું કામ કરે છે. ૧૮ ડિસે. ૨૦૨૩ના રોજ - કંપનીની રાજકોટ ટીમના મેનેજર રાજ મહેસુરીયાની ટીમે રાજકોટ ખાતે લોટસ જવેલરી ક્રિએશ નામની દુકાનમાંથી ૫૩૬.૫૨૪ ગ્રામ ગોલ્ડ કે જેની કંમત રૂ.૩૩.૧૪ લાખ થાય તે

(અનુસંધાન છઠ્ઠા પાને)













જામનગર-રાજકોટની સંસદીય બેઠકમાં ભાજપની ચિંતાનો પડઘો

# હેન્ડલ વિથ કેરઃ ક્ષત્રિય સમાજના આંદોલન અંગે ભાજપના નેતાઓને સંદેશ

**રાજકોટ પહોંચેલા ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર તથા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ સાથે બંધ બારણે બેઠક લીધીઃ નિખાલસ મંતવ્યો જાણ્યા**

**આંદોલન પકડાઈ ચૂકયુ છેઃ મોવડીઓના પ્રતિનિધિ સમક્ષ અનેક અગ્રણીઓની ખુલ્લે દિલે વાતચીતઃ જો કે આંદોલન અંગે સોશ્યલ મીડીયામાં પોષ્ટ મુકવા કે પ્રતિભાવ આપવાથી દુર રહેવાની તાકીદ**

રાજકોટ:

ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા વિધાનોથી આ સમુદાયમાં આક્રોશનું જે વાવાઝોડું ફુંકાયું અને તે બાદ રાજકોટ પાસે બોયકોટ રૂપાલાના નારા હેઠળ ક્ષત્રિય સમાજનું જે વિશાળ સંમેલન યોજાયું તેમાં હવે છ થી આઠ બેઠકો પર જેની અસર થશે તેવી માહિતી ભાજપ મોવડીમંડળનો આંતરિક સર્વે મારફત મળી પછી ડેમેજ કંટ્રોલ માટે હવે ભાજપે પ્રયાસો શરૂ કર્યા છે. પરસોતમ રૂપાલાને રાજકોટ લોકસભા બેઠક પરથી ખસેડીને પાટીદાર સમુદાયના કોઈને પણ ટિકીટ આપો અમો ભાજપની સાથે છીએ તેના ક્ષત્રિય સમાજના ‘વચન’ છતા ભાજપે રૂપાલાને યથાવત રાખીને ‘જોખમ’ કરતા તેની ક્ષમતા પર વધુ ભરોસો રાખ્યો છે અને તેમાં હવે પક્ષે એક વ્યુહરચના મુજબ ક્ષત્રિય સમાજના રોષને કાળજીપૂર્વક હેન્ડલ કરવા પણ પ્રયાસો શરૂ કર્યા છે તેના ભાગરૂપે અને એકંદર સૌરાષ્ટ્રની રાજકીય પરીસ્થિતિનો તાગ મેળવવા પક્ષના મહામંત્રી રત્નાકર તથા ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ગઈકાલે પહેલા જામનગર ગયા હતા જયાં પણ ક્ષત્રિય સમુદાયની મોટી સંખ્યા છે અને અહી કોંગ્રેસ પક્ષે પાટીદારને ટિકીટ આપી છે તેથી બેઠકમાં રસપ્રદ સમીકરણો બની રહ્યા છે. જામનગર બાદ શ્રી રત્નાકર અને હર્ષ સંઘવી રાજકોટ આવ્યા હતા અને કાલાવાડ રોડ પરની હોટેલ સિઝન્યર્સ રાજકોટ લોકસભા ક્ષેત્રના ભાજપના ધારાસભ્યો ઉપરાંત જીલ્લા-મહાનગરના સંગઠન પદાધિકારીઓને બેઠક બોલાવી ‘ફીડબેક’ થયા હતા.





**મોવડીઓની શીખઃ** રાજકોટની સિઝન્સ હોટલમાં ભાજપના ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સાથે સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ બેઠક લીધી હતી. આ પુર્વે તેઓએ મહાનગર અને જિલ્લાના સંગઠન હોદ્દેદારોને તથા ચુંટાયેલા ધારાસભ્યોને પણ મળ્યા હતા.

## સમાજથી વિમુખ થતા નહીઃ સંવાદ જાળવી રાખજોઃ ક્ષત્રિય નેતાઓને મહામંત્રી રત્નાકરની ખાસ સલાહઃ તેઓ આપણા જ છે

રાજકોટ તા.૨૨

ગઈકાલે રાજકોટ આવેલા ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરે પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ સાથેની બેઠકમાં પહેલા તેમના અભિપ્રાયો જાણ્યા બાદ જણાવ્યું હતું કે ક્ષત્રિય સમુદાય સાથે આપણે સૌએ સતત સંપર્ક જાળવી રાખવાનો છે. સમાજથી વિમુખ થતા નહી તેઓ આપણા જ છે. શ્રી રત્નાકરે જણાવ્યું કે જે વિવાદ હતો તેમાં ત્રણ વખત માફી મંગાઈ ચૂકી છે પણ આપણે તેમને આપણી સાથે જ રાખવાના છે અને તેથી જ તમો બધા તમારા સમાજ સાથે હળતા મળતા રહેજો.

આ બેઠકમાં નિખાલસ રીતે મંતવ્ય વ્યકત કરતા એક સંગઠન પદાધિકારીએ ક્ષત્રિય સમાજનું આંદોલન ‘પકડાઈ’ ગયુ છે અને તેથી હવે પક્ષે તેમાં વધુ કોઈ ‘ઉગ્રતા’ ન આવે તે જ પ્રયાસો કરવા માટે જણાવ્યું હતું અને પક્ષે હવે ફકત આંતરિક પ્રયાસોથી જ આ આંદોલનનો મુકાબલો કરવો પડશે તથા પક્ષના નેતાઓને કોઈ ઉશ્કેરણીજનક વિધાનોથી પુર્ણ દુર રહેવા ખાસ તાકીદ થઈ હતી.

ખાસ કરીને સોશ્યલ મીડીયામાં કોમેન્ટમાં પણ હવે સતાવાર સિવાય કોઈ હેન્ડલ પર આ વિવાદ અંગે કોઈ અભિપ્રાય કે પ્રતિભાવ નહી આપવા પણ તાકીદ કરાયા હતા. આ બેઠકમાં વાંકાનેરના રાજવી અને સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, ગોંડલના પુર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા, રાજકોટ ભાજપના મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, મોરલના ક્ષત્રિય અગ્રણી નરેન્દ્રસિંહ ઝાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી તથા જીલ્લા ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ઢોલરીયા પણ હાજર હતા.

ગુજરાતમાં લડયા વગર જ એક સંસદીય બેઠક ગુમાવનાર કોંગ્રેસ પાસે અદાલતી વિકલ્પ મર્યાદિત

# સુરત ફિયાસ્કોઃ કોંગ્રેસ સુપ્રીમ પાસે પહોંચે તો પણ રાહત મળવાની શકયતા નહિવત

**બંધારણની કલમ ૩૨૯ મુજબ ચુંટણી પ્રક્રિયા શરૂ થયા પછી અદાલતી સતા અત્યંત મર્યાદિત અથવા નહીવત થઈ જાય છેઃ ૧૯૫૦થી અપાયેલા અનેક ચૂકાદાઓમાં સર્વોચ્ચ અદાલતની એક જ ભૂમિકા**

રાજકોટ તા.૨૨

લોકસભા ચુંટણીમાં સુરત સંસદીય બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર નિલેષ કુંભાણી અને તેના ડમી બંનેનું ફોર્મ રદ થતા જ હવે આ બેઠક પર કોંગ્રેસ સ્પર્ધામાં રહી નથી અને જે રીતે ટેકેદારોએ કોંગ્રેસના ઉમેદવાર કે ડમીના ફોર્મમાં તેમની સહી નથી તેવું જણાવીને આ ઉમેદવારી રદ થાય તે નિશ્ચિત કર્યુ તે પછી કોંગ્રેસ હવે હાઈકોર્ટથી લઈ સુપ્રીમકોર્ટના દ્વાર ખટખટાવવાની તૈયારી કરે છે પરંતુ તેમાં તેને સફળતા મળવાની આશા નહીવત છે અને સુપ્રીમકોર્ટ પણ ચુંટણી પ્રક્રિયા દરમ્યાન ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ આદેશ આપે તેવી શકયતા નથી. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને દિપાંકર દતાએ ગત વર્ષે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં જણાવ્યું હતું કે અમો ચુંટણી રોકી શકીએ નહી. બંધારણની કલમ ૩૨૯ હેઠળ જો કેસ દાખલ કરવામાં આવે તો અમો પાવરલેસ બની જાઈએ છીએ. એક વખત ચુંટણી પ્રક્રિયા શરુ થાય પછી બંધારણીય જોગવાઈ મુજબ તેમાં અદાલતી દરમ્યાનગીરી અત્યંત ઓછી



થઈ જાય છે અથવા નહીવત હોય છે. આ ચૂકાદો મતવિસ્તારના નવા સિમાંકન અંગેનો હતો અને હાલમાં જ બિહારમાં પણ એક ઉમેદવારનું ફોર્મ રદ થતા તેને સર્વોચ્ચ અદાલત સુધી ધા નાંખી હતી પરંતુ સુપ્રીમકોર્ટે જણાવ્યું કે અમે દરમ્યાનગીરી કરી શકીએ નહી જે ઉમેદવારના ફોર્મ રદ થયા છે અથવા તો ચુંટણી પ્રક્રિયા પ્રત્યે જેને નારાજગી હોય તો તે ઈલેકશન પીટીશન મારફત અદાલત સમક્ષ આવી શકે છે અને તે પણ પહેલા હાઈકોર્ટમાં જવાનું હોઈ છે પરંતુ સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે અમે ચુંટણી પ્રક્રિયા સામે સ્ટે આપી શકીએ નહી. આ માટે સર્વોચ્ચ અદાલતે ૧૯૫૦ અને ૧૯૭૮માં અપાયેલા બે ચુકાદા આગળ ધર્યા હતા. સુપ્રીમકોર્ટે એ પણ જણાવ્યું કે અમારી સતાનો કોઈ ગેરઉપયોગ કરીને લોકશાહી પ્રક્રિયાને સંભાળી શકે છે જે અમે સ્વીકાર્ય થવા દેવા માંગતા નથી.

## કોંગ્રેસ પાસે ઈલેકશન પીટીશનનો વિકલ્પ પણ તે પરિણામ જાહેર થયા પછી અદાલત વિચારી શકે

**જો કે ઉમેદવારના ટેકેદારોએ જે રીતે પલ્ટી મારી તે મુદે ભૂતકાળમાં હજુ કેસ આવ્યો નહી હોવાની શકયતા**

રાજકોટ તા.૨૨

કોંગ્રેસ પક્ષ હવે સુરત મુદે ઈલેકશન પીટીશન કરી શકે છે પરંતુ ચુંટણી પરિણામો જાહેર થયા બાદ તેના પર વિચારણા કરાશે તેવો સંકેત છે. એક વખત ચુંટણી પરિણામો ગેઝેટમાં જાહેર થઈ જાય પછી ચુંટણીપંચની ભૂમિકા પુરી થાય છે અને કોઈ ઉમેદવાર તેવુ માનતો હોય તો તેને પ્રક્રિયામાં અન્યાય થયો છે અથવા ચુંટણી દરમ્યાન કોઈ ગેરરીતિ, ભ્રષ્ટાચાર કે અન્ય રીતે ચુંટણી ખરડાઈ છે અને તેથી તે પરાજીત થયો છે અથવા રેશમાંથી બહાર નીકળી ગયો છે તો તે ઈલેકશન પીટીશન કરી શકે છે અને પરિણામના ૪૫ દિવસની અંદર તેણે આ અરજી કરવાની રહે છે અને લોકપ્રતિનિધિત્વ કાનૂન ૧૯૫૧ મુજબ હાઈકોર્ટે તેનો છ માસમાં નિકાલ કરવાનો હોય છે. આ માટે અલગ અલગ કારણો પણ હોય છે.

હવે જે રીતે સુરતમાં કોંગ્રેસના ઉમેદવારના ટેકેદારોએ ઉમેદવારીપત્રકમાં સહી કર્યા બાદ આ અમારી સહી નથી અને અમે કોંગ્રેસના નિલેષ કુંભાણીને ટેકો આપતા નથી તેવું સોગંદનામુ કર્યુ તથા ટેકો પાછો ખેંચી લીધો તે મુદો હજુ સુધી કોઈ અદાલતમાં આવ્યો નથી અને તેથી ટેસ્ટ કેશ બને તો પણ આશ્ચર્ય થશે નહી.

## કુબલીયાપરામાંથી મહિલા સંચાલિત દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈઃ ૪૦૦ લીટર આથો જપ્ત

**થોરાળા પોલીસની કાર્યવાહીઃ સુનિતા રાઠોડની ધરપકડ કરી**

રાજકોટ તા.૨૨

કુબલીયાપરામાં મહિલા સંચાલીત દેશી દારૂની ભઠ્ઠીમાં થોરાળા પોલીસે દરોડો પાડી ૪૦૦ લીટર આથો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, થોરાળા પોલીસ મથકના પી.આઈ. એમ.જી.વાઘેલાની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઈ આર.એસ.મેરને મળેલ ચોકકસ બાતમીના આધારે કુબલીયાપરા શેરી નં.૫ મહાકાળી પાન સામેની શેરીમાં ચાલતી દેશીદારૂની ભઠ્ઠીમાં દરોડો પાડી ભઠ્ઠી સંચાલક સુનિતા કરશન રાઠોડ (ઉ.૩૦) (રહે. કુબલીયાપરા શેરી નં.૫) ની ધરપકડ કરી દેશી દારૂ ૨૫ લિટર અને આથો ૪૦૦ લીટર મળી રૂા.૧૪૬૦નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સજાના વોરંટમાં નાસતા ફરતા આરોપીને શોધી કાઢતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ, તા.૨૨

સજાના વોરંટમાં નાસતા ફરતા આરોપીને ગાંધીગ્રામ પોલીસે પકડી પાડયો હતો. ગાંધીગ્રામ પોલીસના પીઆઈ બી.ટી.અકબરીના માર્ગદર્શન હેઠળ આમ્રપાલી પોલીસ ચોકીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન મળેલ બાતમીના આધારે સજાના વોરંટના આરોપી ભાર્ગવ બાબુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૧ રહે.લાભદીપ સોસાયટી શેરી નંબર-૫, મકાન રામાપીર ચોકડી, રાજકોટ)ને પકડી પાડ્યો હતો. આ કામગીરી ગાંધીગ્રામ પીઆઈ બી.ટી.અકબરી, સેકન્ડ પીઆઈ બી.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.બી.જાડેજા, હેડ કોન્સ્ટેબલ કેલવીન સાગર, કોન્સ્ટેબલ વિશ્વરાજસિંહ જાડેજા, અજયભાઇ ચાવડા દ્વારા કરવામાં આવી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, આ આરોપીને આણંદન પ્રિન્સિપાલ જજની કોર્ટે વર્ષ ૨૦૨૩ના કેસમાં ૩૬૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

## પાંચ હજારની ઉઘરાણીમાં યુવક પર જીવલેણ હુમલો કરનાર દાદા અને પૌત્રોની ધરપકડ

**ઠક્કરબાપા હરીજનવાસ શેરીનો બનાવઃ તલવાર અને છરીથી થયેલ હુમલામાં ઘવાયેલા મથુર ઉર્ફે ખોડાને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયોઃ પ્ર. નગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી**





રાજકોટ. તા.૨૨

ઠક્કરબાપા હરીજનવાસ શેરીમાં પાંચ હજારની ઉઘરાણીમાં યુવક પર તલવાર-છરીથી જીવલેણ હુમલો કરનાર દાદા અને પૌત્રોને પ્ર.નગર પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે ઠક્કરબાપા હરીજનવાસ શેરી નં.૦૬ માં રહેતાં મથુરભાઈ ઉર્ફે ખોડો હમીરભાઈ શીંગાળા (ઉ.વ.૨૮) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે બાલા ભીમજી પરમાર, વિકાસ હરેશ પરમાર અને સાગર હરેશ પરમારનું નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે મોડી રાતના તે તેના કાકાના ઘર પાસે કાકા સાથે ઉભેલા હતો ત્યારે પડોશી બાલા પરમાર ધસી આવેલ અને તે રૂ.૯૦ હજાર માંગતા હોય જેમાંથી તેને રૂ.૮૫ હજાર ચુકવી દિધેલ હોય અને માત્ર રૂ.૫ હજાર માંગતા હોય તે બાબતે ઝઘડો કરી ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ અને ઉશ્કેરાઈ જઈ મારમારી કરવા લાગેલ હતો. દરમિયાન બાલાનો પૌત્ર વિકાસ પરમાર ત્યાં ધસી આવેલ અને તલવારથી હુમલો કરતાં કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ વિકાસનો સગો ભાઈ સાગર છરી લઇ દોડી અને છરીનો એક ઘા માથાના ભાગે ઝીંકી દિધો હતો અને તે લોહીલુહાણ થઈ ગયો હતો.

દરમિયાન બનાવ સ્થળે લોકો આવી જતાં ત્રણેય શખ્સો નાસી છૂટ્યા હતાં. બાદમાં ઇજાગ્રસ્ત યુવકને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ પી.કે.પઢીયાર અને કોન્સ્ટેબલ પ્રશાંત ચુડાસમાએ યુવક પર હુમલો કરનાર ત્રણેય શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.


### આરોપી બાલાએ ૨૦ ટકા વ્યાજે રૂપિયા આપ્યાનો આક્ષેપ

રાજકોટ. તા.૨૨

ઠક્કરબાપા હરીજનવાસ શેરીમાં પાંચ હજારની ઉઘરાણીમાં તલવાર-છરીથી થયેલ જીવલેણ હુમલામાં ઘવાયેલા મથુર ઉર્ફે ખોડાએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, બાલો તેની પાસેથી ૨૦ ટકા વ્યાજ વસુલતો હતો. પોલીસ હવે આ આક્ષેપ સામે શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

## દબંગ નેતા મધુ શ્રીવાસ્તવે અપક્ષ તરીકેનું ફોર્મ પાછુ ખેંચી લીધુ : કોંગ્રેસને ટેકો

અમદાવાદ, તા. ૨૨




વાઘોડિયાના પૂર્વ ધારાસભ્ય અને દબંગ નેતા એવા મધુ શ્રીવાસ્તવ અપક્ષમાંથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે.મધુ શ્રીવાસ્તવ આજે ઉમેદવારી પાછી ખેંચી ચૂંટણીમાંથી પીછેહઠ કરે તેવી શકયતા હતી અને તે શકયાતા સાચી સાબિત થઈ છે,ક્ષત્રિય સમાજ સાથે મધુ શ્રીવાસ્તવની આજે બેઠક થઈ છે અને તે બેઠક બાદ નિર્ણય લેવાયો છે.

થોડા દિવસો અગાઉ મધુ શ્રીવાસ્તવે કટાક્ષ કરતા કહ્યું હતું કે, વાઘોડિયાની મારી જનતાએ મને ૩૦ વર્ષ સુધી સેવા કરવાની તક આપી.મેં નિષ્ઠાપૂર્વક વાઘોડિયાની જનતાના કામો કર્યા છે. જો કે રોજ દાળ-ભાત ખાઈને ધરાઈ ગયેલા વાઘોડિયા મત વિસ્તારની જનતાએ પરિવર્તન રૂપે બીજી વ્યકિતને સેવા કરવાની તક આપી હતી. તેમણે પ્રજાની સેવા કરવાને બદલે માત્ર પોતાની જ સેવા કરી છે.

## શહેર ભાજપનાં કાર્યકર રત્નાભાઇ રબારીનાં નિધન અંગે શોક વ્યકત કરતાં ધારાસભ્ય કાનગડ

રાજકોટ, તા.૨૨



રબારી સમાજના આગેવાન, રાજકોટ શહેર બક્ષીપંચના રત્નાભાઇ રબારીનું અવસાન થતાં ધારાસભ્ય ઉદયભાઇ કાનગડ અને અશ્વિનભાઇ મોલીયાએ શ્રધ્ધાંજલી પાઠવતા જણાવ્યું કે સ્વ. રત્નાભાઇ રબારીએ યુવા વયથી ભાજપમાં અનેકવિધ સંગઠનાત્મક જવાબદારીનું નિષ્ઠાપૂર્વક વહન કરેલ હતું. રત્નાભાઇ મહાદેવના પરમ ભકત હતા. રાંદરડા તળાવ સ્થિત લાખેશ્વર મહાદેવ મંદિર ખાતે તેઓ સેવાકીય પ્રવૃત્તિઓમાં સેવા આપતા તેમજ રબારી સમાજમાં પણ સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહી સામાજિક દાયિત્વ નિભાવતા. ભાજપ મોરચામાં મહામંત્રી તરીકે પણ જવાબદારી વહન કરી શહેર ભાજપ મોરચાના સંગઠનને મજબૂત બનાવવા સક્રિય રહયા હતા. રત્નાભાઇની વિદાયથી પરિવારમાં, પાર્ટીમાં, મિત્રવર્તુળમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઇ છે.

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ કચ્છની મુલાકાતે યાત્રાધામ માતાના મઢમાં પૂજન-અર્ચન







**સૌના સુખ શાંતિ સમૃદ્ધિ માટે માતાજીને પ્રાર્થના કરી**

ભુજ તા.૨૨

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે કચ્છ જિલ્લાનાં પ્રવાસ દરમિયાન સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢનાં દર્શન સાથે પૂજન અર્ચન કરી માતાજીનાં આશિર્વાદ મેળવ્યા હતા.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આજે માતાના મઢમાં પૂજન-અર્ચન દર્શન સાથે સૌના સુખ શાંતિ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ તકે યાત્રાધામ ટ્રસ્ટ દ્વારા મુખ્યમંત્રીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## કેજરીવાલને રાહત આપવા જાહેર હિતની અરજી કરવી મોંઘી પડીઃ હાઈકોર્ટે ૭૫ હજારનો દંડ કર્યો

**અરજદારે કેજરીવાલ સામે બધા આપરાધીક મામલે વચગાળાના જામીન માટે પીઆઈએલ કરી હતી**


નવી દિલ્હી તા.૨૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ માટે વચગાળાના જામીનની રાહત માંગવી એક અરજદારને મોંઘી પડી હતી, કોર્ટે તેની માંગ ફગાવી હતી એટલું જ નહીં, ૭૫ હજારનો દંડ પણ ફટકાર્યો હતો.

આ અંગેની વિગત મુજબ દિલ્હી હાઈકોર્ટમાં એક અરજદારે જાહેર હિતની અરજી માંગ કરાઈ હતી કે કેજરીવાલને બધા આપરાધીક મામલામાં અસાધારણ રીતે વચગાળાના જામીન આપવામાં આવે. દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ મનમોહન અને જસ્ટીસ મનમીત પ્રીતમસિંહ અરોડાની બેન્ચે અરજી ફગાવતા કહ્યું હતું કે અદાલત ઉંચા પદ પર બેઠેલ શખ્સ સામે પેન્ડીંગ આપરાધીક કેસોમાં અસાધારણ વચગાળાના જામીન ન આપી શકે. કોર્ટે અરજદારને ૭૫ હજારનો દંડ પણ ફટકાર્યો હતો.

રસપ્રદ વાત એ છે કે કેજરીવાલના વરિષ્ઠ વકીલ રાહુલ મહેરાએ પણ આ જાહેરહિતની અરજીનો વિરોધ કર્યો હતો અને તેને પબ્લીસીટી સ્ટંટ કહી હતી.

### પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મહામંત્રી મનસુખભાઇ પટેલ ભાજપમાં જોડાયા




રાજકોટ, તા. ૨૨

ઉદ્યોગપતિ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ મહામંત્રી અને હળવદ નગરપાલિકા પૂર્વ પ્રમુખ મનસુખભાઇ પટેલ ભાજપમાં જોડાયા છે તેઓ સ્પીડવેલ પાર્ટી પ્લોટ અને ઉમા ધામના ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. તેઓ ભાજપમાં જોડાતા આગેવાનોએ આવકારેલ છે.

સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવામાં આવી માહિતી

## સાંસદો-ધારાસભ્યો સામે નોંધાયેલા ૨ હજાર જેટલા કેસોમાં થયા નિર્ણયો

નવી દિલ્હી, તા.૨૨



સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલા નિર્દેશ અનુસાર એમપી-એમએલએ કોર્ટમાં સાંસદો અને ધારાસભ્યો વિરુધ્ધ નોંધાયેલા કેસોની સુનાવણીમાં ઝડપ આવી છે. સુપ્રિમ કોર્ટમાં સુનાવણી દરમ્યાન વરિષ્ઠ વકીલ વિજય હંસારિયાએ જણાવ્યું હતું કે ગત વર્ષે દેશમાં સાંસદો અને ધારાસભ્યો સામે નોંધાયેલ કુલ કેસોમાંથી બે હજારથી વધુ કેસોમાં નિર્ણય લેવાયો છે.